નિ વે દ ન

ગુજરાત વિદ્યાસભા(ગુ. વ. સો.)એ ગુજરાતી ભાષાદ્વારા ઉચ્ચ અભ્યાસ અને સંશોધનને ખીલવવા કેટલાક સમયથી પ્રવૃત્તિ આદરી, તેને અંગે કેટલાક વિદ્વાનોને ગ્રંથો લખવાનું કામ પણ સોંપ્યું હતું. ૧૯૩૯ ના માર્ચમાં દેણગી આપતાં મુંબઈ સરકારે નીચે જણાવેલી યોજના મંજૂર કરી આપી હતી:

૧. ભાષા અને સાહિત્ય (Language and Literature)

૧. ગુજરાતી ભાષાનો ઇતિહાસ, એનો ઊગમ અને ક્રમિક કક્ષાઓમાં વિકાસ.

૨. ગુજરાતી છંદઃશાસ્ત્રનો અધ્યયનાત્મક નિબંધ.

૩. જૂની ગુજરાતીના શિષ્ટ ગ્રંથોનું સંપાદન (ગુ. વ. સો. ના હાથપ્રત –સંગ્રહ તથા બીજાની હાથપ્રતોને આધારે)

૨. ઇતિહાસ (History)

૧. ઇતિહાસ-સાધન ગ્રંથો.

૨. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (સચિત્ર);

૩. સમાજશાસ્ત્ર (Sociology)

૧. ગુજરાતી ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ ઉપર નિબંધ.

તે અન્વયે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવે છે.

શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ વિદ્યાભવન
ગુજરાત વિદ્યાસભા અમદાવાદ
તા. ૩૦–૬–૧૯૪૬

રસિકલાલ છો. પરીખ
અધ્યક્ષ
શેઠ ભો. જે. વિદ્યાભવન

VISIT…

આમુખ

સાધનો નહિ તો ઇતિહાસ નહિ !

સાધનો તે પૂર્વકાળના મનુષ્યોના વિચારો અને કાર્યોના રહી ગયેલા અવશેષો છે

ઇતિહાસકારનુ કામ સાધનો સાથે છે *

ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ અંગે સંશોધનની યોજના વિચારાતી હતી ત્યારે ગુજરાતના ઇતિહાસને મહત્ત્વનુ સ્થાન આપવામા આવ્યુ હતુ ઉપલબ્ધ સાધનોને આધારે ઇતિહાસને ફુલિત કરવાનું કામ, અને નવા સાધનોને ઉપલબ્ધ કરવાનું કામ–એમ બે માર્ગદિશાઓ સ્પષ્ટ હતી પહેલી દિશામા થયેલા કામની નોંધ લેતા જણાયુ કે–ઇ સ ૧૮૫૬ મા પ્રકટ થયેલ રાસમાલા અને ઇ સ ૧૮૯૬ મા પ્રકટ થયેલ બોમ્બે ગઝેટિયર ગ્રંથ ૧ ખંડ ૧ એ બે અંગ્રેજીમા લખાયેલા ગ્રંથોનુ હજી પણ મહત્ત્વ છે રાસમાલાનો ગુજરાતી અનુવાદ ગુ વ સો એ ૧૮૬૯ –૭૦ મા પ્રકટ કર્યો ગેઝેટિયર ઉપરથી ગુજરાતનો ઇતિહાસ રૂપાંતરે ગુ વ સો એ ૧૮૯૮મા પ્રસ્તુત કર્યો આ અરસામા જે નવી સામગ્રી એકઠી થતી હતી તેનો ઉપયોગ કરી અને પહેલા સંગૃહીત થયેલી સામગ્રીનો નવેસરથી વિચાર કરી ઇતિહાસ લખવાને અવકાશ હતો, અને તેથી ગુ વ સો એ ઇ સ ૧૯૩૭–૩૮ મા 'ગુજરાતનો મધ્યમકાલીન રાજપૂત ઇતિહાસ' બે ભાગમા પ્રકટ કર્યો. અને ૧૯૪૫ મા 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ'—ઇસ્લામ યુગ, પહેલો ભાગ પ્રકટ કર્યો

No documents no history

Documents are the traces which have been left by the thoughts and actions of men of former times

The historian works with documents

Introduction to the Study of History' Ch V Langlois & Ch Seignobos

ઇતિહાસના સંશોધકે આ ગ્રંથ અભ્યાસ કરવા યોગ્ય છે લંડન યુનિ ના પ્રોફેસર ડો સ્ટળિંગ તેમના 'લૉજિક'મા આ ગ્રંથને best short account of historical methodology available to the English reader તરીકે સન્માને છે (પૃ ૩૮૪, પાદટીપ ૨)

પ્રો ફોર્બસે અંગ્રેજીમાં ગુજરાતના મુસ્લિમ રાજ્યોનો ઇતિહાસ ૧૮૩૮ માં પ્રકટ કર્યો

ગુજરાતના ઇતિહાસના સાધનોને શોધી અને તેના ઉપરથી મુસ્લિમ રાજ્ય પહેલાંના ઇતિહાસનો પહેલો ખરડો તયાર કરવાનો યશ ડૉ ભગવાનલાલ ઇન્દ્રજીને છે, અને મુસ્લિમ રાજ્યોનો ઇતિહાસ લખવામા સૂરતવાસી ખાનસાહેબ ફઝલુલ્લાહ લુત્ફુલ્લાહ ફરીદીની મોટી મદદ હતી એમ ગૅઝેટિયર ઉપરથી જણાય છે ગણેશભાઈ ઉદયરામે રાસમાલાનો અનુવાદ કરતા અનેક સુધારા વધારા અને પૂર્તિઓ મૂળ ગ્રથમા ઉમેર્યા છે પ્રો હોડીવાળા અને પ્રો ફોર્બસે મુસ્લિમ રાજ્યોના સમયના ઇતિહાસ માટે ઘણી સામગ્રી સશોધિત કરી છે. શ્રી દુર્ગાશકર શાસ્ત્રીએ ગુજરાતનો રાજપૂત યુગનો ઇતિહાસ લખતા ઉપલબ્ધ તમામ સામગ્રીનો લગભગ ઉપયોગ કર્યો છે, અને શ્રી રત્નમણિરાવ ભીમરાવ ગુજરાતનો સાસ્કૃતિક ઇતિહાસ લખતા કાઈપણ જ્ઞાત સાધન રહી ન જાય તેની તકેદારી રાખે છે

સામગ્રી ઉપરથી ઇતિહાસને ફલિત કરવાની દિશામા પિષ્ટપેષણ કરતા વિશેષ પ્રગતિ કરવી હોય તો હવે નવા સાધનોની શોધ કરવાનો અને તેને ઉપલબ્ધ કરવાનો પ્રયત્ન થવો જોઈએ એમ લાગવાથી સશોધનવિભાગે પ્રારભમાં આ બીજી દિશામા કાર્યક્રમ યોજ્યો ઇ સ ૧૯૩૩ મા આચાર્યશ્રી જિનવિજયજીએ ગુજરાત સાહિત્ય સભાના માનાર્હ સભ્ય તરીકે પ્રાચીન ગુજરાતના સાસ્કૃતિક ઇતિહાસની સાધનસામગ્રી ઉપર વિચારપ્રેરક અને પ્રવૃત્તિપ્રેરક વ્યાખ્યાન આપ્યુ છે તે માર્ગે પોતે અસાધારણ શ્રમ ઉઠાવી કાર્ય કરે છે અને સિંઘી જૈન ગ્રથમાલામાં અને તે પૂર્વેના તેમના પ્રકાશનોમાં પોતે સશોધિત સગૃહીત સામગ્રી પ્રકટ કર્યે જાય છે સશોધનવિભાગની યોજનામા બે ખાણોમાથી સાધનો સહાર કાઢવાનો અમારો કાર્યક્રમ તે જ દિશામા બીજો કાંટો છે એક ખાણ તે પુરાણો અને બીજી જૈન આગમો–ચૂર્ણિઓ સાથે આ બન્ને આકરોમા ઇતિહાસનાં સાધનો માટે જે 'ખોદકામ' થવુ જોઇએ તે થયું નથી, અને તેથી આ પ્રવૃત્તિ આદરવામા આવી છે આ 'ખોદકામ'નું પહેલુ ફળ પ્રસ્તુત ગ્રથમા રજૂ થાય છે

પુરાણોનો ઇતિહાસ અને ભૂગોળ વિદ્યાઓના ગ્રથ તરીકે મૅકોનેલે ભારે ઉપહાસ કર્યો એને પરિણામે આપણા શિક્ષણક્રમમા ઇતિહાસ અને ભૂગોળ વિદ્યાઓના આધુનિક પ્રકારોને સ્થાન મળ્યુ આ જ અભ્યાસને પરિણામે પુરાણોને ઇતિહાસના સાધન તરીકે વાપરવાનું સૂઝવા લાગ્યુ અને પાર્જિટરે

'ધ ડિનેરટીઝ ઑફ કલિ એજ', અને 'ઇન્ડિયન હિસ્ટોરિકલ ટ્રેડિશન'માં પુરાણોમાં ગૂઢ થઈ ગયેલું ઇતિહાસ–વસ્તુ પ્રકટ કરવા પ્રયત્ન કર્યો ત્યારથી પુરાણોના અભ્યાસનું મહત્ત્વ નિર્વિવાદ થવા લાગ્યું અને કયાંક કયાંક આ પ્રવાહ એક એવી દિશામાં જતો દેખાવા લાગ્યો છે કે જે કાંઈ પુરાણમાં કહ્યું છે તે ઇતિહાસ છે. મેકૉલેએ કરેલા ઉપહાસની આ પ્રતિક્રિયા છે; અને તેમાં વિવેચક–દૃષ્ટિનો અભાવ હોય એ સમજી શકાય તેમ છે છતાં પુરાણોમાં કાલ્પનિક અને વાસ્તવિક બન્ને છે; વાસ્તવિકને શોધી કાઢવું એ સંશોધકનું કામ છે.

ઇતિહાસમાં રાજાઓની વંશાવલીઓનું મહત્ત્વ ખીંટીઓ કે વળગણીઓનું છે; તેમને કાલક્રમમાં મૂકી શકાય તો ભૂતકાળમાં જવાની નિસરણી તૈયાર થાય. એ નિસરણીનો ઉપયોગ મનુષ્યજીવનના 'ભૂતપરિવર્તો' કે 'પર્યાયો' જોવામાં થઈ શકે. આ દૃષ્ટિએ પુરાણોમાંથી આવી નિસરણીઓ ઉપજાવવાનો જેટલો પ્રયત્ન થાય તેટલો ઓછો છે. પણ આ ઉપરાંત પુરાણોમાં ઇતિહાસની બીજી ઘણી મહત્ત્વની સામગ્રી છે–અને પુરાણોનું તળિયું ઉપર નીચે કરી દીધા પછી છેવટને સરવાળે આ બીજી સામગ્રી માટે જ પુરાણોનું મહત્ત્વ કદાપિ પંકાયેલું રહે! આ બીજી સામગ્રી તે મનુષ્યના પુરુષાર્થનાં ક્ષેત્રો–ભૂમિપ્રદેશો. આ સામગ્રી પુરાણોમાં વિપુલ છે અને વંશાવલી અને સંવતો અને સંવત્સરો જેટલી વિવાદાસ્પદ નથી; અને તેથી પુરાણોમાંથી ગુજરાતની સંસ્કૃતિનાં અનેકવિધ સાધનો પડયાં છે તેમાંથી પ્રથમ આ ભૌગોલિક કે પ્રાદેશિક સામગ્રી શોધવાનો પ્રયત્ન આદર્યો છે. રાજાઓની વંશાવલીઓ સાથે જનસમાજનું જીવન સંકળાયેલું હશે તેના કરતાં જનસમાજે સેવેલા ભૂપ્રદેશો સાથે વધારે સંકળાયેલું હશે; માટે જ રાજવંશો અને પ્રજાવંશો બન્ને ભૂપ્રદેશોમાં મુદ્રિત થઈ જાય છે–કે ગમે તો એમ કહો કે દટાઈ જાય છે! પણ ઇતિહાસને ફલિત કરવામાં ભૂસ્થાનોનો ઇતિહાસ અતિ મહત્ત્વનો છે. ગુજરાતનાં એવાં ભૂસ્થાનોના ઇતિહાસનાં સાધનો–documents--આપવાનો પ્રસ્તુત ગ્રંથનો પ્રયત્ન છે.

પુરાણોમાં ખોદકામ કરી આ સ્થળો પ્રકટ કરવામાં શ્રી. ઉમાશંકરે ઘણો શ્રમ ઉઠાવ્યો છે. સ્થળપ્રતીકો તારવવાનું, ભિન્ન ભિન્ન પુરાણોમાંના ઉલ્લેખોને એકત્રિત કરવાનું, એક સ્થળનાં અનેક નામોને તે તે સ્થળમાં સમાવવાનું અને એક નામનાં જુદા જુદાં સ્થળો જુદા પાડવાનું, ઇત્યાદિ કામ ઘણી ધીરજ અને ઝીણવટ માગી લે છે. આ દરેકને અવતરણ–પ્રમાણોથી ટેકવવા માટે પુરાણોનું વારંવાર, ક્રમે ક્રમે અને એકસાથે, અવગાહન કરવું

પડયું છે. આ પછી જે જે રચનાને વર્તમાન રૂપમાં ઓળખી શકાય તેમ ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; આ ઓળખાણ આપવામાં વિદ્વાન સંશોધકોએ રજૂ કરેલાં મતો અને પ્રમાણોની વિવેચનપૂર્વક સમાલોચના કર શક્ય હોય ત્યાં પોતાનો મત આ વિદ્વાન સંશોધકે પ્રમાણપુર:સર રજૂ કર્યો છે; અને આમ કરવા જતાં નિબંધો, દ્વારકા જેવાં રચનો માટે, લખાઈ ગયા છે (પૃ. ૮૧–૧૦૮). આ લખાણોમાં શાસ્ત્રીયતાના ધોરણને નીચું કર્યા વિના, પ્રમાણોનો આદર શિથિલ કર્યા વિના અને તર્ક–કર્કશતાને કાલ્પ નિકતાથી પોચી કર્યા વિના, ઉમાશંકરે સાહિત્યની સુભગતા લાવવા યત્ન કર્યો છે.

આ બધા કામમાં ભૂલો રહી ગઈ હોય, મતભેદને ઘણો અવકાશ હોય, છતાં documents–સાધનો–ની શોધમાં અને એના ઉપરથી ફલિત કરવાના ઇતિહાસમાં આ ગ્રંથથી એક પગલું આગળ ભરાશે એવી ઉમેદથી આ ગ્રંથ પ્રકટ થાય છે.

રસિકલાલ છોટાલાલ પરીખ

પ્રાસ્તાવિક

૧ ઉદ્દેશ

કોઈ એક દેશનો શ્રદ્ધાસ્પદ ઇતિહાસ તૈયાર કરવો હોય તો તે પહેલા તેની વિવિધ સામગ્રીના જુદા જુદા આકરગ્રંથો ઇતિહાસકાર પાસે મોજૂદ હોય એ વધુ સગવડભર્યું ગણાય ગુજરાતના પ્રાચીન ઇતિહાસ અંગે પુરાણોના વિપુલ સાહિત્યમાંથી જે યત્કિંચિત્ સામગ્રી મળતી હોય તે જુદી તારવી કાઢી ઇતિહાસપ્રેમીઓ સમક્ષ રજૂ કરી એ આ પુસ્તકનો ઉદ્દેશ છે

પુરાણોમાંથી ઉપલબ્ધ થતી સામગ્રીમાં સૌથી વધુ નિશ્ચિત અને મહત્ત્વની સામગ્રી તે ભૌગોલિક છે ઇતિહાસ એ વિશ્વચૈતન્યની સ્થલકાલમાં સ્ફુરતી લીલાનું આલેખન છે સ્થલનામો એ ઇતિહાસકારને પોતાનું કામ આગળ ધપાવવાની તક પૂરી પાડતી નક્કર ભૂમિકા બની રહે છે પુરાણોમાં આવા અસંખ્ય સ્થલનામો વેરાયેલા પડ્યા છે પુરાણોના રચનારાઓ યાત્રિક લોકકવિઓ છે તે તે સ્થળો તેમણે માત્ર સાંભળેલા કે આજની જેમ નકશામાં જોયેલા અથવા તો ગાડીમાં ઝડપભેર ઘટાવેલા નથી, પણ ઘણાં તો તેમણે પોતે જ પગપાળા ચાલીને જોયેલા—ત્યાં ચાતુર્માસ ગાળીને સેવેલા—હોવાનો પૂરો સંભવ છે પુરાણોમાંની તરત ધ્યાન ખેંચતી અને અગત્યની એવી ભૌગોલિક સામગ્રી 'પુરાણોમાં ગુજરાત' ના આ પ્રથમ ખંડમાં રજૂ કરી છે મહત્ત્વની દૃષ્ટિએ ગૌણ એવી ઐતિહાસિક સામાજિક અને ભાષા વિષયક સામગ્રી જુદા ખંડમાં હોય એ ઠીક ગણ્યું છે

૨ વિષયમર્યાદા

પુરાણોનું સાહિત્ય વિપુલ છે રામાયણ અને મહાભારત(હરિવંશ સમેત)ની ગણના પણ પુરાણસાહિત્યની સાથે જ થાય છે સંશોધનકાર્યના આરંભમાં આચાર્યશ્રી આનંદશંકરભાઈએ કરેલી સૂચના અનુસાર સ્કન્દપુરાણ અને મહાભારતને મુખ્ય આધાર તરીકે સ્વીકારી, બીજા પુરાણો, ઉપપુરાણો અને માહાત્મ્યોની સામગ્રીનો યથાશક્તિ લાભ લીધો છે પાટણનિવાસી શ્રી કનૈયાલાલ ભાઈ દવે પાસેથી 'સરસ્વતીમાહાત્મ્ય' ની એક હસ્તપ્રત જોવા મળી હતી, જે માટે તેમનો ઋણી છું

સ્કન્દપુરાણ ગુજરાત અંગે સૌથી વધુ મહત્ત્વનું છે કારણ તેના ગુજરાત અંગેના વિવિધ ભાગો અહીં તે તે ક્ષેત્રથી પૂરી રીતે પરિચિત જોનાર માણસોએ—કદાચ ત્યાં જ પેઢીઓ લગાતાર—રચ્યા હોય પદ્મપુરાણનો પેટાવિભાગ

ભાગોનું પણ એવું જ લાગે છે. તેમ છતાં તેમણે આપેલ સ્થળનામો તે લાક્ષનાં કયાં સ્થળોનાં જૂનાં નામો છે એ બધી જ વખત કહી શકાયું નથી. દા. ત. સાબરમતીતરે પદ્મપુરાણે આપેલાં 'પાટલવાડવ' અને 'મૌલિસ્તાન' એ બે નગરો કયાં તે નક્કી થઈ શકયું નથી. આ રીતની ઊણપો દૂર કરવામાં વિદ્વાનો મદદ કરશે એવી આશા છે. આ ઉપરાંત, ધર્મારણ્યનાં ૫૫ ગામોની યાદીઓમાંથી મળતા તે તે નામના સંભવિત પર્યાયો આપ્યા છે, છતાં તેમાંનાં બધાંજ આજનાં કયાં ગામોનાં નામો છે તે નક્કી થઈ શકયું નથી. તે વિભાગના નકશા મેળવવામાં પણ સફળતા મળી નથી. તે ૫૫ નામો કયાં કયાં ગામોનાં નામનાં સંસ્કૃતીકરણ છે તે અંગે પૂરક નિબંધની અપેક્ષા રહેશે, જે અન્ય કોઇ પૂરી પાડશે તો પણ મને એટલો જ સંતોષ થશે. અત્યારે તો વ્યાજબી વિલંબની હદ વટાવ્યા વગર ઉપલબ્ધ સામગ્રી તદ્વિદો આગળ ઉપયોગ માટે રજૂ કરી દેવી એ આશય અનુસરવો પડયો છે.

જુદાં જુદાં પુરાણોમાં અને એકજ–સ્કન્દ કે પદ્મપુરાણ જેવા વિશાલોદર –પુરાણના જુદા જુદા અંશમાં મળતી સામગ્રીનો કાલક્રમ તપાસવાનું લગભગ અશકય તો હતું જ, પણ એ ચર્ચા આ કાર્ય અંગે જોતરવાની કોઈ અનિવાર્ય જરૂર જણાઈ નથી. પુરાણોની સમગ્ર તપાસમાં અને સળંગ ઇતિહાસરચનામાં કાલનિર્ણયના મુંઝવનારા પ્રશ્નનો સામનો કર્યા વગર ન જ ચાલે. પણ આ ભૌગોલિક સામગ્રી અંગે તો એ જ વલણ સલાહભરેલું લાગે છે કે ઇતિહાસના સિદ્ધ કાલનિર્ણયોના પ્રકાશમાં જ તે તે સ્થળનામ અંગેના વિવિધ ઉલ્લેખોનો પ્રમાણ તરીકે સ્વીકાર કરવો જોઇએ. દા. ત. 'ગુર્જર' શબ્દ સભાપર્વની એક વાચનામાં મળ્યો એનો અર્થ એટલો જ કે મહાભારતનો એ અંશ ગુર્જરો અહીં સ્થિર થયા પછીનો–૭મા સૈકા પછીનો જ હોઈ શકે. સિદ્ધ ઇતિહાસની મદદથી પુરાણોના તે તે અંશનો રચનાસમય નક્કી કરવામાં સ્થળ અને પ્રદેશ નામો બહુ ફાળો આપી શકે. એટલું અહીં નોંધીશું કે સ્કન્દના ગુજરાતને લગતા અંશો સોલંકીઓના પાછલા અને અસ્ત સમયમાં રચાયા હોય એ અસંભવિત નથી. પુસ્તકમાં અવશ્ય એટલી સાવચેતી રાખી છે કે જ્યાં દલીલમાં કાલનિર્ણયના પ્રકાશની અપેક્ષા રહે ત્યાં ઉત્કીર્ણ કે એવી અન્ય સિદ્ધ પ્રમાણસામગ્રીની મદદથી જ તે આગળ ધરી હશે. અને તેમ છતાં કોઈ કોઈ સ્થળે, પુરાણસાહિત્ય અને આપણા પ્રાચીન ઇતિહાસ બંનેની અનિશ્ચિતતાઓને કારણે, સમયના ધુમ્મસમાં પથરેખા નહિ પણ દિગ્સૂચન માત્રથી જ સંતોષ માનવો રહે છે.

આ થઈ પુરાણો અંગેની મર્યાદાઓ.

પુરાણોમાં ગુજરાત. પણ ગુજરાત એટલે? ગુજરાતની સીમાઓ તો સમયે સમયે બદલાતી રહી છે. વળી એક ચોક્કસ પ્રદેશને આપણે અભ્યાસવિષય બનાવીએ તો પણ તેને પૂરી રીતે સમજવા માટે આજુ-બાજુના પ્રદેશોનો પણ પરિચય આપણને હોવો જોઈએ. એટલે, આ પુસ્તકમાં, આજે આપણે જેને ગુજરાત નામે ઓળખીએ છીએ તે પ્રદેશની સીમા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે સાથે, આસપાસના પ્રદેશોના પૌરાણિક ઉલ્લેખોનો પણ સમાવેશ કર્યો છે.

ટૂંકામાં સૂચવી શકાય કે ગિરનારના, ઇ. સ. ૧૫૦ના, ક્ષત્રપ રાજા રુદ્રદામાના, શિલાલેખમાં જે પ્રદેશો ગણાવાયા છે તે બધા જ પ્રદેશોને આવરી લેવાનો ખ્યાલ રાખ્યો છે. અલબત્ત, લંબાણ ટાળવા માટે પ્રધાનગૌણવિવેક જાળવવો પડ્યો છે. આજના ગુજરાતમાં પરિસીમિત થતા પ્રદેશોને અપાયું છે તેટલું મહત્ત્વ પડોશના કે દૂરના પ્રદેશોને હમેશાં આપી શકાયું નથી.

આ સૌ વિવિધ પ્રદેશોની સીમાઓ જુદા જુદા સમયે પ્રવાહી દશામાં જ સમજવાની છે, એ અત્રે નોંધવું જરૂરી છે. અને બીજી પણ એક ખાસ અગત્યની વાત પ્રત્યે અગાઉથી જ ધ્યાન ખેંચવાનું રહે છે :

પ્રાચીન સમયમાં તે તે જાતિ ઉપરથી તેમના વસવાટના પ્રદેશો ઓળ-ખાતા. પાછળથી કેટલીક જાતિઓનું વર્ચસ્વ ઓછું થતાં અને મજબૂત રાજ્યો રચાતાં–ખાસ કરી સામ્રાજ્યભાવના દૃઢ થયા પછી કેટલાંક જાતિ-નામો કેવળ જાતિનાં જ નામ તરીકે રહ્યાં અને જેની ચઢતી કળા હશે તેમનાં જાતિનામોમાંથી કેટલાંક પ્રદેશનામો તરીકે થોડોઘણો સમય ટકી રહ્યાં હશે. આ પુસ્તકમા જાતિનામોને પ્રદેશનામસૂચક ગણીને વ્યવહાર કર્યો છે. દા. ત. 'આભીર' અંગે મૂકેલી વીગત તે, એ નામની જાતિ ઉપરથી પ્રાચીન સમયમાં તેના વસવાટનો કયો કયો દેશ સૂચવાતો તે બતાવનારી છે. આજે આભીર [આહીર-આયર] જાતિ છે તેને અંગે, એ જાતિના અસલ વસવાટ કયાં કયાં હતા તે કરતાં કાંઇ જ વધુ કહેવાનું અહીં અભિપ્રેત નથી.

કેટલા પ્રદેશો જેવા તેની મર્યાદા નક્કી કર્યા પછી, તેમને વિશેના પૌરાણિક ઉલ્લેખો આપી છૂટીને સંતોષ માનવો કે એથી વિશેષ કાંઈ કર્તવ્ય બને?—એ પ્રશ્ન ઉપસ્થિત થયો. પદ્ધતિસરની રીતે તો પુસ્તક ઘણી ઝડપથી પ્રસ્તુત કરી શકાયું હોત. પણ, વિલંબ-અનિવાર્ય વિલંબ-ને ભોગે

પણ, પૌરાણિકની સાથે સાથે ઇતર પ્રમાણો પણ યથાશક્ય આપવાં એવી યોજના સ્વીકારી. ભૌગોલિક સામગ્રી પુરાણો ઉપરાંત, વૈદિક સાહિત્યમાં, કાવ્ય-સાહિત્યના ગ્રંથોમાં, પાણિનિનાં સૂત્રો, બૃહત્સંહિતા, કાવ્યમીમાંસા આદિ વિવિધ શાસ્ત્રીય ગ્રંથોમાં, બૌદ્ધોનાં બયાનોમાં, યુવાન શ્વાંગ અને અલબરૂનીના અહેવાલો-વગેરેમાં ઉપલબ્ધ થાય છે. આ વાઙ્મય આધનો ઉપરાંત પ્રાચીન ઉત્કીર્ણ લેખો, તામ્રપત્રો અને સિક્કાઓ તે તો ભૌગોલિક સામગ્રી પૂરી પાડનારાં સૌથી વધુ શ્રદ્ધાર્હ સાધનો લેખાય.

આ બધાં સાધનોની મદદથી તે તે સ્થલનામ અંગે પૌરાણિક ઉપરાંત યથાશક્ય બીજી સામગ્રી પણ રજૂ કરવાનો ખ્યાલ રાખ્યો છે, તેમ છતાં એવી માહિતી નિઃશેષપણે આપવાનો લોભ જતો કરવો પડયો છે. એ ઉપરાંત તે તે સ્થલ વિશેની પૌરાણિક અને ઇતર સામગ્રીના વિનિયોગ અંગે આધુનિક વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તતા જણાયા છે, તે બધાનું પણ મિતાક્ષરી પ્રતિબિંબ ઝીલવાનો ક્રમ સ્વીકાર્યો છે. આ બધા ઉપરાંત દંતકથા-કિંવદન્તી મળી ત્યાં તેને પણ ઉપર વર્ણવી તે પ્રકારની સામગ્રીની પડખે રજૂ કરવામા સંકોચ માન્યો નથી.

આમ બધી સામગ્રી-પૌરાણિક તેમજ અન્ય પ્રકારોની-રજૂ કરતાં તેમજ વિદ્વાનોના મતમતાન્તર નોંધતા જતાં લેખકને પોતાને પણ પોતાનો મત કે મતભેદ નોંધવાના પ્રસંગ આવે જ. જરૂર જણાઇ છે ત્યાં આવા પ્રસંગોને પણ વધાવી લીધા છે.

આ રીતે કાર્યની મર્યાદા આંકતા, તે જરી મહત્ત્વાકાંક્ષાભર્યું થઈ પડયું. સમય પણ એણે બહુ લીધો.

૩ પદ્ધતિ

ભૂગોળ અંગેની સામગ્રી ભૌગોલિક એકમવાર સાન્નિધ્યક્રમથી આપી શકાય એટલી વિપુલ ન હોઈ, અકારાદિ ક્રમે રજૂ કરવાની ફરજ પડી છે. આ પ્રથમ ખંડ તેથી એક જાતનો કોશ જ છે. પરંતુ સામસામા ઉલ્લેખો નોંધી પરસ્પર સંબંધવાળાં સ્થળનામોને સાકળવા પ્રયત્ન કર્યો છે.

પુસ્તક સળંગ ગુજરાતીમા આપવુ અને તેના આધારો નીચે પાદટીપમાં તે તે પાના ઉપર જ નોંધવા એવો ક્રમ સ્વીકાર્યો છે. પુરાણોમાના મૂળ આધારો પાછળ પરિશિષ્ટ રૂપે પણ આપી શકાયા હોત. પણ અભ્યાસી કશા વિલંબ કે અગવડ વગર તરત જ મૂળ પ્રમાણ પણ જોઈ શકે એ

વધુ ઇષ્ટ જણાતાં ત્યાં ને ત્યાં પાના ઉપર જ તે આપેલ છે. કોઇ કેકાણે લખનારની ભૂલ હોય તો તે પણ એ રીતે સહેલાઈથી સુધરવાનો સંભવ. પાદટીપો આપવામાં પ્રત્યેક સ્થળનામવાર નવેસરથી એકથી અંક શરૂ કરેલા છે, જેથી સામસામા પારસ્પરિક ઉલ્લેખો સૂચવવામાં સુગમતા પડે, અને તેના તે શ્લોકો ફરી ફરી આપવા પડે નહિ. દા. ત. 'દ્વારકા'ની ૨૫ અંકની પાદટીપમાં હરિવંશનો એક શ્લોક ટાંકયો છે, તેની પહેલાં 'ઉજ્જયન્ત' અને 'કુશસ્થલી' અને પછી 'રૈવત'ની અનુક્રમે ૧૮, ૪ અને ૫ મી પાદટીપમાં તે જ શ્લોક ઉતારવો પડે એમ છે, ત્યાં માત્ર 'જુઓ દ્વારકા ૨૫' એટલું કહી કામ લીધું છે.

પૌરાણિક ઉલ્લેખો કેમ સૂચવવા એ પણ એક કોયડો હતો. અંગ્રેજીમાં અક્ષરમાળા અને અંકોની સરળતા અને વિવિધતા બહુ સગવડભરી છે. મહાભારતના શાન્તિપર્વના ૧૭મા અધ્યાયનો ૧૯મો શ્લોક સૂચવવો હોય તો MBh XII 17 . 19 કહ્યું એટલે પત્યું. પ્રસ્તુત પુસ્તક પૂરતો આ રીતે તોડ કાઢયો છે: દા. ત. સ્કન્દપુરાણના માહેશ્વરખંડમાંના કૌમારિકાખંડના ૬૬મા અધ્યાયનો ૧૩૩મો શ્લોક સૂચવવો હોય તો પ્રથમાક્ષરો જોગા કરી 'સ્કમાકૌ ૬૬.૧૧૩' એવી સંજ્ઞા યોજી છે. ઉપરના શાન્તિપર્વના શ્લોકની નિર્દેશ પણ 'મશા ૧૭.૧૯'થી થાય. સંખ્યાંક અધ્યાય અને શ્લોકના એમ બે જ આપ્યા છે. ('મ ૧૨.૧૭.૧૯' એમ ત્રણ સંખ્યાંક, અંગ્રેજીની જેમ નોખા તરી આવે એવા રોમન જેવા અંકના અભાવે, આપ્યા નથી.) જ્યાં એક જ સંખ્યાંક હોય–પાછળ પૂર્ણવિરામ સાથે–ત્યા તે કેવળ અધ્યાય સૂચવે છે. એક કરતાં વધુ શ્લોકો ઉતાર્યા હશે ત્યાં શ્લોકની સંખ્યા તે તે શ્લોક અંતે સૂચવી હશે. જુઓ પૃ. ૧ ઉપર અટ્ટાલજ ૧.

કોઇને અંગ્રેજી પુસ્તકમાંથી આધાર મળ્યો હોય અને તે સમજવો હોય, અથવા એ ઢબે આમાના આધારને પ્રયોજવો હોય, તો ગ્રંથારંભે આપેલી સંક્ષેપસૂચિમા નોંધેલી સંખ્યાઓની મદદથી તેમ કરી શકાશે. દા. ત. આપણા 'સ્કથાધ ૨૬.૧૧૨'થી સ્કન્દપુરાણના ત્રીજા બાલખંડના બીજા ધર્મારણ્યખંડના ૩૬મા અધ્યાયનો ૧૧૨મો શ્લોક સૂચવાયો છે. અંગ્રેજીમાં તે Sk III ii 36.112 અથવા Sk III 2. 36.112 થી સૂચવી શકાય. અર્થાત્ એવી અંગ્રેજી સંજ્ઞાની આપણી સંજ્ઞા શી હોય તે આ રીતે સમજી શકાશે એવી આશા છે.....પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ એક જ ઢબનું અનુસરણ કર્યું નથી. પણ આપણે કોઇ એક નિશ્ચિત પદ્ધતિ અખત્યાર કરીએ એ

સલાહભરેલું છે. અત્યારે આ પુસ્તક પૂરતી તો ઉપરની રીત સતોષકારક નીવડી છે.

મુખ્ય લખાણ-પુરાણોની સામગ્રી તે નાગરીમાં છાપેલા સ્થળનામ પછી તરત જ આવે છે. તેની પછી પુરાણેતર સામગ્રી મૂકી છે અને તેને જુદી પાડવા તે લખાણ થોડું જમણી તરફ અંદર દબાવીને છાપેલું છે. બધી સામગ્રી અને વિદ્વાનોના અભિપ્રાયો રજૂ કર્યા પછી સ્વતંત્ર ચર્ચાની આવશ્યકતા હશે તો તે બહુશઃ અંતભાગમાં મૂકી છે.

આ તો પુસ્તકના બોખાની પદ્ધતિ અંગે. તેના અંતરંગ અંગેની પદ્ધતિનું હવે પછીના ખંડકમાં સૂચન મળશે.

૪ ફલશ્રુતિ

પુરાણોની ભૌગોલિક સામગ્રીની સાર્થકતાનાં દૃષ્ટાંત : પુરાણોની એક ગણનાપાત્ર ઇતિહાસસાધન તરીકે પાર્જિટરના પ્રયાસો પછી પ્રતિષ્ઠા થઈ. આજે આપણને એ જાણીને આશ્ચર્ય જ થાય કે ડો. ભગવાનલાલ ઇન્દ્રજી જેવા મહાન ઇતિહાસવેત્તા 'અનુપ' દેશ કયો તે કહી શકાતું નથી એમ કહે છે! આધુનિકોમાં વિદ્વાન પ્રો. અલ્તેકર પુરાણોમાં 'આનર્ત' જૂજ વાર આવે છે એમ કહે ત્યારે પણ એવો જ લાગણી થાય. પુરાણોમાં સ્થલનામોના થયેલા ઉલ્લેખો જ કેવળ વીણી આપવાની પણ કેટલી જરૂર છે એ આ બે દાખલાથી પ્રતીત થશે.

આ પુસ્તકમાં રજૂ કરેલી સામગ્રી ઇતિહાસના નિર્ણયો તારવવામાં જુદી જુદી રીતે મદદરૂપ થશે એવી આશા છે. આવી સામગ્રી કેવી કેવી રીતે ઉપયોગી થઈ પડે તેનાં એક બે દૃષ્ટાંતો જ આપીશું. અત્યારના 'કપડવંજ' માટે અગિયારસો વરસ જૂના તામ્રપત્રમાં 'કર્પટવાણિજ્ય'નો ઉલ્લેખ મળે છે. હવે મહાભારત પાંચ જાતિઓનું એક જૂથ ગણાવતાં માલવ, કર્પટ, વ૰ ને ગણાવે છે. આ બે ઉલ્લેખોને ભેગા કરતાં એવું સૂચન ઉદ્ભવે છે કે પ્રાચીન કોઈ કર્પટ જાતિ સાથેના એના સંબંધ ઉપરથી તો કપડવંજને તેનું નામ મળ્યું નહિ હોય! આ અનુમાન તો સ્વાભાવિક છે. પણ મહાભારતમાં ખેટક જાતિનો ઉલ્લેખ મળ્યો તે ઉપરથી આજના ખેડા (બારસો વરસ પૂર્વેના-વલભી દાનપત્રોમાના-ખેટક) નામમાં કોઈ ખેટક જાતિ (નિષાદ જેવી) સાથેના તેના સંબંધની છાપ તો નહિ હોય એવો પ્રશ્ન ઉદ્ભવ્યો! આવાં સૂચનોને અનુમાનનો ભોભો તરત ન આપીએ, પણ વિચારને આગળ ચલાવવાની તક પૂરી પાડનાર એ જરૂર નીવડે છે.

બીજુ દૃષ્ટાંત બહુ મહત્ત્વનુ છે ઉપર કહ્યું છે તેમ ગુજરાતની પ્રદેશમર્યાદામા રુદ્રદામાના ગિરનાર-શિલાલેખમા ઉલ્લિખિત પ્રદેશોને સમાવી લેવા અહી અવકાશ કર્યો છે તે પ્રદેશો 'આકરાવન્તિ, અનૂપ, આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરુ, કચ્છ, સિન્ધુ, સૌવીર કુકુર, અપરાન્ત નિષાદ આદિ' છે ધૌલિયન અશ્ટિવેરીમા પ્રસ્તુત શિલાલેખ ડૉ ભગવાનલાલ ઇન્દ્રજીએ પ્રગટ કરેલો અને સાથે ડૉ૦ બ્યૂલરની નોધ પણ હતી અનૂપ, કુકુર, નિષાદ અને અપરાન્તમાથી ડૉ ભગવાનલાલ ઇન્દ્રજી, ઉપર હમણા કહ્યું તેમ, અનુપ કયો દેશ તે હું કહી શકતો નથી એમ કહે છે અને કુકુર-નિષાદ વિશે કશુ કહેતા જ નથી અપરાન્તને તે, મલ્લિનાથે યાદવનો કોપ ટાળ્યો છે તે ઉપરથી, દક્ષિણના દેશ તરીકે ગણાવે છે અને ડૉ બ્યૂલર તેને અનુમોદન આપે છે (–' I have no doubt that he is right ') દક્ષિણના સપાંગ્ક આસપાસના પ્રદેશનું અપરાન્ત નામ ગણવામા ડૉ ભગવાનલાલની ભાગ્યે જ ભૂલ થતી નથી એ ખરુ, પણ પ્રસ્તુત શિલાલેખમા ઉલ્લેખાયેલો અપરાન્ત દેશ એજ છે ખરો ?—એ પ્રશ્ન છે

પુરાણોમા હિંદના આખા અપર-અન્ત(પશ્ચિમ છેડા)ના પ્રદેશસમૂહ માટે અપરાન્ત શબ્દ વારંવાર પ્રયોજાયો છે, તેમ છતા–અને ઘણીવાર તેની સાથેસાથેજ–વાયવ્ય તરફના દેશોમા પણ એક અપરાન્ત નામના ચોક્કસ પ્રદેશની ગણના થયેલી છે આ ઉપરથી અને બીજા કેટલાક ભયુગ-અજમેરનિમચમા મળેલા સિક્કાઓમા 'અપરતસ' ના ઉલ્લેખની કરેલી નોધ પરથી ગિરનારના શિલાલેખમા ઉલ્લેખાયેલો અપરાન્તપ્રદેશ તે ઉત્તર-વાયવ્ય દિશાનો તો નહિ હોય એવો વહેમ આવ્યો ત્યાં કલ્પનાએ અનુમાનની દિશા ઉઘાડી આપી શિલાલેખમા દેશો ગણાવ્યા છે તેમાં ભૌગોલિક ક્રમ જેવુ તો નહિ હોય ?–આટલુ સૂચન કલ્પનાએ કર્યું ત્યાં તો નકશા પર નજર દોડાવતાં જણાયુ શિલાલેખની પ્રદેશગણનામા કાઈક ચોક્કસ ક્રમ જેવુ જણાયુ અર્થાત્ સિન્ધુસૌવીર પછી આવતા કુકુર,[1] અપરાન્ત અને નિષાદ[2] પ્રદેશો ગુજરાતની ઉત્તરે અને નહિ કે દક્ષિણમા હોવાનુ પ્રતીત થયુ જો પૌરાણિક અને ૬ઠા૭મા પ્રમાણોના પ્રકાશમા સ્વીકાર્ય પણ જણાયુ ગિરનારના ૪ સ ૧૫૦ ના શિલાલેખમા ઉલ્લિખિત વંશો અને પ્રદેશ નામો તે

૧ કૌટિલ્ય અર્થશાસ્ત્ર (અધિ ૧૧) ઉત્તરાપથના દેશોમા સિન્ધની કુકુર ઉપરાન્ત વગેરે દેશો આમ 'કુકુરને મૂકે છે

૨ પ્રીય અને મેકક્રિન્ડલ વદિક સાહિત્યની આસપાસ મૂકેલા નકશામા નિષાદને ગુજરાતની ઉત્તરે મુકે છે

ગુજરાતની ભૂગોળ અંગેની સૌથી વધુ શ્રધ્ધેય એવી જૂનામા જૂની સામગ્રી છે તેને નિ:સંશયપણે ઉકેલવામા પૌરાણિક સાધનો આ રીતે મદદરૂપ થઈ પડયા એ પુરાણોની ભૂગોળસામગ્રીની ઉપયોગિતાનો એક મોટો પૂરાવો ગણાય, એની સાર્થકતા સૂચવનાર પણ લેખાય [જુઓ નકશો ૨]

ઇતિહાસદૃષ્ટિ અને ઇતિહાસનિર્ણયો કલ્પના શાસ્ત્રીય દૃષ્ટિને પરિપોષક નીવડે ત્યારે આવકાર્ય છે પણ સામાન્ય રીતે આવા વિષયમા શુદ્ધ વૈજ્ઞાનિક દૃષ્ટિને જ વળગી રહેવુ એ હિતાવહ છે કોઈ કોઈ વિદ્વાનો કટોકટીના વાર પ્રબળ કલ્પનાના ટેકાથી હિમ્મતભેર પ્રતિજ્ઞાઓ (bold hypotheses) કરી બેસે છે, અને તે હમેશા જ ભ્રામક હોય છે એવુ પણ કાંઇ નથી કોઈ વાર તો આવી ધૃષ્ટ કલ્પનાઓ એક ધસારે તથ્ય તરફનાં દિશાનુ ઉદ્‌ઘાટન કરી આપનારી નીવડે છે એટલે એવી પ્રવૃત્તિને પણ ઇતિહાસ સંશોધનના કાર્યમા તેનુ યોગ્ય સ્થાન જરૂર છે પણ એ પ્રવૃત્તિના ફળને ઐતિહાસિક સત્યો તરીકે અતિમતાપૂર્વક કદી જ રજૂ કરવા જોઇએ નહિ સત્ય તરફ પહોંચવા માટે તે પ્રારંભિક વિચારસામગ્રી પૂરી પાડે છે એમાં જ એની કૃતાર્થતા છે અને એ કાંઈ ઓછુ નથી પરન્તુ અંતિમ સત્ય તરીકે રજૂ થતા પહેલા તો તેણે કોઇને કોઈ સ્વીકાર્ય પ્રમાણનુ પીઠબળ મેળવવુ અનિવાર્યપણે આવશ્યક રહેશે . .. આ પ્રકારની ઇતિહાસદૃષ્ટિ માટે પક્ષપાત હોઈ 'આનર્ત' નુ નવુ નામનિર્વચન (નૃત્યથી), કરતા કરતા, કેવળ વિદ્વાનો સમક્ષ એક વિચારપ્રેરક બિંદુ ઉપસ્થિત કરવાની અપેક્ષાથી રજૂ કર્યુ છે, અને 'લાટ' અંગે પણ જરી ઊહાપોહ કર્યો છે તો વળી 'દ્વારકા' અંગે એવી ઇતિહાસદૃષ્ટિને જ વશ થઇને આપણા એક સન્માન્ય ઇતિહાસવિદના× પ્રૌઢ તર્કની ચિકિત્સા કરવાનો ધર્મ પ્રાપ્ત થયો છે અને 'ખંભાત' ના 'ખંભ' મા વિગપૂજ્ય જોવાના વલણ પ્રત્યે અને ભૃગુકચ્છને માહિષ્મતી ગણવાની કલ્પના પ્રત્યે, અને લગભગ પ્રાગૈતિહાસિ અથવા ઇતિહાસની ઉષા પૂર્વેના વિસ્તારો કોઈ કોઇ ને કોઈ નવા પૂરાવા મળતાં ઐતિહાસિક તથ્યરૂપે સાકાર થવાની તેમની શક્યતાને માન આપી તટસ્થવૃત્તિ દાખવી છે ત્યારે સરસ્વતીના મૂળ પ્રવાહ અંગે પ્રાચીન વા મધ્ય પૂરાવાઓ માત્રથી ચર્ચાઓ ઓકવાના વલણને, એવી સામગ્રી જો કાંઈ બચ આવે તો ભૂસ્તરવિદોને સોંપી છૂટો એવી નમ્ર વિનતિ સાથે, નોનભેર વટાવી જવાનું

× સરદાર કોલેજે પત્ર તે પછી એ મતલબનો લેખ વૈશાખ સાતમી પ્રાચ્ય વિદ્યા પરિષદમા વાંચ્યો, પણ તેના અહેવાલમા એ લેખક જોનો ગર્ભ મળતો નથી

જ ઠીક ગણ્યુ છે. એવી ચેષ્ટાઓ ઇતિહાસપ્રવૃત્તિની શાસ્ત્રપૂત મર્યાદારેખાને ટપી ગયા વગર ભાગ્યે જ રહી શકે

આમ, પુરાણોમાના ઉલ્લેખો ઉદાહરણ ઇતર વાઙ્મય તેમજ બીજા પુરાવાઓ અને વિદ્વાનોના મતમતાન્તરો આપવાનો મહત્ત્વાકાંક્ષાભર્યો માર્ગ સ્વીકાર્યો છતા, દરેક વખતે નિર્ણય આપવાની સરતી અને ભયભરી મહત્ત્વાકાંક્ષામાંથી બચવા સભાન પ્રયત્ન કર્યો છે. ઇતિહાસે નિર્ણયોની ઝડી વરસાવવાની કાંઈ જ જરૂર નથી. તો તો સત્યના સિંહાસન ઉપર અર્ધસત્યો અને અસત્યો જ આવીને આરૂઢ થઈ જાય. મળેલા પુરાવાઓ ઉપરથી જેટલું અને જે સ્થિતિમા તથ્ય સમજાય તેટલું તે સ્થિતિમાં રજૂ કરી છૂટવુ અને કંઈજ કદાગ્રહને તેમાં પ્રવેશવા દેવો નહિ એ સત્યસાધનાનુ પ્રથમ-અને ચરમ-આવશ્યક લક્ષણ ગણાવુ જોઇએ. આગળ જતા નવી વીગતો, નવા પુરાવાઓ, મળતા નવો પ્રકાશ પડશે, અગાઉની વાતમા અમુક અંશ ખોટા ઠરશે તો વળી અમુક અંશને નવી પુષ્ટિ મળશે અને એમ કરતા કરતાં કયારેક કાંઈ ચોક્કસ નિર્ણય પણ, મળવાનો હશે તો, મળી રહેશે. નિર્ણય ઉપર પહોચવુ ગમે તેટલુ કષ્ટ હોય, તો પણ સત્યને આઘાત પહોચાડીને તો તેમ કરવુ ભાગ્યે જ સમાહભરેલુ ગણાય ટૂંકામાં ઇતિહાસકર્નું લક્ષ્ય સત્યનિર્ણય હોવા છતા તેની સાધના પ્રક્રિયાના સ્વરૂપની છે. એને પહોંચવું છે મુકામે, પણ તેથી જ તો એ સતત મન્થન ઉપર હોય છે સત્ય અને પોતાની વચ્ચેનું અંતર ઘટાડવામા એ રમમાણ હોય છે. આ પુસ્તકમા, ઠેરઠેર નિર્ણયો વેગવાના વલણને છૂટી લગામ આપી નથી

ભાષાશાસ્ત્રની મદદ . મળેલી સામગ્રીને તપાસવામા અને ઉપયોગમાં લેવામા ભાષાશાસ્ત્રની મદદ લેવાનો પ્રયત્ન કર્યો છે દા ત ભરૂચનું પ્રાચીન મૂળ નામ ભૃગુકચ્છ કરતા ભારુકચ્છ અને લાટ પરદેશી કરતા દેશ્ય-અત્રત્ય શબ્દ હોવાની સંભાવનાઓ ભાષાના આધારે આગળ કરી છે જેથી વધુ રસપ્રદ દાખલો ખંભાતનો છે વિદ્વાનોએ એ શબ્દમાના આદ્ય ખંભ ઉપર ઠીક ઠીક ઊહાપોહ જગાવેલો જાણ્યો છે પણ અત્ય 'આત' ની વાતમા કોઇએ બહુ રસ લીધો નથી શ્રી રત્નમણિરાવ જોષે ખંભાત આસપાસ જૂના સમયમા વિગપૂજા-ખંભપૂજા પ્રચલિત હશે તેનું સૂચન આદ્ય 'ખંભ' માં જુએ છે, તેમ અત્ય 'આત' ત્યા કયારેક આદિત્યપૂજા હોવાનુ સૂચવનાર તો નહી હોય ? આપણા ગામોના નામોમાના આવા 'આત' નું મૂળ શોધવુ કદાચ રોચક થઈ પડશે ×

× 'ગુજરાત' માના 'અત' ને શ્રી ન ગિરનારની સૂચના અનુસાર અત્રી

પુરાણોમા સ્થળોનુ નામનિર્વચન —એ સ્વયં અભ્યાસનો એક રસિક વિષય થઈ પડે અમુક નામ અંગે ધ્યાન ખેંચ્યું જ છે 'વાત્રક ઉપરથી થયેલા સંસ્કૃતીકરણો તે નામ વૃત્ર કે વ્રત ઉપરથી હશે એમ માનીને ઉપજાવવામા આવ્યા લાગે છે પુરાણકારોની આ એક અદ્‌ભુત વૃત્તિ છે તેમને નામ મળ્યુ કે તરત જ હે મુનિ! આની નિરુક્તિ કહો!' એમ કોઈ ભાવુક પાત્ર પાસે પ્રશ્ન ઉપસ્થિત કરાવી તરતજ તે શબ્દની વ્યુત્પત્તિ અને તેમાથી ઉપજતી કથા આપવા તેઓ મંડી પડતાના દા ત વાત્રક અંગે, वार्त्रघ्नी च नदी केन निरुक्तेन निगद्यते । એ પ્રશ્નથી શરૂઆત કરી છે તેમની આવી ઉત્સુકતાને કારણે મૂળ પ્રચારના નામો-જેમની વ્યુત્પતિ હમેશા સુગમ હોતી નથી તે-ને તેઓ મચડીને સંસ્કૃતાભાસી બનાવી મૂકે છે, જેમકે વાત્રકનું વૃત્રઘ્ની કે વ્રતઘ્ની આ દાખલામાં તો વાત્રક નામ આપણી પાસે છે એટલે પુરાણકારોની માનીતી વાક્‌ક્રીડાથી આપણે મૂળ દોર ગુમાવી બેસતા નથી, પણ ઘણા દાખલાઓમાં અસલ રૂપ વિકૃત થઈ તેનુ ભ્રામક સંસ્કૃતીકરણ જ આપણી પાસે રહ્યું હોવાનો પૂરો સંભવ છે સુરાષ્ટ્ર એવુ સંસ્કૃતીકરણ જ લાગે છે અને પારિયાત્ર કે પારિપાત્ર જેવુ રૂઢ રૂપ પણ કોઈ તળપદા નામની વિકૃતિ હોય તો નવાઈ નહિ આ ઉપરાંત પુરાણકારો હમેશા સંસ્કૃત ભાષાના સિદ્ધ વિદ્વાનો હોય છે એવુ પણ દેખવા મળતું નથી પ્રચલિત 'સાબરમતી' નું સંસ્કૃતાભાસી 'साभ्रमती' રૂપ ઝૂકાવી દેતા એ આંચકો ખાય એવી આશા રાખવી ફોગટ છે ભાષાનું જરીક ઊંડુ જ્ઞાન ધરાવનારને સાચુ રૂપ 'श्वभ्रवती' ન સૂઝે એવુ નથી પણ પાગળા ભાષાજ્ઞાનવાળા આ પુરાણ—કવિઓની કલ્પનાનો દોર તો છૂટો જ હોય છે 'શ્વભ્રવતી' નું સાબરમતી થયુ હતું, પણ સાબરમતી ઉપરથી તેમણે साध्रमती સંસ્કૃત નામ ઉપજાવ્યુ અને પછી તેની કથા આપવા જતાં ઋષિના 'સંભ્રમ' માં તેનું મૂળ શોધ્યુ! આ દાખલો તો પુરાણની આટલી બધી કરામત છતા પ્રમાણમાં નિર્દોષ છે પણ કોઈકવાર

સ્ત્રીલિંગી બહુવચનના પ્રત્યય તરીકે ઘટાવ્યો છે તે પૃ૦ ૭૪ઉપર નોંધ્યું જ છે પણ ના અંત 'આત્ય – આતિ છે તે જૂના ગુજરાતિ તે કદીઈ કિસ્સો મા પણ જોવા મળે છે આજે પણ 'ગુજરાત ગાડી જેવી કહેવતમા અને ઉત્તર ગુજરાતમા સ્ત્રીલિંગી શબ્દ તરીકે વ્યવહાર થાય છે બન્ને શબ્દો વપરાશ ને જમાન પણ આજે જેમ સ્ત્રીલિંગી બહુવચનથી વડીલાત્ય જમાનો એમ બોલાય છે તેમ શું 'ગુજરાત મા ના અંતની 'આત' પ્રત્યયનું 'કાન્હડ દે પ્રબંધ' ના સમયમા પણ 'ગુજરાતિ' થઈ ગયુ હશે કે પછી અત્યન્તિ-વાળા કોઈ શબ્દમાથી 'આત' આવ્યો હશે?

તો એવી રમત આપણને જરૂર સંભ્રમમાં નાખી દે એવી હોય છે. શ્રી-માલની બાબતમાં પુરાણે તેનો શ્રી-લક્ષ્મીની માળાઓ સાથે સંબંધ યોજી માલલોકો સાથેના એના સંબંધની સંભાવના જ આપણી નજર આગળથી ભૂંસી નાખી છે.

પુરાણકારોની આ અનિયંત્રિત નિરુક્તચેષ્ટા કેટલીકવાર આવાં ખોટે રસ્તે દોરવનારાં કે મૂળ માર્ગથી વ્યુત કરનારાં સૂચનો આપે છે, તો કોઇ વાર બહુજ સમૃદ્ધ ઇતિહાસગર્ભ ઘટનાનો પણ સહેજમાં નિર્દેશ કરી બેસે છે. એનો સૌથી મહત્ત્વનો દાખલો 'નગર' નો છે. નગર-પ્રાચીન આનર્ત-પુર-અર્વાચીન વડનગર-ના વાસીઓ તે નાગરો એમ નાગરોનો નગર જોડે સંબંધ યોજવા પુરાણ 'નગર' ની વાત કરતાં પાતાલની (નાગલોકની) વાતે ચઢી ગયા વગર રહેતું નથી અને 'નગર' શબ્દની નિરુક્તિ પણ ન+ગર (ગર એટલે વિષ) એ રીતે આપી નાગો સાથે તેને સંબંધ છે એમ સ્પષ્ટ સૂચવી દે છે. બીજા શબ્દોમાં, નાગરો નગરના વાસીઓ એટલી ઉપ-લક્ષ વાત કહેવાને બદલે પુરાણની નિરુક્તિ નાગરોના નાગ અને પાતાલ સાથેના સંબંધ ઉપર અસંદિગ્ધપણે પ્રકાશ પાડે છે.

પુરાણોમાં મળતાં સ્થળનામોને અને પુરાણોની લાક્ષણિક નિરુક્તિ-ઓને ભાષાદૃષ્ટિએ જેમજેમ તપાસીશું તેમતેમ ઘણી રસપ્રદ અને દ્યોતક સામગ્રી મળવા સંભવ છે.

દંતકથાથી પડતો પ્રકાશ : આ પુસ્તકમાં બીજી સામગ્રીઓની સાથે સાથે જનશ્રુતિ-દંતકથા-ને પણ સ્થાન આપવાથી તેનું મૂલ્ય સમજાયું છે. ખુદ પુરાણો પણ પોતાના વર્ણનમાં જનશ્રુતિનો સમાવેશ કરે છે. પૂર્વે અર્બુદ ઉપર પૃથ્વીમાં છિદ્ર હતું એમ વનપર્વ (અ૦ ૮૦.૭૪) માં નારદ કહે છે. આની જોડે આપણી એક દંતકથા—મહાદેવનો પોડિયો નંદી આબુને એક શીંગડા ઉપર ઊંચકીને ઊભો છે અને થાક લાગે ત્યારે બીજા શીંગડા ઉપર તેને બદેડે છે એવી નોંધી છે. (પૃ૦ ૧૬.) અને વસ્તુ આબુ નીચે ભૂકંપાદિ ભૂસ્તરવિષયક સંચલન વિશે લોકોની સમાનવૃત્તિ સૂચવે છે. વિમળશાનાં દહેરાંની બેઠા ઘાટની બાંધણી અને સ્થાપત્ય કરતા શિલ્પ ઉપર કેન્દ્રિત કરેલું ધ્યાન તે આવાં ભૂસંચલનો સામેની સાવચેતીને કારણે હોય એમ જોઈ શકાય છે. અને આ રીતે પૌરાણિક ઉલ્લેખ, દંત-કથા અને બધ્યકાલીન સ્થાપત્યસ્મૃતિ એ ત્રણે એકજ વસ્તુ ઉપર—આબુ-નીચેના ભૂસ્તરવિષયક સંચલન ઉપર પ્રકાશ પાડી રહે છે... ગુજરાતનાં

જુદા જુદા રથળો અગેની દતકથાઓ સાધવાની જોઇએ અને અન્ય ઇતિહાસસામગ્રીની પડખે મૂકતા જરૂર તે વિચારપ્રેરક અને પૂરક પ્રમાણ તરીકે ઉપયોગી નીવડશે

ઉત્કીર્ણ સામગ્રીની મદદ * ઉત્કીર્ણ સામગ્રીનો યથાગત્ય લાભ લેતા જતા ગિરનારનું અસલ નામ ઉર્જયન્ત કે રૈવત, કાઠિયાવાડનુ મૂળ નામ સુરાષ્ટ્ર કે સૌરાષ્ટ્ર,–જેવા પ્રશ્નો ઉપર ઠીક પ્રકાશ પડયો છે નાની પણ નોંધપાત્ર વાત ચમત્કારપુર અગેની છે જોગ્ગે ગેઝેટિયર વડનગરના પ્રાચીનતમ પૌરાણિક નામ ચમત્કારપુર વિશે કહે છે કે એ કાલ્પનિક નામ છે અને એના વિચિત્ર નામે આ નગર ઓળખાયું હોય એમ લાગતુ નથી પણ નવાઈની વાત એ છે કે એવુ 'વિચિત્ર' નામ (પછી ભલે એ વડનગર માટે હોા યા ન હોા) વિ સ. ૧૩૪૬ના વથળીના શિલાલેખમાં મળે છે આ નાનકડી હકીકત, પુરાણો ચાર યુગના ચાર–કે ઉજ્જયિનીની બાબતમા કર્યું છે તેમ સાત કલ્પના સાત–નામ આપે, ત્યારે તે એકદમ ફેકી દેતા પહેલાં, આપણને વિચાર કરવા પ્રેરે તો બસ છે આવા આપણને અત્યારે તરત સમજાય નહિ એવા નામો પ્રાચીનતમ આર્યેતર નગરનામો હોય અને એક જૂના નામ તરીકે લાબા વખત સુધી નવા નગરોને વળગી રહ્યા હોય ખંભાતનું એક પ્રાચીન નામ ભોગવતી છે, અને તે એના પાતાલ–નાગલોક સાથેના સબધ ઉપરથી હોવાની પૂરી સભાવના છે આર્યોની પૂર્વે ખભાત અથવા તો બીજે કોઈ સ્થળે આર્યેતરોની ભોગવતી નામે મહાન નગરી હોય અને એથી એ નામ જૂના નામ તરીકે કે પરાના નામ તરીકે પણ લાંબા સમય સુધી પ્રચારમા ટકી રહ્યુ હશે ઉજ્જયિનીના એક પરાનું નામ ભોગવતી છે બીજાનુ નામ અવન્તિ છે બને આર્યોને વારસામા મળેલા નગરનામો હોવાનુ અસભવિત નથી

તીર્થો–સાસ્કૃતિક ઇતિહાસની સામગ્રી તીર્થોના નામોએ આ પુસ્તકનાં ઠીકઠીક પાના રોકેલા દેખાશે પણ તે તીર્થનામો આપવા અનિવાર્ય જણાયાં છે પહેલું તો એ સખ્યાબધ તીર્થનામો કાલ્પનિક નથી, પણ કોઈ ને કોઈ નાનામોટા ચોક્કસ રથળના સૂચક છે. અને એ ચોકકસ નામો તે માત્ર વિશેષનામો–ભૌગોલિક રથળોના નામો–ના ખડકલા જ માત્ર નથી પ્રજાના સામાજિક જીવન ઉપર તે પ્રકાશ ફેકી રહે છે અવન્તિ અને પ્રભાસ, દ્વારકા, અર્બુદ અને રૈવતક, ધર્મારણ્ય અને હાટકેશ્વર, એ બધા શબ્દો એક [illegible] નગરનાં તીર્થોથી ભરેલ હતા આટઆટલા તીર્થો,

મૂર્તિઓ ને પવિત્ર જળાશયો ! એ થા મૂચવી રહે છે ? એમ ને એમ તો એ થતા નથી અનર્ગળ ખર્ચ, ભાવિકની સતત અવરજવર, વિવિધ સ્થળો જગતા રાખવાની સવડ અને તૈયારી—એ બધુ આ પૌરાણિક તીર્થ 'માહા ત્મ્યો' વાચતા પ્રત્યક્ષ થાય છે, અને એ રીતે તત્કાલીન પ્રજાના સાસ્કૃતિક ઇતિહાસ ઉપર આપોઆપ પુષ્કળ પ્રકાશ પડી રહે છે વશાવળીઓની થાદીઓ ઉપર જે ઇતિહાસદર્શન ઝઝૂમતુ નથી તેને માટે તો આવા સાસ્કૃતિક ઇતિહાસની ઝાખી કરાવતા માહાત્મ્યો અપરંપાર મહત્ત્વના ઠરે છે

એક નગરની કે ગિરિની સોડમા આટઆટલા તીર્થસ્થાનો લપાયા હોય એ હકીકત પોતે જ અચરજ પમાડે એવી અને નોધપાત્ર ગણાય પણ પ્રજાની ધર્મચર્યાની વિવિધતા, તે વિવિધતાને પોષવા જેટલા સમૃદ્ધિ અવ કાશ અને ધર્માભિમુખતા એ બધાનુ એમાથી સૂચન મળે છે એથી તો તીર્થવર્ણનો આપતા પૌરાણિક 'માહાત્મ્યો'ની અગત્ય ઘણી જ વધી જાય છે આ રીતે જોઈશુ તો ભૌગોલિક ખડ તે, આ પૂરતો, સામાજિક ઇતિહાસનો ખડ પણ બની રહે છે

એક વખત એ વિવિધ તીર્થોથી શોભતા ગિરિઓ કે નગરોના ક્ષેત્રો એક જાતની લોકવિદ્યાપી ની ગરજ સારતા હોવા જોઈએ વિદ્યા અને સસ્કૃતિને સહજપણે ગ્રહણ કરવાની પ્રજાને એ તીર્થક્ષેત્રોના વાતાવરણમા તક મળતી ત્યારે વિદ્યાકેન્દ્રો પરબપા નથી જ અટકી ન જતા બધી કળાઓ, બધી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ત્યા એકત્રિત થતી મોટા ક્ષેત્રો ગણાતા મોટેરા 'ધર્મારણ્ય' હતુ એડબહા 'બ્રહ્મક્ષેત્ર' હતુ જીવનનુ સૂક્ષ્મ-તમ તત્ત્વ—ધર્મ, બ્રહ્મ—જ્યા અહર્નિશ સ્ફુરાયમાણ થતું રહે એવુ સજીવ, ચેતનધમકતું, વાતાવરણ રચાતુ ભણવાના—અક્ષરજ્ઞાન લેવાના, આશયથી ન આવ્યા હોય એવા શિશુઓ, વૃદ્ધો અને ઘરબારીઓ પણ આ તીર્થોમાથી કાઈ ને કાઈ પામીને જતા કોઈ ખાલી હાથે-ખાલી હૈયે પાછુ ન વળતુ એવા વિદ્યાકેન્દ્રોના વાતાવરણમા મુમતા પ્રજાનો પ્રાણ પ્રફુલ્લિત થતો તીર્થ-ક્ષેત્રો એ, આમ સસ્કૃતિની પરબો સમા નીવડ્યા હતા

તીર્થનામોની સામગ્રીમાથી પ્રજાના સાસ્કૃતિક જીવનના વિવિધ સૂચન મળે છે, તેમા સૌથી ધ્યાનપાત્ર તે પ્રજાની ધાર્મિક સમન્વયવૃત્તિ અંગેનુ છે એવુ દેખાય કે પ્રત્યેક ક્ષેત્રમા હકીકતે ધાર્મિક માન્યતા ધરાવનારને માટે આકર્ષણ રહેતું એટલે કે પરધર્મસહિષ્ણુતાનુ, સર્વધર્મસમભાવનું વાતાવરણ વસ્તીઓ અને પ્રવર્તતુ પછી એક ધાર્મિક માન્યતાનુ જોર ઘટતા

અને બીજાનું વધતાં, નવી પ્રબળ ભાવના જૂનીનાં તીર્થોને અપનાવી પોતાના રંગે રંગી દે એવા દાખલા પણ બન્યા હશે. મધ્યકાલના પાછળના સમયમાં જેમ કેટલીક ઇસ્લામી ઇમારતોમાં બિનઇસ્લામી ઇમારતોના અવશેષો વપરાયેલા સ્પષ્ટ જોઈ શકાય છે, તેમ અગાઉનાં મંદિરોમાં પણ એવા મેળ થયેલા જોવા મળશે. જે દેવનું મંદિર હોય તે કરતાં જૂદા જ દેવની પૂજાની પ્રણાલીઓ સૂચવતી કેટલીકવાર તો મૂર્તિઓ પણ જોવા મળશે. કારણ સાદું જ છે. એક પ્રકારની દેવપૂજા અસ્ત પામતાં નવા પ્રકારની દેવપૂજા આગલા મંદિરને અપનાવી તેને પોતાના રૂપમાં લે એવા બનાવો બન્યા હોય એ સ્વાભાવિક છે. તીર્થનામોમાં એક દાખલો તરત જ ઊડીને આંખે વળગે એવો છે. આજે જેને તુલસીશ્યામથી ઓળખીએ છીએ એ સ્થાનને માટે 'તલસ્વામી' નામ પુરાણ આપે છે. શૈવધર્મી પુરાણકારે તુલસીશ્યામનું તલસ્વામી કર્યું હશે કે પ્રભાસ તો શૈવપૂજાનું પ્રાચીનતમ થાણું હોઈ તલસ્વામીનું પાછળથી જોરમાં આવેલા વૈષ્ણવમાર્ગે તુલસીશ્યામ કરી દીધું હશે? શૈવવૈષ્ણવ મિશ્રણનાં અનેક સૂચનો તીર્થનામોમાંથી મળશે.

આપણા ધાર્મિક જીવનનું પ્રધાન લક્ષણ તેની પારાવાર સમન્વયશક્તિ છે. અર્બુદ નાગોનું-પ્રાચીન આર્યેતરોનું થાણું હશે, પણ પોતે આભારવશ થઈ કૃપાથી પર્વતનું અર્બુદ નામ પાડ્યું એમ આર્યોએ કયા યોજ્યું, એ નાનકડા પણ સૂચક દૃષ્ટાંત તરફ પુસ્તકમાં (પૃ. ૧૮) ધ્યાન ખેંચ્યું જ છે. જૈન વિચાર ગુજરાતમાં પગભર થયો હતો. પુરાણકારે દિગંબર શિવને 'નેમિનાથ શિવ' તરીકે ઓળખાવ્યા. (પૃ. ૧૮૦.) આ કેવળ સર્વધર્મસમભાવ નથી, સર્વધર્મમમભાવ છે.

તીર્થોની સંખ્યા અને ક્રમ વિશે પણ બે શબ્દ જરૂરી છે. સ્કન્દપુરાણ એક ઠેકાણે કહે છે: આ ક્ષેત્રમાં જેટલાં તીર્થ છે તેને તો સ્વયંભૂ ચતુરાનન હજારો વરસે પણ વર્ણવી શકે નહિ. મેઘમાલાનાં કેટલાં બિંદુઓ સ્તવે છે, ધરિત્રી ઉપર કેટલી તૃણસંખ્યા છે, પૃથિવી ઉપર કેટલા રેતીકણો છે અથવા નભમાં જ્યોતિઓની કેટલી સંખ્યા છે તે જેમ કોઈ કહી શકતું નથી, તેવું જ આ ક્ષેત્રની તીર્થસંખ્યાનું છે. (સ્કઆઅ ૭૦. ૧૩–૬) બીજે ઠેકાણે સ્કન્દ કહે છે કે આ ક્ષેત્રમાં સાડાત્રણ કોટિ તીર્થો છે અને બધે જ જવું અશક્ય છે, તેથી મનથી જ જવું. (मनसा तानि सर्वाणि गन्तव्यानि समाहितैः ॥ સ્કપ્રપ્ર ૨. ૧૦૦) નર્મદાનાં અસંખ્ય તીર્થો છે પણ તેમાંથી સ્કન્દે ૪૦૦

ગણાવ્યાં છે અને અનેક તીર્થ આગળ ગુપ્તતીર્થો પણ છે એમ નોંધ્યું છે. (પૃ. ૧૨૩.) ધર્મચર્યાનાં પરિવર્તનોને કારણે તીર્થો વધતાં જ જતા હશે તેનો સમાવેશ કરવા અને પુરાણસહજ અત્યુક્તિથી તીર્થસંખ્યા વિશે આવા ઉદ્ગારો કાઢયા હશે એમ માનવું પ્રાપ્ત થાય છે. એક લાક્ષણિક દાખલો સ્કન્દના આવન્ત્યખંડમાં મળે છે. તેનો બીજો ખંડ 'અવન્તીસ્થ-ચતુરશીતિ-લિંગમાહાત્મ્ય' અધ્યાયવાર એક એમ તેના ૮૪ અધ્યાયમાં ૮૪ લિંગોનું બયાન આપે છે, પણ તેની પૂર્વેના પ્રથમ ખંડ 'અવન્તીક્ષેત્રમાહાત્મ્યખંડ'-ના છેલ્લા અધ્યાયમાં આ ૮૪ લિંગો ગણાવવા શરૂ કરતાં તેમાંથી ત્રણ ઉડાવી દઈ બીજાં અનેક વધારાનાં ઉમેર્યાં છે. જુદેજુદે સમયે થયેલી યાદી-ઓમાં આવા ફેરફાર રહેવાના જ. નર્મદાતટનાં તીર્થોની ગણનાનું પણ એવું જ જોવા મળે છે.

ક્રમ નદીતટનાં તીર્થોમાં સચવાય એ ઇષ્ટ ગણાય. નર્મદાતટની સ્કન્દે રેવાખંડમાં આપેલી તીર્થમાલામાં કૂર્મે આપેલી યાદીનો સમાવેશ કરવા જતાં કદાચ ક્રમભંગ થયો હશે. ઉપરાંત પણ દા. ત. નર્મદાતટ ઉપર ૧૨ કોટીશ્વરો વ૦ છે એમ કહ્યું છે તે બારેબાર વખત અપાયા નથી. ઉપરાંત એકજ સરખાં નામવાળાં તીર્થો જુદા જુદાં ક્ષેત્રોમાં મળે છે તે બધાનાં ક્ષેત્ર-સ્થાનોનો નિર્દેશ સૂચિમાં કર્યો નથી તે, તે તે સ્થળે જોતાં તરત જ પ્રતીત થાય એમ હોઈ, દીર્ઘસૂત્રતામાંથી બચવાના આશયથી જ.

તીર્થોનાં એકસરખાં નામો જુદા જુદાં ક્ષેત્રોમાં મળે છે-કેટલીકવાર તો ઝૂમખાનાં ઝૂમખાં અથવા હારની હાર પણ મળી આવે છે એ ઘટના ઇતિહાસપ્રેમીને માટે સામાન્ય મહત્ત્વની નથી દા. ત. સિદ્ધેશ્વર, કોટીશ્વર, નાગહ્રદ, મૃગીકુંડ, અગ્નિતીર્થ જેવાં તીર્થો જુદાંજુદાં અનેક ક્ષેત્રોમાં મળશે, તે તે સ્થળે તે તે તીર્થનું ઐતિહાસિક મહત્ત્વ તો વિચારવાનું રહેશે જ, જેમકે અર્બુદ કે હાટકેશ્વરમા નાગહ્રદ ન હોય તો જ તેની નવાઈ. પણ સાથેસાથે બીજી એ વસ્તુ તરફ ધ્યાન ખેંચવાનુ રહે છે કે તીર્થસ્થાપકો અન્ય ક્ષેત્રોમા અગત્ય ધરાવતા પ્રચલિત તીર્થોના નામ જ નવાં તીર્થોને આપે એ-આજે જેમ નગરેનગરે જવાહરમાર્ગ કે ગાંધીરસ્તો હોય છે તેમ-સ્વાભાવિક છે. એથી એક ક્ષેત્રનાં કે નદીતટના તીર્થોનો મોટો ભાગ બીજા ક્ષેત્રમાં કે નદીતટ ઉપર મળે તે ઉપરથી મહત્ત્વના ઐતિહાસિક અનુમાન તરફ ખેંચાતાં સાવચેતી રાખવી જરૂરી છે. પુરાણોના આ વલણની માહિતી હોત તો શ્રી. રત્નમણિરાવ જોટે 'સાભ્રમતીમાહાત્મ્ય' માં પ્રાચીન સરસ્વતી-

તટનાં ઘણાં તીર્થો હાલની સાબરમતીના તટ ઉપર વર્ણવાયાં હોઈ સાબરમતીનું આજનું વહેણ પ્રાચીન સરસ્વતીના વહેણનો ટુકડો હોવાનું અનુમાન આગળ ધરે છે તે એમ ન કરત.

નકશા : અગત્યનાં તીર્થક્ષેત્રોના, ધર્માશ્રય, રૈવતક, આદિના નોખાનોખા નકશા આપી શકયા હોત તો આદર્શ ગણાત. પણ એકંદર મર્યાદાઓને લક્ષમાં લઈ અગત્યના પાંચ નકશા, જાતે તૈયાર કરીને, આપ્યા છે. મુખ્ય વસ્તુઓનો નિર્દેશ એ નકશાઓની મદદથી થઇ રહેશે એવી આશા છે. ગુજરાતના મહત્ત્વના ભૌગોલિક પ્રશ્નો અંગે, ગુજરાત અને તેની પડોશના મુલકો, અત્યારે 'સરસ્વતી' નામ ધરાવતી ત્રણ નદીઓ, અને રુદ્રદામાના ઇ. સ ૧૫૦ના ગિરનાર શિલાલેખમાં ગણાવાયેલા પ્રદેશોઃ સાન્નિધ્યક્રમની દૃષ્ટિએ —એટલા નકશાઓ આપીને જ સંતોષ માન્યો છે.

પૌરાણિક ભૂગોળ : આ યત્કિંચિત્ સંશોધનપ્રવૃત્તિની ફલશ્રુતિમાં કોઈ સિદ્ધિ કરતાં શકયતાઓની વિપુલતા પ્રત્યે ધ્યાન ખેંચવાનો જે એક માત્ર આશય છે તે ફળશે એવી આશા છે. પુરાણો ભુવનકોશવર્ણન આપે છે અને એમાં આખી પૃથ્વીની અને ખાસ કરીને ભારતવર્ષની ભૂગોળ આપે છે. પાર્જિટરે જુદાંજુદાં પુરાણોમાંથી વંશાવળીઓ ઊંચકી લઇ, પરસ્પર મેળવી, સાફ કરી, સમૃદ્ધ માહિતી તારવી આપી આપણા દેશના ઇતિહાસમાં કાલનિર્ણયની ગૂંચો ઉકેલવામાં અમૂલ્ય સહાયતા કરી છે. એજ પ્રમાણે જો કોઈ અભ્યાસી પુરાણોનાં ભુવનકોશવર્ણનોને ઊંચકી લઈ, પરસ્પર મેળવી, અન્ય સામગ્રીની મદદથી પરિષ્કૃત કરી સ્થળનિર્ણયના કોયડાઓ ઉકેલતી, (આ પુસ્તકમાં તો માત્ર ગુજરાત–પશ્ચિમહિંદ–ની છે, પણ આખા હિંદની) ભૂગોળવિષયક માહિતી તારવી આપે તો ઇતિહાસની ભૌગોલિક પીઠિકા સ્થિર થતાં, મોટી સેવા થાય. આપણા પ્રદેશોનાં નામો સામાન્યતઃ તે તે જાતિનાં નામ ઉપરથી પડેલા હોઈ જુદી જુદી જાતિઓનો ઇતિહાસ પણ સાથેસાથે એ રીતે મળી જશે કોઈ ઇતિહાસપ્રેમી આ કાર્ય પાર પાડશે એવી આશા સાથે વિરમીએ.

અંતે, આ પુસ્તકમાં અત્રેનાં મર્યાદિત સાધનો અને લખનારની પોતાની પ્રમાદ, અણઆવડત આદિ મર્યાદાઓને કારણે અનેક ત્રુટિઓ હશે, તે સુધારવામાં જાણકારો સહાયભૂત બનવા કૃપાશીલ થશે એવી આશા છે.

૫ આભારદર્શન

પુસ્તકનું લખાણ શ્રી. દુર્ગાશંકર કે. શાસ્ત્રીજીને હાથે તપાસાયાનો મોટો લાભ મને મળ્યો છે. એ પુરાણવિદ ઇતિહાસકે મને આ કાર્યમાં જે

ઊંડુ પ્રોત્સાહન આપ્યું છે તે શબ્દોથી ભાગ્યેજ વ્યક્ત થઈ શકે. અને સંશોધન કરતાં એમનાથી મારે મતભેદનો પ્રસંગ આવવા છતાં મને મારે માર્ગે ચાલવા દેવામાં એમની સુજ્જનતા કે સત્યપ્રિયતા વધારે કારણભૂત હશે એ મારે માટે કોયડો જ છે. આખું લખાણ વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી. રસિકલાલ છો. પરીખને પણ બતાવ્યાનો લાભ મળ્યો છે અને એમણે આમુખ પણ લખી આપ્યો છે. વરસો પહેલાં ઇતિહાસના અધ્યયન અંગે આ બંને ઇતિહાસવિદોની મમતાભરી સહાય મેળવવા હું ભાગ્યશાળી થયો હતો. આજે આ નાનકડો પ્રયાસ તે બંનેના આશીર્વાદ સાથે બહાર પડે છે એ આ લખનારનું નાનુંસૂનું સદ્‌ભાગ્ય નથી.

પ્રૂફ જોવાના કંટાળાભરેલા કાર્યમાં અને અનેકવાર કીમતી સૂચનો આપવામાં સહાધ્યાપકો શ્રી. કે. કા. શાસ્ત્રીજી અને શ્રી. હરિપ્રસાદ શાસ્ત્રીની મદદ મળી છે. અધ્યા. ભોગીલાલ સાંડેસરા જે 'જૈન આગમોમાં ગુજરાત' તૈયાર કરી રહ્યા છે અને અધ્યા. હરિપ્રસાદ શાસ્ત્રી જે 'ઉત્કીર્ણ લેખોમાં ગુજરાત' તૈયાર કરશે એની આશા રાખીએ–એ બંને પાસેથી સૂચનો મળ્યાં છે. શ્રી. હરિપ્રસાદ શાસ્ત્રીએ તેમના ખાસ અભ્યાસવિષય વલભીનાં દાનપત્રો અંગે વારંવાર સહાયતા આપી છે. ત્રણે સહયોગીઓનો હું ઋણી છું.

ઉપરાંત, મારી પ્રવૃત્તિમાં મારા મિત્ર શ્રી. જયન્તિ દલાલે અંગત રસ લીધો ન હોત તો આજના વિષમ સમયમાં આટલી ઝડપથી એ ભાગ્યેજ પ્રગટ કરી શકાયું હોત. એમનો આભાર તો ન માનું તો પણ ચાલે, પણ આ જાતના પુસ્તકનું મુદ્રણકાર્ય પાર પાડનાર એમના પ્રેસના કારીગર બંધુઓ પ્રત્યે સહૃદયતાપૂર્વક આભાર પ્રદર્શિત કરવાની અહીં તક લઉં છું.

સૂચિ તૈયાર કરવામાં બે બહેનોએ મદદ કરી છે તેમનો પણ હું ઋણી છું.

અંતમાં, આ કાર્યનો આરંભ કર્યો ત્યારે વારંવાર એને અંગે રસ–પૂર્વક પૃચ્છા કરનાર અને વાતવાતમાં અનાયાસે અમૂલ્ય સૂચનો વેરનાર આચાર્યશ્રી આનન્દશંકરનું તો માત્ર સ્મરણ કરીને જ સંતોષ માનવાનો રહે છે !

અમદાવાદ
૩૦–૮–૧૯૪૬

ઉમાશંકર જોશી

ગ્રંથસૂચિ

અ અગ્નિપુરાણ (વે આ)

અઇ અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયા સંપાદક ડૉ વિન્સેંટ સ્મિથ ક્લેરન્ડન પ્રેસ, લંડન ઇ સ ૧૯૧૪

આએ આર્કિયોલોજી ઍન્ડ ઍન્શ્યન્ટ ઇન્ડિયન હિસ્ટરી ડૉ હીરાનંદ શાસ્ત્રી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ ઇ સ ૧૮૪૪

આસરી 'આર્કિયોલોજિકલ સર્વે રિપોર્ટ્સ'

ઇએ 'ઇન્ડિઅન ઍન્ટિક્વેરી'

ઇહિકૃવો 'ઇન્ડિઅન હિસ્ટોરિકલ ક્વૉર્ટર્લી'

ઋ ઋગ્વેદ

એઇ 'એપિગ્રાફિકા ઇન્ડિકા'

એઇ ઍન્શ્યન્ટ ઇન્ડિયન હિસ્ટોરિકલ ટ્રેડિશન ઑફ ધ પાર્જિટર ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, લંડન ઇ સ ૧૯૨૨

એજ્યો કનિંગહામ્સ ઍન્શ્યન્ટ જ્યોગ્રૉફી ઑફ ઇન્ડિયા સંપાદક સુરેન્દ્રનાથ મજૂમદાર શાસ્ત્રી ચક્રવર્તી ચૅટરજી ઍન્ડ કો, કલકત્તા ઇ સ ૧૮૨૪

એંટા ઍન્શ્યન્ટ ટાઉન્સ ઍન્ડ સિટિઝ ઑફ ગુજરાત ઍન્ડ કાઠિયાવાડ શ્રી અનન્ત સદાશિવ આલ્તેકર મુંબઇ ઇ સ ૧૯૨૬

એભા 'એનાલ્સ ઑફ ધ ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટ'

ઐસ ઐતિહાસિક સંશોધન શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી ગુજરાતી સાહિત્ય પરિષદ મુંબઈ ઇ સ ૧૯૪૧

કા કાવ્યાનુશાસન (આચાર્ય હેમચંદ્ર કૃત) ભાગ બીજો, ઉપોદ્ઘાત શ્રી રસિકલાલ છો. પરીખ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ ઇ સ ૧૯૩૮

કામી કાવ્યમીમાંસા (રાજશેખર કૃત) સંપાદક શ્રી ચીમનલાલ ડી દલાલ, અને પ આર ઓ શાસ્ત્રી ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યૂટ, વડોદરા ઇ સ ૧૯૩૪

કામસૂ કામસૂત્ર (વાત્સ્યાયન મુનિ કૃત), જયમંગલા ટીકા સમેત સંપાદક શ્રી ગોસ્વામી દામોદર શાસ્ત્રી ચૌખંબા સંસ્કૃત સિરિઝ ઑફિસ, કાશી ઇ સ ૧૯૨૯

કુભ૦ કુંભકોણમ્–આવૃત્તિ મહાભારતની

કૂઉ	કૂર્મપુરાણ-ઉત્તર ભાગ. (વે. આ)
કૂપૂ	કૂર્મપુરાણ-પૂર્વ ભાગ ,,
કેહિ	કેમ્બ્રિજ હિસ્ટરી ઑફ ઇન્ડિયા, ગ્રંથ ૧ : કેમ્બ્રિજ. ઇ.સ ૧૯૩૫.
ખ ઇ	ખભાતનો ઇતિહાસ શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોઈ ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ ઇ સ ૧૯૩૫
ગ	ગરુડ પુરાણ (વે. આ.)
ગસદ્વા	ગર્ગસંહિતા-દ્વાદશ ખંડ ,,
ગસસ	,, -સપ્તમ ખંડ ,,
ગુઐ	ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ ૧, ૨, ૩. સંગ્રાહક આચાર્ય ગિરજાશંકર વલ્લભજી શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ. ઇ.સ ૧૯૩૩-'૩૫-'૪૨
ગુવે	ગુજરાતી લેન્ગ્વેજ ઍન્ડ લિટરેચર ભાગ ૨ શ્રી નરસિંહરાવ ભો દિવેટિયા મુંબઈ યુનિવર્સિટી ઇ સ ૧૯૩૨
ગુસંશે	'ગુજરાત સંશોધનમંડળનું ત્રૈમાસિક '
ગ્રનોગુ	ગ્રોરી ઑફ વૉઝ ગુર્જરદેશ-ગ્રંથ ૧, ૩ શ્રી કનૈયાલાલ મા. મુનશી ભારતીય વિદ્યાભવન, મુંબઈ ઇ. સ ૧૯૪૩, ૧૯૪૪
જબ્રૉ	'જર્નલ ઑફ ધ બૉમ્બે બ્રાન્ચ ઑફ ધ રૉયલ એશિયાટિક સોસાયટી '
જરૉ	'જર્નલ ઑફ ધ રૉયલ એશિયાટિક સોસાયટી '
જૈસા	જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ. પ્રકાશક પોતે, મુંબઈ ઇ સ ૧૯૩૩
જ્યૉએ	જ્યૉગ્રોફિકલ ઍસેઈઝ ગ્રંથ ૧ ડૉ બિમલ ચરણ લા લ્યુઝાક ઍન્ડ કો., લંડન ઇ સ ૧૯૩૭
જ્યૉડિ	જ્યાગ્રોફિકલ ડિક્શનરી ઑફ ઍન્શન્ટ ઍન્ડ મિડીવલ ઇન્ડિયા : શ્રી નંદલાલ દે લ્યુઝાક ઍન્ડ કો., લંડન. ઇ સ ૧૯૨૭
ટૉ	ટૅક્સિન્ડલ્સ ઍન્શન્ટ ઇન્ડિયા ઍઝ ડિસ્ક્રાઇબ્ડ બાય ટૉલેમી : સંપાદક શ્રી સુરેન્દ્રનાથ મજૂમદાર શાસ્ત્રી ચક્રવર્તી ચૅટરજી ઍન્ડ કો., કલકત્તા ઇ. સ ૧૯૨૭
તા	શ્રી તાપીપુરાણ યાને શ્રી તાપીમાહાત્મ્ય સંપાદક શ્રી ઉપાસક વૈદ્ય સદાશિવજુવા વામનજુવા ગર્ગે કામરેજ ઇ સ ૧૯૨૫
પઉ	પદ્મપુરાણમાં છઠ્ઠો ઉત્તરખંડ (વે આ
પસૃ	,, માં પહેલો સૃષ્ટિખંડ ,,
પસ્વ	,, માં ત્રીજો સ્વર્ગખંડ ,,

પેરિ ધ પેરિપ્લસ ઑફ્ ધિ ઈરીથ્રિયન સી : અનુવાદક વિલ્ફ્રેડ એચ. સ્કોફ્. લોન્ગમેન્સ ગ્રીન એન્ડ કો., ન્યૂયોર્ક. ઇ. સ. ૧૯૧૨.

પ્રિપ્ર પ્રિન્સુદ્ધિસ્ટ ઇન્ડિયા : શ્રી. રતિલાલ એન. મહેતા. મુંબઈ. ઇ. સ. ૧૯૩૯.

બુપ્ર બુદ્ધિસ્ટ ઇન્ડિયા : રૂલાઈઝ ડેવિડ્ઝ. ટી ફિશર અનવિન, ન્યૂયોર્ક. ઇ. સ. ૧૯૦૩.

બૃસં બૃહત્સંહિતા (વરાહમિહિર કૃત), ભાગ ૧ : સંપાદક મહામહોપાધ્યાય સુધાકર દ્વિવેદી. ઇ. જે. લેઝરસ એન્ડ કો., કાશી. ઇ. સ. ૧૮૯૫.

બોગે બોમ્બે ગેઝેટિયર ગ્રંથ ૧, ૧૬.

બ્ર બ્રહ્મપુરાણ. (વેં. આ.)

બ્રપૂઅ બ્રહ્માંડપુરાણમાં પૂર્વ ભાગનો દ્વિતીય અનુષંગપાદ. (વેં. આ.)

બ્રમા 'પુરાતન બ્રહ્મક્ષેત્ર'નું પરિશિષ્ટ 'બ્રહ્મક્ષેત્રમાહાત્મ્ય ': શ્રી. ગણપતિશંકર જયશંકર શાસ્ત્રી. વડાલી. ઇ. સ. ૧૯૩૮.

ભંપ્રચ ભવિષ્યપુરાણમાં ત્રૈજ્ઞ પ્રતિસર્ગનો ચતુર્થ ખંડ. (વેં. આ.)

ભપ્રત્ ,, નો તૃતીય ખંડ. ,,

ભપ્રદ્વિ ,, નો દ્વિતીય ખંડ. ,,

ભપ્રપ્ર ,, નો પ્રથમ ખંડ. ,,

ભાઅ ભાગવતપુરાણ—અષ્ટમ સ્કન્ધ. નિર્ણયસાગર આવૃત્તિ; પી. રામસ્વામી શાસ્ત્રુલુ એન્ડ સન્સ, મદ્રાસ. ઇ સ. ૧૯૩૭.

ભાએ ,, એકાદશ ,, ,,

ભાણ્ડા ભાણ્ડારકર ઇન્સ્ટીટ્યૂટ આવૃત્તિ, મહાભારતની.

ભાત્ ભાગવત પુરાણ તૃતીય સ્કન્ધ. ભાંઅ પ્રમાણે

ભાદ ,, દશમ ,, ,,

ભાન ,, નવમ ,, ,,

ભાપં ,, પંચમ ,, ,,

ભાપ્ર ,, પ્રથમ ,, ,,

ભાભા ભારતીય ભાષાઓની સમીક્ષા (ગ્રિયર્સન કૃત) ગ્રંથ ૯: ભાગ ૨ : અનુવાદક શ્રી. કેશવરામ કા. શાસ્ત્રી શ્રી ફાર્બસ ગુજરાતી સભા. મુંબઈ. ઇ. સ. ૧૯૪૧.

મ	મત્સ્યપુરાણ (વે. આ., આનન્દાશ્રમ આવૃત્તિ.)
મઆ	મહાભારત આદિપર્વ (ભાણ્ડા૦).
મઆ (કુંભ)	,, ,, કુંભકોણમ્ આવૃત્તિ.
મક	,, કર્ણપર્વ (કુંભ૦).
મભી	,, ભીષ્મપર્વ (ભાણ્ડા૦).
મમૌ	,, મૌસલપર્વ (કુંભ૦).
મવ	,, વન [આરણ્યક] પર્વ (ભાણ્ડા૦).
મશ	,, શલ્યપર્વ (કુંભ૦).
મશા	,, શાન્તિપર્વ. ,,
મસૌ	,, સૌપ્તિકપર્વ (કુંભ૦).
મા	માર્કંડેય પુરાણ. (વે. આ.).
માઇ	માઉન્ટન્સ ઑફ ઇન્ડિયા : ડૉ. બી. સી. લૉ. જ્યૉગ્રૉફિકલ સોસાયટી, કલકત્તા. ઇ. સ. ૧૯૪૪.
માર્ક' માર્ક'	ધિ માર્કંડેય પુરાણ : સંપાદક એફ. એડન પાર્જિટર. ધિ એશિયાટિક સોસાયટી ઑફ બેન્ગાલ, કલકત્તા. ઇ. સ. ૧૯૦૪.
મેઘ	મેઘદૂત (કાલિદાસ કૃત).
રઘુ	રઘુવંશ. ,,
રાઉ	રામાયણ–ઉત્તરકાણ્ડ : (નિર્ણયસાગર આવૃત્તિ.) .
રાકિ	,, કિષ્કિન્ધાકાણ્ડ : ,,
રીઇ	રીવર્સ ઑફ ઇન્ડિયા : ડૉ. બી. સી. લૉ. જ્યૉગ્રૉફિકલ સોસાયટી, કલકત્તા. ઇ. સ. ૧૯૪૪.
વ	વરાહપુરાણ. (વે. આ.)
વા	વામનપુરાણ. ,,
વાપૂ	વાયુપુરાણ–પૂર્વભાગ. ,,
વિચ	વિષ્ણુપુરાણ–ચતુર્થખંડ. ,,
વિતીક	વિવિધતીર્થકલ્પ (જિનપ્રભસૂરિ કૃત) સંપાદક શ્રી મુનિ જિનવિજયજી. શાન્તિનિકેતન (બંગાલ). ઇ. સ. ૧૯૩૪.
વિદ્વિ	વિષ્ણુપુરાણ દ્વિતીય ખંડ. (વે. આ.)
વિપ	,, પંચમ ખંડ. (વે. આ.)
વેઇ	વેદિક ઇન્ડેક્સ ઑફ નેઇમ્સ એન્ડ સબ્જેક્ટસ, ગ્રંથ ૧, ૨ : આર્થર ઍન્થની મેકડોનેલ તથા આર્થર બેરિડેઇલ કીથ. ગવર્નમેંટ ઑફ ઇન્ડિયાનું પ્રકાશન, લંડન. ઇ. સ. ૧૯૧૨.

વે આ વેંકટેશ્વર પ્રેસ, મુંબઇ આવૃત્તિ, તે તે પુરાણની.

વૉ ઑન યુઆન શુવાગ્સ ટ્રાવેલ્સ ઇન ઇન્ડિયા, ગ્રંથ ૧, ૨ ટોમસ વૉટર્સ કૃત) : સંપાદક ટી ડબલ્યુ રૂહાઇઝ ડેવિડ્સ તથા એસ ડબ્લ્યુ બુશેલ ગેયથ ઓરિયાટિક સોસાયટી, લંડન ઇસ ૧૯૦૪

શ્રીમા શ્રીમાળ પુરાણ અથવા સ્કંદપુરાણ માંહેનું શ્રીમાળ માહાત્મ્ય : સંપાદક શ્રી જ્વાલા કર લીલાધર તથા કેશવજી વિશ્વનાથ ગુજરાત આર્ય ઔષધશાળા, અમદાવાદ ઇ સ ૧૮૮૬.

સેબૂ સૅક્રેડ બૂક્સ ઑફ ધિ ઈસ્ટ

સ્કઆવ સ્કન્દપુરાણના પાંચમા અવન્તીખંડમાં

પહેલું અવન્તીક્ષેત્ર-માહાત્મ્ય (વે આ)

સ્કઆવ ,, ,, મા બીજું ચતુરશીતિલિંગમાહાત્મ્ય ,,

સ્કઆરે ,, ,, માં ત્રીજો રેવાખંડ ,,

સ્કના સ્કન્દપુરાણ મા છઠ્ઠો નાગરખંડ ,,

સ્કપ્રઅ સ્કન્દપુરાણના સાતમા પ્રભાસખંડમા ત્રીજો અર્બુદખંડ ,,

સ્કપ્રદ્વા ,, ,, માં ચોથું દ્વારકાક્ષેત્રમાહાત્મ્ય. ,,

સ્કપ્રપ્ર ,, ,, માં પહેલું પ્રભાસક્ષેત્રમાહાત્મ્ય ,,

સ્કપ્રવ ,, ,, મા બીજું વસ્ત્રાપથક્ષેત્રમાહાત્મ્ય ,,

સ્કબ્રાધ સ્કન્દપુરાણના ત્રીજા બ્રાહ્મખંડમા બીજો ધર્મારણ્યખંડ ,,

સ્કમાકૌ સ્કન્દપુરાણના પહેલા માહેશ્વરખંડમાં બીજો કૌમારિકાખંડ ,,

સ્કવૈ સ્કન્દપુરાણનો બીજો વૈષ્ણવ ખંડ ,,

હરિ હરિવંશનું ત્રીજું ભવિષ્યપર્વ. ,,

હરિ ,, બીજું વિષ્ણુપર્વ ,,

હરિ ,, પહેલું હરિવંશપર્વ ,,

સંદર્ભસૂચિ

[ઉપર નિર્દેશાયેલા ઉપરાંત ઉપયોગમા લેવામા આવેલા મહત્વના ગ્રંથોની સૂચિ]

અર્થશાસ્ત્ર (કૌટિલ્ય કૃત) . સંપાદક ડૉ જે જૉલી ધ પંજાબ સંસ્કૃત બૂક ડિપો, લાહોર ઇ સ ૧૯૨૩

અશોક ટેક્સ્ટ ઍન્ડ ગ્લોસરી ભાગ ૧ જે સી ઘૂલર ધ યુનિવર્સિટી ઑફ પંજાબ લાહોર ઇ સ ૧૯૦૪

ઇતિહાસની કેડી અંબા ભોગીલાલ જ સાકેસરા, પદ્મજા પ્રકાશન મંદિર, વડોદરા ઇ સ ૧૯૪૫

કીર્તિકૌમુદી (સોમેશ્વર કૃત) : અનુવાદક શ્રી. વલ્લભજી હરિદત્ત. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ. ઇ. સ ૧૯૦૮.

દિગ્દર્શન : આચાર્યશ્રી આનન્દશંકર બા. ધ્રુવ. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ. ઇ. સ. ૧૯૪૨.

પાણિનીય શિક્ષા : સંપાદક પં. રુદ્રપ્રસાદ શર્મા. ધ ચૌખંબા સંસ્કૃત સિરીઝ ઑફિસ, કાશી, ઈ. સ. ૧૯૩૭.

પુરાણ વિવેચન : શ્રી. દુર્ગાશંકર કે. શાસ્ત્રી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ. ઇ. સ. ૧૯૩૧.

'પુરાતત્ત્વ'

પ્રબંધચિંતામણિ (આચાર્ય મેરુતુંગ કૃત) : સંપાદક શ્રી. મુનિ જિનવિજયજી. શાંતિનિકેતન, (બંગાળ). ઇ. સ. ૧૯૩૩.

પ્રાકૃત વ્યાકરણ (આચાર્ય હેમચંદ્ર કૃત) : સંપાદક શ્રી. પી. એલ. વૈદ્ય. વિલિંગ્ડન કૉલેજ, સાંગલી. ઈ. સ. ૧૯૨૮.

બી. સી. લૉ વૉલ્યુમ ભાગ ૧, ધ્રુનિયન રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, કલકત્તા. ઇ. સ. ૧૯૪૫.

ભારતીય જ્યોતિઃશાસ્ત્ર : શ્રી. શંકર બાળકૃષ્ણ દીક્ષિત. આર્યભૂષણ પ્રેસ, પૂના. ઇ. સ. ૧૮૯૬.

મહાવંસો ઑર ધ ગ્રેટ ક્રોનિકલ : સંપાદક શ્રી. એન. કે. ભાગવત. બૉમ્બે યુનિવર્સિટીનું પ્રકાશન. ઇ. સ. ૧૯૩૬.

'વસન્ત રજતમહોત્સવ અંક.'

સરસ્વતી પુરાણ : સંશોધક શ્રી. કનૈયાલાલ ભાઇશંકર દવે. શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઇ. ઇ. સ. ૧૯૪૦.

સાહિત્યવિચાર : આચાર્યશ્રી આનન્દશંકર બા. ધ્રુવ. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ. ઇ. સ. ૧૯૪૧.

સુશ્રુતસંહિતા : નિર્ણયસાગર પ્રેસ, મુંબઇ. ઇ. સ. ૧૯૩૮.

હર્ષચરિત (બાણભટ્ટ કૃત) : નિર્ણયસાગર પ્રેસ, મુંબઇ. ઇ. સ. ૧૯૩૭.

હિન્દુ પૉલિટિ : ડૉ. કે. પી. જયસ્વાલ. બટરવર્થ એન્ડ કો., કલકત્તા. ઇ. સ ૧૯૨૪.

અનુક્રમ

		પૃષ્ઠ
૧	નિવેદન	૩
૨	આમુખ : લેખક–શ્રી. રસિકલાલ છો. પરીખ	૫
૩	પ્રાસ્તાવિક	૯
૪	સંક્ષેપસૂચિ	૨૬
૫	સંદર્ભસૂચિ	૩૦
૬	અનુક્રમ	૩૨
૭	નકશાઓની સૂચિ	૩૨
૮	નકશાઓ	૩૩
૯	શુદ્ધિપત્રક	૩૯
૧૦	પુરાણોમાં ગુજરાત	૧–૨૨૪
૧૧	સૂચિ	૨૨૫
૧૨	અંગ્રેજી સૂચિ	૨૭૩

નકશાઓની સૂચિ

		પૃષ્ઠ
૧	ગુજરાત અને તેની પડોશના પ્રદેશો	૩૩
૨	રુદ્રદામાના ઇ. સ ૧૫૦ના ગિરનારના શિલાલેખમાં ગણાવાયેલા પ્રદેશો : સાન્નિધ્યક્રમની દૃષ્ટિએ	૩૪
૩	'પુરાણોમાં ગુજરાત'માંના પૌરાણિક પ્રદેશો	૩૫
૪	'પુરાણોમાં ગુજરાત'માંના મહત્ત્વના નગરો, તીર્થો, પર્વતો, નદીઓ, (નાગરી લિપિમાં) તેમજ આજનાં કેટલાંક અગત્યના સ્થળો (ગુજરાતી લિપિમાં)	૩૬–૭
૫	અત્યારે 'સરસ્વતી' નામ ધરાવતી ત્રણ નદીઓ	૩૮



૧. ગુજરાત અને તેની પડોશના પ્રદેશો



૨ રુદ્રદામાના ઈ. સ. ૧૫૦ના ગિરનારના શિલાલેખમાં ગણાવાયેલા પ્રદેશો : સાન્નિધ્યની દૃષ્ટિએ



૨. 'પુરાણોમાં ગુજરાત' માંના પૌરાણિક પ્રદેશો



૪ પુરાણોમા ગુજરાત' માના મહત્વના નગરો તીર્થો પર્વતો



નાગરી લિપિમાં તેમજ આજનાં કેટલાંક સ્થળોનાં જૂનાં લિપિમાં

૫ અત્યારે સરસ્વતી નામ ધરાવતી ત્રણ નદીઓ

[નોંધ શુદ્ધિપત્રક પૃ૦ ૨૭૫-૨૭૬ ઉપર જુઓ]

પુરાણોમાં ગુજરાત

सत्यं तीर्थं दया तीर्थं तीर्थमिन्द्रियनिग्रहः ॥
चित्ते ब्रह्ममयं तीर्थं तीर्थानां पावनं स्मृतम् ।

[पद्म १३४.७०,१३२.३२]

अचलेश्वर

अर्बुदारण्यमां अचलेश्वरनु लिंग छे.[1] जुओ अर्बुद.

अट्टालज

'अडालज' उपरथी संस्कृत. अट्टालया राक्षसीनुं वधस्थान. वत्स राजा अट्टालयाने मारशे, त्यां अट्टालजपुर वसशे अने ते मारी वत्सेश्वरीरूपे स्थापना करशे एम देवी कहे छे.[1] जुओ अडालंज.

अट्टालय

'अडालज'नुं संस्कृत. आ स्थान धर्मारण्यमा महीसागरनी नजीकमां छे.[1] जुओ अडालंज.

अट्टालयाजग्राम

अडालज गाम.[1] चालु वपराशना शब्द उपरथी संस्कृत. जुओ अडालंज.

अडालय

अडालज फरतो प्रदेश. त्यांना शूद्रोने राजा कुमारपाळे कहुं के रामेश्वर जता मोढ ब्राह्मणोने वारो. तेमांना केटलाक जैन थयेला ते राजनो

अचलेश्वर

१ स्कंभाडो २९. ६८

पुण्ये चार्ब्युदारण्ये स्वर्गमोक्षप्रदे नृणाम् ।
अचलेश्वरलिंग तु वर्तत यत्र वीरक ॥

अट्टालज

१ स्कंभाडो ६६.—

वत्सेश्वरीति वत्सस्य राज्ञ सर्वार्थदायिनी ॥ १०८
मत्प्रसादात्स राजा वै भवनोत्तापकारिणीम् ।
अट्टालया नाम तदा राक्षसीं विहनिष्यति ॥ १०९
तस्याश्चापि वधस्थानमट्टालजमिति स्थितम ।
भविष्यति पुर तत्र मा च सस्थापयिष्यति ॥ ११०

अट्टालय

१ स्कंभाडो ६६ ११३

इत्थमट्टालये वासो लोहार्गे च भविष्यति ।
धर्मारण्ये महाक्षेत्रे महीसागरसंनिधौ ॥

अट्टालयाजग्राम

१ स्कंभाडो ६६. १११

अट्टालयाजग्रामे मामर्चयिष्यन्ति ये जना ।

આદેશ માની બ્રાહ્મણોને વારવા ગયા.[૧] (અને બદલામાં બ્રાહ્મણોમાંથી ત્રણ હજાર બ્રાહ્મણો—જે ત્રૈવિદ્ય કહેવાયા—તેમને વારવામાં ગયાને સહાયભૂત થયા.) ..સવાલાખ શૂદ્રો હતા તે ત્રણ જાતના હતા. ગોભૂજ, અડાલજ અને માંડલીય.[૨] જુઓ અડાલજ

અડાલયિજગ્રામ

ઉપરના 'અડાલયાજગ્રામ'નું સ્કન્દપુરાણની વેંકટેશ્વર આવૃત્તિમાં[૧] આપેલું પાઠાંતર. જુઓ અડાલજ

અડાલિજ

ઉપરના 'અડાલજ'નું સ્કન્દપુરાણની વેંકટેશ્વર આવૃત્તિમાં[૧] આપેલું પાઠાંતર. જુઓ અડાલજ

અડાલંજ

અડાલજ. લોહાસુરના ભયથી પીડાઈ બ્રાહ્મણોના જૂથ સાથે નહિ પણ બીજે જ માર્ગે ચઢી જવાથી છૂટા પડી ગયેલા વણિકો ધર્માગ્રયથી બહુ દૂર નહિ એવે સ્થળે પહોંચી ચિંતવવા લાગ્યા કયે માર્ગે આપણે આવી ચઢ્યા? બ્રાહ્મણો કયા?—એમ વિચારી ત્યાં જ વાસ કર્યો તેઓ 'અન્ય માર્ગે' ગયા તે ઉપરથી તેમણે જે ગામ વસાવ્યું તેને 'અડાલંજ'

અડાલય

૧ સ્કન્દપુરાણ ૩૬.—
अडालयेषु ये जाता शूद्रा आहूय तान्नृप ।
निवार्यतामिति प्राह वाडवा गमनोद्यता ॥ ११२
तेषां मध्ये कतिपया जैनधर्मसमाश्रिता ।
गता वाडवपुत्रेषु राजादेशान्निवारणे ॥ ११३

૨ સ્કન્દપુરાણ ૩૬ —
. शूद्रास्तेभ्य सपादलक्षका ॥ १८१
ते च जातास्त्रिधा तात गोभूजाडालजास्तथा ।
माडलीयास्तथा चैते त्रैविद्याश्च मनोरमा ॥ १८२
सदा ते मोढगोभूजा माडलीया अडालजा ॥ १८३

અડાલયિજગ્રામ

૧ પૃ૦ ૨૦૮

અડાલિજ

૧ પૃ૦ ૨૦૮; અડાલજની વાવના લેખ (સં. ૧૫૫૫)માં આ રૂપ છે.

નામ આપ્યું.[૧] જુઓ અટ્ટાલજ, અટ્ટાલય, અટ્ટાલયાજગ્રામ, અડાલય, અડાલયિજગ્રામ, અડાલિજ અને અડયાલય.

અટ્ટ્યાલય

ઉપરના 'અટ્ટાલય'નું સ્કન્દપુરાણની વેંકટેશ્વર આવૃત્તિમા[૧] આપેલું પાઠાંતર. જુઓ અડાલજ.

અનર્ત

તે જ આનર્ત. મત્સ્ય[૧] અને બ્રહ્માંડ[૨]ની અર્ધપંક્તિ જ્યાં આનર્ત આપે છે ત્યાં વાયુ[૩]ની અનર્ત આપે છે. જુઓ આનર્ત.

અનુપ

[૧]જુઓ અનૂપ.

અનૂપ

[૧] સમુદ્ર કાંઠાનો પ્રદેશ એવા સામાન્ય અર્થમાં[૧].

[૨] એક દેશનું નામ. વિન્ધ્યવાસીઓ અથવા વિન્ધ્યપૃષ્ઠનિવાસીઓનો

અડાલજ

૧ સ્કન્દ ૨૪.—

વિપ્રસાર્થપરિભ્રષ્ટાઃ કેચિત્તુ વણિજસ્તદા ॥ ૪૩
અન્ય માર્ગે ગતા યે વૈ લોહાસુરભયાર્દિતાઃ ।
ધર્મારણ્યાન્નાતિદૂરે ગત્વા ચિતામુપાયયુઃ ॥ ૪૪
કસ્મિન્માર્ગે વય પ્રાપ્તા. કસ્મિન્પ્રાપ્તા દ્વિજાતયઃ ।
ઇતિ ચિંતાં પર પ્રાપ્તઃ વાસં તત્ર સ્વકારયન્ ॥ ૪૫
અન્યમાર્ગે ગતા યસ્માત્તસ્માત્તગ્રામસભવમ્ ।
ગ્રામં નિવાસયામાસુરડાલજમિતિ ક્ષિતૌ ॥ ૪૬

અડયાલય

૧ પૃ૦ ૨૦૮

અનર્ત

૧ જુઓ અપરાન્ત ૨
૨ ,, ૩
૩ ,, ૫; ઉપરાંત મત્સ ૨૩.૧૪ પાદટીપ

અનુપ

૧ જુઓ અનૂપ ૧, ૨

અનૂપ

૧ મત્સ ૨૩. ૧૯ સાગરાનૂપવાસિભિઃ ।

નિષધ અવન્તિ જેવો કોઈ પ્રદેશ.[૨] કાર્તવીર્ય એ દેશનો રાજા હતો.[૩] કોઈ કોઈ પુરાણમાં અરૂપ[૪] જેવા મળે છે તે સંદર્ભ વગેરે જોતાં અનૂપનો ભ્રષ્ટ પાઠ લાગે છે.

રુદ્રદામાના શિલાલેખમાં અનૂપનો ઉલ્લેખ છે. સામાન્યતઃ 'સાગરાનૂપ' –સમુદ્ર કાંઠાનો પ્રદેશ, 'અનૂપ નીરૂત્'–પાણીવાળો પ્રદેશ, એમ પ્રયોગ થાય છે, પણ આ લેખમાં અનૂપ બીજા પ્રદેશોનાં વિશેષનામો સાથે વપરાયેલો કોઈ વિશેષનામ છે. ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીથી તે પ્રદેશ નક્કી થઈ શકયો ન હતો; તેઓશ્રી એને ગુજરાત પડખેનો કોઈ પાણીના સુખવાળો પ્રદેશ માનતા હતા[૫]. પણ વનપર્વ વગેરેના ઉપરના ઉલ્લેખો પરથી માહિષ્મતી જેની રાજધાની હતી તે પ્રદેશ અનૂપ નામથી ઓળખાતો હશે એમ સ્પષ્ટ સમજાય છે. રઘુવંશ(૬.૩૭)માં

હરિ ૬૬. ૧૦૨ સાગરાનુપવિપુલા પ્રાગુદક્પ્લવર્શીતલામ ।
મત્સ્ય ૨૦૧. ૧૭ દક્ષિણે સાગરાનૂપ પચતીર્થાનિ સન્તિ વૈ ।
મત્સ્ય પૃ૦ ૯૫૯ પાદટીપ સાગરાનૂપમાશ્રિતઃ ।
રઘુભાષ્ય ૧. ૭૩ દક્ષિણે સાગરેઽનૂપ પચ તીર્થાનિ સન્તિ વૈ ।

૨ ભીષ્મ ૧૬.—

પટ્પુરા નિષધૈ સહ ।
અનૂપાસ્તુણ્ડિકેરાશ્ચ બીતિહોત્રા હ્યવન્તય: ॥ ૬૬
એત જનપદા સર્વે વિધ્યપૃષ્ઠનિવાસિનઃ । ૬૬

વાયુ ૪૬ —

પટ્પુરા નિષધૈ સહ ॥ ૧૩૩
અનુપાસ્તુણ્ડિકેરાશ્ચ બીતિહોત્રા હ્યવન્તય ।
એતે જનપદા સર્વે વિન્ધ્યપૃષ્ઠનિવાસિન. ॥ ૧૩૪

૩ મત્સ્ય ૧૧૬.૧૬
અથાનૂપપતિર્વીર કાર્તવીર્યોઽભ્યવર્તત ॥

૪ મ ૧૧૪.—

પટ્પુરા નૈષધૈ સહ ॥ ૬૩
અરૂપાઃ શૌણ્ડિકેરાશ્ચ બીતિહોત્રા અવન્તય ।
એત જનપદા ખ્યાતા વિન્ધ્યપૃષ્ઠનિવાસિનઃ ॥ ૬૪

૫ જોગે ૧ પૃ૦ ૩૦ પાદટીપ ૨, ઇએ ૭ પૃ૦ ૨૫૬; આનર્ત ૧૬

કાર્તવીર્યના વંશજને અનૂપગજ તરીકે વર્ણવ્યો છે અને રેવાતટે માહિષ્મતી (૬.૪૨)ને તેની ગજધાની કહી છે.[૬]

નોંધ ૧ યુગ્મપ્રાતમા એક 'અનુપનાદ્ધ' છે.

અપરાન્ત

[૧] પશ્ચિમ છેડાનો પ્રદેશ એવો એનો સામાન્ય અર્થ થાય. અર્જુન અનૂપ, કોંકણ, ગોકર્ણ એ પ્રદેશો વટાવી, અપરાન્તનાં તીર્થો એક પછી એક વટાવી, પશ્ચિમ સમુદ્રે આવેલા તીર્થો વટાવી, પ્રભાસે પહોંચ્યો, એવું આદિપર્વનું[૧] વર્ણન ગોવા-કોંકણથી પ્રભાસ સુધીના પશ્ચિમ કાંઠાને માટે અપરાન્ત ઉપયુક્ત થયાનું સૂચવે છે.

[૨] સમૂહવાચકનામ તરીકે આવે છે ત્યારે એની સીમા નક્કી નથી જુદા જુદા પુરાણોએ કોંકણથી કચ્છ-સિંધ સુધીના આખા દરિયાકાંઠા અથવા તેમાના ઓછાવત્તા અંશ માટે આ નામ વાપર્યું છે મત્સ્ય,[૨] બ્રહ્માંડ,[૩]

---

૬ ઉપરાંત જુઓ ઉપર ૩ અને ભાંડારકરનો આને અનુકૂળ મત ઇએ ૭ પૃ૦ ૨૫૬.

અપરાન્ત

૧ મત્સ્ય ૧૧૦

सोऽपरान्तेषु तीर्थानि पुण्यान्यायतनानि च ।
सर्वाण्येवानुपूर्व्येण जगामामितविक्रम. ॥ १
समुद्रे पश्चिमे यानि तीर्थान्यायतनानि च ।
तानि सर्वाणि गत्वा स प्रभासमुपजग्मिवान् ॥ २

૨ મ ૧૧૪ —

वासिक्यार्थैव ये चान्ये ये चैवान्तरनर्मदा. ।
भारुकच्छा समाहेया सह सारस्वतैस्तथा ॥ ५०
काच्छीकाश्चैव सौराष्ट्रा आनर्ता अर्बुदै सह ।
इत्येते अपरान्तास्तु . ॥ ५१

૩ બ્રપૂખ ૧૬ —

अपरास्तानिगोदत ॥ ६०
सूर्पारकाः कलिंगना दुर्गाला कुन्तलै सह ।
पौलेयाश्च किराताश्च रूपवास्तापसै सह ॥ ६१
तथा करीतथश्चैव सर्व चैव कण्धरा ।
नासिक्यैव ये चान्ये ये चैवान्तरनर्मदाः ॥ ६२

મા[૩] ઉશ,[૪] વાયુ,[૫] વિષ્ણુ,[૬] સ્કન્દ,[૭] વામન[૮] આદિ પુરાણો અપરાન્તમાં

सह्यकच्छाः समाहेयाः सह सारस्वतैरपि ।
वल्लिपाश्च मुराष्ट्राश्च आनर्ताश्चार्बुदैः सह ॥ ६३
इत्येते अपरान्ताः. .। ६४

૪ મા. ૫૪.—

अपरांस्तान्निबोध मे ।
सूर्पारका कालिवला दुर्गाधामीकटैः सह ॥ ५९
पुलिन्दाश्च मुनीनाश्च रूपपा. स्वापदैः सह ।
तथा कुरमिनश्चैव सर्वे चैव कटाक्षराः ॥ ६०
(कारस्करा लोहजपा याज्ञेया राजभदकाः ।)
तोसला कोसलाश्चैव त्रैपुरा विदिशस्तथा ।
(तुषारास्तुषारश्चैव सर्वे चैव करस्करा. ।)
नासिक्यावाश्च ये चान्ये ये चैवोत्तरनर्मदा. ॥ ६१
भीरुकच्छा समाहेयाः सह सारस्वतैरपि ।
काश्मीराश्च सुराष्ट्राश्च आवन्त्याश्चार्बुदैः सह ॥ ६२
इत्येते ह्यपरान्ताः...।६३

૫ વાયુ ४५.—

अपरास्तान्निबोधत ।
शूर्पाकारा कोलपना दुर्गा कालीतवैः सह ॥ १२८
पुलेयाश्च मुरालाश्च रूपसास्तापसैः सह ।
तथा नुरसिताश्चैव सर्वे चैव परक्षरा ॥ १२९
नासिक्याद्याश्च ये चान्ये य चैवान्तरनर्मदाः ।
भानुकच्छा. समाहेयाः सहसा शाश्वतैरपि ॥ १३०
कच्छीयाश्च सुराष्ट्राश्च अनर्त्ताश्चार्बुदै. सह ।
इत्येते सम्परीताश्च ॥ १३१

૬ વિષ્ણુ ૩ ૧૬ तथापरान्ताः सौराष्ट्रा शूरागीरास्तथार्बुदाः ॥

૭ સ્ક ૨૫.—

ह्यपरान्तान्निबोधत ।
शूर्पारका कालिधना लोलास्तालकटैः सह ॥ ५८
इत्येते ह्यपरान्ताश्च ।५९

૮ વા. ૧૩.—

शूर्पारका वारिधनाः .। ५१ नासिक्यान्ता सुनर्मदा ।
दाक्षच्छा समाहेया सह सारस्वतैरपि ॥ ५२

ઘણા પ્રદેશોનો સમાવેશ કરે છે આનર્ત, અર્બુદ, સૌરાષ્ટ્ર, કચ્છ, સારસ્વત, ભારુકચ્છ, માહેય, આન્તર્નર્મદ શર્પારક, નાસિક્ય વગેરેને અપરાન્તમા ગણાવવામા આવ્યા છે.

નોંધ ૧ વાસિક્યા।–મત્સ્યનો વાસિક્ય તે વાયુનો નાસિ ય અને બ્રહ્માંડનો નાસિક પ્રદેશ એ સ્પષ્ટ છે 'ન' અને 'વ'ની હરફેર લેખનદોષને લીધે લાગે છે માર્કંડેયનુ નાસિક્યાવા તે નાસિક્યાદ્યા નુ ભ્રષ્ટ રૂપ છે

નોંધ ૨ કાશ્મીરાः। સારસ્વત અને સુરાષ્ટ્ર પ્રદેશોની વચ્ચે મત્સ્ય 'કાચ્છીક' અને બ્રહ્માંડ 'કચ્છિપ' આપે છે પણ માર્કંડેય 'કાશ્મીર' આપે છે કુદરતી રીતે માર્કંડેયનુ 'કાશ્મીર' તે મત્સ્યબ્રહ્માંડના પાઠનુ ભ્રષ્ટ રૂપ છે—અર્થાત્ કચ્છ પ્રદેશ જ સૂચવે છે અને નહિ કે ઉત્તરનો કાશ્મીર–શારદા–દેશ

નોંધ ૩ सारस्वता।–જે બે પ્રદેશની વચ્ચે કાચ્છીક આવેલ છે તે સારસ્વત અને સુરાષ્ટ્ર તેમાથી પહેલાને બદલે વાયુ શાશ્વત આપે છે તે પણ દોષ જ છે.

નોંધ ૪ भानुकच्छा।–મત્સ્યનો 'ભારુકચ્છ' પ્રદેશ તે જ માર્કંડેયનો मीरुकच्छा, વાયુનો भानुकच्छा. અને વામનનો दारुकच्छा.।

નોંધ ૫ सूर्पारका (બ્રહ્માંડ, માર્કંડેય) અને शूर्पाकारा (વાયુ) તે બ્રહ્મ અને વામનનુ शूर्पारका હાલનુ મુંબઇ પાસેનું સોપારા સૂચવે છે

નોંધ ૬ अपरास्तान्–બ્રહ્માંડ, માર્કંડેય અને વાયુમા અપરાન્તના પ્રદેશો ગણાવતા આગળ હવે અપરાન્ત સાભળ એમ द्वितीयान्तु अपरान्तान् રૂપ છે તે अपरान् तान् (તે અપર પ્રદેશોને) એમ ભૂલથી માનીને अपरास्तान् એમ અધિનિયમથી જોડ્યા લાગે છે (પુરાણોની ભાષા વિશે અહી સૂચન મળે છે) અપરાન્તના પ્રદેશોની જ યાદી अपरास्तान् થી શરૂ થાય છે એ ચોખ્ખુ છે.

નોંધ ૭ सम्परीता।–વાયુને અને અપરાતને બદલે 'સપરીત' નામ આપેલુ છે તે વાયુના જ अपरीता નુ પાઠાન્તર હોવા સભવ છે

[૩] ઉત્તર દિશા કે વાયવ્ય દિશાના કોઈક પ્રદેશનું નામ પણ અપરાન્ત હોવાનુ માર્કંડેય વામન અને બ્રહ્મપુરાણથી સમજાય છે તે પુરાણોમા

वात्सीयाश्च सुराष्ट्राश्च आवन्त्याश्चार्बुद सह ।
इत्येत पश्चिमामाशा स्थिता जानपदा जना ॥ ५३

૯ મા ૫૪ —

अपरान्ताश्च शूद्राश्च पह्लवाश्चर्मखण्डिका ।
गान्धारा यवनाश्चैव सिन्धुसौवीरमद्रका ॥ ३६

પલ્લવ, ગાન્ધાર, સિન્ધુ, સૌવીર વગેરે પ્રદેશો જોડે તેની ગણના થઈ છે એ જ સન્દર્ભમાં વાયુ[૧૦] અપરીતા પણ આપે છે

નોંધ ૮ અપરીતા ની સાથે વાયુમાં પરિતા મળે છે, પદ્મ માર્કંડેય સાથે સરખાવતાં તે પારદા સમાનાર્થ છે એટલે એને અપરીતા ની સાથે સંબંધ નથી

નોંધ ૯ અપરાન્ત ઉપરાંત તેની સાથે સામ્યવાળો નામ પરાન્ત[૧૧] અને કુંદાપરાન્ત[૧૨] પણ નામો મળે છે

ઉપરના [૨] અને [૩] માં ફેર એ છે કે [૨] તે દેશવાચક માટેનો શબ્દ છે (દા ત દાક્ષિણાત્ય, ઉદીચ્ય જેવા નામ, જેમાં એક કરતાં વધારે પ્રદેશોનો સમાવેશ થયો હોય છે,) જ્યારે [૩] ચોક્કસ એક પ્રદેશના નામ તરીકે વપરાયેલો શબ્દ છે વામન તો બીજા અર્થમાં પશ્ચિમામાશાં સ્થિતા જાનપદા –પશ્ચિમ દિશામાં આવેલા જનપદો–વાપરે છે, જ્યારે ત્રીજા અર્થમાં જ સ્પષ્ટ અપરાન્તા પ્રયોજે છે

કાલિદાસ રઘુદિગ્વિજયમાં રઘુ સહ્ય ઓળંગીને અપરાન્ત જય છે એમ વર્ણવે છે (રઘુ૦ ૪–૫૨) એટલે મલબાર, કાનરા, ગોવાનો પ્રદેશ અપરાન્તથી ઓળખાતો હશે એમ સમજાય છે તે પછી મિરજ પર્વત થઈને પારસિકો સામે લડવા રથલમાર્ગે ધુને પ્રયાણ કરતો બતાવતાં

ઘાતજ્ઞા વર્ણિગાશ્ચ પારદાહારભૂષિકા ॥ ૨૭
એત દગ્ર હ્યુદીચ્યાસ્તુ । ૪૨
વા ૧૩ ૩૭ થી ૨૫ ૪૫

૧૦ વાયુ ૪૫ —
અપરીતાશ્ચ શૂદ્રાશ્ચ પલ્લવાશ્ચર્મમણ્ડિકા ॥ ૧૧૬
ગાન્ધાર યવનાશ્ચૈવ સિન્ધુસૌવીરભદ્રકા ।
શાકા હૂદા કુલિન્દાશ્ચ પરિતા હારપૂરિકા ૧૧૬
એતે દેશાહ્યુદીચ્યાશ્ચ ॥ ૧૨૧

૧૧ મબી ૬૪૭ અપરાન્તા પરાન્તાશ્ચ પચાગાશ્ચર્મમણ્ડના ॥

૧૨ મબી ૬૪૬ કુંદાપરાન્તા માહેયા ।

પૂર્વે કવિએ કહ્યું છે કે જે સમુદ્રે પરશુરામને જમીન આપી હતી તેણે રઘુને અપરાન્તના રાજા દ્વારા કર અપાવ્યો (૪ ૫૮) એ ઉપરથી કાલિદાસને અપરાન્તથી આનર્ત, સૌરાષ્ટ્ર, કચ્છ ને સિંધનો દરિયાકાંઠાનો જેટલો પ્રદેશ પણ ઉદ્દિષ્ટ હોવાનું સમજાય છે

રુદ્રદામનના લેખમાં અપરાન્તનો જે લેખ છે તેમાં અનૂપ, આનર્ત, સૌરાષ્ટ્ર શ્વભ્ર, મરુ, કચ્છ સિન્ધુ, સૌવીર, વગેરેના જુદા ઉલ્લેખો છે એટલે તેમનો અપરાન્તમાં સમાવેશ થઈ શકે નહિ, તે ઉપરાંત રુદ્રદામનના સમયમાં ઉત્તર કોંકણ આન્ધ્રોના તાબામાં હતું, એટલે દમણગંગાથી મહી સુધીનો પ્રદેશ જ અપરાન્ત નામથી વિવક્ષિત હોઈ શકે[૧૩]

વાત્સ્યાયનમાં[૧૪] આન્ધ્ર, વત્સગુલ્મ, અપરાન્તક, સુરાષ્ટ્રક એવો ક્રમ મળે છે સૈન્ધવોનો અલગ ઉલ્લેખ છે એથી અપરાન્ત તે કોંકણથી કાઠિયાવાડ સુધીના દરિયાકાંઠાનો પ્રદેશ એમ સમજાય છે

વરાહમિહિર[૧૫] અપરાન્તને પશ્ચિમ દિશાના દેશોમાં ગણાવે છે, હૈહય અને પંચનદની સાથેસાથે જ નૈર્ઋત્ય (દક્ષિણપશ્ચિમ)[૧૬] દિશામાં એણે સિંધુસૌવીર, આનર્ત અને રૈવતક (સૌરાષ્ટ્ર) પ્રદેશને ગણાવ્યા છે એટલે એ દેશોની ઉત્તરપશ્ચિમે અપરાન્ત એમ સ્પષ્ટ છે

રઘુવંશ ઉપરની ટીકામાં મલ્લિનાથે 'અપરાન્ત તે પશ્ચિમનો પ્રદેશ જેમાં સૂર્પારિક આદિનો સમાવેશ થાય છે,[૧૭] એમ યાદવનો કોપ ટાંક્યો છે,

નાશિકની[૧૮] ત્રીજી ગુફામાં આશરે ઈ પૂ ૨૫ ના લેખમાં સૌરઠ અને અપરાન્તના ઉલ્લેખ છે

ડૉ ભગવાનલાલ ઇન્દ્રજી મલ્લિનાથના આધારે નોંધે છે કે

---

૧૩ જુઓ આનર્ત ૧૬ બોગે ૧ પૃ૦ ૩૬ પાદટીપ ૮

૧૪ કામસૂ ૫ ૫ ૮ અભા ૮ પૃ૦ ૫૮ ઉપરાંત કામસૂ ૨ ૫ ૨૭

૧૫ બૃસં ૧૮ ૨૦–૧

૧૬ , ૧૪ ૧૮–૯

૧૭ अपरान्तास्तु पाश्चात्यास्त च सूर्पारिकादय ।

૧૮ જોગળ ૧ પૃ૦ ૨૮

શૂર્પારક અપરાન્તની રાજધાની હતું.[૧૯] એ મતને બ્યૂલર અને બર્જેસની પણ સંમતિ છે.[૨૦] કનિંગહામ કહે છે કે ગ્રન્થકાર કાન્હેરીથી શૂર્પારકનો અપરાન્તમાં સમાવેશ થતો હોય, પણ ભૌગોલિક દૃષ્ટિએ નર્મદાની દક્ષિણે અપરાન્તનો વિસ્તાર ગણાવી શકાય નહિ. તે બૃહત્સંહિતાનો આધાર લઈ ઉમેરે છે કે કર્નલ સ્ટેસીને અપરતસ મહારાજસ ના ઉલ્લેખવાળા સિક્કાઓ નિમચ-અજમેરમાં મળ્યા હતા અને પોતાને ઉત્તર રાજપુતાના ને મથુરાથી મળ્યા હતા. તે વરાહમિહિરને અનુસરી અપરાન્તિકને હિંદનો પશ્ચિમ ભાગ ગણવાની તરફેણમાં પોતાનો મત આપે છે[૨૧] ફ્લીટ, 'એક અશોકશિલાલેખમાં યવનો, કામ્બોજો અને ગાન્ધારોને આપરાન્ત ગણાવવામાં આવ્યા છે' એ છતાં 'અપરાન્તમાં કોંકણ, ઉત્તર ગુજરાત, કચ્છ, અને સિન્ધનો સમાસ થતો' એમ અભિપ્રાય આપે છે.[૨૨] અશોકના શિલાલેખોમાં અપરતા,આપલંતા, અપરત અને અપરત રૂપો મળે છે.[૨૩] જયસ્વાલ[૨૪] વાયવ્ય દિશાના અપરાન્તને ઘટાવવા અશોકના શિલાલેખોમાં અન્ત =પડોશી થાય છે અને અપરાન્ત તે અંદરનાં રાજ્યોના અર્થમાં છે એમ તર્ક કરે છે, તે વાયવ્ય-અપરાન્તથી અજાણ હોવાને કારણે.

ઉપરના વિવિધ સમયના ઉલ્લેખો અને તે ઉપરથી વિદ્વાનોએ તારવેલા અભિપ્રાયો ઉપરથી સમજાશે કે સામાન્યતઃ અપરાન્ત નામ પુરાણોના [૧] અને [૨] અર્થમાં કોંકણથી કચ્છ સુધીના આખા પ્રદેશ માટે કે તેના કોઈ અંશ માટે વપરાયું છે. પણ તે જ સમયમાં પશ્ચિમ દરિયાકાંઠા માટે એ નામ ન વપરાતાં, પુરાણોના [૩] અર્થમાં, હિંદના વાયવ્ય ભાગના કોઈ ચોક્કસ પ્રદેશ માટે પણ એ પ્રયુક્ત થયા કર્યું છે, જેને વાયુના અવરીતા. પાઠ સાથે સિક્કાઓના અપરતસના સામ્યથી સારો એવો ટેકો મળે છે.

ઉદીચ્ય દેશોમાંના 'અપરાન્તાશ્ચને ઠેકાણે સંભવતઃ પરાન્તાશ્ચ આપણે

---

૧૯ જુઓ ૭ પૃ૦ ૧૫૯. કેલિનો પણ એ જ મત છે (૧ પૃ૦ ૬૦૩.)

૨૦ ,, પૃ૦ ૨૬૩; એભા ૮ પૃ૦ ૫૭

૨૧ એભા ૮ પૃ૦ ૫૭

૨૨ ,, પૃ૦ ૫૮; જુઓ ૨૨ પૃ૦ ૧૭૩

૨૩ એોગુ ૧ પૃ૦ ૨૭

૨૪ હિન્દુ પૉલિટિ, કંડિકા ૧૩૧.

વાંચવાનું છે[૨૫] એમ શ્રી. દિનેશચંદ્ર સરકાર કહે છે તે બરોબર નથી, કેમકે ઉત્તરમાં અપરાન્તની ઉપસ્થિતિ સંશયાતીત છે.[૨૬]

રુદ્રદામનના ગિરનારના શિલાલેખમાંનું અપરાન્ત ડૉ.ભગવાનલાલ ઇન્દ્રજી-એ–અને તેમના ટેકામાં ડૉ. બ્યૂલરે–દક્ષિણના અપરાન્ત તરીકે ઘટાવ્યું છે તેમ છતા એ શિલાલેખમાંનો અપરાન્તનો ઉલ્લેખ તે પુરાણોના બીજા અર્થમાં ઉત્તર–વાયવ્યના ચોક્કસ દેશવાચક વિશેષનામ તરીકે પ્રયોજાતા અપગન્તનો જ છે એમ માનવાનું પ્રાપ્ત થાય છે. શિલા-લેખમાં અપરાન્ત વિશેષનામ તરીકે, વિશેષનામો વચ્ચે, વપરાયેલું છે. એ વિશેષનામથી પુરાણોના બીજા અર્થમાં, દરિયાકાંઠાને વીંટળાઈને આવેલા પ્રદેશો સૂચવવા, સમૂહવાચકનામ તરીકે પ્રયોજાયેલો અપરાન્ત તો સમજી શકાય એમ છે જ નહિ, કેમકે પુરાણોએ અપરાન્તની અંદર ગણાવેલ દેશોમાંથી કેટલાક–અવન્તિ, અનૂપ, આનર્ત, સૌરાષ્ટ્ર, કચ્છ, વ૦—પ્રસ્તુત શિલાલેખમાં અપરાન્ત દેશની સાથોસાથ ગણાવેલા છે. એટલે કે અવન્તિ, અનૂપ, આનર્ત, સૌરાષ્ટ્ર, કચ્છ આદિ દેશો મળીને થતો કોઈ દેશ નહિ પણ તે ઉપરાંતનો કોઈ બીજો દેશ શિલાલેખના અપરાન્ત ઉલ્લેખથી ઉદ્દિષ્ટ છે. તે દેશ કયો ? રુદ્રદામનના શિલાલેખમાં ગણાવેલા દેશોનો ક્રમ જો નજર સામે આપણા દેશનો નકશો રાખીને અનુસરવામાં આવશે તો અપરાન્ત નામથી કયો દેશ વિવક્ષિત છે તે સહેજે સમજાશે. પ્રથમ તો વિન્ધ્ય પડખાના આકરાવન્તિ, પછી હાલનાં ખંભાત–અમદાવાદ–વડનગર–પાટણને આવરી લેતો આનર્ત, પછી સૌરાષ્ટ્ર, પછી આનર્તની ઉત્તરનો શ્વભ્ર (સાબરમતી ઉપરવાસ-નો પ્રદેશ), પછી તેની એટલે આબુની ઉત્તરનો મરુ (મારવાડ), પછી મરુની પશ્ચિમે–સહેજ દક્ષિણે–કચ્છ, તે પછી કચ્છની ઉત્તરે સિન્ધુ, સિન્ધુની ઉત્તરે સૌવીર, પશ્ચિમે કુકુર અને દક્ષિણ પંજાબને સ્પર્શે એ રીતે અપરાન્ત અને તે પછી મરુની ઉત્તરનો નિષાદ,—આ રીતે રુદ્રદામનના ગિરનારના શિલાલેખમા ઉલ્લાખાયેલા દેશોનું વિહંગાવલોકન કરી શકાય એમ છે. બીજા શબ્દોમા, શિલાલેખમાંનાં દેશનામોના ક્રમમાં કાંઇક યોજનાનુ અનુમાન કરી શકાય છે, જેમ તેમ નામ ગણાવ્યાં નથી. સિન્ધુ સૌવીર પછી એકદમ કૂદકો મારી દક્ષિણ-

૨૫ ઇહિકનો ૨૧ પૃ૦ ૩૦૨.

૨૬ જુઓ વળી મસ ૪૭,૨૪

માં અપરાન્ત ગણાવે એ ઠીક લાગતુ નથી. કુકુર વાયવ્ય પ્રદેશ સમજાય છે. નિષાદ તો ગુજરાતની ઉત્તરનો જ પ્રદેશ છે એટલે 'સિન્ધુ, સૌવીર, કુકુર, અપરાન્ત, નિષાદ'—એવા ક્રમમા મળતો રુદ્રદામનના શિલાલેખનો અપરાન્ત તે ઉત્તરવાયવ્યનો અપરાન્ત જ સંભવે છે, જે પુરાણોના ઉપર નિર્દેશેલ ત્રીજા અર્થમાં વિશેષ નામ તરીકે પ્રયોજાતો અપરાન્ત જ છે. જનરલ કનિંગહામને સિક્કાઓ ઉપરથી ઉત્તર વાયવ્યમા અપરાન્ત હોવાની ખાતરી થતા છતા, રુદ્રદામનના ગિરનારના શિલાલેખમાંનો અપરાન્ત તે એ એવી સંભાવના કેમ સૂઝી નહિ એ જ આશ્ચર્ય છે.

જુઓ અર્બુદ, અવન્તિ, આનર્ત, આન્તર–નર્મદ, આભીર, કચ્છ, નાસિક્ય, ભારુકચ્છ, માહેય, સારસ્વત, સૌરાષ્ટ્ર, ઉપરાન્ત અપરાન્તિક.

અપરાન્તિક

[૧] વાયવ્ય દિશાનો એક પ્રદેશ.[૧] માર્કંડેય આનર્ત, સુરાષ્ટ્ર આદિ પ્રદેશોના અપરાન્ત[૨] વિભાગ ઉપરાત ઉત્તર દિશામાં એક બીજો અપરાન્ત[૩] પ્રદેશ આપે છે, તે જ અપરાન્તિક. તેમાં ભારતવર્ષને કૂર્મ કલ્પ્યો છે અને તેના પુચ્છમા—એટલે કે સિન્ધુ સૌવીરની ઉત્તરમા[૪] અપરાન્તિક આવે.

[૨] પશ્ચિમનો દરિયાકાંઠો. પશ્ચિમનો અપરાન્ત અથવા અપરાન્તિકા–તેના પ્રાકૃત અવરાન્તિકા–અવરાઇઆ–રૂપોમાથી ગ્રીક 'Ariake ઘટાવી શકાય એમ ડૉ૰ ભગવાનલાલ ઇન્દ્રજીનુ માનવુ છે.[૫] ડૉ૰ બ્યૂલર પેરિપ્લસના Arabikeનો Abaratike પાઠ સૂચવે છે.[૬] અર્થશાસ્ત્રની ટીકામા ભટ્ટસ્વામી[૭] અપરાન્તિક અને કોંકણની એકતા રચાપે છે.

અપરાન્તિક

૧ મા ૫૫ ૩૪

૨ જુઓ અપરાન્ત ૪.

૩ ,, ૯.

૪ મા ૫૫ ૩૭. ઉપરાંત માર્ક પૃ૰ ૩૧૩.

૫ ઇએ ૭ પૃ૰ ૨૫૯.

૬ ,, પૃ૰ ૨૬૩.

૭ જુઓ 'અપરાન્તકા'

અપરાન્ત ઉપરની ચર્ચાથી સમજાશે કે અપરાન્તિક પણ ઉત્તર વાયવ્યનો પ્રદેશ છે ટોલેમી અને પેરિપ્લસનું Ariake[૮] તે 'આરણ્યક'માથી સિદ્ધ કરવાની સંભાવના રજૂ થયેલી છે[૯] તે વધુ વિચારપાત્ર ઠરે છે

જુઓ અપરાન્ત

અભીર

આભીર જાતિના વસવાટનો દેશ[૧] 'આભીર'નો ભ્રષ્ટ પાઠ. જુઓ આભીર

અમરકંટક

પર્વત, નર્મદાતટે તીર્થ.[૧]

મ મ હરપ્રસાદ શાસ્ત્રી પોતાની 'મેઘદૂત વ્યાખ્યા'મા મેઘદૂત (૧. ૧૭)નો આમ્રકૂટ તે અમરકંટક એમ કહે છે

જુઓ નર્મદા

અમરાવતી

ઉજ્જયિનીનું ચોથા કલ્પમા આ નામ હતું.[૧] અમરાવતીનામકથન અધ્યાયમા[૨] કથા છે કે મહાકાલવનમા કશ્યપ પ્રજાપ્રાપ્તિ માટે તપ કરતા હતા ત્યારે અશરીરિણી વાચાએ અમર નિર્જર[૩] દેવની સંતતિ પામી તું પ્રજાપતિ થઈશ એમ કહ્યું ...પછી ત્યા મનુષ્યો પણ વસ્યા અમરાગના જેવી સ્ત્રીઓ હતી ..અમરોનું કટક અહી હોઈ નગરી અમરાવતી કહેવાઈ[૩] ચોથા કલ્પનું નામ છતા નામકથનઅધ્યાયોના ક્રમમાં સાતમા અધ્યાયમા વર્ણવાયુ છે જુઓ ઉજ્જયિની

---

૮ Ariake ટૉ. પૃ૦ ૩૯, ૧૭૫, Ariaca પેરિ કડિકા ૬, ૧૪, ૪૧.

૯ જ્યોગ્રાફિ 'અપરાન્તકા'

અભીર

૧ વાપૂ ૪૬ ૧૨૪ અભીરા સહચૈપીકા . . ।

અમરકટક

૧ જુઓ નર્મદા ૧૦

અમરાવતી

૧ જુઓ અવન્તિકા ૧

૨ સ્કઆઅ ૪૬ —

૩ ,, અમરા નિર્જરા દેવા દિવિ ખ્યાતા સદૈવ હિ ॥ ૮
અમરાંગના સમા નાર્ય સદૈવ સ્થિરયૌવના ।૨૦
અમરાણા કટકં યત્ર તસ્માજ્જાતામરાવતી ॥ ૨૧

અમ્બુદ

અર્બુદને બદલે મહાભારતમા આવુ નામ પણ મળે છે.

પણ આ કુમ્ભકોણમ્–આવૃત્તિનો પાઠ ભાણ્ડારકર ઇન્સ્ટિટ્યૂટની આવૃત્તિએ રદ કર્યો અને (૧) મુમ્બઇ સરકારના સંગ્રહ, (૨) દાક્ષિણાત્ય આવૃત્તિ અને (૩) તાંજોર આવૃત્તિ પ્રમાણે પરિશિષ્ટમાં ૧૧૫ મા ફકરામા 'દૌલ્મમ્બુદમ્'[૨] પાઠ આપ્યો છે.

પણ અર્બુદનો નિરુક્ત (૩.૨) અને સાયણભાષ્ય (ઋ ૧૦ ૬૮.૧૨) મા અમ્બુદ પર્યાય આપ્યો છે એ જોતા અમ્બુદ પાઠ બોધપાત્ર છે.

જુઓ અર્બુદ.

અર્બુદ

[૧] આબુ પર્વત[૧].

[૨] તેની આસપાસના પ્રદેશ માટે પણ આ શબ્દ વપરાયેલો જોવા મળે છે પ્રદેશ તરીકે તેની ગણના મત્સ્ય, બ્રહ્માંડ, વાયુ, માર્કંડેય વગેરે પુરાણો અપરાન્તવિભાગમાં કરે છે.[૨] માર્કંડેય તેને વળી મધ્યદેશ વિભાગમાં પણ ગણાવે છે.[૩]

। અર્બુદ પર્વતને મહાભારતના વનપર્વમા હિમાલયના પુત્ર તરીકે વર્ણવ્યો છે. પૂર્વે આ પૃથ્વીમા છિદ્ર હતુ, ત્યાં વસિષ્ઠનો ત્રણ લોકમા જાણીતો એવો આશ્રમ છે એક રાત રહ્યા વસવાથી હજાર ગાયનુ પુણ્ય મળે[૪] અર્બુદારણ્ય સ્વર્ગ અને મોક્ષ આપનારુ છે અને

અમ્બુદ

૧ કુમ્ભકોણમ્ આવૃત્તિ અધ્યા ૨૪૫ ૩૦

૨ ભાણ્ડા૦ મહાભા૦ આદિપર્વ પૃ૦ ૯૬૫ (૧૧૫ લીટી ૩૫)

અર્બુદ

૧ જુઓ ઉજ્જયન્ત ૨, ૫, ૬.

૨ જુઓ અપરાન્ત ૨,૩,૪,૫,૬

૩ મા ૫૪ ૩૨

અર્બુદાર્બુદકિરાતાશ્ચ મલકાશ્ચ પૂર્વકૈ સહ।
મધ્યદેશ્યા જનપદા પ્રાયશોમી પ્રકીર્તિતા ॥

૪ મત્સ ૮૦.—

તતો ગચ્છેત ધર્મજ્ઞ હિમવત્સુતમર્બુદમ્ ।
પૃથિવ્યાં યત્ર વૈ છિદ્ર પૂર્વમાસીદ્યુધિષ્ઠિર ॥ ૫૭

તેમાં અચલેશ્વરનું લિંગ છે.[૫] જનમના દુઃખી માણસો અર્બુદની સેવાનો લાભ પામે તો પછી વારાણસી અને કેદારનું શા માટે સ્મરણ કરે છે? અર્બુદની પાસેમાં જ મહીસાગરસંગમ છે. પર્વત અને સમુદ્રની વચ્ચેનો તે પ્રદેશ ધરતીના આઉ જેવો છે, ત્યાં જવાથી મહત્ પુણ્ય મળે છે એમ સ્કન્દના અર્બુદાખ્યાનમાં કહ્યું છે.[૬] સ્કન્દપુરાણના પ્રભાસખંડમાંના અર્બુદમાહાત્મ્યમાં અર્બુદની ઉત્પત્તિ આપી છે. વસિષ્ઠ ઋષિની ગાય નંદિની શ્વભ્ર (કોતર)મા ગબડી પડી. રાતે ઘેર ન આવી. હોમવિઘ્નથી ભયભીત ઋષિએ સરસ્વતીનું ધ્યાન ધર્યું. સરસ્વતીએ આવીને શ્વભ્ર ભરી દીધું. નંદિની બહાર આવી. બીજે દિવસે ઋષિએ હિમાલયને આ કોતર પૂરવા વિનવણી કરી. હિમાલયે પોતાના મૈનાક પુત્રથી નાના એવા નંદિવર્ધન પુત્રને અર્બુદ નામના નાગની પીઠ ઉપર બેસાડીને તે કામ માટે મોકલ્યો. શ્વભ્ર પુરાઈ ગયું. રાજી થઈને વસિષ્ઠે અર્બુદ નાગને વરદાન આપ્યું કે નંદિવર્ધન પર્વત તારા નામથી ઓળખાશે અને શિખર પાસે એક નાગતીર્થ પ્રસિદ્ધ થશે.

જનમેજયના સર્પયજ્ઞ વખતે ત્રાસીને નાગો અર્બુદમાં નાસી આવ્યા હતા અને એક ગુફામા દુર્ગામાતાની પૂજા કરી તેને પ્રસન્ન કરી હતી. યજ્ઞની પૂર્ણાહુતિ સુધી તમે મારી પાસે નિર્ભયપણે રહો એમ દુર્ગાએ તેમને અભયદાન આપ્યું હતું. યજ્ઞ પૂરો થતાં તેઓ ગયા અને તે સ્થળ નાગહ્રદ તરીકે ઓળખાયું.

બૃહત્સંહિતા (૧૬.૩૦)માં આનર્ત, અર્બુદ, પુષ્કર, સૌરાષ્ટ્ર,...એ રીતે ક્રમ છે.

મેગેસ્થિનિસ (ઇ.પૂ ૩૦૦) 'Mount Capitalia'નો ઉલ્લેખ

तत्राश्रमो वसिष्ठस्य त्रिषु लोकेषु विश्रुत ।
तत्रोष्य रजनीमेका गोसहस्रफल लभेत् ॥ ५८

૫ જુઓ અચલેશ્વર ૧.

૬ સ્કમાકૌ ૨૯.—

अर्बुदो यदि लभ्येत सेवितु जन्मदु खितै ॥ ७१
वाराणसीं च केदार किं स्मरति वृथैव ते । ७२
सर्मापे यस्य पुण्योऽस्ति महीसागरसगमः ॥ ७५
ऊधः पृथिव्या देशोऽयं यो गिरेश्चार्णवान्तरे ।
तत्र गत्वा महत्पुण्यमवाप्य भवभक्तितः ॥ ७६

કરે છે ને કહે છે કે તે હિંદમાં સૌથી ઊંચો પર્વત છે.૭ ને તેની પાસે સોનારૂપાની ખાણો છે. આ પર્વત તે આબુ એમ ગણાતું. પણ તે પુરાણોનો કપિરયલ પણ હોય. પણ હાલનો કૈયલ તે આબુથી ઘણે દૂર પંજાબના કરનાલ જિલ્લામાં છે; ને કે શ્રીમાલ-પુરાણમાં પણ આબુની પડખેનું ભિન્નમાલ શ્રી લક્ષ્મીએ વસાવ્યાનું વર્ણન છે તે મેગેરિથનિસના વર્ણનને અનુરૂપ છે.

લોકોમાં કિંવદન્તી છે કે શેષનાગ દરવરસે પડખું ફેરવે છે ને આબુપર્વત હલમલે છે, અથવા એમ પણ કહે છે કે મહાદેવનો પોડિયો નંદી પોતાના એક શીંગડા પર આબુને ધારણ કરે છે અને એ શીંગડા તરફ થાક લાગે એટલે પર્વતને બીજા શીંગડા ઉપર મૂકે છે. આવી લોકપુરાણની વાતોને કપોલકલ્પિત ગણી નાખી દેવી ન જોઈએ. પૌરાણિક વાતોની પેઠે તેમનામાં પણ ઘણીવાર કાંઈને કાંઈ તથ્ય છુપાયું હોય છે. આદિપર્વમાં યુધિષ્ઠિર આગળ નારદે કોઈ જૂની જનશ્રુતિનો અને અનુભવનો ઉલ્લેખ કર્યો છે કે આબુમાં પૃથ્વીનું રંધ્ર (બાકોરું) હોવાનું કહેવાય છે તે હજી યે છે. આવું રંધ્ર તે જ્વાલામુખીના મુખનું હોઈ શકે એમ સમજી શકાય. આબુ જેનું એક શિખર છે તે અરાવળ પર્વતો હિંદના ઘણા જૂના-હિમાલય પાણી તળે હતો તે પહેલાંના-પર્વત છે એમ ભૂસ્તરવિદો કહે છે. છતાં તેમાં જ્વાલામુખીનું મુખ મહાભારતકાલ સુધી અસ્તિત્વમાં હશે. તે પછીથી, ઉપર નોંધેલી લોકવાયકા સૂચવે છે તેમ, હજી પણ આબુ નીચે ભૂકંપાદિ પ્રક્રિયાઓ બંધ થઈ નથી. આ લોકવાયકાને આબુ ઉપરનાં જૈન દેવાલયો શિખર વગરનાં-બેઠા ઘાટનાં-હોય છે એ હકીકત ઉપરથી ટેકો મળે છે. જગપ્રસિદ્ધ વિમળશાનાં દહેરાં બહારથી જોઈએ તો આમલી લાગે એવો એનો ઘાટ છે.

અર્બુદનો અર્થ સોજો, ગાંઠ, રસોળી એવો થાય છે.૮ મોનિયર વિલિયમ્સ દોઢેક માસના ગર્ભ જેવો આકાર એવો પણ અર્થ આપે છે. અર્બુદના અર્થોથી એને લગતી પ્રચલિત કથાઓને પુષ્ટિ મળે છે. ડૉ. હસમુખ સાંકળિયાના એ કથાઓ કોઈ મહાન ભૂસ્તરવિષયક ઘટનાનું

૭ બોજે ૧ પૃ૦ ૫૩૪.

૮ સુશ્રુતસંહિતા ૧૮. ૨૯-૪૨

સૂચન કરે છે"—એ શબ્દોમાં ઉપરના નિર્દેશને અનુમોદન મળે છે. અર્બુદ પ્રદેશમા ઘોડા સારા મળતા હતા એમ પાર્જિટર સભાપર્વ ઉપરથી નોધે છે.[૧૦]

પુરાણોએ નંદિવર્ધનની મદદથી વસિષ્ઠે શ્વભ્ર પૂર્યું એમ કથા યોજી કાઢી, આબુ તે હિમવાનનો પુત્ર છે એવી હકીકત સ્થાપી. છતા નામ તો એમને અર્બુદનુ-નાગનુ જ આપવુ પડયું છે સર્પસત્ર વખતે નાગો અર્બુદમા રહ્યા એ જોતા આબુ એ નાગલોકનુ પ્રાચીન થાણું લાગે છે પચવીશ બ્રાહ્મણમા નાગોના ઉત્સવમા અર્બુદ કરીને આવરતૃત્ (પથ્યરની સ્તુતિ કરનાર) પુરોહિત હતો એમ વર્ણન છે. અને તે ઐતરેય (૬ ૧) અને કૌશીતકી (૨૯ ૧) બ્રાહ્મણોમા યજ્ઞની બાબીઓ કેમ સુધારવી અને સોમરસ કેમ કાઢવો એનુ જ્ઞાન આપનારા નાગઋષિ-મંત્રદ્રષ્ટા તરીકે ઉલ્લેખાયેલો કાદ્રવેય અર્બુદ તે જ એમ કીથ અને મેકડોનલ્ડ[૧૧]નુ કહેવુ છે. આમા પણ અર્બુદ નામ એ પ્રાચીનકાળથી નાગો સાથે જોડાયેલુ ઉપલબ્ધ થાય છે.

આનાથી જૂના, ઋગ્વેદના દશમા (૬૮ ૧૨) અને પ્રથમ (૫૧ ૬) મડલમા અર્બુદના ઉલ્લેખો છે સાયણાચાર્ય આગવામા અર્બુદ એટલે અમ્બુદ-વાદળ, મેઘ-અને બીજામા તે નામનો રાક્ષસ એવો અર્થ આપે છે કીથ અને મેકડોનલે વૈદિક ઇન્ડેકસમા આ ઉલ્લેખો નોધ્યા નથી. પણ ડૉ૦ સ્ટેન કોનોવ 'મીટાની લોકના આર્યદેવો'મા[૧૨] બતાવે છે કે 'અર્બુદ શંબર અને બીજા દસ્યુઓનો અડ્ડો હતો. તેને શિખરેથી ઊતરી આવી આર્યોની ગાયો તેઓ લઈ જતા અને બીજી રીતે પણ આર્યોને કનડતા. તેથી અર્બુદને પદાક્રાન્ત કરવા માટે-અર્બુદ અને તેના અધિપતિ શંબરને જીતવા માટે-ઇન્દ્રની સ્તુતિ કરવામા આવી છે'[૧૩] ડૉ૦ સ્ટેન કોનોવ અબુદનો અર્થ કરે છે તેને સાયણાચાર્યનો ટેકો નથી એ સ્પષ્ટ છે નિરુક્ત (૩ ૨) પણ અમ્બુદ અર્થ જ આપે છે. એટલે વેદમા અર્બુદ-'પર્વત'નો ઉલ્લેખ છે એમ નિશ્ચિતતાથી

---

૯ ગુસત્રૈ ૭ પૃ૦ ૧૪૯

૧૦ માર્ક પૃ૦ ૨૮૯, મસ ૪૭ ૨૬ પાદટીપ

૧૧ વેઇ ૧ પૃ૦ ૩૭.

૧૨ પૃ૦ ૨૫

૧૩ ગુસત્રૈ ૭ પૃ૦ ૧૪૮-૯ મા ડૉ૦ સાકળિયાએ આપેલ મથિતાર્થ.

કહી શકાતું નથી. પણ ઋગ્વેદના બંને ઉલ્લેખોમાં અર્બુદ શબ્દ દેવોના વિરોધીઓના સંબંધમાં છે એ સ્પષ્ટ છે, જે અર્બુદ આર્યેતર ભાષાનો શબ્દ હોવાની સંભાવનાને પુષ્ટિ આપવા માટે બસ ગણાય. બ્રાહ્મણકાળમાં પૂર્વનાં વૈમનસ્ય શમ્યાં ઋષિના નામ તરીકે અર્બુદ મળે છે અને એને નામે ઋગ્વેદનું (૧૦.૯૪.) સૂક્ત પણ ચઢાવવામાં વાંધો આવતો નથી. ઋગ્વેદના ઉલ્લેખોમાં અર્બુદ 'પર્વત' અભિપ્રેત હોય તોપણ તે આજના અર્બુદ કરતાં સપ્તસિંધુને લગતો ઉત્તર-વાયવ્યનો કોઈ અર્બુદ હોવાનો વિશેષ સંભવ છે.

આ દાખલામાં પૌરાણિક લેખકોની એક યુક્તિ તરફ ધ્યાન ખેંચવા જેવું છે: પાછળથી અર્બુદક્ષેત્રમાં બ્રાહ્મણોનાં તીર્થધામો સ્થપાયાં ત્યારે પર્વતને અનાત્મીય એવી નાગજાતિનું નામ મળેલું જોઈ મૂળ પર્વત તો અમારા હિમવાનનો પુત્ર નંદિવર્ધન છે પણ અર્બુદનાગ તેને ઊંચકી લાવ્યો માટે કદરદાન ઋષિએ ખુશ થઈને અર્બુદનું નામ નંદિવર્ધનને આપ્યું એવી યોજના કરી દીધી!

અર્બુદક્ષેત્ર

અર્બુદગિરિના શિખર ઉપરનો અને આજુબાજુનો પ્રદેશ.

વસિષ્ઠના આશ્રમ પાસેના જે ક્ષેત્રમાં નંદિની ગાય ગબડી પડી હતી તે ૩૦૦૦×૨૦૦૦ (યોજન?) હતું. ઊંડાઈ તો અમાપ હતી.[૧] ઉત્તંકનાં કુંડલ તક્ષક નાગ ઉપાડી ગયો ને દરમાં ભરાયો ત્યારે ઉત્તંક લાકડાથી તે ખોદવા લાગ્યો. ઇન્દ્રે તેને છેડે વજ્ર આરોપ્યું જેથી ધરણીતલ શીઘ્ર ભેદાવા લાગ્યું. તક્ષક અને ઉત્તંકની તકરારમાં આવડું મોટું પોલાણ-કોતર થયું.[૨] ત્યાં પૂર્વે નિષ્ઠુર નરપશુ જેવા ભિલ્લો અને દુષ્ટ લોકો વસતા હતા.[૩]

અર્બુદક્ષેત્ર

૧ સ્કંપ્રખ ૨.૩૮

દ્વિસહસ્રં તુ દૈર્ઘ્યેણ વિસ્તરેણ ત્રિસહસ્રકમ્ ।
ન સંખ્યા વિદ્યતેઽધસ્તાત્તસ્ય પર્વતસત્તમ ॥

૨ સ્કંપ્રખ ૨.૩૭–૬૬

૩ સ્કંપ્રખ ૩.૧૪

અર્બુદનો વિસ્તાર દશ યોજન અને ઊંચાઈ પાંચ યોજન છે.[૪] તીર્થો : આદ્ય નાગતીર્થ[૫], શિખર ઉપર નિર્મલોદક નિર્ઝર છે તે અર્બુદનાગે વસિષ્ઠ પાસે વરદાન માગીને સ્થાપેલું. ત્યાં સ્નાનથી વન્ધ્યા પુત્રવતી બને.[૬] વસિષ્ઠાશ્રમ હિમાલયના જ્યેષ્ઠ પુત્ર નંદિવર્ધને વરદાનમાં વસિષ્ઠનું સાન્નિધ્ય માગ્યું[૭] ત્યા કુંડમાં વસિષ્ઠે આણેલા ગોમતી (તે જ ગોમુખી).[૮] વસિષ્ઠ અને અરુંધતી.[૯] પર્વત ને અચલને ભેદીને લિંગ નીકળ્યું ત્યા અચલેશ્વર.[૧૦] મંદાકિની નદી.[૧૧] ઉત્તરે કુંડ.[૧૨] ભદ્રકર્ણ હ્રદ, જ્યાં ત્રિનેત્ર જેવી શિલાઓ આજે પણ ઘણા પ્રમાણમાં દેખાય છે તેની પાસે ત્રિનેત્રલિંગ.[૧૩] કેદારતીર્થ.[૧૪] જ્યા મંદાકિની (ગંગા) સરસ્વતીને મળે છે, કલિયુગના પ્રભાવથી.[૧૫] કોટીશ્વર[૧૬] રૂપતીર્થ.[૧૭] ઈશાનમાં હૃષીકેશતીર્થ,[૧૮] સિદ્ધેશ્વર.[૧૯] શુક્રેશ્વર.[૨૦] મણિકર્ણિકેશ્વર.[૨૧] પંગુતીર્થ.[૨૨] યમતીર્થ.[૨૩] વાગડતીર્થ.[૨૪] ચંદ્રપ્રભાસતીર્થ.[૨૫] પિંડારકતીર્થ.[૨૬] શ્રીમાતા.[૨૭] કલિંગ જોઈ બાષ્કલિ નામના જરામરણહીન દૈત્યને પર્વતના શિખર નીચે દબાવી ઉપર દેવી બેઠાં, પછી પથ્થરની પાદુકાઓ મૂકી તેને દબાવ્યો. શુક્લતીર્થ.[૨૮] કાત્યાયની,[૨૯] જે ગુહામધ્યનિવાસિની છે.

---

૪ સ્કપ્રભ ૩૬.૬૧

દશયોજનવિસ્તારો દ્વાભ્યા સહિતપર્વત. ।
ઉચ્ચૈ પચ સ શ્રીમાન્મર્ત્યે સ્વર્ગો વ્યજાયત ॥

૫ સ્કપ્રભ ૬.૭ નાગતીર્થ તુ તત્રાદ્ય ।

૬ સ્કપ્રભ ૩૭-૩૬
૭ ,, ૩.૩૬-૪૦
૮ ,, ૩.૪૨,૬.૨-૩
૯ ,, ૩.૪૭,૬.૭
૧૦ ,, ૪.૧૪-૨૦
૧૧ ,, ૪.૧૮
૧૨ ,, ૪.૧૯
૧૩ ,, ૮.૧-૨
૧૪ ,, ૯.
૧૫ ,, ૧૦.
૧૬ ,, ૧૧.
૧૭ ,, ૧૨.
૧૮ સ્કપ્રભ ૧૩.
૧૯ ,, ૧૪.
૨૦ ,, ૧૫.
૨૧ ,, ૧૬.
૨૨ ,, ૧૭.
૨૩ ,, ૧૮.
૨૪ ,, ૧૯.
૨૫ ,, ૨૦.
૨૬ ,, ૨૧.
૨૭ ,, ૨૨.
૨૮ ,, ૨૩.
૨૯ ,, ૨૪.

પિંડારકતીર્થ.૨૦ કનખલતીર્થ ૩૧ ચક્રતીર્થ.૩૨ મનુષ્યતીર્થ –૩૩ કપિલાતીર્થ.૩૪ અગ્નિતીર્થ ૩૫ ગંગાનુમતીર્થ ૩૬ મહાવિનાયકતીર્થ ૩૭ પાર્શ્વેશ્વર ૩૮ કૃષ્ણતીર્થ ૩૯ મામુદ્ગદ ૪૦ ત્યા મુદ્ગલેશ્વર ૪૧ ચંડિકાશ્રમ ૪૨ નાગદ્રહ (નાગોદ્ભવ)તીર્થ ૪૩ શિવ ગ(વિ)ગાકુંડ ૪૪ શિવવિગમકેશ્વર ૪૫ કામેશ્વર ૪૬ માર્કંડેયાશ્રમ ૪૭ ઉદ્દાલકેશ્વર ૪૮ સિદ્ધેશ્વર અને -૬ ૪૯ ગજતીર્થ.૫૦ દેવખાતતીર્થ ૫૧ વ્યાસતીર્થ.૫૨ ગૌતમાશ્રમ ૫૩ કુબસતા-ણતીર્થ ૫૪ ગમનતીર્થ ૫૫. કોટિતીર્થ ૫૬ ચંદ્રોદ્ભેદતીર્થ ૫૭ ઈશાનશિખર ૫૮ ચક્રપદતીર્થ ૫૯ ત્રિપુષ્કરતીર્થ ૬૦ રુદ્રદ્રહ ૬૧ ગુહેશ્વર ૬૨ અવિમુક્તક્ષેત્ર ૬૩ ઉમામાહેશ્વરતીર્થ ૬૪ મહીજસતીર્થ ૬૫ ન મ્રતીર્થ ૬૬ ગંગાધરતીર્થ.૬૭ કે(ઙ)ટેશ્વર ૬૮ ગંગેશ્વ.૬૯

૩૦	૨૬પ્રત્ય	૨૫	૫૦	૨૬પ્રત્ય	૪૪.
૩૧	,,	૨૬	૫૧	,,	૪૫
૩૨	,,	૨૭	૫૨	,	૪૬.
૩૩	,,	૨૮	૫૩	,,	૪૭
૩૪	,	૨૯	૫૪	,,	૪૮
૩૫	,,	૩૦	૫૫	,,	૪૯
૩૬	,,	૩૧	૫૬	,	૫૦
૩૭	,,	૩૨	૫૭	,	૫૧
૩૮	,	૩૩	૫૮	,	૫૨
૩૯		૩૪	૫૯	,,	૫૩
૪૦	,	૩૫	૬૦	,,	૫૪
૪૧	,,	૩૫ ૫૩	૬૧	,	૫૫
૪૨	,,	૩૬	૬૨	,	૫૬
૪૩	,,	૩૭	૬૩	,,	૫૭
૪૪	,	૩૮	૬૪	,	૫૮
૪૫	,,	૩૯	૬૫	,,	૫૯
૪૬		૪૦	૬૬	,	૬૦
૪૭	,,	૪૧	૬૭	,	૬૧
૪૮		૪૨	૬૮	,	૬૨ ૧
૪૯	,,	૪૩	૬૮	,,	૬૨ ૨

અવન્તિ

[૧] ઉજ્જૈન શહેર.[૧] જુઓ અવન્તી[૨], ઉજ્જયિની

[૨] તે નામની નદી[૨] જુઓ અવન્તી [૨]

[૩] ઉજ્જૈન જેની રાજધાની હતુ તે દેશ અવન્તય આવન્તા, આવન્ત્યા એવા વિવિધ નામે આ દેશ ઓળખાયો છે રામાયણ[૩] અને મહાભારત[૪]મા તેના ઉલ્લેખો છે વનપર્વ[૫] અવન્તિને પશ્ચિમ દિશામા ગણાવે છે જ્યારે સભાપર્વ સહદેવના દક્ષિણ દિગ્વિજયમા[૬] આવન્ત્ય ગણાવે છે મત્સ્ય[૭], 'આવન્ત'ને મધ્યદેશમા મૂકે છે અને 'અવન્તિ[૮]'ની વિન્ધ્યવાસીઓમા ગણના કરે છે વાયુ[૯], બ્રહ્માડ[૧૦] અને માર્કંડેય[૧૧] પણ. માર્કંડેય વળી આવન્ત્ય'[૧૨]ને અર્બુદ વગેરે સાથે અપરાન્તમા પણ મૂકે છે

અવન્તિ

૧ જુઓ અવન્તિકા ૧.

૨ જુઓ પારિયાત્ર ૫

૩ રા કિ ૪૧ ૧૦ આવન્તીમવન્તીં ચ.. ।

૪ મભી ૧૦ ૪૧
કુન્તયોऽવન્તયશ્ચૈવ તથૈવાપરકુન્તય ॥

૫ મ ૮૭ ૧
અવન્તિષુ પ્રતીચ્યા વૈ કીર્તયિષ્યામિ તે દિશિ ।

૬ મસ ૨૮ ૧૦

૭ મ ૧૧૪ ૩૬
આવન્ત્યાશ્ચ કલિંગાશ્ચ મૂકાશ્ચૈવાન્ધકૈ સહ ।
મધ્યદેશા જનપદા પ્રાયશ પરિકીર્તિતા ॥

૮ જુઓ અનૂપ ૪

૯ જુઓ અનૂપ ૨

૧૦ ,,

૧૧ મા ૫૪ ૫૫
અવન્ત્યાસ્તુષ્ટિકારાશ્ચ વીરહોત્રા હ્યવન્તય ।
એત જનપદા સર્વે વિન્ધ્યપૃષ્ઠનિવાસિન: ॥

૧૨ અપરાન્ત ૪

પુરાણો પ્રમાણે દૈદ્યોની ૫ચ શાખાઓ થઇ તે[૧૩] ૧ વીતિહોત્ર, ૨ ભોજ, ૩ અવન્તિ, ૪ તુડિકેર અને ૫ તાલજઘ તેમાંથી ભુવનકોશવર્ણનમાં વિન્ધ્યપૃષ્ઠનિવાસીઓમા ૧, ૩ અને ૪ ગણવામાં આવ્યા છે[૧૪]

પાણિનિ (૪ ૧ ૧૭૬) અવન્તિનો ઉલ્લેખ કરે છે

મહાભારતમાં ભારતદ્વીપના સોળ જનપદોમાના એક તરીકે અવન્તિને ગણાવેલ છે[૧૫] બે ધિસત્તવાવદાન અવન્તિના ઉદયન રાજાનો વારવાર ઉલ્લેખ કરે છે[૧૬] ભદ્રશાવદાનમા પણ અવન્તિ સમીપે જ્યોપુરો-ઉત્તર અને નલકચ્છેતા હતા એમ ઉલ્લેખ છે[૧૭] પાલીગ્રંથો અવન્તિના પાટનગર તરીકે ઉજ્જેની કે ઉજ્જયિનીને ગણાવે છે[૧૮] પણ ગોવિન્દસુત્તમા માહિસ્મતીને એની રાજધાની ગણાવી છે[૧૯]

કાલિદાસ રઘુવંશ (૬ ૩૨) અને મેઘદૂત (૧ ૩૦) મા અવન્તિનો ઉલ્લેખ કરે છે તેના મુખ્ય નગર તરીકે વિદીશા (૧ ૩૦) નુ વર્ણન કર્યું છે પણ તે જ ઉજ્જયિની કેમકે પૂર્વે ૨૭ મા શ્લોકમા તેની જ વાત શરૂ કરીને વિશાલાનું વર્ણન આપ્યુ છે

બૃહત્સંહિતા (૧૪ ૧૨) 'આકરવેણ્વાવર્ત્તક'ને દક્ષિણમા ગણાવે છે દશકુમારચરિત (ઉચ્છ્વાસ ૫) અવન્તિનગરી ઉજ્જયિનીને વિદ્યાક્ષેત્ર તરીકે વર્ણવે છે અનર્ઘરાઘવ (૭ ૧૦૮) અવન્તિ દેશની રાજધાની તરીકે ઉજ્જયિનીને ગણાવે છે

રુદ્રદામનના શિલાલેખમા 'આકરાવન્તિ' મળે છે[૨૦] તે ઉપરથી બોમ્બે ગેઝેટિયરમા[૨૧] અવન્તિ તે ઉજ્જૈનવાળો માળવાનો ભાગ

---

૧૩ હ૦ વ૦ ૩૨ ૫૨ થ્ર ૧૧ ૨૦૩–૦૪ મ ૪૩ ૪૮–૯

૧૪ જુઓ અનુપ ૨

૧૫ જૈનોએ પૃ૦ ૩૩

૧૬ ,,

૧૭ ,

૧૮ દા ત દીપવંશ–ઓલ્ડેનબર્ગની આવૃત્તિ પૃ૦ ૫૭

૧૮ દીર્ઘનિકાય ૧૯ ૩૬ ,

૨૦ જુઓ આનર્ત ૧૬

૨૧ બોગે ૧ પૃ૦ ૩૬ પાદટીપ ૧

અને આકર તે અત્યારનું ભીયમા–જેની પુરાતન રાજધાની વિદિશા (આજનું બેસનગર) હતી એમ નોંધી, બૃહત્સંહિતાના આકરવેણ્વા-વર્તકમાથી વેણ્વા તે પંડિત ભગવાનલાલને મતે સાગર જિલ્લાનું બેરણ (જેની નજીક વેણ્વા નદી આજે પણ વહે છે) એમ ઉમેર્યું છે. આકર તે પૂર્વ માળવા અને અવન્તિ તે પશ્ચિમ માળવા એમ દર્શાવવા પૂર્વ અને પશ્ચિમ દિશાસૂચક પૂર્વાપર વિશેષણો પણ વપરાય છે.[૨૨] આકર અને અવન્તિ આકરावन्ति એવો સમાસ પ્રયોગ જ અહીંથી મળે છે.[૨૩]

અવન્તિ જુદી જુદી દિશામાં–કયારેક પશ્ચિમમા તો કયારેક દક્ષિણમા આપવામા આવે છે અને અવન્તિ અપરાન્ત વિભાગમાં અને આવન્ત્ય વિન્ધ્ય પૃષ્ઠ પર ગણાવવામા આવે છે, એ બધા પરથી એ જ સૂચિત થાય છે કે અવન્તિ–આવન્ત્ય–દેશ વિન્ધ્યની પશ્ચિમે બંને પડખે ફેલાયલો હતો. જુદે જુદે વખતે, અથવા તો એકી સાથે તે અવન્તિ અને આવન્ત્યના નોખા નોખા નામથી ઓળખાતો. પશ્ચિમ માળવા તો અવન્તિ ખરો જ, જેની રાજધાની ઉજ્જયિની વિખ્યાત છે. ઉપરાન્ત વિન્ધ્યપૃષ્ઠ એટલે કે સાતપૂડા તરફના પડખાનો પ્રદેશ પણ અવન્તિ નામ ધરાવતો હશે એમ વિન્ધ્યપૃષ્ઠનિવાસીમા તેની ગણના થઈ હોવાથી સમજાય છે. હૈહયની પાચ શાખાઓમાની એકનુ નામ અવન્તિ છે એ હકીકત પણ માહિષ્મતી આસપાસમા અવન્તિ હોવાનુ સૂચવે છે. ગોવિંદસુત્ત તો ઉપર જોયુ તેમ માહિષ્મતીને અવન્તિની રાજધાની ગણાવે પણ છે. વનપર્વમા[૨૪] 'આ વિન્ધ્ય દેખાય, અવન્તિ અને ઋક્ષ પર્વત વટાવી દક્ષિણાપથના માર્ગો જાય છે' એમ કહ્યું છે તે પણ ઋક્ષ–સાતપૂડા–ને અવન્તિની સરહદ સ્પર્શતી હોવાનુ સૂચવે છે આ

---

૨૨ જુઓ ૭ પૃ૦ ૨૫૯, મોર્ગે ૧૬ પૃ૦ ૬૩૧.

૨૩ જુઓ નાશિકનો ગોતમીપુત્રનો લેખ ૨૬.

૨૪ ભવ ૫૮.—

ત્ત ગચ્છન્તિ બહવ પન્થાનો દક્ષિણાપથમ્ ।
અવન્તિમૃક્ષવન્ત ચ સમતિક્રમ્ય પર્વતમ્ ॥ ૨૦
એષ વિન્ધ્યો મહાશૈલ પયોષ્ણી ચ સમુદ્રગા । ૨૧

૨૫ માર્ક૦ પૃ૦ ૩૪૦, ૩૪૫.

ઉલ્લેખ અને સભાપર્વમાં આવન્ત્ય પછી નર્મદા તટ્ટ સદ્દદેવ જાય છે તે વર્ણન ઉપરથી જેમાં થઈને નર્મદા વહેતી એવા દેશ તરીકે પાર્જિટર[૨૫] અવન્તિને જુએ છે.

અક્ષપત્ત રુદ્રદામનના ગિરનારશિલાલેખમાંના અનૂપનો અલગ ઉલ્લેખ હોઈ નર્મદાતટના પ્રદેશ સિવાયનો પ્રદેશ, ઉજ્જૈન આસપાસનો માળવા જ અવન્તિથી વિવક્ષિત છે. ખી. સી. લૉ, અત્યારના માળવા, નિમાર, અને મધ્યપ્રાંતનો નજીકનો ભાગ તે અવન્તિ એમ કહે છે.[૨૬]

રૂલાઝ રેવિડ્સનું માનવું છે કે સાતમી-આઠમી સદી પછી અવન્તિને માળવા કહે છે[૨૭]

જુઓ આવન્ત, આવન્ત્ય, અવન્ત્ય, આવન્ત્યમડલ.

અવન્તિ–ક્ષેત્ર

ઉજ્જૈન કરતું ક્ષેત્ર. સ્કન્દનો પાચમો ખંડ તે આખો અવન્તીને અંગે છે અને આવન્ત્યખંડને નામે ઓળખાય છે. તેમાં પ્રથમ ભાગ 'અવન્તીક્ષેત્ર માહાત્મ્ય,' બીજો 'અવન્તીસ્થ ચતુરશીતિ લિંગ માહાત્મ્ય' અને ત્રીજો 'રેવાખંડ' નામે છે. પ્રથમ બે ભાગની વીગતો અવન્તી નગરી કરતા ક્ષેત્રને લગતી હોઈ અત્રે વીગતવાર આપી છે —

જ્યા મહાકાલ ભગવાન છે તે મહાકાલવનનું એક યોજન પર્યંતનું ક્ષેત્ર છે;[૧] સ્મશાન, ઊપર, ક્ષેત્ર, પીઠ અને વન–એ પાચ ચીજો મહાકાલપુર સિવાય અન્ય કોઇ તીર્થમા એકત્ર મળતી નથી[૨]

ઉપરાત નીચેના તીર્થો ત્યાં છે —

---

૨૬ જ્યોગ્રે પૃ૦ ૩૩

૨૭ બુદ્ધિસ્ટ ઇન્ડિયા પૃ૦ ૨૮

અવન્તિક્ષેત્ર

૧ સ્કઆઅ ૧.૭

૨ સ્કઆઅ ૧.—

સ્મશાનં ઊપર ક્ષેત્ર પીઠ તુ વનમેવ ચ ॥૪૧

પચૈકત્ર ન લભ્યતે મહાકાલપુરાદૃત ॥૪૨

કપાલમોક્ષણ તીર્થ,[૩] કલકલેશ્વર, કનહનાશન કુંડ,[૪] અપ્સરતીર્થ-અપ્સરા કુંડ[૫] માહિષકુંડ[૬] કુટુમ્બિકેશ્વર,[૭] વિદ્યાધરતીર્થ,[૮] ગાગરી ગુફા,[૯] મ(ક)ર્કટેશ્વર,[૧૦] શીતલા,[૧૧] સ્વર્ગદ્વાર,[૧૨] રાજસ્થલતીર્થ ચતુ સમુદ્રતીર્થની વચ્ચે રાજસ્થલ આવેલુ છે સુદ્યુમ્ન રાજાની સુદર્શના નામની પત્નીને દાદ્ધ્ય મુનિએ એ ચતુ સમુદ્રમા સ્નાન કરવાથી પુત્રપ્રાપ્તિ થશે એમ કહ્યું હતું સુદ્યુમ્ન શિવનુ આરાધન કરવા ગધમાદન ગયો અને ત્યાથી શિવે કહેવાથી કુશસ્થલી (અવન્તી) ગયો ચતુ સમુદ્રના આરાધનથી ચારે સમદ્રો-ક્ષાર, ક્ષીર, દધિ અને ઈક્ષુ સમુદ્રો-ઉપસ્થિત થયા રાજાએ વરદા। માગતા સમુદ્રોએ કલ્પના અત સુધી રાજસ્થલ પાસે રહેવાનુ સ્વીકાયુ[૧૩] શકરવાપીતીર્થ,[૧૪] શકરાદિત્ય,[૧૫] નીલગન્ધવતી,[૧૬] દશાશ્વમેધતીર્થ,[૧૭] એકાનશા[૧૮] હરસિદ્ધિ,[૧૯] વટયક્ષિણી[૨૦] પિશાચકતીર્થ,[૨૧] શિપ્રાગુહેશ્વર,[૨૨] અગસ્ત્યેશ્વર,[૨૩] હુંઢેશ્વર,[૨૪] ડમરુકેશ્વર,[૨૫] અનાદિકલ્પેશ્વર,[૨૬] સિદ્ધેશ્વર,[૨૭] વીરભદ્ર,[૨૮] ચંડિકા,[૨૯] સ્વર્ણજનેશ્વર[૩૦] કર્કોટકેશ્વર,[૩૧] કપાલેશ્વર,[૩૨] સ્વર્ગદ્વારતીર્થ[૩૩] (છેલ્લા ૧૪ તીર્થની 'ચતુર્દશતીર્થ'

---

૩ સ્કન્દ અ ૬
૪ ,, ૮૮૬
૫ ,, ૮.૨૭
૬ , ૯
૭ ,, ૧૦,૬૭૧
૮ , ૧૧
૯ ,, ૧૧૬
૧૦ ,, ૧૨૧
૧૧ , ૧૨૪
૧૨ ,, ૧૨૧૩
૧૩ , ૧૪
૧૪ ,, ૧૫૧
૧૫ ,, ૧૫૧૬
૧૬ , ૧૬
૧૭ ,, ૧૭
૧૮ ,, ૧૮.
૧૯ સ્કન્દ અ ૧૬
૨૦ ,, ૨૦૧
૨૧ ,, ૨૦૨
૨૨ ,, ૨૦૫
૨૩ ,, ૨૦૬
૨૪ ,, ૨૦૭
૨૫ ,, ૨૦૬
૨૬ , ૨૦૧૦
૨૭ ,, ૨૦૧૨
૨૮ ,, ,,
૨૯ ,, ,,
૩૦ ,, ૨૦૧૩
૩૧ , ૨૦૧૪
૩૨ ,, ૨૦૧૬
૩૩ ,, ,,

તરીકે ગણના થઈ છે.) હનુમતેશ્વર,[૩૪] રુદ્રસર,[૩૫] યમેશ્વર,[૩૬] કોટે(ટી)શ્વર,[૩૭] કપિ(પા)લેશ્વર,[૩૮] પિપ્પલેશ્વર,[૩૯] સપ્તેશ્વર,[૪૦] ઈશાનતીર્થ,[૪૧] સોમેશ્વર,[૪૨] વૈશ્વાનરેશ્વર,[૪૩] લકુલીશતીર્થ,[૪૪] ગદાણેશ્વર,[૪૫] અભ્યર્થિતેશ્વર,[૪૬] મહાકાલ,[૪૭] પ્રાણીશ,[૪૮] દંડપાણિ[૪૯] પુષ્પદંત,[૫૦] યુદ્ધમહાકાલ,[૫૧] દુર્વાસેશ્વર,[૫૨] મહાદુર્ગા[૫૩] કાલેશ્વર,[૫૪] વિધીશ.[૫૫] (અહીં મહાકાલેશ્વર યાત્રા માહાત્મ્ય.)[૫૬] વાલ્મીકેશ્વર,[૫૭] શુક્રે(કલે)શ્વર,[૫૮] ભીમેશ્વર,[૫૯] ગર્ગેશ્વર,[૬૦] કામેશ્વર,[૬૧] ચૂડામણીશ્વર,[૬૨] ચંડીશ્વર.[૬૩] (અહીં મહાકાલવન માહાત્મ્ય.)[૬૪] પિંગલેશ,[૬૫] કાયાવરોહણેશ્વર.[૬૬] બિલ્વેશ,[૬૭] ઉત્તરેશ્વર,[૬૮] (અહીં પંચેશાની યાત્રા વિશે).[૬૯] પછી કલ્પ સપ્ત મહિમા[૭૦] આપતાં સાત કલ્પમાં જુદાં જુદાં નામ વાળી આ નગરીની પ્રદક્ષિણાનું ફળ કહ્યું છે. સાત નામ તે કુશસ્થલી, પદ્માવતી, સ્વર્ણશૃંગારિકા, અવન્તિની, અમરાવતી, ઉજ્જયિની અને વિશાલા. આ સાતેને 'દેવી'ઓ કહી છે. એટલે મહાકાલવનમાં આ

---

૩૪ ૨૬આંક ૨૧.૩;૨૩.૮
૩૫ ,, ૨૧.૨૦;૨૨.૪
૩૬ ,, ૨૨.૧
૩૭ ,, ૨૨.૫;૨૩.૨
૩૮ ,, ૨૩.૭
૩૯ ,, ૨૩.૯
૪૦ ,, ૨૩.૧૦
૪૧ ,, ૨૩.૧૨
૪૨ ,, ,,
૪૩ ,, ૨૩.૧૩
૪૪ ,, ૨૩.૧૪
૪૫ ,, ૨૩.૧૫
૪૬ ,, ૨૩.૧૬
૪૭ ,, ૨૩.૧૭
૪૮ ,, ૨૩.૧૮
૪૯ ,, ૨૩.૨૦
૫૦ ,, ૨૩.૨૧
૫૧ ,, ૨૩.૨૨
૫૨ ૨૬આંક ૨૩.૨૩
૫૩ ,, ૨૩.૨૪
૫૪ ,, ૨૩.૨૫
૫૫ ,, ૨૩.૨૬
૫૬ ,, ૨૩.૩૦–૪૧
૫૭ ,, ૨૪.
૫૮ ,, ૨૫.૧
૫૯ ,, ૨૫.૨
૬૦ ,, ૨૫.૩
૬૧ ,, ૨૫.૬
૬૨ ,, ૨૫.૭
૬૩ ,, ૨૫.૮
૬૪ ,, ૨૬.૧
૬૫ ,, ૨૬.૬
૬૬ ,, ૨૬.૭
૬૭ ,, ,,
૬૮ ,, ૨૬.૮
૬૯ ,, ૨૬.૧૧-૨૭
૭૦ ,, ૨૬.૨૮.૩૪

નામની સાત દેવીઓનાં તીર્થ, એથી સૂચિત છે, જેમની પૂજાવિધિ અને પ્રદક્ષિણા કરવાથી મહત્ ફળ મળે એમ કહ્યું છે. અક્રૂરેશ્વર,[૭૧] અહોત્તર સ્થાન,[૭૨] મંદાકિની કુંડ,[૭૩] અંકપાદ;[૭૪] શંખિન, વિશ્વરૂપ, ગોવિંદ, ચક્રિણ અને પાંચમા અંકપાદ;[૭૫] શંખોદ્ધાર,[૭૬] કરીકુંડ,[૭૭] ચંદ્રાદિત્ય,[૭૮] કરભેશ,[૭૯] ગણેશ,[૮૦] કુસુમેશ,[૮૧] જયેશ્વર,[૮૨] શિવદ્વાર,[૮૩] માર્કંડેયેશ્વર,[૮૪] બ્રહ્માણી;[૮૫] બ્રહ્મસર, બ્રહ્મેશ્વર;[૮૬] યજ્ઞવાપી,[૮૭] પશુપતિ,[૮૮] રુદ્રપુર,[૮૯] રૂપકુંડ,[૯૦] અનંગકુંડ,[૯૧] અનંગધકુંડ,[૯૨] ચક્રતીર્થ,[૯૩] સિદ્ધેશ્વર, [૯૪] સોમેશ્વરલિંગ,[૯૫] સોમતીર્થ–સોમવતીતીર્થ,[૯૬] અનરક તીર્થ,[૯૭] કેદારેશ્વર[૯૮] જટાશૃંગ, જટેશ્વર;[૯૯] ઇંદ્રતીર્થ, ઇંદ્રેશ્વર;[૧૦૦] કુંડેશ્વર;[૧૦૧] ગોપતીર્થ, ગોપેશ્વર;[૧૦૨] ચિપિટાતીર્થ,[૧૦૩] આનંદેશ્વર,[૧૦૪] રામેશ્વર;[૧૦૫] સૌભાગ્યતીર્થ, સૌભાગ્યેશ્વર;[૧૦૬] ઘૃતતીર્થ,[૧૦૭] યોગીશ્વરી,[૧૦૮] શંખાવર્ત;[૧૦૯], સુધા

---

૭૧ સ્કંઆઅ ૨૬.૩૫
૭૨ ,, ૨૬.૫૭
૭૩ ,, ૨૬.૫૯-૧૨૦
૭૪ ,, ૨૭.
૭૫ ,, ૨૭. ૧૧૧
૭૬ ,, ૨૭.૧૧૨
૭૭ ,, ૨૭.૧૧૫;૨૮.૪૪
૭૮ ,, ૨૮.૨
૭૯ ,, ૨૮.૪
૮૦ ,, ૨૮.૨૧
૮૧ ,, ૨૮.૨૮
૮૨ ,, ૨૮.૨૯
૮૩ ,, ૨૮ ૩૦
૮૪ ,, ૨૮.૩૧
૮૫ ,, ૨૮.૩૩
૮૬ ,, ૨૮.૩૬
૮૭ ,, ૨૮.૩૭
૮૮ ,, ૨૮.૩૯
૮૯ ,, ૨૮.૪૦;૩૧ ૭૬; ૫૬.૫૧
૯૦ સ્કંઆઅ ૨૮.૪૧
૯૧ ,, ૨૮.૪૨
૯૨ ,, ૨૮.૪૫
૯૩ ,, ૨૮.૪૬
૯૪ ,, ૨૮.૪૭
૯૫ ,, ૨૮.૪૯
૯૬ ,, ૨૮.૫૦-૨૦૨
૯૭ ,, ૨૯.;૩૦.
૯૮ ,, ૩૧ ૧
૯૯ ,, ૩૧.૪
૧૦૦ ,, ૩૧.૬
૧૦૧ ,, ૩૧.૭
૧૦૨ ,, ૩૧.૮
૧૦૩ ,, ૩૧.૯
૧૦૪ ,, ૩૧.૧૦
૧૦૫ ,, ૩૧.૧૧
૧૦૬ ,, ૩૧.૫૦
૧૦૭ ,, ૩૧.૫૧
૧૦૮ , ૩૧.૫૨
૧૦૯ ,, ૩૧.૫૩

(શુદ્ધો)૬૬, સુધે(શુધ્ધે)શ્વર,૧૧૦ ત્રિપુનક;૧૧૧ ધારાતીર્થ, કપિલધારા;૧૧૨ પત્તનેશ્વર,૧૧૩ દુર્ધર્ષ૧૧૪ સૂર્યસંસ્કૃત,૧૧૫ ગોપીન્દ્ર૧૧૬ ગંગાતીર્થ,૧૧૭ પુષ્પકરંડ,૧૧૮ ઉત્તરેશ્વર૧૧૯ ભૂતેશ્વર૧૨૦ અંબાલિકા,૧૨૧ ધંટેશ્વર,૧૨૨ પુરૂષેશ્વર,૧૨૩ લં(લું)પેશ્વર,૧૨૪ સ્થવિરવિનાયક,૧૨૫ નવનદી,૧૨૬ કામોદક,૧૨૭ પ્રયાગેશ,૧૨૮ નગદિય,૧૨૯ કેશવાદિત્ય,૧૩૦ શક્તિભેદ,૧૩૧ ભદ્રવટ,૧૩૨ વટમાતાઓ, ચર્પટમાતાઓ,૧૩૩ પૌલમાતાઓ;૧૩૪ કોટિતીર્થ, કોટીશ્વર;૧૩૫ શક્તિધર,૧૩૬ સ્વર્ણક્ષુર,૧૩૭ ચક્રવાણી,૧૩૮ વિષ્ણુવાણી,૧૩૯ અભયેશ્વર,૧૪૦ અગસ્ત્યેશ્વર,૧૪૧ મહાકાલ, શિવપદ,પાવક;૧૪૨ અભયેશ્વર,૧૪૩ અંગારેશ્વર,૧૪૪ વાગધક,૧૪૫ નરદીપ,૧૪૬ શંખો (વગો)દ્ધારણ,૧૪૭ ઓકાર,૧૪૮ શૂલેશ્વર–હાટકેશ્વર૧૪૯ ધૂતપાપ,૧૫૦

---

૧૧૦ ૨૬અધ્યા ૩૧.૫૪
૧૧૧ ,, ૩૧.૫૫
૧૧૨ ,, ૩૧.૫૮
૧૧૩ ,, ૩૧.૬૨
૧૧૪ ,, ૩૧.૬૬
૧૧૫ ,, ૩૧.૬૭
૧૧૬ ,, ૩૧.૭૧
૧૧૭ ,, ૩૧.૭૫
૧૧૮ ,, ૩૧.૭૬
૧૧૯ ,, ૩૧.૭૭
૧૨૦ ,, ૩૧.૭૮
૧૨૧ ,, ૩૧.૮૦
૧૨૨ ,, ૩૧.૮૧
૧૨૩ ,, ૩૧.૮૩
૧૨૪ ,, ૩૧.૮૪
૧૨૫ ,, ૩૧.૮૬
૧૨૬ ,, ૩૧.૮૮
૧૨૭ ,, ૩૧.૮૯
૧૨૮ ,, ૩૧.૯૦
૧૨૯ ,, ૩૨.

૧૩૦ ૨૬અધ્યા ૩૩.
૧૩૧ ,, ૩૪.
૧૩૨ ,, ૩૪.૭૭.
૧૩૩ ,, ૩૪.૮૨;૩૬.૨; ૩૭.૨૪
૧૩૪ ,, ૩૪.૮૩
૧૩૫ ,, ૩૪.૯૧
૧૩૬ ,, ૩૪.૯૬
૧૩૭ ,, ૩૫.૧
૧૩૮ ,, ૩૫.૨
૧૩૯ ,, ૩૫.૪
૧૪૦ ,, ૩૫.૫;૩૭.૩૧
૧૪૧ ,, ૩૫.૬
૧૪૨ ,, ૩૬.૧
૧૪૩ ,, ૩૬.૨
૧૪૪ ,, ૩૬.૩;૩૭.૪૨
૧૪૫ ,, ૩૬.૩૭
૧૪૬ ,, ૩૬,૪૩-૭૩
૧૪૭ ,, ૩૬.૭૪-૮૨
૧૪૮ ,, ૩૭.૧
૧૪૯ ,, ૩૭.૩-૪
૧૫૦ ,, ૩૭.૯-૧૨

સિદ્ધેશ્વર,૧૫૧ કપેશ્વર,૧૫૨ ચામુડા આદિ આનન્ત્ય માતાઓ,૧૫૩ રત્નકુડ, નીલગ્રીવ,૧૫૪ પિશાચમોચન, નીલગગા, કર્કરાજ,૧૫૫ સુંદરકુડ,૧૫૬ પુષ્કર,૧૫૭ ગયાતીર્થ,૧૫૮ ગોમતીકુડ, ધર્મસર, સંગમતીર્થ,૧૫૯ ચ્યવનાશ્રમ,૧૬૦ નાગાલય,૧૬૧ પુરુષોત્તમસર,૧૬૨ જ્વરઘ્નીતીર્થ,૧૬૩ પાપનાશિનીતીર્થ,૧૬૪ અમૃતોદ્ભવાતીર્થ નામથી કહ્યા ૨૧ કુડોને શિપ્રાના જલસિચને અમૃતથી ભર્યા તે ઉપરથી,૧૬૫ નીન (લીન) ગગા,૧૬૬ પિશાચમોચનેશ,૧૬૭ ત્રિ-પ્રવાહિની,૧૬૮ વિમલોદ,૧૬૯ ક્ષાતાસગમ,૧૭૦ શનૈશ્ચરલિગ-એ જ સ્થાવરેશ૧૭૧ યજ્ઞકુડ,૧૭૨ ચ્યવનેશ્વર,૧૭૩ પુરુષોત્તમગિરિ,૧૭૪ શુદ્ધગયા,૧૭૫ કપ્પુ ૧૭૬ આદિગયા,૧૭૭ વિષ્ણુપોડશપદીતીર્થ,૧૭૮ પ્રાચીમજ્જની,૧૭૯ ગયાકોષ્ઠ, ગદાધરપદ, પોડશીવેદિકા, અક્ષયવટ ૧૮૦ પ્રેતમુક્તિકરી શિલા અષ્ટોદા, નિમ્નગા,૧૮૧ જટેશ્વર, મહેશ્વર,૧૮૨ ભાર્ગવ રામતીર્થ,૧૮૩ કૌશિકી નદી,૧૮૪ ગોમતીકુડ,૧૮૫ કંથડેશ્વર,૧૮૬ ખ(સ્વ)ર્ગતી

---

૧૫૧ સ૬આઅ ૩૭.૨૬
૧૫૨ ,, ૩૭ ૨૮
૧૫૩ ,, ૩૮ ૩૪-૩૭,૪૩ ૩૬
૧૫૪ ,, ૪૪ ૩૦
૧૫૫ ,, ૪૬.૩
૧૫૬ ,, ,, ,૫૨ ૫૬,૫૩
૧૫૭ ,, ૪૬ ૪,૫૬ ૬૭
૧૫૮ , ,,
૧૫૯ ,, ૪૬ ૪
૧૬૦ ,, ,, ,૫૬ ૬૧,૫૭, ૮૫ ૫૬
૧૬૧ ,, ૪૬ ૪
૧૬૨ ,, ૪૬ ૫,૫૨ ૬૭,૬૦
૧૬૩ ,, ૪૬ ૪૧
૧૬૪ ,, ૫૦
૧૬૫ ,, ૫૧
૧૬૬ ,, ૫૨ ૬૬,૫૪
૧૬૭ ,, ૫૩ ૫૬
૧૬૮ ,, ૫૫ ૨૮
૧૬૯ ૨૬આઅ ૫૫ ૩૦
૧૭૦ ,, ૫૬ ૧
૧૭૧ ,, ૫૬ ૩,૫૩,૫૬ ૪
૧૭૨ ,, ૫૬ ૫૬
૧૭૨ ,, ૫૬ ૬૧
૧૭૪ ,, ૫૭ ૨૬
૧૭૫ ,, , , ૫૬ ૪
૧૭૬ , ,,
૧૭૭ ,, ૫૭ ૩૦,૫૬.૪
૧૭૮ ,, ,,
૧૭૯ ,, ૫૭ ૩૧
૧૮૦ ,, ૫૬ ૫
૧૮૧ ,, ૫૬ ૬
૧૮૨ , ૬૧ ૭
૧૮૩ ,, ૬૧ ૧૦
૧૮૪ ,, ૬૧ ૧૧
૧૮૫ ,, ૬૨.
૧૮૬ ,, ૬૩ ૧

સંગમ, ગંગેશ્વર,[૧૮૭] વીરે(વિશ્વે)શ્વર,[૧૮૮] વામનકુંડ,[૧૮૯] કાલ-ભૈરવ,[૧૯૦] નાગતીર્થ,[૧૯૧] ઐલાપત્રકુંડ, કપિલકુંડ, કર્કોટકકુંડ, ધનંજય-કુંડ, વાસુકિકુંડ, પન્નગકુંડ, તક્ષકકુંડ,[૧૯૨] પદ્મકકુંડ, અર્બુદકુંડ,[૧૯૩] રમાસર,[૧૯૪] બલિઆશ્રમ,[૧૯૫] નૃસિંહતીર્થ,[૧૯૬] ચતુર્મુખધરલિંગ[૧૯૭] ભદ્રકાની,[૧૯૮] ભૈરવ,[૧૯૯] દેવપ્રયાગ,[૨૦૦] આનંદભૈરવ,[૨૦૧] અખંડ મર[૨૦૨] અખંડેશ્વર,[૨૦૩] કર્કરાજ,[૨૦૪] વિધૂમાર્ચિસ્તીર્થ,[૨૦૫] રમ્યસર,[૨૦૬] બિલ્વેસર,[૨૦૭] મનકામેશ્વર.[૨૦૮]

અને ૪ નદીઓ, ૮૪ ઈશ્વરો, ૮ ભૈરવો, ૧૧ રુદ્રો, ૧૨ આદિત્યો, ૬ વૈનાયકો, ૨૪ દેવીઓ અને ૧૦ વિષ્ણુઓ ગણાવેલ છે[૨૦૯] આ પછી બીજા અધ્યાય (સ્કંદ ૭૦)ના અંતમા ૮૪ લિંગોના નામ આપ્યા છે. પણ તે ૮૪ લિંગો વિશે આવન્ત્યખંડનો બીજો વિભાગ આખો રેવાકાંઠામા આવ્યો છે, તે પ્રમાણે તે અહીં રજુ કર્યા છે પાઠભેદો પ્રથમ વિભાગના ૭૦મા અધ્યાયને આધારે હશે તે નીચે પાદટીપમા આપ્યા છે —

[નોંધ તે તે લિંગનું વર્ણન તે જ આંકના અધ્યાયમા છે]

૧ અગસ્ત્યેશ્વર, ૨ ગુહેશ્વર, ૩ દુંદેશ્વર, ૪ ડમરુકેશ્વર, ૫ અનાદિ કલ્પેશ્વર, ૬ સ્વર્ણજંઘેશ્વર, ૭ ત્રિવિષ્ટપેશ્વર, ૮ કપાલેશ્વર, ૯ સ્વર્ગ દ્વારેશ્વર, ૧૦ કર્કોટેશ્વર, ૧૧ સિદ્ધેશ્વર, ૧૨ લોકપાલેશ્વર, ૧૩ કામેશ્વર, ૧૪ કુહુમેશ્વર, ૧૫ ઇંદ્રદ્યુમ્નેશ્વર, ૧૬ ઈશાનેશ્વર, ૧૭ અપ્સરેશ્વર,

---

૧૮૭ સ્કંદ અધ્યાય ૬૩ ૩
૧૮૮ ,, ૬૩ ૬,૬૪ ૧
૧૮૯ ,, ૬૩ ૮
૧૯૦ ,, ૬૪ ૪
૧૯૧ ,, ૬૫ ૧
૧૯૨ ,, ૬૫ ૧૭
૧૯૩ ,, ૬૫ ૧૮
૧૯૪ ,, ૬૫ ૨૮
૧૯૫ ,, ૬૫ ૨૯
૧૯૬ ,, ૬૬
૧૯૭ ,, ૬૬ ૮
૧૯૮ ,, ૬૭ ૧
૧૯૯ સ્કંદ અધ્યાય ૬૭ ૧૦
૨૦૦ ,, ૬૮.૧
૨૦૧ ,, ૬૮ ૧
૨૦૨ ,, ૬૮.૩૪
૨૦૩ ,, ૬૮ ૩૫
૨૦૪ ,, ૬૯ ૨
૨૦૫ ,, ૬૯ ૪
૨૦૬ ,, ૭૦ ૨
૨૦૭ ,, ૭૦ ૬
૨૦૮ ,, ૭૦ ૧૦
૨૦૯ ,, ૭૦ ૨૯ ૫૨

૧૮ કલ્કનેશ્વર, ૧૯ નાગચડેશ્વર, ૨૦ પ્રતાહારેશ્વર, ૨૧ કુક્કુટેશ્વર, ૨૨ કર્કોટેશ્વર, ૨૩ મેધનાદેશ્વર, ૨૪ મહાવયેશ્વર [૨૧૦] ૨૫ મુક્તીશ્વર, [૨૧૧] ૨૬ સોમેશ્વર, ૨૭ અનરકેશ્વર, ૨૮ જટેશ્વર, ૨૯ રામેશ્વર, ૩૦ ચવનેશ્વર, ૩૧ ખડેશ્વર, [૨૧૨] ૩૨ પત્તનેશ્વર, ૩૩ આનદેશ્વર, ૩૪ કંથડેશ્વર, ૩૫ ઇંદ્રેશ્વર, ૩૬ માર્કંડેયેશ્વર, ૩૭ શિવેશ્વર ૩૮ કુસુમેશ્વર, ૩૯ અક્ષરેશ્વર, ૪૦ કુડેશ્વર, ૪૧ લુંપેશ્વર, ૪૨ ગગેશ્વર, ૪૩ અગાગકેશ્વર, ૪૪ ઉત્તરેશ્વર, ૪૫ ત્રિનેત્રનેશ્વર, [૨૧૩] ૪૬ વીરેશ્વર, [૨૧૪] ૪૭ નૂપુરેશ્વર, [૨૧૫] ૪૮ અભયેશ્વર, [૨૧૬] ૪૯ પૃથુકેશ્વર, [૨૧૭] ૫૦ સ્થાવરેશ્વર, ૫૧ શ્રેશ્વર, ૫૨ ઓકારેશ્વર, ૫૩ વિશ્વેશ્વર, ૫૪ કંટેશ્વર, [૨૧૮] ૫૫ સિદ્ધેશ્વર, ૫૬ રેવતેશ્વર, ૫૭ ધટેશ્વર ૫૮ પ્રયાગેશ્વર ૫૯ સિદ્ધેશ્વર ૬૦ મતગેશ્વર, [૨૧૯] ૬૧ સૌભાગ્યેશ્વર, [૨૨૦] ૬૨ રૂપેશ્વર, [૨૨૧] ૬૩ ધનુસાહસ્રેશ્વર, ૬૪ પશુપતીશ્વર, [૨૨૨] ૬૫ શ્રેયેશ્વર, [૨૨૩] ૬૬ જલપેશ્વર, ૬૭ કેદારેશ્વર, ૬૮ પિશાચેશ્વર, ૬૯ સગમેશ્વર, ૭૦ દુર્ધર્ષેશ્વર [૨૨૪]

---

૨૧૦ મહાકાલેશ્વર ૨૧૧ મુક્તેશ્વર ૨૧૨ અખડેશ્વર

૨૧૩ અવતીની હદ્ર પ્રમાણે 'નામદારપુરા'મા આ મહાદેવ છે (વેકટેશ્વર આવૃત્તિ)

૨૧૪ અવતીની હદ્ર પ્રમાણે 'હાન સર્વેશ્વર નામના ગૃહસ્થના ઘરની દક્ષિણે આ સ્થાન છે.' (વે આ)

૨૧૫ અવતીની હદ્ર પ્રમાણે 'ડાવરી માહે આ સ્થળ છે (વે આ)

૨૧૬ , , 'ખડીકનાડામાહે દાહણી દરવાજે' આ સ્થળ છે (વે આ)

૨૧૭ , 'દેવપ્રયાગ ઉપર' આ સ્થળ છે (વે આ)

૨૧૮ કટકેશ્વર

૨૧૯ માતગેશ્વર , 'વજભાણુની ગલીમાહે' આ સ્થળ છે (વે આ)

૨૨૦ અવતીની હદ્ર પ્રમાણે 'સામનોરના ઘર પાસે' આ સ્થળ છે (વે આ)

૨૨૧ ,, , 'જનાર્દનજીને પીછે' આ સ્થળ છે (વ આ)

૨૨૨ ,, , 'જ્યાનસાપુરા માહે આ સ્થળ છે (વ આ)

૨૨૩ , ,, 'દાન દરવાજે ગૌતમના ઘર પાસે' આ સ્થળ છે (વે આ)

૨૨૪ ,, ,, 'ગધર્વતીર્થપર' આ સ્થળ છે (વે આ)

૭૧ પ્રયાગેશ્વર, ૭૨ ચંદ્રાદિત્યેશ્વર,[૨૨૫] ૭૩ કરભેશ્વર, ૭૪ રાજરાજેશ્વર,[૨૨૬] ૭૫ વડવેશ્વર,[૨૨૭] ૭૬ અરુણેશ્વર, ૭૭ પુષ્પદંતેશ્વર, ૭૮ અવિમુક્તેશ્વર,[૨૨૮] ૭૯ હનુમતકેશ્વર,[૨૨૯] ૮૦ રત્નેશ્વર, ૮૧ પિંગલેશ્વર, ૮૨ કાયાવરોહણેશ્વર, ૮૩ બિલ્વેશ્વર, ૮૪ ઉત્તરેશ્વર.[૨૩૦]

અવન્તીક્ષેત્ર માહાત્મ્ય (સ્કંઆઅ ૭૦)ને અંતે ૮૪ લિંગો ગણાવતાં તેમાં ઉપરનામોમાંથી ૪૩, ૪૫, અને ૪૭ આપ્યાં નથી અને બીજાં અનેક ગણાવ્યાં છે. તે નીચે મુજબ છે: નીલકંઠેશ્વર,[૨૩૧] મનઃકામેશ્વર;[૨૩૨] દુર્વાસેશ્વર, ખર્પરેશ્વર;[૨૩૩] પાતાલેશ્વર, ગુપ્તેશ્વર, કપિલેશ્વર, યોગયોગેશ્વર;[૨૩૪] ભીમેશ્વર, અગ્નીશ્વર, દેવેશ્વર;[૨૩૫] દ્વાદશાર્કેશ્વર, દશાશ્વમેધિકેશ્વર, ગદાધરેશ્વર, વૈદ્યનાથેશ્વર;[૨૩૬] સોમનાથેશ્વર, ધુષ્મેશ્વર, ભીમશંકર;[૨૩૭] ઊપરેશ્વર, કેશવાર્કેશ્વર, શકિતભેદેશ્વર;[૨૩૮] વાલ્મીકેશ્વર, જ્વાલેશ્વર;[૨૩૯] વિનદ્યસ્નેશ્વર, ચંચલેશ્વર, પુરુષોત્તમેશ્વર,[૨૪૦]; કર્ણેશ્વર, કોટેશ્વર, વિમલેશ્વર, ચંદ્રેશ્વર;[૨૪૧] સિંદુકેશ્વર, વાલુકેશ્વર, બૃહસ્પતીશ્વર, અસંખ્યાતેશ્વર,[૨૪૨] નગાદિત્યેશ્વર, મંગલેશ્વર, બુધેશ્વર, બૃહસ્પતીશ્વર, શુક્રેશ્વર, રાહુતીર્થ, કેતુતીર્થ.[૨૪૩]

---

૨૨૫ ચંડાદિત્યેશ્વર.

૨૨૬ અવંતીની હસ્ત પ્રમાણે: 'રનછોરરાયની ગલી માહે' સ્થળ છે.(વે.આ.)

૨૨૭ ,, ,, 'સિદ્ધવટમાહે' આ સ્થળ છે. ,,

૨૨૮ ,, ,, 'માલફલામાહે' આ સ્થળ છે. ,,

૨૨૯ હનુમંતેશ્વર અવંતીની હસ્ત પ્રમાણે 'ગઢપરિ' આ સ્થળછે. ,,

૨૩૦ પાઠભેદ દુર્દુરેશ્વર (સ્કંઆઅ. ૮૧.૩૧-૩) કથામા દર્દુરની વાત છે એથી 'દર્દુરેશ્વર'નુ 'દુર્દુરેશ્વર' એવું પાઠાંતર થઈ ગયું હોવાની પણ સંભાવના વિચારવા જેવી છે. એને સ્કંઆઅ ૭૦.૮૭ થી ટેકો મળે છે દર્દુરેશ્વરસ્તત પ્રોક્તો દ્વારે ચોત્તરસંજ્ઞિકે। પાદટીપમાં દર્દુરેશ્વરને સ્થાને ઉત્તરેશ્વર આપે છે એટલે એક જ સ્થળ અભિપ્રેત છે.

૨૩૧ સ્કંઆઅ ૭૦.૭૧

૨૩૨ ,, ૭૦.૭૨

૨૩૩ ,, ૭૦.૭૩

૨૩૪ ,, ૭૦.૭૪

૨૩૫ ,, ૭૦.૭૫

૨૩૬ ,, ૭૦.૭૬

૨૩૭ ,, ૭૦.૭૭

૨૩૮ સ્કંઆઅ ૭૦.૭૮

૨૩૯ ,, ૭૦.૭૯

૨૪૦ ,, ૭૦.૮૦

૨૪૧ ,, ૭૦.૮૨

૨૪૨ ,, ૭૦.૮૩

૨૪૩ ,, ૭૦.૯૨-૯૪

અવન્તિકા

ઉજ્જૈન શહેર. તેનાં જુદા જુદા કલ્પમાં સાત નામ ગણાવવામાં આવ્યાં છે:[૧] પ્રથમ કલ્પમાં સ્વર્ણશૃંગા, બીજામાં કુશસ્થલી, ત્રીજામાં અવંતિકા, ચોથામાં અમરાવતી, પાંચમામાં ચૂડામણી, છઠ્ઠામાં પદ્માવતી અને સાતમામાં ઉજ્જયિની. જુદાં જુદાં નામ કેમ પડ્યાં તેને વિશે નામવાર એકેક અધ્યાય આપ્યો છે; તેમાં ચૂડામણિ વિશે અધ્યાય ખૂટે છે, જ્યારે ઉજ્જૈનનાં ત્રણ વધુ નામ–કુમુદ્વતી અને પ્રતિકલ્પા-વિશે એકેક અધ્યાય વધારામાં મળે છે.

અવંત્યભિધાન કથાવર્ણન–અધ્યાયમાં[૨] સં. અવ્–પાલન કરવું ઉપરથી 'અવન્તી' શબ્દ બેસાડવામાં આવ્યો છે. દૈત્ય-સૈન્યથી પરાજિત દેવો બ્રહ્માને શરણે જાય છે. અશરીરિણી વાચા એમને કુશસ્થલી તીર્થ સેવવા આદેશે છે. દેવતીર્થ આદિનું પાલન કરવાનું દેવોએ, એ સ્થળ છોડતાં, કહ્યું ત્યારથી અવંતી નામ પડ્યું[૩].

દશકુમારચરિત[૪] અવંતિકાપુર આપે છે.

જુઓ ઉજ્જયિની.

અવન્તિકા

૧ સ્કન્દપુરાણ ૩૬.—

શૃણુ વ્યાસ યથા પુરી દિવ્યા કુશસ્થલી ।
નામતઃ કર્મતઃ શ્રેષ્ઠા સપ્તકલ્પાનુવાસિની ॥ ૫
પ્રાક્કલ્પે સ્વર્ણશૃંગાખ્યા દ્વિતીયે તુ કુશસ્થલી ।
તૃતીયેઽવંતિકા પ્રોક્તા ચતુર્થે ત્વમરાવતી ॥ ૬
વિખ્યાતા પંચમે કલ્પે પુરી ચૂડામણીતિ ચ ।
ષષ્ઠે પદ્માવતી જ્ઞેયા સપ્તમે ચોજ્જયિની પુરી ॥ ૭

જુઓ અવન્તી.

૨ સ્કન્દપુરાણ ૪૨.

૩ સ્કન્દપુરાણ ૪૨.—

દેવતીર્થૌષધીબીજભૂતાના ચૈવ પાલનમ્ ॥ ૪૧
કલ્પે કલ્પે ચ યસ્યાં વૈ તેનાવંતી પુરી સ્મૃતા ।
અદ્યપ્રભૃતિ પુરી હ્યેષા નામ્નાવંતી કુશસ્થલી ॥ ૪૨

૪ પૂર્વ પીઠિકા ચતુર્થ ઉચ્છ્વાસ (અંતે).

અવન્તિની

ઉજ્જૈન શહેર[૧] જુઓ ઉજ્જયિની.

અવન્તી

[૧] ઉજ્જૈન શહેર.[૧] જુઓ અવન્તિ [૧], અવન્તિકા, ઉજ્જયિની.

[૨] તે નામની નદી, પારિયાત્રમાંથી નીકળતી.[૨] અલ્પનું[૩] દ્રવન્તી તે અવન્તીનું રૂપાન્તર લાગે છે. જુઓ અવન્તિ [૨].

[૩] અવન્તિ દેશ[૪]. જુઓ અવન્તિ [૩].

[૪]—ક્ષેત્ર, અવન્તી–ઉજ્જૈન–શહેર ફરતી જગા. જુઓ અવન્તિ-ક્ષેત્ર.

અવન્તી શબ્દ પૌરાણિકોએ 'અવ્–પાલન કરવું'માંથી સિદ્ધ કર્યો છે. (જુઓ અવન્તિકા.) અવ્માંથી વર્તમાન કૃદન્તનું અવન્તી રૂપ પણ મળે. પણ પાણિનિના સમયમાં પ્રચલિત શબ્દ અવન્તિ લાગે છે, અવન્તી રૂપ તેમણે ખાસ નિયમ આપી સાધ્યું છે. એકવાર અવન્તિ રૂપ મળ્યું એટલે હ્રસ્વ ઇકારાન્ત સ્ત્રીલિંગી શબ્દો દીર્ઘ ઈકારાન્ત રૂપ પણ પામે છે એ અનુસાર અવન્તી રૂપ પણ મળ્યું. પણ પાછળથી પૌરાણિકોએ તો અવ્માંથી સાધારણ ક્રમમાં જ મળેલો માનીને અવન્તી–શબ્દનો ઉપયોગ કર્યો છે. સ્કન્દનો આવન્ત્યખંડ ચાલુ અવન્તી જ પ્રયોજે છે. પણ દેશનામમાં પુરાણો અવન્તિ–અવન્તય સામાન્ય રીતે આપે છે. અવન્તયઃ, અવન્ત્યઃ, આવન્તા, આવન્ત્યાઃ, વગેરે પૌરાણિક રૂપોની વિવિધતા અને પાણિનિ અવન્તિ આપે છે એ જોતાં, એ બધાં જ સંસ્કૃતાભાસી રૂપોમાં મૂળ કોઈ દેશ્ય શબ્દ લપાયેલો હોવાની સંભાવના વિચારવા જેવી છે. તે રૂપોમાં તો અવન્તિ સૌથી વધુ પ્રચલિત લાગે છે.

અવન્તિની

૧ રઘુવંશ ૬.૩૪...અવન્તિનીં પુરીમ્ ।

અવન્તી

૧ મ ૨૫.૨૪ અવન્તી નામ નગરી । જુઓ અવન્તિકા ૩; રાકિ ૪૨.૧૪

૨ જુઓ પારિયાત્ર ૨, ૪, ૬.

૩ જુઓ પારિયાત્ર ૭.

૪ જુઓ અવન્તિ ૩.

અવન્ત્ય

અવન્તિદેશ[1]. જુઓ અવન્તિ. [૩]

આનન્દપુર

વડનગર, જૂનું આનર્તપુર. તે જ પ્રાચીન ચમત્કારપુર. ત્યાં (ચમત્કારપુરમાં) આનંદેશ્વરરૂપે શિવ ખ્યાતિ પામ્યા તેથી તેનું નામ આનંદપુર પડ્યું.[1]

આનંદપુર તે ડૉ. ફ્લીટને મતે ખેડા જિલ્લાનું આણંદ અને બર્જેસને મતે કાઠિયાવાડમાં વળા(વલભી)ની વાયવ્યે પચાસ માઈલ પરનું આનંદપુર; પણ સ્ટિવન્સન, વિન્સેન્ટ સ્મિથ, ડૉ. બ્યૂલર અને ડૉ. રા૦ ભાંડારકરનો મત અર્વાચીન વડનગરના પક્ષમાં છે.[2] બૉમ્બે ગેઝેટિયર[3] પણ કહે છે કે વડનગરનું આ ખરું નામ હોય, અથવા તો પછી જૂના આનર્તપુર નામ ઉપરથી તે આનંદનું પુર છે એમ દર્શાવવા ઉપજની કાઢેલું નામ હોય. આને ઉપરના પૌરાણિક નામનિર્વાચનથી ટેકો મળે છે, કેમકે (એનરપુરં) ચમત્કારપુર તે જ આનર્તપુર છે.[4] આનર્તપુર અને આનંદપુર તે એક જ છે એ વલભી રાજાઓનાં દાનપત્રોથી નક્કી થાય છે. શર્કરાક્ષિગોત્રના કેશવમિત્રના પુત્ર નારાયણમિત્રને બે દાનપત્રો મળ્યા છે તેમાં ધરસેન ચોથાનું (વ.

અવન્ત્ય

૧ માર્ક૦ પૃ૦ ૩૪૦. પાર્જિટર આવન્ત્યાઃ પાઠ સૂચવે છે.

આનન્દપુર

૧ રૂકના ૪૦.—

આનન્દિતેન ભવતા પ્રાર્થિતોઽહં યતો મુને।
આનન્દેશ્વરસંજ્ઞસ્તુ ખ્યાતિં યાસ્યામિ ભૂતલે ॥ ૫૦
એતત્પુરં ચ મે નામ્ના આનન્દાખ્યં ભવિષ્યતિ ॥,૫૧
કૂપૂ ૩૫.૧૫ આનન્દપુરમુત્તમમ્।

૨ એટા પૃ૦ ૧૪.

૩ બૉગે ૧ પૃ૦ ૬.

૪ જુઓ આનર્તપુર.

સં. ૩૩૦) તેને આનર્તપુરવિનિર્ગત૦ કહે છે,[૫] અને ખરગ્રહ બીજાનું (વ. સં. ૩૩૭) આનન્દપુરવિનિર્ગત૦ કહે છે.[૬] એ ઉપરથી વલભી-સમયમાં એક જ શહેર માટે આનર્તપુર અને આનન્દપુર નામ વપરાતાં એ સ્પષ્ટ સમજાય છે. શ્રી. અ. સ. અલ્તેકર યોગ્ય ધ્યાન ખેંચે છે કે પાછલાં દાનપત્રો (શિલાદિત્ય બીજો-વ. સં. ૩૫૨, ખરગ્રહ બીજો-વ. સં. ૩૩૭, શિલાદિત્ય છઠ્ઠો-વ. સં. ૪૪૭, વ૦ ના)માં આનંદપુર નામ જ મળે છે અને માત્ર આગલાં દાનપત્રો જ આનર્તપુર આપે છે એ સૂચક છે.[૭]

આનંદપુર–કે આનર્તપુર–થી નિર્દેશાયેલું નગર તે આજનું વડનગર છે. એને યુવાન શ્વાંગના વર્ણનથી ટેકો મળે છે. તે કહે છે કે: 'વલભીથી આશરે ૭૦૦ લી વાયવ્યમાં જતાં A-nan-t'o-pu-lo (આનંદપુર) આવે છે. પ્રદેશનો ઘેરાવો આશરે ૨૦૦૦ લી છે, પાટનગરનો આશરે ૨૦ લી છે. વસ્તી ઘીચ છે. સ્થાન સમૃદ્ધ છે. તેનો કોઈ રાજા નથી માળવા સાથે તે જોડાયેલું છે.'[૮] વાયવ્યમાં તો કાઠિયાવાડનું આનંદપુર આવે પણ અંતર આપ્યું છે તે એને લાગુ પડતું નથી. તે વલભીથી ૭૦૦ લી એટલે કે ૧૪૦ માઇલ નહિ પણ પચાસેક માઇલ દૂર છે. વળી તેને ફરતા પ્રદેશનો વિસ્તાર પણ જો ૨૦૦૦ લી જેટલો હોય તો તે વલભીની લગોલગ જઈ પહોંચે. આનંદપુરમાં કલ્પસૂત્ર ધ્રુવસેનને પુત્રશોકમાં આશ્વાસન આપવા વંચાયું તેવા જૈન ઉલ્લેખ પરથી તે વલભી પાસેનું આનંદપુર એમ કહેવું પણ બરોબર નથી, કેમકે શ્રી. અલ્તેકર સૂચવે છે તેમ ધર્મપ્રિય રાજાની ખ્યાતિ વડનગર(આનંદપુર) સુધી પહોંચી હોય એમાં કાઈજ આશ્ચર્ય નથી.[૯] ઉપરાંત આ સદર્ભમા એ હકીકત ઉમેરવા જેવી છે કે કલ્પસૂત્ર તો તેના જિનચરિતની પુષ્પિકા જોતાં 'મહાવીર નિર્વાણથી ૯૮૦ મા વર્ષમાં' લખાયું છે,[૧૦] પણ કલ્પસૂત્રની વાચના ધનેશ્વરસૂરિએ સં.

૫ ગુએ ૧ લેખ ૭૨.
૬ ,, ,, ૭૬.
૭ એટા પૃ૦ ૧૪.
૮ વો ૨ પૃ૦ ૨૪૭.
૯ એટા પૃ૦ ૧૫.
૧૦ જૈસા પૃ૦ ૧૪૬.

૫૧૦માં આનંદપુરમાં ધ્રુવસેનનો શોક સમાવવા માટે કરી એમ ધનેશ્વરસૂરિના 'શત્રુંજયમાહાત્મ્ય' (સં. ૪૭૭?)માં કહ્યું છે. પણ તેમાં જ કુમારપાલનો વૃત્તાંત આવતો હોઈ, શત્રુંજયમાહાત્મ્યમાંનો ઉલ્લેખ બહુ જૂનો લેખાતો નથી.[૧૧]

યુવાન શુવાંગનું આનંદપુર તે વલભીથી તેનું અંતર આપ્યું છે તે જોતાં વડનગર જ છે. દિશા વાયવ્યને બદલે ઈશાન જોઈએ.

જુઓ આનર્તપુર.

આનર્ત

[૧] ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર મળીને થતો પ્રદેશ જેની રાજધાની પ્રાચીન કુશસ્થલી અથવા દ્વારકા.

મહાભારત, ભાગવત, વાયુ અને મત્સ્યમાં દ્વારકા સુધીનો પ્રદેશ તે આનર્ત એવા ઉલ્લેખો છે : કૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે કે દ્યૂત વખતે હું આનર્તમાં હતો, નહિ તો તમને વારત.[૧] સાલ્વ દ્વારકા ઉપર ચડી આવે છે ત્યારે હે આનર્તો, કૃષ્ણ કયાં ગયો છે?–એમ પૂછે છે.[૨] સુભદ્રાહરણના પ્રસંગમાં ત્યાંના લડવૈયાઓને કરગરેલા સંબોધનમાં આનર્તનો ઉલ્લેખ છે.[૩] સુભદ્રાને લઈને હસ્તિનાપુર જતાં અર્જુન ગિરનાર અને અબુંદ વચ્ચે આનર્તરાષ્ટ્ર વટાવે છે એવું અને આનર્ત વાવો અને કમળોભરેલાં તળાવોવાળો પ્રદેશ છે એવું વર્ણન છે.[૪] જ્યાં કૃષ્ણ હતા તે પ્રદેશ આનર્ત એવો ભાગવતમાં ઉલ્લેખ છે.[૫] સમુદ્ર અંદર રચાયેલી કુશસ્થલીમાં રહી જેને ભોગવી શકાય એવા પ્રદેશને ભાગવત આનર્તાદિ કહે છે.[૬] ભાગવત એક ઠેકાણે કુશસ્થલીને આનર્તપુરી પણ કહે છે.[૭]

---

૧૧ જૈસા પૃ૦ ૧૪૬.

આનર્ત

૧ મત ૧૪.૧૪

૨ ,, ૧૫.૬, ૧૮, ૧૬.૧૪. ઉપરાંત મત ૧૮૦.૨૫

૩ મઆ (કુંભકોણમ્ આવૃત્તિ) ૨૪૪.૫; ૨૪૬.૧૬

૪ ,, ૨૪૫.૨૧

૫ ભાઇ ૬૭.૮

૬ ભાન ૩.૨૮ सोन्त समुद्रे नगरीं विनिर्माय कुशस्थलीम् ।
आस्थितोऽभुक्त विषयानानर्तादीनरिन्दम ॥

૭ ભાપ્ર ૧૪.૨૫

વાયુ પ્રમાણે પણ કુશસ્થલી જેની રાજધાની તે પ્રદેશ 'આનર્ત'.[૮] મત્સ્ય પણ કુશસ્થલીનગરવાળા પ્રદેશને આનર્ત કહે છે.[૯]
[૨] ઉત્તર ગુજરાત માત્ર; આનર્તપુર-હાલનું વડનગર-જેની રાજધાની હતું તે પ્રદેશ.

ભુવનકોશવર્ણનમાં આનર્તનો સૌરાષ્ટ્રથી નોખો સ્વતંત્ર ઉલ્લેખ મળે છે. મત્સ્ય,[૧૦] બ્રહ્માંડ[૧૧] અને વાયુ[૧૨] કરુ, સૌરાષ્ટ્ર, અર્બુદ ઉપરાંત આનર્તની અપરાન્તની અંતર્ગત થયેલા પ્રદેશોમાં ગણના કરે છે. કર્ણ-પર્વમાં ભીમને સારથી વિશોક યુદ્ધભૂમિ પરના લડવૈયાઓમાં આનર્તો ઉપરાંત સુરાષ્ટ્રોને પણ ગણાવે છે.[૧૩]

આનર્તનૈર્ઋતા· એવા જોડકા ઉલ્લેખો પણ મળે છે.[૧૪]
[૩] ઉત્તરનો કોઈ પ્રદેશ. અર્જુન ઉત્તર દિશામાં દિગ્વિજય કરવા જાય છે અને જે દેશો જીતે છે તેમાં પ્રથમ નામ આનર્તનું છે.[૧૫] આનર્તનાં પાઠાંતરોમાં અનર્ત, અનર્તા, અનાર્તા મળે છે તે નોંધપાત્ર છે.

ઉત્તરનો આ આનર્ત કયો? એ જાતનો ઉલ્લેખ પણ કદાચ આ એક જ છે. આનર્ત જાતિ પ્રથમ ઉત્તરમાં વસતી હોય અને પછી નૈર્ઋત્ય દિશા તરફ ખસી હોય એ સંભવ વિચારવા જેવો છે. સર૦ અપરાન્ત પણ નૈર્ઋત્ય તેમજ વાયવ્ય દિશામાં એમ બે છે તે હકીકત.

પાણિનિ (૪.૨.૧૨૭ ઘૂમાદિ ગણ) આનર્તવાસીને લગતું એ અર્થમાં આનર્તક આપે છે.

ક્ષત્રપ રુદ્રદામનના ગિરનાર-શિલાલેખ (ઇ. સ. ૧૫૦)માં આનર્ત

---

૮ વાયુ ૮૬.૨૪
૯ મ ૧૨.૨૨
૧૦ જુઓ અપરાન્ત ૨.
૧૧ ,, ૩.
૧૨ ,, ૫.
૧૩ મભ ૮૦.૧૭
૧૪ મભી ૬.૫૧; પસ્વ ૬.૪૬
૧૫ અસ ૨૩.૧૪

અને સુરાષ્ટ્રના નોખા ઉલ્લેખ છે,[૧૬] જે પુરાણોના ભુવનકોશ વર્ણનને–ઉપર [૨]ને–અનુમોદન આપે છે.

ડૉ૦આનંદશંકર ધ્રુવ બૉમ્બે ગેઝેટિયર અનુસાર 'આપણો ગુજરાત પ્રાન્ત આનર્ત, સૌરાષ્ટ્ર અને લાટ એ ત્રણ પ્રદેશ મળીને થએલો છે' એમ કહી આનર્તની સરહદ આપે છેઃ 'એ ઉત્તરે આબુ, પશ્ચિમે કાઠિયાવાડ, પૂર્વે માળવા અને દક્ષિણે મહી અને ખંભાત અને લગભગ નર્મદાના કાંઠા સુધી પહોંચે છે. એનાં મુખ્ય પ્રાચીન નગરોઃ વડનગર, ચાંપાનેર, અણહિલવાડ પાટણ, કર્ણાવતી (હાલનું અમદાવાદ) અને ખંભાત.'[૧૭]

આનર્તનું નામ મનુના પુત્ર શર્યાતિના પુત્ર આનર્તનો દેશ તે આનર્ત એ રીતે પૌરાણિકોએ ઘટાવ્યું છે.[૧૮] ડૉ. આનંદશંકર ધ્રુવનું "ધારવું છે કે અનૃત ઉપરથી આનર્ત શબ્દ થયો છે, અને ઋત કહેતાં બ્રાહ્મણોનો યજ્ઞધર્મ તેને ન પાળનાર દસ્યુઓ–અનાર્યો–જ્યાં વસે છે તે આનર્ત."[૧૯] आनर्तनैर्ऋताः એવા જોડકા ઉલ્લેખો પણ મળે છે. નૈર્ઋત=(૧) દક્ષિણ–પશ્ચિમ દિશા, (૨) રાક્ષસો. પાછળનો અર્થ निः+ऋतમાંથી સિદ્ધ છે તો આનર્ત પણ अन्+ऋतમાંથી શા માટે નહિ?–આમ આચાર્યશ્રીના તર્કને ઘટાવી શકાય. આ ઉપરાંત ત્રીજી રીતે પણ આનર્ત નામ ઘટાવવાની શક્યતા છે. મહાભારતાદિમાં 'આનર્ત'ના જે ઉલ્લેખો છે તે જોતાં આનર્તને સંસ્કૃત नृत् ધાતુ સાથે તો કાંઈ સંબંધ નહિ હોય એવો પ્રશ્ન સહજ ઊઠે એવો છે.

કોઈ પણ એક ધંધો કરનાર વસ્તીવિભાગ ઉપરથી આખા પ્રદેશને નામ મળ્યું સૂચવવું એ જોખમભરેલું છે, તેમ છતાં અહીં નૃત્

---

૧૬ ઇએ. ૭ પૃ૦ ૨૬૦—
[11]...पूर्व्वापराकरावन्त्यनूपनीवृदानर्त-
सुराष्ट्रश्व(भ्र) मरुच्च(भ्र)-भु सौवीर-
कुकुरापरांतनिषादादीनां समप्राणाम्...।
[18]...आनर्तसुराष्ट्राणाम् . . . ।
૧૭ સાહિત્યવિચાર પૃ૦ ૫૨૫.
૧૮ ૬૬ ૧૦.૩૧–૩
૧૯ દિગ્દર્શન પૃ૦ ૪૧.

ઉપરથી આનર્ત એવો તર્ક, તેના પક્ષમાં ભળેલી સામગ્રી, ઉપરથી વિદ્વાનો આગળ વિચારવા માટે રજૂ કર્યો છે. ખાસ કરીને એટલા માટે કે આજે પણ વિસનગર–વડનગર(પ્રાચીન આનર્તપુર)–ખેડા એ પ્રદેશમાં 'દોઢિયા તાલ'ની વિશિષ્ટ નૃત્યભંગી સાચવતી, સંગીતકુશલ, નટકલાનિપુણ 'નાયક' જાતિ વસે છે.

મહાભારત–વનપર્વમાં[૨૦] કૃષ્ણ કહે છે કે સાલ્વના હુમલાનો સાવધાનીથી સામનો કરવા માટે વૃષ્ણિઅન્ધક વગેરે સુરાપાન કરવાનું છોડી દઈ હોશિયાર થઈને રહ્યા અને નટનર્તકગાયક આનર્તોને નગર બહાર મોકલી દીધા. એ ઉપરથી યાદવોથી ભિન્ન એવા મૂળ દેશવાસીઓ આનર્તો તે નટો નર્તકો કે ગાયકો તરીકે જાણીતા હોવાનું સંભવે છે. આદિપર્વમાં[૨૧] પણ તીર્થયાત્રા કરતાં અર્જુન પ્રભાસ આવે છે ને કૃષ્ણ એને સામે જઈ લઈ આવે છે ત્યારે દ્વારકા પહોંચતાં પહેલાં બને જણ રાત રૈવતક પર્વત પર આસાયેશમાં ગાળે છે. ત્યાં વાસુદેવની સાથે અર્જુને નટનર્તકોને જોયા એવું વર્ણન છે. હરિવંશમાં[૨૨] વજ્રનાભવધ વૃત્તાન્તમાં વજ્રપુરના વજ્રનાભના યજ્ઞમાં ભદ્ર નામનો એક નટ સારા નાટચથી મહર્ષિઓને પ્રસન્ન કરી ઇચ્છા પ્રમાણે ફરવાનું વરદાન મેળવી લે છે અને પછી વજ્રનાભની પુત્રી પ્રભાવતીને પરણી લાવવા દ્વારકાથી પ્રદ્યુમ્ન આદિ યાદવો, નટવીર ભદ્રને મળેલા વરદાનનો અને ભદ્રના દ્વારકાનિવાસનો લાભ લઈ, નટવેશે વજ્રપુરમા પ્રવેશે છે એ પરથી પણ તે પ્રદેશમાં નટનર્તકોનો પ્રચાર સારો સમજાય છે.

બૃહત્સંહિતા (૧૬.૧૫–૧૬)માં સિંધુ અને સરસ્વતીના પ્રદેશ અને સૌરાષ્ટ્રના પ્રદેશમાં નટનર્તકોનું પ્રાધાન્ય વર્ણવાયું છે એ હકીકત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે જો કે આગળ શ્લોક ૩૦–૩૩મા ફરી સૌરાષ્ટ્ર, અર્બુદ, વગેરે જોડે જ્યાં સ્પષ્ટ નામોલ્લેખ સાથે આનર્તનું વર્ણન છે ત્યાં ઉપરની વસ્તુ કહેવાઈ નથી, પણ બ. ૧૪.૧૭ ઉપરથી દેખાશે કે ગ્રંથકાર સિંધુ, સૌવીર, સૌરાષ્ટ્ર, આનર્ત વગેરેને નૈઋર્ત્ય દિશાના દેશોમા એક સાથે જ ગણાવે છે, ઉપરાન્ત તેના સમયમાં દેશવિભાગોની સંખ્યા વધેલી છે ને ૬૬ થયેલી છે;

૨૦ મભ ૧૫.૧૨–૩

૨૧ મઆ ૨૧૦.૧૦

૨૨ હવ. ૧.૧,૨

દા. ત. સૌરાષ્ટ્ર અને રૈવતકના નોખાનોખા ઉલ્લેખ છે. તાત્પર્ય કે તેની પહેલાંના સમયના અસ્પષ્ટ સીમાવાળા અને કંઈક વિસ્તૃત એવા સમગ્ર આનર્તને અ. ૧૬.૧૯નું નટનર્તકવાળું ઉપરનું વર્ણન લાગુ પડી શકે. વિજ્યિાનગરમ્ સંસ્કૃત સિરિઝની મહામહોપાધ્યાય સુધાકર દ્વિવેદીએ સંપાદિત આવૃત્તિમાં પ્રથમ ભાગ પૃ૦ ૨૯૦ ઉપર ભટ્ટોત્પલની વિવૃત્તિમાં પરાશરમાંથી અવતરણ છે તેમાં રૈવતક પછી 'નર્તક' છે તે ०रैवतकानर्त्तक०ને બદલે છાપભૂલથી ०रैवतकनर्त्तक० ન છપાયું હોય તો, આપણને નર્તક એવું સ્પષ્ટ 'નૃત્' સાથે સંબંધ ધરાવતું નામ મળે છે.

મહાભારત–સભાપર્વ–માં[૨૩] મરુ આદિ સાથે ચોક્કસ દેશવિશેષના નામ તરીકે નટનર્તકાઃ મળે છે. તે પંક્તિઓ બહુ પ્રાચીન જણાતી નથી કેમકે તેમાં ગુર્જરનો પણ ઉલ્લેખ છે. નટનર્તકનો દેશનામ તરીકે ઉલ્લેખ જૂનો છે કે પાછળનો છે તે કરતાં તેવો ઉલ્લેખ મળે છે એ વાતનું જ મહત્ત્વ વિશેષ છે. વધુ આશ્ચર્યની વાત તો એ છે કે નટનર્તકાઃનું મહાભારતની સંશોધિત આવૃત્તિ[૨૪] નટનાયકાઃ પાઠાન્તર નોંધે છે. એ વીગતને આનર્ત(નર્તક)ના નાયકજાતિ સાથેના ઉપર નિર્દેશેલ સંબંધ ઉપર પ્રકાશ પાડનારી લેખી શકાય.

આ નર્તક તે જ નટ્ટઉ–નાટ–લાટ તો નહિ ?

ડૉ. ધ્રુવના વ્યાખ્યાન[૨૫]માંનું "વળી હું ભૂલતો ન હોઉં તો એક સ્થળે નૃત્ય–આનન્દ–સમૃદ્ધિનો દેશ તે 'આનર્ત' એમ પુરાણ નામનિર્વચન સૂચવે છે" એ કથન, પોતે અનૃત ઉપરથી 'આનર્ત' ઘટાવ્યું છતાં નૃત્ સાથે પણ આનર્તને સંબંધ હોય એવો સંભવ એમની જાણ બહાર નથી એમ બતાવે છે.

નૃત્ ઉપરથી ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ 'આનર્ત'[૨૬] કેવી રીતે થાય એ જોવાનું રહે છે. આનૃત્યન્તિ અત્ર એ રીતે આદ્યૂર્વક 'નૃત્' ધાતુને હલશ્ચ એ સૂત્રથી ઘઞ્ પ્રત્યય લાગતાં અનુબંધલોપગુણે આનર્ત

---

૨૩ મસ ૪૮.૨૦ પાદટીપ ૪૭૫ * માંથી
मल्काः काशिका दर्दा भौमेया नटनर्तका. ।
कर्णाटाः कांस्यकुद्राश्च पद्मजाला. सुतीवराः ।
बर्बरा यवनाश्चैव गुर्जराभीरकास्तथा ।

૨૪ મસ ૪૮.૨૦ પછીની પાદટીપ પૃ૦ ૨૪૦.

૨૫ દિગ્દર્શન પૃ૦ ૪૦.

એવુ પદ સિદ્ધ થઈ શકે છે ઉપરાંત મેદિનીકોષ પણ આનર્ત શબ્દ દેશવિશેષ તેમજ નૃત્યશાલા–નૃત્યસ્થાન માટે આપે છે:

આનર્તો દેશમેદેऽપિ નૃત્યસ્થાને જને રણે ।

ઉપરાંત આનર્તો નૃત્યશાલાયામ્ જલે જનપદાન્તરે ।

મોનિયેર વિલિયમ્સ આ–નૃત્ નીચેજ આનર્ત શબ્દ આપે છે એ હકીકત પણ ઓછા ટેકારૂપ ન કહેવાય.

આમ, ભાષાદૃષ્ટિએ આનર્તને નૃત્ભાથી સિદ્ધ કરવાની શકયતા, મેદિનીકોષનો તે માટે આધાર, બૃહત્સંહિતાનુ તે વિસ્તારમા નટ-નર્તકના પ્રાધાન્ય અંગેનું સ્પષ્ટ કથન, મહાભારતાદિમા આનર્તના ઉલ્લેખ સાથે 'નટનર્તકગાયકા'ના વારવાર ઉલ્લેખ, આજે પણ આનર્તપુર (વડનગર) આસપાસ નટકલામા સહજ નૈપુણ્ય ધરાવતા રૂપધરો નાયકોની જ્ઞાતિનુ અસ્તિત્વ,–આ બધું એકસાથે વિચારતા આનર્તને નૃત્ભાથી ઘટાવવાની શકયતા બલવત્તર બને છે

મોટા ભાગના પુરાણોમાં આનર્તનો ઉલ્લેખ નથી એમ શ્રી ચ સ. અલ્તેકર[૨૬] કહે છે અને તે માટે કારણ આપે છે કે, 'એ નામનું સ્વતંત્ર રાષ્ટ્ર ન હતું. એક બાજુ તેનો સૌરાષ્ટ્રમા સમાસ થઈ જતો અને બીજી બાજુથી અવન્તિમાં આનર્ત સૌરાષ્ટ્ર કે માળવાની નીચે જ રહેતુ. આથી કુદરતી રીતે પુરાણોમા આનર્તનો ઉલ્લેખ વારંવાર મળતો નથી' ઉપર ભિન્નભિન્ન પુરાણોમાના ઉલ્લેખો નોંધ્યા છે જ. તે ઉપરાંત છૂટાછવાયા ઉલ્લેખો પણ સંખ્યાબંધ મળી શકે એમ છે એટલે પુરાણોમા આનર્તના ઉલ્લેખોના અભાવ કે અલ્પ સંખ્યતાની માન્યતા ઠીક નથી તેના કારણોનુ યાથાર્થ્ય તપાસવાની પછી ભાગ્યેજ જરૂર હોય આનર્તમાંથી 'લાટ' નામ થયુ એવો શ્રી અલ્તેકરનો તર્ક નોંધપાત્ર છે, જો કે ઉપર સૂચવ્યું તેમ, નર્તકમાંથી લાટની સંભાવના વિશેષ છે જુઓ લાટ

જુઓ અનર્ત આનર્તપુર, આનર્નપુરી, આનાર્ત, આનર્તમંડલ

આનર્તપુર

હાલનું વડનગર જૂનુ ચમત્કારપુર, નગર આનર્તાધિપતિ પોતાની કન્યા રત્નવતીને આપીને પરણી જવા દશાર્ણાધિપતિને નોતરે છે[૧] તે આવે

---

૨૬ એટા પૃ૦ ૬.

આનર્તપુર

૧ સ્કંના ૧૯૬.

છે તે દરમ્યાન ત્યાંના એક બ્રાહ્મણના પ્રાયશ્ચિત્તાર્થે રત્નવતીને દોષ અડે એવું બને છે, એ ઘટનામાં પુરનું નામ 'ચમત્કારપુર' આપવામાં આવ્યું છે.[૨] તે નગરમાં આવીને વાત જાણી વિરક્તિ પામી દશાર્ણાધિપતિ સ્વસ્થાને જવા પાછો ફરે છે.[૩] ચમત્કારપુર હાટકેશ્વરક્ષેત્રમાં આવેલું છે, જ્યાં આનર્તેશ્વર[૪] છે. આનંદેશ્વર[૫] ઉપરથી આનંદપુર નામ નગરને મળ્યું, તેમ આ આનર્તેશ્વર ઉપરથી આનર્તપુર નામ શક્ય છે. આ વર્ણનો ઉપરથી ચમત્કારપુર એ જ આનર્તપુર ઠરે છે. ચમત્કારપુર તે જ નાગરોનું 'નગર.' આ નાગરોના ગામમાં રાજ્યાભિષેક પૂર્વે દરેક આનર્તાધિપતિ ભક્તિપૂર્વક જતો.[૬] એ પુરની માહિતી માટે જુઓ હાટકેશ્વરક્ષેત્ર.

બૉમ્બે ગેઝેટિયર[૭] કહે છે કે—

'દંતકથા પ્રમાણે ચારે યુગોમાં વડનગરના જુદાં જુદા ચાર નામ હતાં: સત્યયુગમાં ચમત્કારપુર, ત્રેતામાં આનર્તપુર, દ્વાપરમાં આનંદપુર અને કલિયુગમાં વૃદ્ધનગર અથવા વડનગર. આમાં પ્રથમ નામ તો કલ્પિત છે. એવા વિચિત્ર નામે આ નગર ઓળખાયું હોય એવું લાગતું નથી.' પણ પુરાણમાં ચમત્કારપુર નામ વારંવાર પ્રયુક્ત થયું છે. જુઓ આનન્દપુર, चमत्कारपुर, नगर, हाटकेश्वरक्षेत्र.

आनर्तपुरी

કુશસ્થલી, પ્રાચીન દ્વારકા.[૧] જુઓ કુશસ્થલી.

---

૨ સ્કંના ૧૯૭.૧૧૯ ईदृशा ब्राह्मणा सर्वे चमत्कारपुरोद्भवाः ॥

૩ સ્કંના ૧૯૮.૧–૩

૪ સ્કંના ૬૫.૨

૫ જુઓ આનન્દપુર ૧.

૬ સ્કંના ૨૧૧.૪

आनर्त्ताधिपतिर्योऽत्र कश्चिद्राज्येऽभिषिच्यते ।
स पूर्वं गच्छति ग्रामं नागराणां प्रभक्तितः ॥

૭ બૉગે ૧ પૃ૦ ૬.

आनर्तपुरी

૧ ભાપ્ર ૧૪.૨૫ कच्चिदानर्तपुर्यां नः ... ।

ઇલિયટ[૧૫] તાપીથી દેવગઢ સુધીનો પશ્ચિમ કાંઠો આભીર હોવાનું કહે છે. રૉફનો[૧૬] મત એવો છે કે સુરત આસપાસનો પ્રદેશ તે આભી૨

તારાતન્ત્ર[૧૭] પ્રમાણે તાપી દક્ષિણથી ડાકણ સુધીનો પ્રદેશ તે આભી૨ લાસેન આભી૨ તે માઈસલનું Ophir એમ કહે છે,[૧૮] પણ તે બરોબ૨ નથી શૂર્પારકને પણ ઑફિ૨ ગણવામા આવ્યુ છે ઑફિર અરબસ્તાનના કોઈ સ્થાન માટે વપરાયાનું હવે મનાય છે[૧૯]

આભી૨ શબ્દ દેશનામ તરીકે રહ્યો નથી, પણ 'આહી૨' જાતિમા ટકી ૨હ્યો છે

જુઓ અભીર.

આવન્ત

[૧]અવન્તી દેશ જુઓ અવન્તિ [૩]

વાત્સ્યાયન કામસૂત્ર (૨૫૨૩) આવન્તિક આપે છે

આવન્ત્ય

[૧]અવન્તી દેશ જુઓ અવન્તિ [૩]

આવન્ત્યમંડલ

ઉજ્જૈન આસપાસનો પ્રદેશ[૧] આવન્ત્યવિષય પણ મળે છે[૨] જુઓ અવન્તિ [૩]

---

૧૫ સપ્લીમેન્ટલ ગ્લોસરી ૧ પૃ૦ ૨–૩.

૧૬ ચેગિ પૃ૦ ૩૯, ૧૭૫

૧૭ વૉર્ડનું 'હિસ્ટરી, લિટરેચ૨ એન્ડ રિલિજ્યન ઑફ ધી હિન્દુઝ' ૧ પૃ૦ ૫૫૯.

૧૮ જ્યૉડિ 'આભી૨'.

૧૯ ચેરિ પૃ૦ ૧૭૫

આવન્ત

૧ જુઓ અવન્તિ ૭

આવન્ત્ય

૧ જુઓ અપરાન્ત ૪, અવન્તિ ૬

આવન્ત્યમડલ

૧ રુદ્રદામા ૨૭૫૨

૨ „ ૨૮૩૭

उज्जन्त

ઉજ્જયન્તનું પાઠાન્તર.[1] જુઓ ઉજ્જયન્ત

उज्जयन्त

સૌરાષ્ટ્રનો ગિરનાર પર્વત. મહાભારત–વનપર્વમા[1] સૌરાષ્ટ્રનાં તીર્થોમા તેની ગણના થઈ છે. વાયુ, બ્રહ્માંડ અને વામન પુષ્પગિરિ અને રૈવત સાથે ઉજ્જયંત[2] પર્વતનુ નામ પણ ગણાવે છે. ઉપરાત વાયુ 'ઉર્જંત'[3] નામ પણ આપે છે સ્કન્દવસ્ત્રાપથક્ષેત્રમાં ઉજ્જયન્ત ઉપગત 'ઉદ્યન્ત'[4] પણ આપે છે. માર્કંડેય પુષ્પ-રૈવતક સાથે ઉજ્જયંત નહિ પણ 'દુર્જયન્ત'[5] અને બ્રહ્મ 'વૈજયન્ત'[6] આપે છે વરાહ એવાજ સંદર્ભમા 'જયન્ત'[7] આપે છ. મહાભારત આદિપર્વમા સુભદ્રાહરણ પ્રસંગે અર્જુન રૈવતક છોડી, 'ઉજ્જયિની' શિખર વટાવી, આનર્તનાં વાવ સરોવર વ૰ પાસે પસાર થઈ, અમ્બુદ (અર્બુદ) થઈ

उज्जन्त

१ જુઓ उज्जयन्त ३.

उज्जयन्त

१ भव ८६.—
उज्जयन्तश्च शिखरी क्षिप्रं सिद्धिकरो महान् ॥ १८
तत्र देवर्षिवर्येण नारदेनानुकीर्तित ।
पुराण श्रूयते श्लोकस्त निबोध युधिष्ठिर ॥ १९
\ पुण्ये गिरौ सुराष्ट्रेषु मृगपक्षिनिषेवित ।
\ उज्जयन्ते स्म तप्ताङ्गो नाकपृष्ठे महीयत ॥ २०

२ वापू ४५.९२, ब्रपूअ १६ ७२
पुष्पगिर्युज्जयन्तौ च शैलो रैवतकस्तथा ।
वा १३.१८ उज्जयन्त पुष्पगिरिर्बुदो रैवतस्तथा ।

३ वापू ७७.५२
उज्जन्त पर्वत पुण्यो यस्मिन्योगेश्वरालय ।

४ જુઓ રૈવત २५,२१,२२,२३

५ भा ५४.१४
पुष्पो गिर्दुर्जयन्तो रैवतोऽर्बुद एव च ।

६ ब्र २५.२७ पुष्पगिरिर्वैजयन्तो रैवतोऽर्बुद एव च ।

७ व ८५ ३

ઇન્દ્રપ્રસ્થ ગયાનું વર્ણન છે. પણ કુમ્ભકોણમ્ આવૃત્તિનો[૮] આ પાઠ ભાણ્ડારકર ઈન્સ્ટીટ્યૂટની આવૃત્તિએ[૯] રદ કર્યો છે. પરિશિષ્ટમાં (૧) મુનશી સરકારના સંગ્રહ, (૨) મહાભારતની દાક્ષિણાત્ય આવૃત્તિ અને (૩) તાંજોર આવૃત્તિ પ્રમાણે 'મુન્નવત' પાઠ આપ્યો છે.

નોંધ ૧: મુન્નવંતનો ઋગ્વેદ (૧૦:૩૪ ૫)મા ઉલ્લેખ છે પણ તે તો ઉત્તર દિશાનો પર્વત છે સર૦ વનપર્વની પંચનદ પાસે ગિરિમુંજ[૧૦] દ્વારકાથી અમુક પહોંચતા પહેલા વચ્ચે 'મુન્નવત' કરતા ઊર્જયન્ત-'ઉજ્જયિની' શિખર આવે એ વધારે બંધબેસતુ છે

નોંધ ૨: વનપર્વમા[૧૧] 'ઉચન્ત' પર્વત આપ્યો છે તે સદર્ભ ઉપરથી, વારાણસી ગોમતીગંગાસંગમ-પછી આવતો હોઈ, ઉત્તર કે મધ્ય દેશમા લાગે છે

ગિરનારના રુદ્રદામનના[૧૨] અને સ્કન્દગુપ્તના[૧૩] શિલાલેખો ગિરનાર માટે ઊર્જયત પ્રયોજે છે. કનિંગહામ સૂચવે છે કે ઉર્જયત, ઉર્જયત અને જયન્ત ગિરિ એ બધાને ઉજ્જયન્તના જ રૂપો ગણવાં જોઇએ યુવાનશ્વાંગનું ઉજ્જન્ત પણ ઉજ્જયન્તનું પાલીરૂપ છે.[૧૪]

યુવાન શ્વાંગ[૧૫] વલભી તાબાના સુરઠ-Su-la-ch'a-પ્રાંતની રાજધાની વલભીથી ૫૦૦ લી-૮૩ માઇલ પશ્ચિમે Yuh-shan-to અથવા Yhu-shen-to પર્વતની તળેટીએ આવ્યાનું કહે છે. વૉટર્સ ચીની શબ્દમાથી ઉજ્જિન્ત રૂપ ધારવે છે તે, નીચે આપેલા વિવિધતીર્થકલ્પના એવા પ્રાકૃત રૂપ સાથે સરખાવતા, કનિંગહામે સૂચવેના ઉજ્જન્ત કરતા વધારે પ્રમાદ કરવા જેવુ છે ઉપર વાયુ

---

૮ અધ્યા (કુંભ૦) ૧૪૫—અતીત્ય તં રૈવતકં . . . । ૧૭
પુરોદ્યાનમતિક્રમ્ય વિશાલં ચ ગિરિવ્રજમ્ ॥ ૧૮
સાનુમુજ્જયિનીં ચૈવ .. । ૨૯

૯ અધ્યા પૃ૦ ૬૬૫ (કરો ૧૧૫, પંક્તિ ૩૨) સાનુ મુજાવત ચૈવ...।

૧૦ મત્સ્ય ૮૦ ૧૦૨

૧૧ મત્સ્ય ૮૨ ૮૧.. ઉદ્યન્ત પર્વત ગીતનાદિતમ્ ।

૧૨ ગુઐ ૧ લેખ ૬મા પંક્તિ ૫

૧૩ ,, ૧ લેખ ૧૫મા શ્લોક ૧૬

૧૪ એન્શ્યો પૃ૦ ૩૭૨.

૧૫ વૉ ૨ પૃ૦ ૨૪૬

ઉજ્જન્ત આપે છે એ કહ્યું જ છે, પણ પાલી–પ્રાકૃત રૂપ વોટર્સની સૂચનાને વધુ અનુકૂળ છે.

ઉજ્જયન્તને ઔરંગાબાદ પાસેના અજંતા (અજયન્તિ) સાથે સંબંધ નથી એમ પાર્જિટર કહે છે[૧૬]

'ઉજ્જયન્ત' અને 'રૈવત' તે જૂદા જૂદા પર્વતો કે એકજ પર્વત-હાલના ગિરનાર–ના બંને પર્યાયો છે?—એ પ્રશ્ન વિચારવાનો રહે છે.

ગિરનાર માટે પુરાણો ઉજ્જયન્ત, ઉજ્જન્ત, ઉદયન્ત, ઉજ્જયિની, દુર્જયન્ત, વૈજયન્ત–એવાં નામો આપે છે તે શિલાલેખોના ઊર્જયત્ને મળતાં છે. પુરાણોએ પર્વતનું નામ જિ–જય્માંથી કે ઉત્ + ઇ–અય્માંથી સિદ્ધ કરવા પ્રયત્ન કર્યા છે, તો શિલાલેખમા 'ઊર્જ્–મળ'માંથી નામ ઘટાવ્યું છે. બધા જ કોઇ મૂળ વપરાશના શબ્દને ઘટાવવાના પ્રયત્નો હોવાનો સંભવ છે, ખાસ કરીને પુરાણોનાં પાઠાન્તરોની વિવિધતા જોતાં. એકમાથી બીજું સંસ્કૃતીકરણ કે બીજામાંથી પહેલું પાકૃતીકરણ છે એમ કહેવાનો બહુ અર્થ નથી. અહીં એક સૂચન ઉમેરવા જેવું છે. ઋગ્વેદ (૨:૧૩.૮)મા ઊર્જયન્તી શબ્દ ગઢ કે કિલ્લા માટે ઉપયુક્ત થયો છે એમ લડવીગનું માનવું છે[૧૭] (–કીથ અને મેકડોનલ્ડ તે આખી ઋચા દુર્બોધ ગણે છે) તેમા જો કાઈ તથ્ય દેખાય તો આર્યેતરોના કોઇ ગિરિદુર્ગના નામને ઊર્જ્માથી ઘટાવવાનો પ્રયત્ન ઋક્કાલ જેટલો જૂનો ઠરે. વંશબ્રાહ્મણ એક ગુરુનુ નામ ઊર્જયત્ આપે છે, તે પણ અર્બુદગિરિ અને અર્બુદપ્રાવસ્તુત્ ઋષિની યાદ આપે છે.

પુરાણો ઉજ્જયન્ત ઉપગત રૈવત આપે છે અને રૈવતને સમુદ્રતટે આવેલી દ્વારકાના દ્વારભૂષણ[૧૮] તરીકે ઓળખાવ્યો છે એ જોતા રૈવત ગિરનાર સિવાયનો સમુદ્રતટ પાસેનો કોઇ પર્વત ઠરે. આની વિશેષ સ્પષ્ટતા માટે જૂઓ દ્વારકા, રૈવત, વજ્રાપથક્ષેત્ર.

રુદ્રદામનના લેખમા માત્ર ઊર્જયત્ આપ્યો છે, પણ સ્કન્દગુપ્તના

---

૧૬ માર્કે પૃ૦ ૨૮૮.

૧૭ વેઇ ૧ પૃ૦ ૧૦૫.

૧૮ જુઓ દ્વારકા ૨૫.

લેખમા ઉર્જયત અને રૈવતક બંનેના[૧૯] ઉલ્લેખ છે, એટલે કે બંનેની એકતા ગ્રથપાઇ છે

દસમી સદી સુધીમા પર્વતને ગિરનાર નામ મળી ગયુ લાગે છે રાજશેખર પશ્ચિમના પર્વતોમાં ગિરિનગર આપે છે.[૨૦]

જૈન લેખકો ઉર્જયન્ત અને રૈવત બંને નામ ગિરનાર માટે આપે છે વિવિધતીર્થકલ્પ પ્રચલિત ગિરનાર[૨૧] નામ આપે છે અને તેના રૈવતક, ઉર્જયન્ત[૨૨]—પ્રાકૃત રેવય[૨૩], ઉજ્જિત–[૨૪] એવાં નામ છે એમ કહે છે. કીર્તિકૌમુદી[૨૫] પણ રૈવતનુ બીજુ નામ ઉર્જયન્ત છે એમ કહે છે. પણ પુરાણકારોનુ વલણ મુખ્યત્વે એ પ્રકારનુ રહ્યું છે કે રૂઢિના બળ આગળ નમતું આપી વસ્ત્રાપથક્ષેત્રમાં તેમને રૈવત સ્વીકારવો પડયો ત્યારે પણ તેમણે ખુદ ગિરનારને નહિ પણ જોને પડખે દામોદરકુંડ છે તે પશ્ચિમના ગિરિને રૈવત નામ આપ્યુ,[૨૬] અર્થાત્ ઉર્જયન્ત અને રૈવતની એકતા સ્વીકારવા કરતા જૂદો જ તોડ કાઢયો. (દામાકુંડ પાસેના વિષ્ણુ મંદિર પાછળનો કુંડ આજે પણ 'રેવતી કુંડ' કહેવાય છે) ટૂકામા, પુરાણો રૈવત તો સમુદ્રતટે એ વાત ભૂલી શક્તા નથી, અને ગિરનાર–ઉર્જયન્ત–ને રૈવત નામ આપતા ખચકાય છે

આ સદર્ભમા શિલાલેખોના અવલોકનમાથી એક વાત તરી આવે

---

૧૯ ગુએ ૧ લેખ ૧૫ શ્લોક ૧૬

इमाश्च या रैवतकाद्विनिर्गता पलाशिनीय सिकतावलासिना।
महोदधेरर्जयता प्रियम्पुना ॥

૨૦ કામી પૃ૦ ૯૪

૨૧ વિતીક ૫ —

૨૨ વિતીક ૩ ૧

नामभि श्रीरैवतकोज्जयन्ताद्यै प्रथामितम् ।
श्रीनेमिपावित स्तौमि गिरिनार गिरीश्वरम् ॥

૨૩ વિતીક ૨.૧

૨૪ , ૪૧

૨૫ કીર્તિકૌમુદી ૯ ૩૭ ૮ રૈવતકं जगाम ॥ तमुज्जयन्तापरसज्ञमद्रिम...।

૨૬ જુઓ રૈવત ૨૩,૨૪,૨૫

છે એ ખાસ નોંધ માગી લે છે. તળ ગિરનારના તેર શિલાલેખોમાંથી રુદ્રદામનનો લેખ જ ઊર્જયત્ ઉપરાંત 'રૈવતક' નામ પ્રયોજે છે. રુદ્રદામનનો લેખ ઊર્જયત્ આપે છે. બાકીના અગિયારમાંથી એક વિ. સં. ૧૨૧૫નો,[૨૭] એક વિ.સં. ૧૨૫૬નો,[૨૮] છ વિ. સં. ૧૨૮૮ ના[૨૯] અને ત્રણ[૩૦] અનુક્રમે વિ. સ. ૧૩૩૩, ૧૩૩૫, ૧૩૩૯ ના —બધા જ માત્ર ઉજ્જયન્ત નામ આપે છે. ગુજરાતના શિલાલેખોમાં ગિરનારના રુદ્રદામના લેખ ઉપરાંત વિ સં. ૧૨૮૭નો[૩૧] આબુનો 'રૈવતક,' વિ. સ. ૧૩૨૦નો[૩૨] કાટેલા (પોરબંદર)નો 'રૈવતાચલ' અને વંથળીનો[૩૩] વિ. સં. ૧૩૪૬નો 'રેવંતા' આપે છે, તે ત્રણે ગિરનાર સિવાયના સ્થળોએ થયેલા ઉલ્લેખો છે. ગિરનારના શિલાલેખો છેક તેરમી–ચૌદમી સદીમાં રૈવત નહિ પણ ઉજ્જયન્ત નામ પ્રયોજે છે એ ઘટના સૂચક લેખાય. તે શિલાલેખો ઊર્જયત્ વાપરવા કરતાં ઉજ્જયન્ત રૂપ તરફ પક્ષપાત દાખવે છે એ હકીકત પણ ગિરનારના પ્રાચીન નામના એ રૂપ સાથેના સંબંધ ઉપર પ્રકાશ પાડનારી ગણાય.

જુઓ ઉજ્જન્ત, ઉજ્જયિની [૨], ઉદયન્ત, જયન્ત, દુર્જયન્ત, દ્વારકા, વૈજયન્ત, રૈવત, રૈવતક, વસ્ત્રાપથક્ષેત્ર.

ઉજ્જયિની

[૧] અવન્તિકાનગરી સાતમા કલ્પમાં આ નામે ઓળખાઈ.[૧] ઉજ્જયિન્યભિધાનકથન અધ્યાય[૨]માં આ નામ કેમ પડ્યું તેની કથા છે:

૨૭ ગુએ ૨ લેખ ૧૪૯.
૨૮ ,, ૩ લેખ ૧૫૭ ઈ.
૨૯ ,, ૩ લેખ ૨૦૭ થી ૨૧૨.
૩૦ ,, ૩ લેખ ૨૫૧ અ–બ–ક.
૩૧ ,, ૨ લેખ ૧૬૮.
૩૨ ,, ૩ લેખ ૨૧૬ અ.
૩૩ ,, ૩ લેખ ૨૨૨ અ.

ઉજ્જયિની

૧ જુઓ અવન્તિકા ૧.
૨ સકાઅ ૪૩.

ત્રિપુર નામનો દૈત્ય બ્રહ્માને પ્રસન્ન કરી દેવ દાનવ ગંધર્વ પિશાચ નાગ રાક્ષસ—એ સૌથી પોતે અવધ્ય રહે એવું વરદાન મેળવે છે અને પછી દેવોને રંજાડવા માંડે છે. તેઓ બ્રહ્મા પાસે ગયા, જે તેમને અવંતીપુરી વિશે પાર્વતીસહવર્તમાન શિવ વિરાજતા હતા ત્યાં લઈ જાય છે અને સ્તુતિ કરે છે. શિવ તેમને એ ક્ષેત્રમાં રહી ઉપાસના કરવા આદેશે છે. તેઓ મહિષવાહિની ચામુંડાને બલિથી સંતૃપ્ત કરે છે. દેવી શિવને મહાપાશુપત શસ્ત્ર આપે છે. દેવોનું નેતૃત્વ લઈ શિવ ત્રિપુર તરફ ધસે છે. એકજ શરથી તેનો ઘાત કરે છે. દાનવને જિત્યો માટે તે નગરી ઉજ્જયિની કહેવાઈ.[૩] આરંભમાં કહ્યું છે કે ઉજ્જયિની નામ સાતમા કલ્પમાં પડ્યું, પણ એક પછી એક નામ કેમ પડ્યાં તેના જુદા જુદા અધ્યાયો આવે છે તેમાં ઉજ્જયિની અંગેનો અધ્યાય મોડો આવે છે એટલો ક્રમભેદ છે.

નોંધ ૧ : આ નગરી તે કોઈ પણ એક મોટા વિજય ઉપરથી સ્થપાયેલી—અથવા વધારે સંભવિત એ છે કે નામ પામેલી—નગરી લાગે છે.

ટોલેમીનું Ozênê તે જ ઉજ્જૈન.

જુઓ અવન્તિ [૧], અવન્તિકા, અવન્તિની, અવન્તી [૧], કુમુદ્વતી, કુશસ્થલી, ચૂડામણી, પદ્માવતી, પ્રતિકલ્પા, વિશાલા.

[૨] ગિરનાર પર્વત. 'ઉજ્જયન્ત'નું પાઠાન્તર.[૪] જુઓ ઉજ્જયન્ત.

ઉત્તરનર્મદ

નર્મદાની ઉત્તરનો—ઉપરનો પ્રદેશ, અપરાન્ત વિભાગમાંનો એક[૧] જુઓ આન્તરનર્મદ.

ઉદયન્ત

ગિરનાર પર્વત. ઉજ્જયન્તનું પાઠાન્તર.[૧] જુઓ ઉજ્જયન્ત.

---

૩ રૈવતાખ્ય ૪૩. ઉજ્જિતો દાનવો યસ્માત્ ત્રૈલોક્યે સ્થાપિતં યશઃ ।
તસ્માત્ સર્વૈઃ સુરશ્રેષ્ઠૈઋષિભિ સનકાદિભિ ॥ ૫૩
કૃતં નામ ભવત્યા વા ઉજ્જયિની પાપનાશિની ॥ ૫૪

૪ જુઓ ઉજ્જયન્ત ૮.

૫ ટો ૩૮.

નર્મદ

૧ જુઓ અપરાન્ત ૪.

ન્ત

૧ જુઓ રૈવત ૨૫.

ઉમાપુર

[૧] [૧]ગેઝા ઉમાદેવીનુ સ્થાન, હાટકેશ્વર ક્ષેત્ર (વડનગર) પાસે છે વા૰ થાપા૰ દૃષ્ટિએ ધ્યા માથી 'ઝા' મળે છે (સ ધ્યા–સ ઝા–સાઝ, વ ન્ધ્યા–વ ઝા ઉપાધ્યાય–ઓઝા, વ૰) તે જોતા ઉમાધ્યાત કે એને મળતા શબ્દમાથી ઊઝા નામ મળ્યુ હોવાનો સ ભવ છે

ઋક્ષ

પર્વત, સાત કુલ પર્વતોમાનો એક[૧] સાતપૂડો

વિષ્ણુ પ્રમાણે ઋક્ષ તે ગોડવન પર્વત[૨] પાર્જીટર કહે છે કે વિન્ધ્ય અને ઋક્ષમાથી નીકળતી નદીઓ જોતા ઋક્ષ તે સાતપૂડા પર્વત અને વગડની વચ્ચે અને છોટા નાગપુરની દક્ષિણે લગભગ પશ્ચિમ *અગાળમા પહોચતી ગિરિમાળા છે*[૩] ડૉ ઘી સી લે[૪] કહે છે કે આજનો વિન્ધ્ય તે નર્મદાના ઉત્ત૰ તીરે તીરે છે અને તે જ પ્રાચીન ઋક્ષવત્ છે તે મત ટોલેમીને અનુસરી બાધેલો લાગે છે અને બરોબર નથી

જુઓ ઋક્ષવત્

ઋક્ષવત્

પર્વત[૧] તે જ ઋક્ષ–સાતપૂડો

ટોલેમીનો Ouxenton[૨] તે ઋક્ષવત ડૉ ઘી સી લે૰ કહે છે કે

ઉમાપુર

૧ આ નામ પુરાણોમાથી નહિ પણ વેસ્ટકેશ્વર જેસના સ્કન્દના નાગરખ ૩ પૃ૰ ૨ની પાદટીપમા નોધાયલુ હોઈ અહી આપ્યુ છે

ઋક્ષ

૧ જુઓ વિન્ધ્ય ૧

૨ વિષ્ણુનુ વિષ્ણુ પુરાણ. અ શ ૨ અધ્યાય ૩ ઉપર નોંધ માર્ક પૃ૰ ૨૮૬ પાદટીપ

૩ માર્ક પૃ૰ ૨૮૬ પાદટીપ

૪ માઇ પૃ૰ ૧૯

ઋક્ષવાન્

૧ જુઓ અવન્તિ ૨૪

૨ ટો પૃ૰ ૭૬, ૭૮, ૮૦.

એથી ટોલેમીને દાલના વિન્ધ્યનો નર્મદાની ઉત્તરનો ભાગ જ ઉદ્દિષ્ટ છે અને Ouindon-વિન્ધ્યથી તેને વિન્ધ્યનો નર્મદા તાપીનાં મૂળ જેમાં છે તે ભાગ અભિપ્રેત છે. રાય ચૌધરી[૪] કહે છે કે ટોલેમીનાં સૂચનો તત્ત્વતઃ સાચાં છે. ડૉ૦ લો કહે છે કે આજનો વિન્ધ્ય તે નર્મદાના ઉત્તર તીરે તીરે છે અને તે જ પ્રાચીન ઋક્ષવત્ છે.[૫] પણ પ્રાચીન ઋક્ષ કે ઋક્ષવત્ તે સાતપુડા ગિરિમાળા એ પાર્જિટરનો મત વધુ શ્રદ્ધેય છે.[૬] ડૉ૦ લો ટોલેમીને અનુસરી આ મત ઊપર આવ્યા લાગે છે. ઉપરાંત સાતપૂડા–નર્મદાની દક્ષિણનો પર્વત–તે તો અર્વાચીન ભૂગોલવિદોએ ઉત્તરભારતની દક્ષિણ હદ તરીકે ગણાવ્યો છે અને તે રીતે એ તો પ્રાચીન 'પારિયાત્ર' ઠરે એમ એ કહે છે.[૭] એટલે સાતપૂડા અને ઋક્ષની એકતા તેમને વસતી નથી. પારિયાત્રનું વિવેચન કરતાં તેઓ તેને બૌધાયન પ્રમાણે આર્યાવર્તની દક્ષિણ સીમા ગણાવી, ભોપાલની પશ્ચિમનો વિન્ધ્ય અને અરવલ્લી મળીને પારિયાત્ર થાય એવો પાર્જિટરનો અભિપ્રાય ટાંકે છે અને તે સ્વીકાર્ય હોય એમ લાગે જ એમનું વિવેચન અટકે છે;[૮] તો પછી ફરી સાતપૂડા તે પારિયાત્ર અને તેથી ઋક્ષ તે સાતપૂડા નહિ એવા ગુંચવાડામાં પડવાનું એમને શું કારણ છે તે સમજાતું નથી.

તે તે પર્વતમાંથી નીકળતી નદીઓ જોતાં, ગુજરાતના પૂર્વ અને ઈશાનને વીંટળાઈને પડેલો વિન્ધ્યનો ભાગ અને અરવલ્લી એ મળીને પ્રાચીન પારિયાત્ર અને દ૦ ગુજરાત અને વરાડ–છોટા નાગપુરમાં પસાર થતી ગિરિમાળા તે પ્રાચીન ઋક્ષ કે ઋક્ષવત્ અને આ પારિયાત્ર અને ઋક્ષ તે બંને પ્રાચીન વિન્ધ્યની બે પાંખો. ડૉ૦ લોને આ અભિપ્રાય માન્ય છે.[૯]

---

૩ માઈ પૃ૦ ૧૭.
૪ ,, ; સ્ટડીઝ ઈન ઈન્ડિયન એન્ટિક્વીટીઝ પૃ૦ ૧૨૪-૮.
૫ માઇ પૃ૦ ૧૯.
૬ જુઓ ઋક્ષ ૩.
૭ માઇ પૃ૦ ૧૯.
૮ ,, ,,
૯ રીઇ પૃ૦ ૪૧.

कच्छ

[૧] દરિયાકાંઠાનો પ્રદેશ. આ સામાન્ય અર્થમાં ઘણાખરા પૌરાણિક ઉલ્લેખો તો સમજવા જોઈએ,—જેવું 'અપરાન્ત' અને 'અનૂપ' વિશે છે. જેમકે કચ્છ, મહકચ્છ, ગોપાલકચ્છ.

[૨] હાલનો કચ્છ પ્રદેશ. મહાભારત[૧] કચ્છ આપે છે. બ્રહ્માંડ[૨] અપરાન્તના દેશોમાં કચ્છને ગણાવે છે અને સાથે તેજ શ્લોકમાં કચ્છિપા· પણ આપે છે. પદ્મ[૩] काच्छाः આપે છે. મત્સ્ય[૪] काच्छीक, તો વાયુ[૫] कच्छीया· આપે છે. માર્કંડેય[૬] काश्मीराः આપે છે, પણ તે બ્રહ્માંડના कच्छिपाःની પેઠે ભિન્ન પાઠ જ છે. (જુઓ અપરાન્ત નોંધ ૨) સ્કન્દ[૭] કચ્છમંડલ નામ આપે છે અને તેનાં ૧૪૪૦ ગામ છે એમ નોંધે છે, જે સત્યની સમીપ હોવાનો સંભવ છે. બાકી તે જ ખંડમાં બીજા દેશોનાં ગામ લાખે ને કરોડે ગણાવ્યાં છે. સંભવ છે કે સ્કન્દના તે અંશનો લેખક કચ્છાદિ પશ્ચિમ ભારતીય દેશવિભાગોથી પરિચિત હોય.

નોંધ ૧ : ૧૪૪૦ ગામ સાથે સરખાવો બીજા એવા સંખ્યાંકો દા. ત. ઈડર રાજ્યને 'ચૌદસો ચુંવાળ' (૧૪૮૪) કહે છે, તેમાં એટલાં ગામ છે એ ગણતરીએ,—જો કે હાલ તો તેમાં ચારસોએક ગામ ઘટ્યા છે.

ભવિષ્યપુરાણ સિંધ, કચ્છ અને ભુજ એ દેશોનો એક રાજવંશ સાથે સંબંધ નોંધે છે. સિન્ધુ નદીતટે રાજ્ય કરનાર સિંધુવર્મા જેના પરથી તે પ્રદેશ સિંધુદેશ કહેવાયો, તેના પુત્ર સિંધુદ્વીપનો પુત્ર શ્રીપતિ કચ્છદેશમાંથી રાણી પામતાં કચ્છ જઈ પુલિન્દ યવનને જીતી દેશ વસાવે છે, જે સિંધુના તીર ઉપર શ્રીપતિદેશ નામે ઓળખાયો. તેના પુત્ર ભુજવર્માએ શબર-ભિલ્લોને હરાવી રાષ્ટ્ર નિર્મ્યો તે ભુજદેશ તરીકે પ્રસિદ્ધ થયો.

कच्छ

૧ મભી ૧૦.૫૫ कच्छा गोपालकच्छाश्च ... ।

૨ જુઓ અપરાન્ત ૩.

૩ પદ્મ ૬.૫૧ काच्छा गोपालकच्छाश्च ... ॥

૪ જુઓ અપરાન્ત ૨.

૫ ,, ૫.

૬ ,, ૪.

૭ સ્કમાકૌ ૩૯.૧૪૫

चतुर्दशशतं द्वे च विंशतिः कच्छमंडलम् ।

... આ વર્ણન ઉપરથી કચ્છની સીમા સિંધુ નદીના કિનારા સુધી ગણવી જોઇએ અને કયારેક તેનું નામ શ્રીપતિ–દેશ હતું એમ માનવાનું પ્રાપ્ત થાય.

[૩] યુવાન શુવાંગના આધારે શ્રી. દે હાલનું ખેડા તે 'કચ્છ' નામે ઓળખાતું એમ કહે છે, પણ તે બરોબર નથી.[૯] જુઓ ખેટક.
[૪] માર્કંડેયમાં[૧૦] કાંચી–તામ્રપર્ણી સાથે ગણાવેલ કચ્છ તે હાલનું કોચીન છે એમ પાર્જિટર કહે છે તે યોગ્ય જ છે.[૧૧] ગોપાલકચ્છનો અયોધ્યા અને હિમાલયના ઉલ્લેખોની વચ્ચે સભાપર્વમાં પૂર્વ દિગ્વિજયમાં ઉલ્લેખ થયો છે.[૧૨] તે જો ગંગા જેવી નદીના કોઈ તટપ્રદેશનો ન હોય તો પૂર્વ સમુદ્ર ઉપરના કોઈ પ્રદેશનો હોઈ શકે. કચ્છ કે ૦કચ્છ સામાન્ય [૧] અર્થમાં પુરાણોમાં વપરાય છે તે આવાં દૃષ્ટાન્તોથી સ્પષ્ટ થાય છે.

આભીર અને અરબસ્તાનના કિનારા પરના ઓફિર ઉપરથી પ્રાચીન સમયમાં હિંદ, ઈરાનનો અખાત, આફ્રિકા વગેરે સંબંધ હતો

---

૮ ભપ્રચ ૩.—

... સિંધુવર્મા સુતોઽભવત્ ॥ ૨૫
સિંધુકૂલે કૃતં રાજ્યં ... ।
સિંધુદેશસ્તતો નામ્ના પ્રસિદ્ધોઽભૂદ્મહીતલે ॥ ૨૬
સિંધુદ્વીપસ્તસ્ય સુતઃ ... ॥ ૨૭
શ્રીપતિસ્તસ્ય તનયો ગૌતમાન્વયસંભવામ્ ।
કાચ્છપીં મહિષીં પ્રાપ્ય કચ્છદેશમુપાયયૌ ॥ ૨૮
પુલિન્દાન્યવનાન્ જિત્વા તત્ર દેશમકારયત્ ।
દેશો વૈ શ્રીપતિનામ્ના સિંધુકૂલે બભૂવ હ ॥ ૨૯
પિતુસ્તુલ્યં કૃતં રાજ્ય ભુજવર્મા તતોઽભવત્ ।
જિત્વા સ શબરાન્ મિલ્લાંસ્તત્ર રાષ્ટ્રમકારયત્ ॥ ૩૦
ભુજદેશસ્તતો જાતઃ પ્રસિદ્ધોઽભૂદ્મહીતલે । ૩૧

૯ જુઓ ખેટક ૩.

૧૦ મા ૫૪.૩૪

૧૧ માર્ક પૃ૦ ૩૭૧ પાદટીપ.

૧૨ મસ ૨૭.૩

એમ સૂચવતાં સ્કોફ[૧૩] બીજા ઉદાહરણ તરીકે કચ્છ, બુઝિસ્તાન= કેસાર્ઇટ અને 'કુશ' એ બધા નોખાનોખા પથરાયેલા પ્રદેશના પરસ્પર સામ્યનું સૂચન કરે છે તે રસપ્રદ છે, હકીકતે ટકી શકે ભાગ્યે જ.

જુઓ કચ્છપ, કચ્છમંડલ, કચ્છિપ, કચ્છીય, કાચ્છ, કાચ્છીક, કાશ્મીર, શ્રીપતિદેશ.

कच्छप

[૧]કચ્છ દેશ. સર૦ कच्छिप.[૨] જુઓ કચ્છ.

कच्छमंडल

[૧]કચ્છદેશ. જુઓ કચ્છ.

कच्छिप

[૧]કચ્છ દેશ. સર૦ कच्छप. જુઓ કચ્છ.

कच्छीय

[૧]કચ્છ દેશ. રાજશેખર कच्छीय આપે છે.[૨] જુઓ કચ્છ.

---

૧૩ પેરિ પૃ૦ ૧૭૫.

कच्छप

૧ બ્રહત્ ૨૭.૨ अथ कच्छपदेशीय...।
„ „ .૧૭ स वै „ ॥
સર૦બ્રહત્ય ૩.૨૮ काच्छपीं महिषीं प्राप्य कच्छदेशमुपाययौ

૨ જુઓ અપરાન્ત ૩.

कच्छमंडल

૧ જુઓ કચ્છ ૭.

कच्छिप

૧ જુઓ કચ્છ ૨.

कच्छीय

૧ જુઓ કચ્છ ૫.
૨ કામી પૃ૦ ૯૪.

कपडवाणक

કપડવંજ ગામ.[1] જુઓ કર્પટ.

कपड्वणज

કપડવંજ ગામ.[1] જુઓ કર્પટ.

करणाटक

કર્ણાટકનું પાઠાન્તર.[1] જુઓ કર્ણાટ.

कर्णाट

કર્ણાટક પ્રદેશ, તે નામની જાતિ ઉપરથી.[1] સ્કન્દમાં એક કથા છે:[2]— પ્રાચીન સત્યમંદિર—હાલના મોઢેરા આગળ માતંગી રૂપિણી શ્રીમાતાએ લોઢાને હેરાન કરનાર કર્ણાટ દૈત્યને માર્યો તે દૈત્ય યક્ષ્મરૂપે—ક્ષયરૂપે—સત્યમંદિરને છોડીને દક્ષિણ દિશામાં ઉત્તમ એવા સમુદ્રને કિનારે ગયો. ત્યાં વિશાળ દેહ ધારણ કરીને પોતાના નામથી તે ઉત્તમ દેશની સ્થાપના કરી. જ્યાં સર્વ વસ્તુઓ અને ધનધાન્ય બહોળા પ્રમાણમાં હતાં, તેવા કર્ણાટદેશમાં પ્રસરીને એ લાંબો વખત રહ્યો.

कपडवाणक

२६अध्या ३९.२७

कपड्वणज

१ २६अध्या ३९.१२३

करणाटक

१ भप्रद्वि १८

कर्णाट

१ मस ४८.२० (पछी ४७५*मा पंक्ति ३), भम २७.५ पादटीप

२ २६अध्या १८.—

... सत्यमंदिरमुत्सृजन् ।
गतोऽसौ यामदिग्भाग उदधेस्तीर उत्तमे ॥ ७५
विपुल देहमासाद्य कर्णाट म नराधिप ।
स्वनाम्ना चैव त देश स्थापयामास चोत्तमम ॥ ७६
यस्मिंश्च सर्ववस्तूनि धनधान्यानि भूरिश ।
कर्णाटदेशो स राजन् परिवार्य चिरं स्थित ॥ ७७

સ્કન્દમાં કર્ણાટનાં સવાલાખ ગામ ગણાવ્યાં છે.[૩] માર્કંડેય[૪] અને પદ્મ[૫] ઉલ્લેખ કરે છે.

તાંત્રતન્ત્ર પ્રમાણે કર્ણાટ તે મહારાષ્ટ્ર. કર્ણાટ તે વિજ્યાનગરમ્ એમ ઇમ્પીરીયલ ગેઝેટીયર ઑફ ઇન્ડિયા (વૉ૦ ૪) કહે છે. મૈસુર રાજ્યને પણ કર્ણાટક કહેતા.[૬]

કર્ણાટક ગુજરાતમા ગણાવી શકાય નહિ અને તેથી તેની અહીં ચર્ચા કરવાને અવકાશ ન રહે, પણ ઉપરની કથા–જે કુમારપાલના સમયથી પહેલાંની નથી–એવું સૂચન પૂરું પાડે છે કે ઉત્તર ગુજરાતને કર્ણાટકના હલ્લાનો સામનો કરવો પડેલો અથવા તો મોઢેરાથી સુખે કે દુઃખે એકાદ વસાહત દક્ષિણમાં ગયેલી.

કર્ણાટક જોડે ગુજરાતને સંબંધ તો રહ્યા જ કરતો. પ્રસિદ્ધ સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહની માતા મયણલ્લા કર્ણાટકની જ હતી.

જુઓ કરણાટક, કર્ણાટક, કાર્ણાટ

कर्णाटक

કર્ણાટક, દાક્ષિણાત્ય–દક્ષિણાપથના–પ્રદેશોમાંનો એક.[૧] બહુવચનનો ઉપયોગ જાતિવાચક શબ્દ ઉપરથી દેશનામ થયું સૂચવે છે. જુઓ કર્ણાટ.

कर्पट

માલવ પાસેનો પ્રદેશ. મહાભારત સભાપર્વમાં પશ્ચિમ દિગ્વિજયમાં આ નામ માલવ, વ૦ સાથે આપેલું છે.[૧]

---

૩ સ્કમાકુ ૩૯ —
તોમરાશ્ચાપિ કર્ણાટો યુગલશ્ચ ત્રયસ્ત્વિમે ॥ ૧૫૨
સપાદલક્ષ ગ્રામાણાં પ્રત્યેકં પરીકીર્તિત. । ૧૫૩

૪ જુઓ મહારાષ્ટ્ર ૨.

૫ ૫૭ ૧૬૩.૫૧ કર્ણાટિ વૃદ્ધિમાગતા ।

૬ જરો ૧૯૧૨ પૃ૦ ૪૮૨.

कर्णाटक

૧ મબી (કુંભ૦) ૬.૫૬ કર્ણાટકા મહિષકા. ... ।
૫૨૧ ૬.૫૪ કર્ણાટકા માહિષકા ...

कर्पट

૧ મમ ૨૬.૬ શિબીંશ્ચિગર્તાનમ્બષ્ઠાન્માલવાન્પઞ્ચ કર્પટાન્ ॥

માલવની સાથે તેનું નામ છે અને દેશો પશ્ચિમ દિશાના મરુ, પુષ્કર વચ્ચેના છે એ ઉપરથી કર્પટ તે ગુજરાતની ઉત્તરે કે ઈશાને સંભવી શકે. પછી તે નામ હાલના કપડવંજ આસપાસના પ્રદેશ માટે વપરાવા માંડયું હોય. સ્કન્દમાં 'કપડવાણક'–'કપડ્વણજ' એવાં નામો સાથે કર્પટ[2] નોંધાયેલું છે.

મધ્યકાલમાં કર્પટવાણિજ્ય ધ. સ. ૮૬૭ના દાનપત્રમાં ૮૪ ગામના પરગણા તરીકે ઓળખાવાયું છે.[3] તે નામવાળાં તામ્રપત્રો કપડવંજમાંથી જ મળી આવ્યાં છે. હાલના કપડવંજમાં આઠેક સૈકા જેટલાં જૂનાં ઘર ઊભાં છે અને નજીકમાં વધુ પુરાણા નગરના અવશેષ પડેલા છે. કપડવંજ ગુજરાતના પ્રાચીન-મધ્યકાલીન વેપારી ધોરી રસ્તાપર આવેલું છે.[4] સંભવ છે કે મહાભારતકાલીન કર્પટોની આ તરફ વસાહત હોય.

જુઓ કપડવાણક અને કપડ્વણજ.

કાચ્છ

૧૬૨૭દેશ. જુઓ કચ્છ.

કાચ્છીક

૧૬૨૭દેશ. જુઓ કચ્છ.

કાશ્મીર

૬૨૭ સૂત્રવતા કોઈ ૩૫ (કાચ્છીયા., કાચ્છીકાઃ જેવા)નો ભ્રષ્ટ પાઠ[1]. જુઓ અપરાન્ત નોંધ ૨. જુઓ કચ્છ.

---

૨ સ્કન્દાધ ૩૫.૩૬

૩ એઇ ૧ પૃ૦ ૫૫.

૪ એટા પૃ૦ ૧૭.

કાચ્છ

૧ જુઓ કચ્છ ૩.

કાચ્છીક

૧ જુઓ કચ્છ ૪.

કાશ્મીર

૧ જુઓ અપરાન્ત ૪.

कान्यकुब्ज

[૧] કનોજ શહેર[૧] ત્યા આમ રાજા રાજ્ય કરતો.[૨]

[૨] પ્રદેશ ૨૫૬ તેમા ૩૬ લાખ ગામ હોવાનુ કહે છે[૩]

કનોજ આસપાસનો દેશ કાન્યકુબ્જ કહેવાયાનો જણ્યામા આ એક જ ઉલ્લેખ છે

कार्णाट

કર્ણાટનું પાઠાન્તર[૧] જુઓ કર્ણાટ

कावेरी

નદી, પારિયાત્રમાથી નીકળતી નદીઓમાની એક[૧] નર્મદાને મળે છે,[૨]

કાવેરી નર્મદા સગમ[૩]

कुकुर

[૧] દક્ષિણનો દેશ[૧]

[૨] ઉત્તર–વાયવ્ય તરફનો દેશ ભીષ્મપર્વ (કુભ૦)[૨] ઉત્તરમા પણ ગણાવે છે

સભાપર્વમા સળગ ત્રણ શ્લોકોમા પહેલામા (પાઠાન્તર સ્વીકારતા) કુકુરા, બીજામા કૌકુરા કોકુરા અને ત્રીજામા કુક્કુરા નો ઉલ્લેખ છે તે બધા જ ઉત્તર-વાયવ્યના દેશોમા ગણાવવામા આવ્યા છે[૩]

कान्यकुब्ज

૧ ભવ ૧૧૮ ૧૭ गगाया कन्यकुब्जे वै । ભવ ૮૫ ૧૨ પાદટીપ, ૧૧૫ ૯ પાદટીપ

૨ રઘુવંશ ૬ ૧૨

૩ રઘુમાર્કો ૬૯,૧૨૯ पञ्चविंशतमान तु कान्यकुब्ज प्रकीर्तितम् ॥

कार्णाट

૧ મસ ૪૮.૨૦ પછી ૪૭૫*મા પંક્તિ ૩ના કર્ણાટનું પાદટીપમા નોધાયેલુ પાઠાન્તર.

कावेरी

૧ જુઓ પારિયાત્ર ૨, ૬૩ ૪૦ ૪૦

૨ જુઓ નર્મદા ૨૬

૩ ,, ,, ભ૧૮૯

कुकुर

૧ ભભી ૧૦ ૫૯ કુકુરાનદમારિષા ॥ (કુભ૦ ૯ ૬૦)

૨ ભભી (કુભ૦) ૯ ૪૨ જઠરા કુકુરાશ્ચૈવ...॥

દશાર્હ અન્ધક, વગેરે યાદવ જાતિઓમાંની એક જાતિનું નામ[૪] કુકુર છે તે કોઈ પ્રદેશ માટે પણ વપરાતું હશે.

રુદ્રદામનના શિલાલેખમાં કુકુર પ્રદેશ ગણાવ્યો છે.[૫] ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી આ દેશ કયો તે કહી શક્યા નથી.[૬] ડૉ. રા. ભાંડારકર કુકુર તે યુવાન શ્વાંગનું Kiu-che-lo એમ કહે છે, પણ આ તો ગુજરાતનું ચીનીરૂપ છે એમ ડૉ. બ્યૂલર કહે છે.[૭] શિલાલેખમાં સિંધુ, સૌવીર, કુકુર, એ ક્રમ જોતા ગુજરાતની ઉત્તરે આ દેશ હોવો સંભવે છે. મહાભારતના ઉલ્લેખોનો એ સંભાવનાને પૂરો ટેકો મળી શકે એમ છે બોમ્બે ગેઝેટિયર કહે છે કે કદાચ તે પૂર્વ રાજપુતાનાનો ભાગ હોય[૮]

કુમુદ્વતી

ઉજ્જયિનીનું એક નામ. પહેલા પદ્માવતી નામ હતું, પણ નદીઓમાં, સરોવરો, વાવકૂવા વગેરેમાં પ્રફુલ્લ કુમુદો જામેલાં હોવાથી તેનું નામ કુમુદ્વતી[૧] પડ્યું એવું કુમુદ્વતીપ્રભાવકથન અધ્યાય[૨]માં જોમશ કહે છે. જુઓ ઉજ્જયિની.

---

૩ મસ ૪૮.—

પારદાઃ વાહ્લિકૈઃ સહ ॥ ૧૨

કાશ્મીરા કુન્દમાનાશ્ચ [કુકુરાશ્ચૈવ] પૌરકા હસકાયના ।

શિબિત્રિગર્તયૌધેયા રાજન્યા મદ્રકેકયા ॥ ૧૩

અમ્બષ્ઠા કૌકુરાસ્તાર્ક્ષ્યા વસ્ત્રપા પહ્લવૈ સહ ।

વસાતય સમૌલેયા સહ ક્ષુદ્રકમાલવૈ ॥ ૧૪

શૌણ્ડિકા કુક્કુરાશ્ચૈવ શકાશ્ચૈવ વિશાંપતે । ૧૬

ભવ ૪૮.૧૪મા કોકુરા પાઠ પણ છે, મસ પૃ૦ ૪૭૨.

૪ ભવ ૧૦૮ ૩૧ દશાર્હયોધા કુકુરાન્ધકાશ્ચ ।

૫ જુઓ આનર્ત ૧૬.

૬ ઇએ ૭ પૃ૦ ૨૫૬.

૭ ,, ,, ૨૬૩.

૮ બોગે ,, ૩૬ પાદટીપ ૭.

કુમુદ્વતી

૧ ૨૬મા અ ૪૬.૩૦

યસ્માત્સર્વેષુ કાલેષુ પ્રફુલ્લા ચ કુમુદ્વતી ।

તસ્માત્પદ્માવતી હ્યેષા જાતા કુમુદ્વતી પુરી ॥

૨ ૨૬મા અ ૪૫.

કુશસ્થલી

[૧] પ્રાચીન દ્વારકા.

મહાભારત પશ્ચિમ દિશામાં સમુદ્રતટે રૈવત પર્વત પાસે કુશસ્થલી હતા ત્યાં દ્વારકા વસ્યાનું કહે છે.[૧] હરિવંશ કુશસ્થલીને સ્થાને દ્વારકા વસી[૨] તે રૈવતની હતી,[૩] પાસે રૈવત પુરદ્વારભૂષણ[૪] રૂપ હતો અને બધી બાજુએ સમુદ્ર હતો[૫] એમ કહે છે. વિષ્ણુપુરાણ નોંધે છે કે રૈવતની કુશસ્થલીને ઠેકાણે દ્વારકા વસી અને હાલ ત્યાં બલરામ છે;[૬] બ્રહ્મલોકમાંથી ફકુદ્મી રૈવત પાછો ફરે તે પહેલા પુણ્યજન રાક્ષસોએ કુશસ્થલીનો નાશ કર્યો[૭] હોઈ તે આવીને જુએ છે તો કુશસ્થલી બદલાઈ ગઈ છે;[૮] રૈવતનો પિતા રૈવત (આનર્તનો પુત્ર) આનર્ત દેશ ભોગવતો અને કુશ-

---

કુશસ્થલી

૧ જુઓ દ્વારકા ૮, ૯.

૨ જુઓ દ્વારકા ૨૨.

૩ હરિ ૫૫.૭

देव यास्यामि नगरीं रैवतस्य कुशस्थलीम् ।
रैवतं च गिरिं रम्य नन्दनप्रतिम वनम् ॥

૪ જુઓ દ્વારકા ૨૫.

૫ હરિ ૫૫.–

वासार्थमीक्षितु भूमि तव देव कुशस्थलीम् ॥ १०१
सर्वतोदधिमध्यस्थाममेद्या त्रिदशैरपि ॥ १०३

૬ વિષ્ણ ૧.૬૧

कुशस्थली या तव भूप रम्या
पुरी पुराऽभूदमरावतीव ।
सा द्वारका सम्प्रति तत्र चास्ते
स केशवांशो बलदेवनामा ॥

૭ વિષ્ણ ૨.૧

यावत्स ब्रह्मलोकात्तु फकुद्मी रैवतो नाभ्येति तावत पुण्यजनरक्षांसि
राक्षसास्तामस्य पुरीं कुशस्थलीं निजघ्नुः ।

૮ વિષ્ણ ૧-૬૪ कुशस्थलीं तां च पुरीमुपेत्य दृष्ट्वान्यरूपाम्... ।
ઉપરાંત હરિ ૧૧.૪, ભા ૫.૨૭

સ્થલીમાં વસતો.[૯] સ્કન્દ કુશસ્થલી પશ્ચિમ સમુદ્ર તીરે છે અને કુશે તે સ્થાપેલી અને ત્યાં ગોમતી વહે છે એમ કહે છે.[૧૦] મત્સ્ય પણ કુશસ્થલીને આનર્તની નગરી અને તે જ દ્વારવતી એમ કહે છે. [૧૧] વાયુપુરાણ કહે છે કે આનાર્તનો પુત્ર રૈવત ને એનો દેશ આનાર્ત તથા નગરી કુશસ્થલી,[૧૩] અને રૈવત બ્રહ્મલોકમાંથી પોતાની પુત્રી લેવા પાછા આવે છે ત્યારે જુએ છે તો નગરીમાં યાદવો આવી ગયા છે અને એનું નામ દ્વારવતી થયું છે[૧૪] ભાગવત પ્રમાણે આનર્તના પુત્ર રેવતે સમુદ્રમાં કુશસ્થલીનું નિર્માણ કર્યું.[૧૫]

[૨] ઉજ્જયિની.

કુશસ્થલી તે જ વિશાલા કે ઉજ્જયિની.[૧૬]

ઉજ્જયિનીનું દ્વિતીય કલ્પમાં આ નામ હતું.[૧૭] સ્કન્દના કુશસ્થલી નામહેતુકથાવર્ણન અધ્યાયમાં[૧૮] પરસ્પર વિરુદ્ધમાં યુદ્ધો ફાટી નીકળતાં બ્રહ્મા વિષ્ણુનું ધ્યાનસ્તવન કરે છે અને વિષ્ણુ કુશઘાસથી બિછાવેલી ઊંચી ભૂમિ ઉપર બેસે છે તે પ્રસંગે અને જાણે તે સ્થળનું કુશસ્થલી

---

૯ વિષ્ણ ૧.૬૪–૫

आनर्तस्यापि रेवतनामा पुत्रो जज्ञे योऽसावानर्तविषय बुभुजे पुरीं च कुशस्थलीमध्युवास ।

૧૦ સ્કપ્રકા ૨.—

पश्चिमस्य समुद्रस्य तीरमाश्रित्य तिष्ठति ।
कुशस्थलीति या भूव कुशेन स्थापिता पुरी ॥ ३
वहते गोमती यत्र सागरेण समतत ।
द्वारावतीति सा विप्रा आनर्तेषु प्रकीर्तिता ॥ ४

૧૧ મ ૧૨.૨૭ आनर्तो नाम देशोऽभूनगरी च कुशस्थली ।

૧૨ મ ૬૯.૬ पुरीं द्वारवतीं नाम साम्रत्य या कुशस्थली ।

૧૩ વાપુ ૮૬.૨૪ आनार्तो विषयो यस्य पुरी चापि कुशस्थली ·

૧૪ વાપુ ૮૬ ૨૭

आजगाम युवा चैव स्वा पुरीं यादवैर्वृताम् ।
कृतां द्वारवतीं नाम बहुद्वारां मनोरमाम् ॥

૧૫ જુઓ આનર્ત ૬.

૧૬ જુઓ અવન્તિકા ૧.

૧૭ જુઓ અવતિકા ૧.

૧૮ સ્કઆવ્ય ૪૧.

નામ પાડે છે એવું વર્ણન છે.૧૯

અવંતીદેશની કુશસ્થલી તે દ્વારકાથી ભિન્ન છે એનો પુરાવો સ્કન્દમાં જ છે; કૃષ્ણના બોલાવ્યા નારદ દ્વારકા જઈ ઇન્દ્રના શબ્દો કૃષ્ણને કહે છે કે હે કૃષ્ણ તમે કુશસ્થલી આવો.૨૦ તેમાં જ બ્રહ્મા વડે કુશ–દર્ભ–થી છવાયેલી માટે કુશસ્થલી એવી વ્યુત્પત્તિ આપી છે.૨૧

[૩] તે જ કુશાવતી ?

પદ્મપુરાણમાં કુશ કુશાવતીમાં ગાદીએ બેઠાનું કહ્યું છે૨૨ અને રામાયણમાં રામે વિન્ધ્યપર્વતના પાદપ્રદેશમાં કુશની રાજધાની કુશાવતીમાં કર્યાનું વર્ણન છે.૨૩

પાર્જીટર કુશે સ્થાપેલી કુશસ્થલી દ્વારકાથી ભિન્ન એવી વિન્ધ્યના પૂર્વ ભાગમાં દક્ષિણ કોસલમાં આવેલી માને છે.૨૪ શ્રી. દે એને વડોદરા રાજ્યમાં આવેલ ડભોઈ–પ્રાચીન દર્ભાવતી માને છે,૨૫ પણ તે માટે 'કુશ=દર્ભ' સિવાય કોઈ કારણ નથી. રઘુવંશ (૧૫.૯૭)માં

---

૧૯ ૨૬અધ્યાય ૪૧.—

ततः स्थलीमुच्चतरामवाप्य पितामह. केशवमाह चादरात् ॥ २७
निषीद देवेश कुशस्थल यदा तदाश्रितो माधवमासरूपवान् ॥ २८
कुशस्थलीं सस्थित एव देव इत्य विधात्रा पुरुषोत्तमः स्तुतः ।
स्थलीं कुशैरास्तरितामुपाविशत्कुशस्थलीं देवमुनीन्द्रसेविताम् ॥ २९
समततो योजनसत्त्रयावृतां ततो विधाता पुरुषोत्तमस्तथा ।
कुशस्थलीति प्रथित जगत्त्रये प्रचक्रतुर्नाम च तावुभावपि ॥ ३०

૨૦ ૨૬અધ્યાય ૩૦.—

नारदो द्वारकायां तु कृष्णस्याह्वानकारणात् ।
देवराजस्य तद्वाक्य सरहस्य च केशवम् ॥ ३७
श्रावयामास विप्रेन्द्र एहि कृष्ण कुशस्थलीम् ॥ ३८

૨૧ ૨૬અધ્યાય ૪૨.૩૨ स्तीर्णा कुशैर्यतो धात्रा कुशस्थली तत स्मृता ।

૨૨ ૫ઉ ૨૪૪.૫૬ कुशवत्या कुश त च शरवत्यां लवं तथा ।

૨૩ ૨ાઉ ૧૦૮.૪

कुशस्य नगरी रम्या विन्ध्यपर्वतरोधसि ।
कुशावतीति नाम्ना सा कृता रामेण धीमता ॥

૨૪ એઇ પૃ૦ ૨૭૬.

૨૫ ત્યોડિ ' કુશસ્થલી. '

પદ્મ પ્રમાણે લવકુશની રાજધાનીઓનું વર્ણન છે, પણ સ્થળનિર્ણય માટે વિશેષ માહિતી નથી. શ્રી. દે લાહોરથી નૈઋર્ત્યમાં બત્રીસ માઈલ ઉપર આવેલા પંજાબના કાશુરને માટે પણ કુશાવતી નામ વપરાયાની નોંધ કરે છે.[૨૬] બુદ્ધ ભગવાનનું મૃત્યુ થયું તે જગા પણ કુશાવતી કહેવાય છે[૨૭]

ઉપર પાછળથી જ્યાં દ્વારકા સ્થપાયું ત્યાં કુશે કુશસ્થલી સ્થાપી હતી એવું જે વર્ણન છે તે રામાયણે કુશાવતીના કરેલા વર્ણનથી જુદું પડે છે, એટલું જ નહિ કુશાવતીઓ પણ એક કરતાં વધુ દેખાય છે,—જેમ કુશસ્થલી, ઉપર જોયું તેમ બે છે. ઉજ્જયિની કુશસ્થલી કહેવાતી, તેમ તેની પાસે કુશાવતી હોવાનું નોંધાયું છે. પદ્મ મૃચ્છકટિક(૧૦.૫૧)માં ઉજ્જયિનીના રાજા પાલકને માર્યા પછી આભીરવંશના રાજા આર્યક ચારુદત્તને કુશાવતી આખ્યાનું કહ્યું છે. કુશસ્થલ પણ હેમકોશમાં કનોજ માટે મળે છે.

આ બધા ઉપરથી એવું સમજાય છે કે આપણા દેશમાં રામપુર સીતાપુર વગેરે સરખાં નામનાં અનેક સ્થળો છે તેમ કુશસ્થલી કે કુશાવતીનું પણ છે.

કુશ યજ્ઞ માટે મહત્ત્વનું પવિત્ર ઘાસ હોઈ તેના ઉપરથી પણ ધાર્મિક સંબંધને લીધે જ્યાં કુશ :સુલભ છે તેવા પવિત્ર સ્થળ માટે કુશાદિ સ્થળનામોનો પ્રચાર સંભવિત છે.

દ્વારકાને ઠેકાણે કુશસ્થલી (પછી તે રામપુત્ર કુશે સ્થાપી હો વા ન હો) હતી અને ઉજ્જયિની કુશસ્થલી કહેવાતું તે નિર્વિવાદ સમજાય છે.

જુઓ દ્વારકા અવન્તિકા

કુશાવતી

નદી, દ્વારકાક્ષેત્રમા પાંચ નદીઓનુ મળી પંચનદ તીર્થ બને છે તેમાંની એક.[૧]

---

૨૬ જ્યોર્ડિ 'કુશસ્થલી'.

૨૭ મહાપરિનિબ્બાનસુત્ત એપ્રિ. ૧૧ પૃ૦ ૧૦૦ અને જાતક કથાઓમા ' કુશજાતક '.

કુશાવતી

૧ જુઓ પંચનદ ૧.

કૂષ્માડેશ્વર

તીર્થ છે, ત્યા કોલ્લાદેવી છે. પ્રાચીન કોલ્લાપુરનુ તો આ બીજુ નામ નહિ હોય ? જુઓ કોલ્લા

કૃતસ્મર

પર્વત, પ્રભાસક્ષેત્રમા સાગરને છેડે, બ્રહ્માંડના માનદંડ જેવો મહા-શૈલ [૧] હાથમા વડવાનલ ધારણ કરીને આવતી સરસ્વતીને તે રોકીને ઊભો. પર્વતને માથે સરસ્વતીને એક પુરુષ દેખાયો તે બોલ્યો, 'હે સુવ્રતે અહી માર્ગ નથી, બીજે ક્યાક જા દેવના આદેશથી આવેલીને મને તારે રોકવી જોઈએ નહિ એમ સરસ્વતીએ કહેતા તે બોલ્યો 'હુ કૃતસ્મર પર્વત છુ, મને તે ન ઓળખ્યો ? તને સ્પર્શવાથી દોષ નથી, કેમકે તુ કુમારી છે તને હું વરુ છુ તુ મારી ભાર્યા થા ' સરસ્વતી બોલી ' મારા પિતા બેઠા છે, તેથી હુ સ્વયંવરા છુ નહિ તારી ભાર્યા થઈશ હમણા માર્ગ દે ' ત્યારે ગિરિ બોલ્યો, ' બોલે તને પરણીશ ભદ્રે, તારુ કોણ રક્ષણ કરનાર છે ?' દેવી બોલી ' હા, તુ જ મારું શરણ છે. હે મહાબલ, તારે મને પરણવી જ હોય તો મને નાહ્યા વિનાનીને પરણીતા નહિ ' ત્યારે પર્વતે અભિમાનથી બધી સગવડોવાળા પોતાના વૈભવ વર્ણવ્યા. સરસ્વતી બોલી, ' મને એકલીને રડતીને તારે પરણવી હોય તો હુ સ્નાન કરુ એટલી વાર મારા હાથમાના આ વાડવને ઝાલ જેવો કૃતસ્મર એ ઝાલવા ગયો, તેવો જ ભસ્મત્વને પામ્યો ત્યારથી તેના પાષાણો મૃદુતા પામ્યા અને ઘરો તથા દેવકુલો (દેવળો) બાધ-વાના કામમા શિલ્પીઓ તે વાપરે છે [૨]

માર્કંડેયમા [૩] રૈવત, અર્જુદ ઋષ્ય—શૃંગ આદિ સાથે કૃતસ્મર ગણા-

કૂષ્માડેશ્વર

૧ ૨૬પ્રભ ૩૫ —
કૂષ્માડેશ્વરસત્ર તુ તીર્થ ત્રૈલોક્યવિશ્રુતમ્ ॥ ૮૬
કોલ્લાદેવી સ્થિતા તત્ર સર્વપાપભયાપહા ॥ ૮૭

કૃતસ્મર

૧ ૨૬પ્રભ ૩૩ ૬૪ ૭
૨ ૨૯પ્રભ ૩૩.૬૮-૬૦
૩ મા ૫૪.૧૪

વેલ છે, તેનું ચોક્કસ સ્થાન આપેલું નથી પણ તે દક્ષિણાપથનો લાગે છે. ગાન્ધારનો કારભાર :ગિરિ તે હશે ?–એમ પાર્જીટર પ્રશ્ન કરે છે. ૨૬-૬ પ્રભાસક્ષેત્રમાં કૃતસ્મર આપે છે પણ પ્રભાસક્ષેત્રમાં આજે કોઈ એવો ગિરિ કે નાનો ડુંગર પણ નથી. પણ શિલ્પીઓએ તેના તમામ પથરા કામમાં લીધાથી નામુદ્દ થયાની સંભાવના તેને અંગેની કથામાંથી ઊડી શકે એમ છે. ઈશાવાસ્ય ઉપનિષદના 'ક્રતો સ્મર કૃતં સ્મર ક્રતો સ્મર કૃતં સ્મર ॥ ૧૭' સાથે આ પર્વતના નામનો સંબંધ હશે ? સર૦ મહાભારતમાં જાતિસ્મર તીર્થનામ મળે છે તે.[૫]

कोकण

કોંકણ દેશ.[૧] વામન એક પર્વતનું નામ કોકણક[૨] આપે છે. જુઓ કોંકણ.

कोङ्कण

કોંકણ દેશ, દાક્ષિણાત્ય–દક્ષિણાપથના–પ્રદેશોમાંનો એક.[૧]

બ્રહ્માંડના કોઙ્કણા ને ઠેકાણે વાયુ[૨] નૈર્ણિકા. આપે છે. પદ્મનું[૩] કોકણાઃ પણ આ જ હશે. ભાકે[૪] ઉપ દક્ષિણમાં ગણાવવા ઉપરાંત ઉત્તરમાં[૪] પણ કોકણા. ગણાવે છે. ત્યાં પાર્જીટરની આવૃત્તિમાં कोर्कंकणाः પાઠ છે, જેને બદલે તે कोकनदाः કે कोकरकाः પાઠો સૂચવે છે.[૫] ઉત્તરમાં कांकणाः નો સંભવ ઓછો.

---

૪ ભાકે પૃ૦ ૨૮૮.

૫ મવ ૮૨.૧૧૦

कोकण

૧ પદ્મ ૬.૫૫ कोकणा मणिवालकाः ।

૨ વા ૧૩.૧૬ ..कोकणक: शतशोऽन्येपि पर्वताः ।

कोङ्कण

૧ મબી ૧૦.૫૮ कोङ्कणा मालवाणकाः ॥ બ્રપૂઅ ૧૬.૫૬ कोंकणा. कलिङ्गान्ध्राः... । મબી (કુંભ૦) ૬.૬૮; મા ૫૫.૨૧

૨ વાપૂ ૪૬.૧૨૭

૩ कोकण ૧.

૪ મા ૫૫.૩૫

૫ ભાકે પૃ૦ ૪૭૨.

આજે 'કોંકણ' પ્રદેશ નામ તરીકે વપરાય છે ગુજરાતની દક્ષિણ સરહદ કોંકણને અડે છે અને સુરતના નાગરો અમદાવાદના તેમના નાગરબંધુઓમાં કોંકણી વિશેષણ પામ્યા છે[૬] વિશેષણ તો માત્ર પ્રાદેશિક સીમાને માગે છે પણ પ્રાચીન દેશનામો મુખ્યત જાતિ નામો ઉપરથી છે આજે પણ કોંકણ–'કુકણા'–[૭] જાતિની આદિ વાસી પ્રજા મળઈ કુલાબામાં–સુરત, થાણા પશ્ચિમખાનદેશ, નાશિક, વાસદા, વ૦ મા થઈ–નાખેદ ઉપર મધ્યાની વસે છે પુરાણમાં લઘુકોંકણ મળે છે તે તો આ નહિ હોય?

જુઓ કાકણ, કાંકણ, લઘુકોંકણ

कोरिलापुर

નર્મદાતીરે છે ત્યાં નર્મદાતટના દોઢ કોટિ ગુપ્ત તીર્થ છે[૧]

कोल्ला

દેવી છે જે કુષ્માંડેશ્વર તીર્થમાં છે[૧]

એ સ્થળ તે પ્રાચીન કોલ્લાપુર હોવાનો સંભવ વિચારવા પાત્ર છે મહાભારત શૂર્પારકની દક્ષિણે कोल्लगिरि[૨] આપે છે તે તો દક્ષિણના કોલ્હાપુરના અન્વયમાં વિચારવાનો છે રાજશેખર[૩] નાસિક્ય, કૌંકણ, કોલ્લગિરિ એવા ક્રમમાં દક્ષિણાપથના દેશો ગણાવે છે શ્રી ચીમનલાલ દલાલ[૪] કોલ્લગિરિ તે દુર્ગ (કોનગિરિકોડગુ) એમ કહે છે

---

૬ ભોગે ૧ પૃ૦ ૫

૭ ગુમપ્રે ૭ પૃ૦ ૧૬૪–૧૭૨ 'સાતપુરીગા કુકણા'–લેખક શ્રી હાકોભાઈ ભાણાભાઈ નાયક

कोरिलापुर

૧ રેવાયાં રેવોત્તરે પાર્શ્વે કોટા ચ તાપાના સ્થિતા વૈ કોરિલાપુર॥

कोल्ला

૧ જુઓ કૂષ્માંડેશ્વર ૧

૨ મસ ૨૮૪૫

૩ કામી પૃ૦ ૮૩

૪ , પૃ૦ ૨૮૭

સ્કન્દમાં કાશી પ્રયાગ સાથે કોલાગિરિ ગણાવેલ છે તે ઉત્તરમાં હોવા સંભવ છે.[૫]

કૌઙ્કણ

કોંકણ દેશ. સ્કન્દ તેમાં નેવું (૧) સુન્દર ગામ હોવાનું કહે છે.[૧] રાજશેખર 'કૌંકણ' આપે છે.[૨] જુઓ કોંકણ.

ક્ષિપ્રા

[૧] સિપ્રા નદી, પારિયાત્રમાંથી નીકળતી નદીઓમાંની એક.[૧] જુઓ શિપ્રા.
[૨] સિપ્રા સિવાયની બીજી કોઈ દક્ષિણની નદી, વિન્ધ્યપાદમાંથી નીકળતી નદીઓમાંની એક.[૨]

ખેટક

ખેડા, વેત્રવતી (વાત્રક) કાંઠેનું નગર.[૧]
યુવાનશ્વાંગ[૨] ખેટક માટે K'i-ch'a (અથવા-ch'á) આપે છે તે ઉપરથી શ્રી. દે જે એમ તર્ક કરે છે કે ખેટકનું પ્રાચીન નામ 'કચ્છ' હશે તે બરોબર નથી.[૩] યુવાન શ્વાંગ ઉપરથી સ્ટેનિસ્લાસ જુલિયેન અને વિવિયેન દ સેઈન્ટ-માર્ટિન Khach-કચ્છની કોઈ જગ્યાનું નામ

---

૫ સ્કઆઅ ૧.૩૩ કોલાગિરિસ્તથા કાશી પ્રયાગમમરેશ્વરમ્ ॥

કૌઙ્કણ

૧ સ્કમાકૌ ૩૯.૧૪૩
પટિત્રિંશત્સહસ્રાણિ ગ્રામાણિ કૌંકણે વિદુઃ।
ચતુર્દશશતં દ્વે ચ વિંશતી લઘુકૌંકણમ્ ॥
૨ કામી પૃ૦ ૯૩.

ક્ષિપ્રા

૧ જુઓ પારિયાત્ર ૫,૬.
૨ જુઓ વિન્ધ્ય ૩.

ખેટક

૧ પઉ ૧૩૩.૧૬ ખેટકં નગરં દિવ્યં સ્વર્ગરૂપં તુ વાનધે ॥
૨ વૉ ૨ પૃ૦ ૨૪૫.
૩ જ્યોડિ 'કચ્છ'.

ઉપજાવે છે[૪] પણ યુવાનશુવાગ તો જગાઓના એકમેકથી અંતર પણ આપે છે અને Ki-cha તે ખેડા સાથે જ બંધબેસતું આવે છે. આ ઉપરથી શ્રી ટ્રેએ ખેડાનું નામ કચ્છ હશે એવું અનુમાન કર્યું લાગે છે પણ તે ઠીક નથી કનીંગહામ બરોબર સ્પષ્ટ કરે છે કે ઉપરના ફ્રેંચ વિદ્વાનોએ જ અન્યત્ર યોગ્ય રીતે ચીની ઉચ્ચાર 'ચા' ને ઠેકાણે અહીંનો 'ટા' મૂક્યો છે તે રીતે આનું પણ 'ખે-ટા' જ રૂપ મળે[૫] એટલે યુવાન શુવાંગે આપેના નામને ખોટી રીતે વાંચીને તેનો 'કચ્છ' ઉચ્ચાર કરી ખેડાનું નામ કચ્છ હશે એમ અનુમાન કરવું યોગ્ય નથી ઉપરાંત કનીંગહામનો મત આપ્યો છે તે ઉપરાંત વલભીના દાનપત્રોમાં[૬] પણ ખેટક અને ખેટકાહાર અનેકવાર આવે છે એ ધ્યાનમાં રાખવાનું છે લગભગ યુવાનશુવાંગના જ સમયનું ધરસેન ચોથાનું (વ સ ૩૩૦) દાનપત્ર સ્પષ્ટ ખેટક નામ આપે છે[૭]

ખેટક ફરતા પ્રદેશનો વિસ્તાર યુવાન શુવાંગે ૩૦૦૦ લી–૬૦૦ માઈલ આપ્યો છે[૮] કનીંગહામ ખેટકમંડલને પશ્ચિમમાં સાબરમતીને અને ઈશાનમાં મહીને સ્પર્શતો અને દક્ષિણમાં વડોદરાને અડતો પ્રદેશ લેખે છે[૯] વલભી સમયથી બહુ દૂર નહિ એવા દશકુમારચરિતમાં ખેટકપુરથી એ જણ વલભી જાય છે એવો ઉલ્લેખ છે[૧૦]

ખેડાના સંબંધમાં ઉલ્લેખાયેલા દાનપત્રોના બીજા ગામો–અશિલાપલ્લિકા (અસનાલી), વટસોમાલિકા (વટવાંટી) વિશ્વપલ્લી (વાસોના) કર્પટવાણિજ્ય (કપડવંજ) તે આજના ખેડાની આસપાસમાં જ છે એટલે વલભી અને યુવાન શુવાંગનું ખેટક તે કાઠિયાવાડનું કોઈ ખેડા હશે એવા તર્કને પણ સ્થાન રહેતું નથી

ખેડા નામ ઠેરઠેર મળે છે સંસ્કૃતમાં ખેટક અને અખેટક શબ્દો શિકાર અને દાનના અર્થમાં મળે છે પછી વ્યુત્પત્તિ

---

૪ એનયોં ૧ પૃ૦ ૫૪
૫ ,, ,,
૬ ગુએ ૧ લેખ ૭૩,૮૫
૭ ,, ,, ૭૩
૮ વોં ૨ પૃ૦ ૨૪૫
૯ એનયોં ૧ પૃ૦ ૫૬૫
૧૦ ઉચ્છ્વાસ ૬ નિર્ગમવતીની કથા

માટેની જંગલની ચોકી(outpost)ને અને એ રીતે વસેલ ગામને ખેટક નામ મળ્યું હોય. મોનિયેર વિલિયમ્સ[૧૧] 'ખેટક'ના ખેતી કરનારાઓની વસ્તીવાળું ગામ એવો અર્થ પણ આપે છે. મરાઠીમાં તો ગામડા માટે ખેડેગાવ શબ્દ જ છે. ગુજરાતીમાં પણ 'ઉજ્જડ ખેડાં ફરી વસે' જેવામાં ખેડાં=ગામડાં છે. આ શબ્દ માટે દ્રવિડ ભાષાઓમાં તપાસ કરવી જોઈએ. વામનમાં खेटका: ઉત્તરમાં આપેલ છે. તેવી કોઈ જાતિએ ખેટક નામ આપ્યું હશે? ખેટક પાસેનું 'કપડવંજ' કર્પટોની છાપ ધરાવે છે એમ કહ્યું જ છે, એના અનુસંધાનમાં ખેટકો સંબંધી ખેડા એ સંભાવના વિચારવી જોઈએ. ખેડા ઉપરાંત ગુજરાતમાં ખેડબ્રહ્મા-બ્રહ્માની ખેડ પણ છે.

गयत्राड

મહાદૈત્ય ગયને જ્યા દેવીએ નપુસક કર્યો તે સ્થળ ત્યાં ગયાત્રાડ દેવીનું સ્થળ પણ છે.[૧]

આ ગામ તેજ હાલનું ગતરાડ હોવાનો સંભવ છે.

નોંધ : મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમા એક તરતો દોહરો છે જેમા ગતરાડ નો ઉલ્લેખ છે

શામળભટનો દીકરો બારો ને બતરાડ,
ધામણવાડે ભોકટયા જઈ પહોચ્યો ગતરાડ.

गुर्जर

गुर्जरदेश,[૧] ગુજરાત.

---

૧૧ એટા પૃ૦ ૧૯–૨૦

૧૨ વા ૧૩ ૩૮ पञ्चाश्च सखेटका ।

૧૩ જુઓ બ્રહ્મખેટક

गयत्राड

૧ રેવામાહો ૬૬ –

गयो नाम महादैत्यो भवता विप्रकृत्तदा ॥ ११६
प्रस्थाने लोहवद्रावी करिष्ये त नपुसकम् ।
गयत्राडेति मा तत्र पूजयिष्यति मानवाः ॥ ११७
ग्राम चापि गयत्राड तत्र ख्यात भविष्यति ।
गयत्राडे गयत्राडा येऽर्चयिष्यति मानवाः ॥ ११८

બાણભટ્ટ શ્રીહર્ષના પિતા પ્રભાકરવર્ધનને ગુર્જરપ્રજાગરઃ કહે છે તેમાં ગુર્જરનો ઉલ્લેખ મળે છે.[૨] યુવાનશ્વાંગ ku-che-lo (ગુર્જર) આપે છે.[૩] અલ્બરુની જુર્જ(ગુર્જ) આપે છે.[૪] પણ આ બધા ઉલ્લેખો રાજપુતાનામાંના ગુર્જર-ભિન્નમાલ જેની રાજધાની હતી તે દેશ-ના છે. સભાપર્વનો ઉલ્લેખ ઉત્તર-વાયવ્ય પંજાબ તરફ ગુર્જર સૂચવે છે.

ગુર્જરાત્ર

ગુર્જરાત ઉપરથી સંસ્કૃતીકરણ ૭૦; હજાર ગામ જેમા છે એ રીતે તે પ્રદેશ જાણીતો છે એમ સ્કન્દ કહે છે.[૧]

ગુર્જર લોકોનું ગામ્ય આબુ પાસે ભિન્નમાલ(રાજધાની)ની ફરતું હતું. યુવાન શ્વાંગ Ku-che-lo (ગુર્જર)નો વિસ્તાર ૪૦૦ માઇલનો આપે છે અને Pi-lo-mo-lo (ભિન્નમાલ) તેની રાજધાની આપે છે.[૨] જૂના ઉત્કીર્ણ લેખો ગુર્જર કે ગૂર્જરનો ઉલ્લેખ કરે છે તે આ રાજપુતાનાના ગુર્જર દેશ અંગેના છે.[૩]

એ જ પ્રદેશ માટે પછીથી ગુર્જરત્રા[૪], ગૂર્જરાત,[૫] ઉલ્લેખો મળે છે.

ગુર્જર

૧ મસ ૪૮ ૨૦ (પછી ૪૭૫*) બર્બરા યવનાશ્વૈવ ગુર્જરાભીરકાસ્તથા।
ભપ્રત્રિ ૩૧.૭૧ ગુર્જરે નૃપતિશ્વાસીત્ ।
ભપ્રચ ૨૩.૧૧૧ ગુર્જરે દેશદાહને ।
પઉ ૧૯૩.૫૨ ગુર્જરે જીર્ણતાં ગતા ॥

૨ હર્ષચરિત-૪ થો ઉચ્છ્વાસ.

૩ જુઓ બુકુર ૪.

૪ સખાઉ સંપાદિત અલબરૂની (પ્રકા૧૯૧૮)ની અરબી આવૃત્તિ પૃ૦ ૬૯ (-સદ્ગત નરસિંહરાવ દિવેટિયાથી ઉલ્લિખિત ગુસે ૨ પૃ૦ ૧૯૬) ગાફ-પેશ-ઝે-રે-અલિફ-તે (ગુર્જરાત) આપે છે.

ગુર્જરાત્ર

૧ સ્કમાકૌ ૩૬.૧૪૧ ગ્રામમપ્તતિસાહસ્રો ગુર્જરાત્રઃ પ્રકીર્તિતઃ ।

૨ વો ૨ પૃ૦૨૪૯.

૩ જુઓ એટા પૃ૦ ૬ પાદટીપ ૩૫,૩૬.

૪ એઇ ૫ પૃ૦ ૨૧૦, ૨૧૧.

૫ કાસ્ર ૫.૧-૩૦ ઉપરની જયમંગલા ટીકા.

તે બધા જ, તે પ્રદેશ માટે 'ગુજ્જર' નામ રૂઢ થયેલુ તેના સસ્કૃતી રૂપો છે પ્રાકૃત ગુજ્જરત્તા નામ પણ મળે છે [૬]

પછીથી, 'ગુજરાત' નામ રાજપુતાનાના ઉપર કહેલા પ્રદેશ માટે નહિ પણ આજે આપણે જે પ્રદેશ માટે વાપરીએ છીએ તેને માટે વપરાવા માંડયુ પ્રસ્તુત પૌરાણિક ઉલ્લેખ બહુ જૂનો નથી, કેમકે તેની સાથે મેગાડ (અને નહિ કે સરસ્વતીકણ મેદપાટ)નો ઉલ્લેખ છે, તેમ છતા આ ગુર્જરાત્રની સીમા આજના ગુજરાતની ઉદ્દિષ્ટ લાગતી નથી, કેમકે કચ્છ, સૌરાષ્ટ્ર, લાટ વ૦ ના તેમની ગ્રામસખ્યા સાથે જુદા ઉલ્લેખો છે ગર્ગસહિતાનુ[૭] ગુર્જરાટ તે પણ ગુજરાતનુ સંસ્કૃતીકરણ છે, જો કે તેની સીમા પણ જૂના કે આજના ગુજરાતની તે કહેવુ મુશ્કેલ છે

આમ ગુજરાતના જે અનેક સસ્કૃત કે પ્રાકૃતનો આભાસ આપતા નામો મળે છે–ગુર્જરત્રા ગુજ્જરત્તા, ગુર્જરાત, ગુર્જરાટ, ગુર્જરાત્ર તેમા રાજપુરાણનુ ગુર્જરત્ર આભાસ ઉપજાવવા માટેનું એક સારુ સસ્કૃતીકરણ છે પણ તે કે ઉપરનામોથી બીજુ એક ગુજરાત'નું સાચુ પુરોગામી રૂપ હોવા વિશે પૂરી શકા છે ડૉ૦ દે ભાડારકર ગુર્જરત્રા' માથી ગુજ્જરાત રૂપ વ્યુત્પન્ન કરે છે પણ શ્રી ન સિહરાવ દિવેટિયા તેના કરતાં તેના પ્રાકૃતરૂપ ગુજ્જરત્તાને 'ગુજરાત'થી નિકટતર રૂપ માને છે શ્રી દિવેટિયા (સ્ત્રીલિગી બહુવચન વ૦ માટે) અ બીભાષામા આત પ્રત્યય છે (જાહિર–જાહિરાત, ઠાકોર–ઠકરાત, વ૦) તે ઉપરથી ગુર્જરનુ બહુવચન 'ગુજરાત થવાની શકયતા હોઈ એવુ 'ગુજરાત' નામ ગુજરો લઈ આવેલા જે પાછળથી પાછે પગને પ્રાકૃત ગુજ્જરત્તા અને તેમાથી સસ્કૃત ગુર્જરત્રા રૂપમા પરિવર્તન પામ્યુ એવા અભિપ્રાય ઉપર અને આવ્યા છે [૮] તેને શ્રી કેશવરામ કા શાસ્ત્રી અનુમોદન આપે છે અને બીજાની વસ્તી અથવા વતન–માટે 'બીજાત' વપરાય છે –વગેરેનુ દૃષ્ટાત આપી ગુર્જર શબ્દ ઉપર આરબી સ્ત્રીલિગી બહુવચન

૬ ગુને ૨ પૃ૦ ૧૮૬
૭ ગસસ ૭૧૨
૮ જબો ૨૧ પૃ૦ ૪૨૬
૮ ગુને ૨ પૃ૦ ૧૯૮–૨૦૧

પ્રત્યયના સરકારથી ગુજ્જર' શબ્દ સિદ્ધ થયો હશે એ સંભાવનાને બળવત્તર બનાવે છે.[૧૦]

ડૉ૦ ભગવાનલાલ ઇન્દ્રજી[૧૧] ગુર્જર-રાત્રમાંથી ગુજરાત સાધે છે પણ વાગ્વ્યાપાર દૃષ્ટિએ એમાંથી ગુજરાત વ્યુત્પન્ન થવું દુર્ઘટ છે. ગુર્જર-રાષ્ટ્રમાથી ગુજ્જર ત એમ પણ સૂચવાયુ છે.[૧૧] એવા જોડકા તરીકે ગુર્જર-લાટ પણ લક્ષમા લેવા જેવુ છે.

ગુર્જરી

[૧]તે નામની માતાનુ સ્થળ, હાટકેશ્વરક્ષેત્રમાં. જુઓ ગુર્જરાત્ર.

ગોમતી

[૧] નદી, દ્વારકા પાસે.[૧] ગોમતીને પૂર્વગંગા કહી છે દ્વારકા-ગોમતીનું માહાત્મ્ય[૩]. જ્યાથી સુદર્શનચક્ર જલ ભેદી નીકળ્યું તે ચક્રતીર્થથી ગોમતી નદી વહે છે.[૪] વિષ્ણુના મંદિર પાસે થઈ વહે છે.[૫] પશ્ચિમ સમુદ્રને તીરે ગમપુત્રે કુશે સ્થાપેલી પુરી કુશાવતી પાસે માગધને પડખે વહે છે.[૬] દ્વારકા આગળ શ્રીહરિના પગ પખાળીને સમુદ્રમાં પ્રવેશે છે.[૭] મરીચિ પ્રજાપતિએ આવાહન કરીને એને બોલાવી હતી; કુશાવતી, લક્ષ્મણા,

---

૧૦ 'આરામ' તા ૨૫-૧૨-૧૯૪૩, પૃ૦ ૨-૪.

૧૧ બોગે ૧ પૃ૦ ૮૫.

૧૨ ભાભા ૯ (૨) પૃ૦ ૧ પાદટીપ-મુનિશ્રી જિનવિજયજીના મત તરીકે સૂચિત.

ગુર્જરી

૧ સ્કંદ ૨૫૪.૪૨

ગોમતી

૧ સ્કંદપ્રહ્લા ૨.૩-૪

૨ સ્કંદપ્રહ્લા ૫. ૪૯ પૂર્વગંગેતિ યા શ્રુતા ॥

૩ સ્કંદપ્રહ્લા ૬ : ૭

૪ સ્કંદપ્રહ્લા ૫.૪૭

૫ સ્કંદમાધ ૩૧ ૧૫ ગોમતીજલકલ્લોલર્મજ્જયત્ કૃષ્ણમનિશં ।

૬ જુઓ કુશસ્થલી ૧૦.

૭ સ્કંદપ્રહ્લા ૫૪૭ પ્રક્ષાલ્ય સા હરે પાદૌ પ્રવિષ્ટા વરુણાલયમ્ ।

ચંદ્રભાગા, જંબવતી અને ગોમતી મળીને પંચનદ તીર્થ થાય છે.[૮] [૨] આબુ ઉપર ગોમુખી.[૯]

[૩] માર્કંડેય,[૧૦] સ્કંદ,[૧૧] પદ્મ,[૧૨] વ૰ હિમાલયમાંથી નીકળતી ગોમતી આપે છે તે કદાચ કાશી પાસે ડાબેથી ગંગાને મળતી[૧૩] ગૂમતી હોય. [૪] ઋગ્વેદ (૧૦ : ૭૫.૬)ની ગો-મતી તે કદાચ હાલની સિન્ધુની પશ્ચિમની એક શાખા ગોમલ હોય.[૧૪]

गौर्जर

[૧]गुजरात. જુઓ गुर्जरात्र.

चन्द्रभागा

[૧] નદી, સાબરમતીને અમદાવાદની પશ્ચિમે દૂધેશ્વર (અને હાલના હરિજન આશ્રમ) પાસે મળનારી નદી.[૧] તેનું માહાત્મ્ય, તેને તટે ચન્દ્રેશ્વર દેવને કારણે.[૨]

[૨] દ્વારકા પાસેની નદી.[૩]

ઉપરાંત [૩] હિમાલયમાંથી નીકળેલી નદીઓમાંની એકનું નામ પણ ચંદ્રભાગા છે.[૪]

---

૮ જુઓ પંચનદ ૧.

૯ જુઓ અર્બુદક્ષેત્ર ૮.

૧૦ મા ૫૪.૧૭

૧૧ પ્રભાસ ૧૬.૨૬

૧૨ પદ્મ ૬ ૧૪

૧૩ મત્ય ૮૨.૭૦

૧૪ મુર સંસ્કૃત ટેક્સ્ટસ ૨ પૃ૰ ૩૫૭.

गौर्जर

૧ ભપ્રતિ ૨.૧૨ गौर्जरं च महाराष्ट्रम्...॥

चन्द्रभागा

૧ પઉ ૧૫૫.૩

૨ ,, ૧૫૬.૪

૩ જુઓ પંચનદ ૧.

૪ પ્રભાસ ૧૬.૨૫; રૂપ ૪૭.૨૮

चमत्कारपुर

હાલનું વડનગર. તેનું સત્યયુગનું નામ.

વંથળીના વિ. સં. ૧૩૪૬ના શિલાલેખમાના श्रीमच्चमत्कारपुरद्विज· —શબ્દો ઉપરથી તે સમયમા ચમત્કારપુર નામના સ્થળનો પુરાવો મળે છે. આનર્તપુર—આનંદપુર—વડનગર તે ચૌદમીસદી સુધી ચમત્કાર-પુર નામે ઓળખાતું હશે[1] કે સૌરાષ્ટ્રના જ કોઈક સ્થળનું આ સંસ્કૃતીકૃત નામ હશે[1] એ સમયે ચમત્કારપુર નામ મળે છે એ હકીકત પણ પૂરતી રસપ્રદ છે.

જુઓ આનર્તપુર, હાટકેશ્વરક્ષેત્ર.

चमत्कारपुरक्षेत्र

તેજ હાટકેશ્વરક્ષેત્ર, વડનગરની આસપાસનું. પહેલા તે હાટકેશ્વરક્ષેત્ર નામે ઓળખાતુ, તે ચોમેર ક્રમશ પાચ કોશ છે[1] ચમત્કાર રાજાએ થાકણો માટે કર્યું તેથી તેનું આ નામ પડયુ.[2]

જુઓ હાટકેશ્વરક્ષેત્ર.

चम्पकनगर

ચાપાનેર.[1] ત્યાનો વિદારુણ નામે દુષ્ટ રાજા કુષ્ઠરોગી હતો તે વેત્રવતી (વાત્રક) નદી કાઠે અચાનક આવી ચડતા સ્નાનથી રોગમુક્ત થાય છે.

વાત્રક નજીકનુ આ નગર ચાપાનેર સંભવે છે.

चूडामणी

ઉજ્જયિનીનુ પાચમા કલ્પમા આ નામ હતું.[1]

चमत्कारपुर

१ જુઓ હાટકેશ્વર ૧૫,૯૮

चमत्कारपुरक्षेत्र

१ જુઓ હાટકેશ્વર ૧.

२ સ્કંદ ૧૬.૬

चम्पकनगर

१ પદ્મ ૧૩૩ ૫ चम्पके नगरे चैव . . ।

चूडामणी

१ જુઓ અવન્તિકા ૧.

જયન્ત

ઉજ્જયન્તનું પાઠાન્તર.[૧] બીજાં પુરાણો જ્યાં પુષ્પગિર્યુર્જયન્તો[૨] આપે છે ત્યાં વરાહ કૃષ્ણગિરિજયન્ત આપે છે એ સ્પષ્ટ છે.

કનિંગહામ 'જયન્ત'નો ઉલ્લેખ કરે છે.[૩]

જુઓ ઉજ્જયન્ત.

તલસ્વામી

તુલસીસ્થામ[૧] (?). જુઓ પ્રમાસક્ષેત્ર.

તાપી

નદી, વિન્ધ્યમાંથી નીકળતી નદીઓમાંની એક.[૧] છાયાએ તાપી અને શનૈશ્ચર એ બેઉકાને જન્મ આપ્યો હતો.[૨]

મહાદેવગિરિની પશ્ચિમે મુલ્તાઈના માલપ્રદેશમાં તાપીનું મૂળ છે. મધ્યપ્રાંત અને વાયવ્ય વરાડની તે કુદરતી સીમારેખા બની રહે છે. બુરહાનપુરમાં પસાર થઇ મુંબઇ ઈલાકામાં આવી સુરત આગળ સમુદ્રને મળે છે.[૩]

શતપથબ્રાહ્મણની 'સદાનીરા'ની કોઇ ગંડક સાથે તો કોઈ તાપી સાથે એકતા માને છે.[૪]

સ્કન્દપુરાણાન્તર્ગત તાપી માહાત્મ્ય છે. પણ તે મારા જોવામાં આવ્યું નથી. તેનો ગુજરાતી પદ્યાનુવાદ કામરેજનિવાસી વૈદ્ય સદાશિવ-

---

જયન્ત

૧ વ ૮૫૩ ... કૃષ્ણગિરિજયન્તૈરાવત...ઇત્યેતે ક્ષુદ્રપર્વતાઃ ।
૨ જુઓ ઉજ્જયન્ત ૨.
૩ ,, ૧૪.

તલસ્વામી

૧ સ્કપ્રભ ૩૩૦.૨-૩

તાપી

૧ મ ૧૧૪.૨૭, કૂપૂ ૪૭.૩૪, વાપૂ ૪૬.૧૦૩, બ્રપૂઅ ૧૬.૩૨, મા ૫૪.૨૪
૨ સ્કઆચ્ય ૫૬.૫૦.
૩ રીઇ પૃ૦ ૪૨.
૪ ,, પૃ૦ ૨૪.

ણુવા વા ગર્ગે એ સ. ૧૯૮૦મા પ્રસિદ્ધ કર્યો છે તેમાં પ્રત્યેક અધ્યાયના આરંભ તેમજ અંતમા થોડા થોડા શ્લોક ઉધ્ધૃત કર્યા છે તાપીનુ માહાત્મ્ય અને તાપીતટના તીર્થોની સૂચિ શ્રી ગર્ગકૃત 'તાપી પુરાણ' યાને 'શ્રી તાપી માહાત્મ્ય'ને આધારે અહી સક્ષેપમાં આપ્યાછે.

ઉત્પત્તિ : આષાઢ સુદ ૭ ને રવીવારે તાપી નદી ઉત્પન્ન થઈ, ને દિવસ જન્મસપ્તમી કહેવાય છે[૫]

માહાત્મ્ય 'ત્રણ તાપને ટાળે માટે, તાપી નામ એ સત્યરે,' તેના ૧૮ નામ લેખાય છે.[૬] ગંગાદિ નદીઓ ન હતી તે પહેલાની તે નદી નીકળી છે[૭] ગંગા ગયાદિ તીર્થોમા સ્નાનદાનથી જે ફળ છે તે મૂર્યદેહા-તાપીનો પ્રભાત સાભળવા માત્રથી છે.[૯] કહેવાય છે કે 'ગંગાપાને, ગોદાસ્નાને, રેવાદર્શને, તાપીસ્મરણે'

તીર્થો ક્ષેત્ર[૯] ઉચ્ચશ્રવેશ્વર, ઉષ્ણકેશ્વર, ગોદાનદીસંગમ.[૧૦] સનંદનેશ્વર, મૃકંડેશ્વર[૧૧] ઉચ્ચૈશ્વર.[૧૨] રથાલેશ્વર[૧૩] પ્રકાશતીર્થ.[૧૪] ગૌતમેશ્વર અક્ષરમાલા.[૧૫] કરકેશ્વર[૧૬] ખંજનેશ્વર.[૧૭] નિર્ધુતપ્રાચી.[૧૮] ભીમેશ્વર.[૧૯] શિવતીર્થ, ચંડિકા[૨૦] કશ્યપી સંગમ, પાપધૌત.[૨૧] અક્ષરેશ્વર.[૨૨] સામાર્ક[૨૩] પ્રેતશિલા[૨૪] ગંગેશ્વર.[૨૫] અર્જુનેશ્વર[૨૬] વાસવેશ્વર, ચક્રેશ્વર[૨૭] ધારેશ્વર.[૨૮] અગ્નિકેશ્વર.[૨૯] મદિરેશ્વર.[૩૦] આમર્દકેશ્વર[૩૧] કપિ

---

૫ તા ૧૪
૬ ,, ૨.
૭ ,, ૩.૫
૮ ,, ૧.૬૨
૯ ,, ૩.
૧૦ ,, ૫.
૧૧ ,, ૬.
૧૨ ,, ૭.
૧૩ ,, ૮.
૧૪ ,, ૯.
૧૫ ,, ૧૦
૧૬ ,, ૧૧.
૧૭ ,, ૧૨.
૧૮ ,, ૧૩.
૧૯ તા ૧૫
૨૦ ,, ૧૬
૨૧ ,, ૧૭.૧૯
૨૨ ,, ૧૮.
૨૩ ,, ૨૦
૨૪ ,, ૨૧.
૨૫ ,, ૨૨.
૨૬ ,, ૨૩.
૨૭ ,, ૨૪.
૨૮ ,, ૨૫
૨૯ ,, ૨૬.
૩૦ ,, ૨૭.
૩૧ ,, ૨૮.

લેશ્વર, પાતાલશિવ [૩૨] બધિરેશ્વર.[૩૩] વ્યાઘ્રેશ્વર, પ્રત્યેશ્વર ભીમેશ્વર.[૩૪] ગમેશ્વર, મુકનેશ્વર, રાગકુંડ, મુકતતીર્થ.[૩૫] અચેશ્વર, ભૂતકોટીશ્વર, વીર હામંગમ [૩૬] પિપ્પલપ્રસ્થ [૩૭] બહુધાન્યક્ષેત્ર, ગૌતમેશ્વર, ગૌતમી [૩૮] ઉલ્કેશ્વર.[૩૯] ગવિનેશ્વર, નારદેશ્વર, નારદીગંગા [૪૦] રત્નેશ્વર રત્નાવલી સંગમ [૪૧] વરુણેશ્વર [૪૨] ભીમેશ્વર.[૪૩] શખતીર્થ.[૪૪] કશ્યપેશ્વર.[૪૫] મોક્ષેશ્વર [૪૬] ભૈરવી [૪૭] ભૈરવક્ષેત્ર, નિર્ધુતપાપેશ્વર [૪૮] ઋણમોચનતીર્થ [૪૯] કપાલેશ્વર [૫૦] કામાપુરી એ ચંદ્રેશ્વર—' આ તીર્થો કામરેજ ગામે બબઇઓ ઓગારો છે ત્યા છે'[૫૧] અમૃતેશ્વર—' કોટ પાસે ધોમીધાટપર પાણીમા કૂવો છે સા છે'[૫૨] કૂલતીર્થ.[૫૩] ગૌરીતીર્થ.[૫૪] ચંદ્રપ્રભાસ [૫૫] કોટીશ્વર [૫૬] એકવીનદેવી.[૫૭] ભવભોચન [૫૮] હરિહરક્ષેત્ર, રાજશિવા [૫૯] ભોયરો—અક્ષયવટ [૬૦] અમરીશેશ્વર [૬૧] અશ્વિનીતીર્થ.[૬૨] કાન્તારેશ્વર, ભરતેશ્વર [૬૩] ગુપ્તેશ્વર.[૬૪] વારીતાપીક્ષેત્ર (વરીઆવ), વિશ્વેશ્વર, સુવર્ણેશ્વર, લોલેશ્વર, નારદેશ્વર, તપતેશ્વર [૬૫] કુરુક્ષેત્ર (જહાગીરપરા), કુરુવેશ્વર.[૬૬] સેના

---

૩૨ તા ૨૯
૩૩ , ૩૦
૩૪ ,, ૩૧.
૩૫ ,, ૩૨.
૩૬ ,, ૩૩
૩૭ ,, ૩૪
૩૮ ,, ૩૫.
૩૯ ,, ૩૬
૪૦ ,, ૩૭.
૪૧ , ૪૦
૪૨ ,, ૪૧
૪૩ ,, ૪૨.
૪૪ ,, ૪૩
૪૫ , ૪૪.
૪૬ ,, ૪૫
૪૭ ,, ૪૬.
૪૮ ,, ૫૦
૪૯ ,, ૫૧.
૫૦ તા ૫૨
૫૧ , ૫૩.
૫૨ ,, ૫૩
૫૩ , ૫૪
૫૪ ,, ૫૫.
૫૫ ,, ૫૬.
૫૬ ,, ૫૭
૫૭ ,, ૫૮
૫૮ ,, ૫૯.
૫૯ ,, ૬૦
૬૦ ,, ૬૧
૬૧ ,, ૬૨
૬૨ , ૬૩
૬૩ ,, ૬૪.
૬૪ ,, ૬૫
૬૫ ,, ૬૬
૬૬ ,, ૬૭.

સંગમ, રામેશ્વર ગમકુંડ : 'આ તીર્થ ઓલપાડમાં છે.'[૬૭] ઉરપનનક્ષેત્ર (ઓલપાડ), વન્દ્રિતીર્થ.[૬૮] સિધ્ધેશ્વર.[૬૯] અટગ્યેશ્વર.[૭૦] ગમેશ્વર (રામધેના)[૭૧] સોમેશ્વર[૭૨] તેનેશ્વર[૭૩] નાગેશ્વર, જરત્કારેશ્વર, મોરાકૂપ, તાપીસાગરસંગમ.[૭૪]

ટોલેમી Nanagouna આપે છે તે નાનાગુણા–'વિવિધ ગુણવાળી' –તાપી હોવી જોઇએ એમ મેકક્રિન્ડલ કહે છે[૭૫] ફ્રેમ્પ્ટન સૂચવે છે કે ટોલેમીએ નાના ઘાટને ભૂલથી નદી તરીકે ગણી લીધો ન હોય.[૭૬]

દુર્જયન્ત

ઉજ્જયન્તનો ભ્રષ્ટ પાઠ[૧] જુઓ ઉજ્જયન્ત.

દ્વારકા

સૌરાષ્ટ્રમાં એક નગરી, પ્રાચીન આનર્તની રાજધાની.

મહાભારત આદિપર્વમાં અર્જુનને કૃષ્ણ પ્રભાસ આગળ મળીને ત્યાથી નીકળી રાતવાસો રૈવતક રહી દ્વારકા લઇ આવ્યાનું વર્ણન છે.[૧]

મહાભારતની કુંભકોણમ્ આવૃત્તિ પ્રમાણે દ્વારકા વિશે નીચેની વધુ વીગતો પણ મળે છે રૈવતક અને દ્વારકા વચ્ચે ઉપવન હોવાનો ઉલ્લેખ છે. રૈવતક ઉપરના ઉત્સવમા ભાગ લઈ યાદવો દ્વારકા ભણી પાછા વળતા હતા ત્યા વચ્ચે અર્જુન મતિ વેષે બેઠેલો એમને મળે છે.[૨]

---

૬૭ તા ૬૮.
૬૮ ,, ૬૯.
૬૯ ,, ૭૦.
૭૦ ,, ૭૧.
૭૧ ,, ૭૨.
૭૨ તા ૭૩.
૭૩ ,, ૭૪.
૭૪ ,, ૭૫.
૭૫ ટો પૃ૦ ૪૮.
૭૬ ,,

દુર્જયન્ત

૧ જુઓ ઉજ્જયન્ત ૫

દ્વારકા

૧ મહા ૨૧૦.—
તૌ વિદ્રુત્ય યથાકામં પ્રભાસે કૃષ્ણપાણ્ડવૌ ।
મહીધર રૈવતક વાસાયૈવાભિજગ્મતુઃ ॥ ૮
રથેન કાંચનાગેન દ્વારકામભિજગ્મિવાન્ ॥ ૧૫

૨ મહા (કુંભ૦) ૨૪૦ —
દ્વારકાયા ઉપવને તસ્થૌ વૈ કાર્યસાધન ॥ ૨
નિર્યાતે ઉત્સવે તસ્મિન્ગિરૌ રૈવતકે તદા ।
કૃષ્ણયોપ્યગમન્સર્વે પુરી દ્વારવતીમનુ ॥ ૩

દ્વારકા પાસે જ સમુદ્રમાં દ્વીપ હોવાનું સમજાય છે. સુભદ્રાના મંગલ માટે મંદારદેવનો મહોત્સવ 'અંતર્દ્વીપ'માં કરવાનો નગરમાં પડો વગાડવામાં આવ્યો હતો.[૩] પુરવાસીઓ સમુદ્રમાં નાવથી ગયાનું વર્ણન છે.[૪] સુભદ્રાનું હરણ કરી અર્જુન દ્વારકામાંથી નીકળ્યો તે રૈવતકદ્વાર જોતો જોતો નીકળ્યો એમ કહ્યું છે.[૫] બીજા પાઠ પ્રમાણે સુભદ્રા રૈવતગિરિની પૂજા કરવા ગયેલી ત્યારે એ પ્રદક્ષિણા કરીને દ્વારકા તરફ જતી હતી એ વખતે અર્જુન એનું હરણ કરી ગયો.[૬] અને અર્જુન રૈવતક છોડ્યા પછી ઉજ્જયિની શિખર વટાવી, આનર્તરાષ્ટ્રનાં વાવકૂવા તળાવ વટાવી અબ્બુદ પર્વત પડખે થઈ, સાલ્વ, નિષધ, વગેરે દેશ પાર કરી હસ્તિનાપુર જાય છે[૭] એમ કહ્યું છે. મહાભારત–સભાપર્વમાં કૃષ્ણને દ્વારકા શા માટે વસવાટ કરવો પડ્યો તેનું અને દ્વારકાનું વર્ણન છે. મગધના રાજા અને કંસના સસરા જરાસંધે યાદવો ઉપર અનેક આક્રમણો કર્યાથી ત્રાસીને કૃષ્ણે યાદવોને સુરક્ષિત સ્થાને રાખવાના ઇરાદાથી મથુરા છોડીને દ્વારકા રહેવાનું નક્કી કર્યું.[૮] યાદવોએ પશ્ચિમ દિશામાં

---

૩ મબ્બા (કુંભ૦) ૨૪૧.૭૧
ઇતશ્ચતુર્થેત્વહનિ ઔતર્દ્વીપ તુ ગમ્યતામ્ ॥

૪ મબ્બા (કુંભ૦) ૨૪૧.૭૬
સમુદ્રં પ્રયયુર્નૌભિઃ સર્વે પુરનિવાસિનઃ ।

૫ મબ્બા (કુંભ૦) ૨૪૩.૩૮
પ્રેક્ષન્રૈવતકદ્વાર નિર્યયૌ ભરતર્ષભ ॥

૬ મબ્બા (કુંભ૦) ૨૪૪. પાઠટીપ
સુભદ્રાત્વથ શૈલેન્દ્રમભ્યર્ચ્યૈવ હિ રૈવતમ્ ।
દૈવતાનિ ચ સર્વાણિ બ્રાહ્મણાન્ સ્વસ્તિવાચ્ય ચ ॥ ૬
પ્રદક્ષિણ ગિરેઃ કૃત્વા પ્રયયૌ દ્વારકાં પ્રતિ ।
તામભિદ્રુત્ય કૌન્તેયઃ પ્રસહ્યારોપયદ્રથમ્ ॥ ૭

૭ મબ્બા (કુંભ૦) ૨૪૫.—
પુરોદ્યાનમતિક્રમ્ય વિશાલ ચ ગિરિવ્રજમ્ ॥ ૨૮
સાનુમુજ્જયિનીં ચૈવ વનાન્યુપવનાનિ ચ ॥ ૨૯

૮ મસ ૧૩.૬૫
વયં ચૈવ મહારાજ જરાસન્ધભયાત્તદા ।
મથુરાં સપરિત્યજ્ય ગતા દ્વારવતીં પુરીમ્ ॥

રૈવતપર્વતથી શોભતી એવી રમ્ય કુશસ્થલી પુરીમાં જઈ વાસ કર્યો અને એના દુર્ગનું સમારકામ કર્યું. દુર્ગનું વર્ણન કરતાં કહે છે કે દેવો પણ તેને પામી-મેળવી-જીતી શકે નહિ અને સ્ત્રીઓ પણ એ પુરીમાં રહી યુદ્ધ કરી શકે, વૃષ્ણિમહારથીઓની તો પછી વાત જ શી? ત્યાં રહેવાથી કશેથી ભય રહેશે નહિ એમ યાદવોને લાગ્યું. તેઓ મોટા ગિરિને અને માધવીતીર્થને જોઈ (અને મગધરાજથી છૂટયા એમ સમજતાં) બહુ જ આનંદમાં આવી ગયા.[૯]

'અમે પ્રાગ્જ્યોતિષપુર ગયેલા છીએ એમ જાણીને એ દુષ્ટે (શિશુપાલે) ભાણેજ હોવા છતાં, ભોજરાજ રૈવતક ગિરિ ઉપર ક્રીડા કરતો હતો ત્યારે હે રાજાઓ, દ્વારકાને બાળી,' એમ કૃષ્ણ કહે છે.[૧૦]

શિશુપાલવધ પછી, કૃષ્ણ હજી તો ઇન્દ્રપ્રસ્થ હતા ને શિશુપાલનુ વેર લેવા ભાર્તિકાવત સૌભનો રાજા સાલ્વ સૂની પડેલી દ્વારકા ઉપર ચડાઇ કરી ગયો અને તેને બાગબગીચા સમેત છિન્નભિન્ન કરી નાખી.[૧૧]

---

૯ મસ ૧૩.—
ઇતિ સચિન્ત્ય સર્વે સ્મ પ્રતીચીં દિશમાશ્રિતા ।
કુશસ્થલીં પુરીં રમ્યા રૈવતેનોપશોભિતામ્ ॥ ૪૯
પુનર્નિવેશનં તસ્યાં કૃતવન્તો વય નૃપ ।
તથૈવ દુર્ગસસ્કારં દેવૈરપિ દુરાસદમ્ ॥ ૫૦
સ્ત્રિયોઽપિ યસ્યા યુદ્ધેયુ કિમુ વૃષ્ણિમહારથાઃ ।
તસ્યા વયમમિત્રઘ્ન નિવસામોઽકુતોભયા. ॥ ૫૧
આલોક્ય ગિરિમુખ્ય ત માધવીતીર્થમેવ ચ ।
માધવાઃ કુરુશાર્દૂલ પરાં મુદમવાપ્નુવન્ ॥ ૫૨
કુંભકોણમ્ આવૃત્તિ છેલ્લા શ્લોકમા માગધ તીર્ણમેવ ચ । આપે છે. શ્રી. દુ કે. શાસ્ત્રીજી પાસે એ પાઠ છે.

૧૦ મસ ૪૨.—
અદહદ્દ્વારકામેવ સ્વસીય સત્રરાધિપા ॥ ૭
ક્રીડતો ભોજરાજસ્ય એષ રૈવતકે ગિરૌ । ૮

૧૧ મય ૧૫ —
શ્રુત્વા તં નિહત સાલ્વસ્તીવ્રરોષસમન્વિત' ।
ઉપાયાદ્દ્વારકા શૂન્યામિહસ્થે મયિ ભારત ॥ ૬
પૂરોદ્યાનાનિ સર્વાણિ ભેદયામાસ દુર્મતિ. ॥ ૭

પછીથી સાત્વત સામે દ્વારકાનું રક્ષણ કરવા માટે જે પગલાં લેવામાં આવ્યાં તેનું વર્ણન છે.[૧૨] તે ઉપરથી દ્વારકાના સ્થળનું લશ્કરી દૃષ્ટિએ મહત્ત્વ સમજાય છે નદીના પૂરો તોડી પાડવામા આવ્યા. નાવની બનાવટ કરવામાં આવી ખાઈ ઓને બીજાથી વ્યાપ્ત કરવામાં આવી આજુબાજુ ક્રોશક્રોશ જમીન વિષમ કરી દેવામાં આવી; જે કે દ્વારકાનો દુર્ગ કુદરતી રીતે જ કપરો હતો અને કુદરતી રીતે જ સુરક્ષિત હતો.

દક્ષિણદિશાનાં સુરાષ્ટ્રનાં તીર્થો ગણાવતા પ્રભાસ, પિંડારક, ઉજ્જયન્ત પછી દ્વારવતી પણ ગણાવવામાં આવી છે,[૧૩]

શલ્યપર્વમાં બલરામ દુર્યોધન–ભીમના ગદાયુદ્ધ પછી દ્વારકા ગયા એમ કહ્યું છે.[૧૪]

સૌપ્તિકપર્વ અશ્વત્થામા દ્વારકા જઈને રહ્યા એમ કહી તરત જ બીજા શ્લોકમાં કેટલાક વખત પછી અશ્વત્થામા દ્વારવતીની પશ્ચિમે સમુદ્રને છેડે રહેતા હતા એવો ઉલ્લેખ કરે છે.[૧૫]

મૌસલપર્વમાં દ્વારકાના ઉલ્લેખો આવે છે. પ્રભાસમા યાદવોનો નાશ થયા પછી કૃષ્ણ એકવાર દ્વારકા જઈ આવે છે.[૧૬] અર્જુન હસ્તિનાપુરથી આવીને વિધવા સ્ત્રી જેવી દ્વારકાને જુએ છે.[૧૭] અર્જુનને વસુદેવ

---

૧૨ ભવ ૧૬ —
સકમા ભેદિતા સર્વે નાવશ્ચ પ્રતિષેધિતાઃ ।
પરિખાશ્ચાપિ કૌરવ્ય કીલૈઃ સુનિચિતા. કૃતાઃ ॥ ૧૫
સમન્તાત્ક્રોશમાત્ર ચ કારિતા વિષમા ચ ભૂ ॥ ૧૬
પ્રકૃત્યા વિષમ દુર્ગ પ્રકૃત્યા ચ સુરક્ષિતમ ॥ ૧૭

૧૩ ભવ ૮૦.૮૨
ભવ ૮૬.૨૧ પુણ્યા દ્વારવતી તત્ર યત્રાસૌ મધુસૂદન. ।

૧૪ મશ ૬૧.૩૮
શ્વેતાભ્રશિખરાકારઃ પ્રયયૌ દ્વારકાં પ્રતિ ॥

૧૫ અસૌ ૧૧.—
અવસદ્દ્વારકામેત્ય વૃષ્ણિભિઃ પરમાર્ચિત ॥ ૧૧
સ કદાચિત્સમુદ્રાન્તે વસન્દ્વારવતીમનુ ॥ ૧૨

૧૬ મઔ ૫૭ ततः पुरीं द्वारवतीं प्रविश्य ।

૧૭ મઔ ૬.૪
ददर्श द्वारका वीरो मृतनाथामिव स्त्रियम् ॥

કહે છે કે અર્જુન આવી પહોંચશે એટલે સમુદ્ર કોટકિલ્લાવાળી આ નગરીને ડુબાડી દેશે.[૧૮] અર્જુન અવશેષ રહેલાંઓને કહે છેઃ ચાલો, હવે સમુદ્ર નગરીને ડુબાડશે.[૧૯] માણસો બહાર નીકળ્યાં ત્યાં સમુદ્રે રત્ન-ભરેલી દ્વારકાને ડુબાડી. અર્જુન જેટલી જેટલી જમીન છોડતો ગયો તેટલી તેટલી સાગર ડુબાડતો ગયો. દ્વારકાવાસીઓ આ અદ્‌ભુત જોઈને 'અહો દૈવ!' બોલતા ઝટઝટ ચાલવા માંડ્યા.[૨૦]

હરિવંશમાં મળતી દ્વારકાની હકીકત બહુ જુની નથી. માત્ર જરા-સંધના જોર[૨૧] નહિ, પણ કાલયવનના[૨૨] ભયથી પણ યાદવોને દ્વારકા વસાવવી પડી. તે સિન્ધુરાજના દેશમાં રાજાની વિહારભૂમિ તરીકે હતી, રૈવતકપર્વત તેનાથી દૂર નહિ એ રીતે હતો.[૨૩] વિશાળ સાગરકિનારાવાળી અને બધી બાજુથી પાણી હોય એ રીતે વચ્ચે આવેલી, દેવો પણ ન

---

૧૮ મભૌ ૭.૨૨

इमां च नगरीं सद्यः प्रतियाते धनंजये ।
प्राकाराट्टालकोपेतां समुद्रः प्लावयिष्यति ॥

૧૯ મભૌ ૮.૧૧

इदं तु नगरं सर्वं समुद्रः प्लावयिष्यति ॥

૨૦ મભૌ ૮.—

नियति तु जने तस्मिन्सागरो मकरालयः ।
द्वारकां रत्नसंपूर्णां जलेनाप्लावयत्तदा ॥ ४२
यद्यद्धि पदमव्याग्रो भूमेस्तस्य व्यमुंचत ।
तत्तत्संप्लावयामास सलिलेन स सागरः ॥ ४३
तदद्भुतमभिप्रेक्ष्य द्वारकावासिनो जनाः ।
तूर्णात्तूर्णतरं जग्मुरहो दैवमिति ब्रुवन् ॥ ४४

૨૧ હરિ ૫૬.૩૫

जरासन्धभयाच्चैव पुरीं द्वारवतीं ययौ ॥

૨૨ હરિ ૩૫.—

गमेता मंत्रयामासुर्यवनस्य भयात्तदा ॥ २०
पुरस्यलीं द्वारवतीं निवेशयितुमीप्सव. ॥ २२

૨૩ હરિ ૫૬.—

विषयं सिन्धुराजस्य शोभितं पुरत्नशतैः ॥ १६

જતી શકે એવી, હતી.[૨૪] પુરદ્વારના ભૂપણ તરીકે ગિરિશ્રેષ્ઠ રૈવત પર્વત હતો[૨૫] દ્વારકા એક વારિ દુર્ગ હોવાનું કહ્યું છે.[૨૬] જમીન ડૂબી પડે તો સમુદ્ર આવશે એમ કૃષ્ણને ગરુડ કહે છે.[૨૭] કૃષ્ણ સમુદ્ર પાસે બાર યોજન ભૂમિ 'મારામાં તને માન્યતા હોય તો તારી જતને સંકોચાવ' એમ કહી માગે છે.[૨૮] મહાર્ણવે જમીન આપતાં કરીને દ્વારકા બની તે એક રૈવત જ નહિ પણ પાંચ પર્વતથી શોભતી.[૨૯] પિંડારક આગળ ની જળલીલાના વર્ણનમાં કેટલાક રૈવતક જઈને પાછા આવે છે એમ કહ્યું છે. એટલે પિંડારક બહુ દૂર નહિ હોય એમ લાગે છે.[૩૦] ઉપર ચોમેર પાણી છે એમ કહ્યું છે, પણ પૌરુષ રાતોરાત દ્વારકા પર ચઢે

तत्र रैवतको नाम पर्वतो नातिदूरतः ॥ २७
विहारभूमिस्तत्रैव तस्य राज्ञः सुनिर्मिता ।
नाम्ना द्वारवती नाम स्वायताष्टापदोपमा ॥ २९
केशवेन मतिस्तत्र पुर्यर्थे विनिवेशिता ॥ ३०

२४ હવિ ૫૫.૧૦૩
सागरानूपविपुलां प्रागुदक्प्लववशीतलाम् ।
सर्वतोदधिमध्यस्थाममेद्यां त्रिदशैरपि ॥

२५ હવિ ૫૫.૧૧૦
रैवतं च गिरिश्रेष्ठं कुरु देव सुरालयम् ।
नन्दनप्रतिमं दिव्यं पुरद्वारस्य भूषणम् ॥

२६ હવિ ૫૭.૫
द्वारकां च समासाद्य वारिदुर्गां जनार्दनः ॥

२७ હવિ ૫૫.૧૩
यदि स्यात्संवृतां भूमिं प्रदास्यति मदोदधिः ।

२८ હવિ ૫૮.૩૬
समुद्र दश च द्वे च योजनानि जलाशये ।
प्रतिसंहियतामात्मा यद्यस्ति मयि मान्यता ॥

२९ હવિ ૬૩.૨૨
महार्णवपरिक्षिप्ता पंचपर्वतशोभिता ।

૩૦ હવિ ૮૮.૫૨
केचिद्रैवतकं गत्वा पुनरायान्ति भारत ।

આવે છે ત્યારે યુદ્ધવર્ણનમાં હાથીઓ હાથી સાથે લડવાનું કહ્યું છે.[૩૧] રાતની રાતમાં હાથીઓ શી રીતે ઉતાર્યા હશે એ સમજાય એવું નથી, ખાસ કરીને જ્યારે કૈલાસ જતાં પૂર્વે કૃષ્ણે દ્વારકામાંથી જતાં આવતાં માણસોને મુદ્રા વગર જવા આવવા ન દેવાનો પાકો બંદોબસ્ત (આજની જેમ) કર્યો હતો.[૩૨] કદાચ યુદ્ધવર્ણનમાં ચતુરંગ સૈન્ય લાવવું જોઇએ એથી માત્ર કવિવર્ણન જ હોય. બલરામ એકલવ્યને હરાવી ભગાડે છે ત્યારે એ ક્રોષ્ટુ બીજા દ્વીપમાં પાંચ યોજન દૂર ગયાનું કહ્યું છે.[૩૩] ત્યાં મીઠું બહુ પાકતું. બ્રહ્મદત્ત રાજાના યજ્ઞમાં કૃષ્ણને હંસડિમ્ભક બહુ બહુ મીઠું લઇને આવવા ફરમાવે છે.[૩૪]

હરિવંશમાં ફરીથી દ્વારવતીનિર્માણનું વર્ણન છે. કૃષ્ણ વજ્રનાભનો વધ કરીને પાછા દ્વારકા આવે છે ત્યારે ઇન્દ્ર વિશ્વકર્માને બોલાવી દ્વારકાને અમરાવતી જેવી બનાવવા કહે છે, કેમકે કૃષ્ણ દેવોના કામમાં હમેશ ઉદ્યત રહે છે. વિશ્વકર્માએ તે મુજબ કર્યું.[૩૫] પૂર્વદિશાએ રૈવતક પર્વત, દક્ષિણમાં પંચવર્ણ, પશ્ચિમમાં ક્ષપ અને ઉત્તરમાં વેણુમાન્ પર્વત હતા અને પાંચજન્ય આદિ ચાર વન હતાં.[૩૬] પચાસ મોટાં મુખ-

---

૩૧ હભ ૬૪.૧૦
હયા હયૈઃ સમાયુક્તા ગજાશ્ચ ગજયૂથપૈઃ ।

૩૨ હભ ૭૪.—
મુદ્રયા સહ ગચ્છન્તુ રાજ્ઞો યે ગન્તુમીપ્સવ. ।' ૨૪
ન ચામુદ્રઃ પ્રવેષ્ટવ્યો દ્વારપાલસ્ય પશ્યતઃ । ૨૫

૩૩ હભ ૧૦૨.—
સાગરં ચ પ્રવિશ્યાશુ ગત્વા યોજનપંચકમ્ ॥ ૫
કંચિદ્દ્વીપાન્તરં રાજન્ પ્રવિશ્ય ન્યવસત્તદા ॥ ૬

૩૪ હભ ૧૧૫.૨૮
લવણાનિ બહૂન્યાશુ પ્રગૃહ્ય ત્વરિતં ભવાન્ ।

૩૫ હવિ ૬૮.—
પ્રિયમિચ્છસિ ચેત્કર્તું મમ શિલ્પવતાં વર ॥ ૪
પુરય્વ વિબુધશ્રેષ્ઠ યથા મમ પુરી તથા ॥ ૫

૩૬ હવિ ૬૮.—
યમૌ રૈવતકઃ શૈલો રમ્યસાનુગુહાજિરઃ ।
પૂર્વસ્યાં દિશિ લક્ષ્મીવાન્મણિકાંચનતોરણઃ ॥ ૧૪

વાળી મહાનદી (મોટી નદી ? કે એ નામની નદી ?) દ્વારવતીમા થઈને વહી ૩૭ આઠ યોજન દ્વારકાનો વિસ્તાર હતો બાર યોજન પહોળાઈ હતી અને ઉપનગરોમાં એથી બમણી જગા રોકાયેલી હતી ૩૮ સ્ત્રીઓ પણ ત્યા રહી લઢી શકે તો વૃષ્ણિ યોદ્ધાઓની તો વાત જ શી ?૩૯

વિષ્ણુપુરાણ૪૦ મા હરિવંશને લગભગ મળતી હકીકત છે કૃષ્ણે વિચાર કર્યો કે કાલયવન સાથે લડાઈમા યાદવોનું નસકર ખવાસ થયુ તો પછીથી જરાસંધ સામે ટકી રહેવાશે નહિ અને જરાસંધ સાથે લડ્યા તો પછી યવનને હાથે હાર ખાવી પડે માટે આ બે ને બાજુની મુશ્કેલીમાથી યાદવોને છોડવવા દુશ્મનો ફાવી ન શકે એવો કિલ્લો કરવો જ્યા સ્ત્રીઓ પણ લડી શકે, યાદવવીરોનું તો પછી કહેવુ જ શુ ?—એમ વિચાર કરી

दक्षिणस्या लताविष्ट पचवर्णा विराजते ।
इन्द्रकेतुप्रतीकाश पश्चिमाया तथा क्षय ॥ १५
उत्तरा दिशमत्यर्थं विभूषयति वेणुमान् ॥ १६
चित्रक पचवर्ण च पाचजन्य वन महत् ।
सर्वर्तुकवन चैव भाति रैवतक प्रति ॥ १७

૩૭ હવિ ૯૮ ૨૩
महानदी द्वारवतीं पचाशद्भिर्महामुखै ।
प्रविष्टा पुण्यसलिला भावयन्ती समन्तत ॥

૩૮ હવિ ૯૮ ૨૭
अष्टयोजनविस्तीर्णामचला द्वादशायताम् ।
द्विगुणोपनिवेशा च ददर्श द्वारकां पुरीम् ॥

૩૯ હવિ ૯૮ ૨૯

૪૦ વિપ ૨૩ —
कृष्णोपि चिंतयामास क्षपितं यादव बलम् ।
यवनन रण गम्य मागधस्य भविष्यति ॥ ९
मागधस्य बल क्षीण स काल्यवनो बली ।
हंतैतदेवमायातं यदूनां व्यसन द्विधा ॥ १०
तस्मादुर्ग करिष्यामि यदूनामरिदुर्जयम ।
स्त्रियोऽपि यत्र युद्धयु किं पुनर्वृष्णिपुगवा ॥ ११
इति सचिंत्य गोविंदो याजनानां महोदधिम् ।
ययाचे द्वादश पुरीं द्वारकां तत्र निर्ममे ॥ १३

કૃષ્ણે સમુદ્ર પાસે બાર યોજન જમીનની માગણી કરી ને તેની ઉપર દ્વારકાનું નિર્માણ કર્યું

વિષ્ણુપુરાણમા રૈવત આવીને જુએ છે તો પોતાની નગરી કુશસ્થલી બદલાઈ ગઈ છે ને તે હવે દ્વારકા બની છે અને મનદેવ ત્યા રહે છે ૪૧ અને રૈવતની ગેરહાજરીમાં પુણ્યજન રાક્ષસોએ કુશસ્થલીનો નાશ કર્યો હતો એમ કહ્યુ છે ૪૨ વિષ્ણુપુરાણ(અંશ ૫ ૩૮ ૯-૧૧)૪૩ મા દ્વારકાના સાગરનિમજ્જનની કથા આપી છે શૂન્ય દ્વારકાને મહોદધિએ ડુબાડવા માંડી પણ એક કૃષ્ણના ગૃહને સાગર ડુબાડતો નથી. અત્યારે પણ મહાસાગર એ સ્થાન–જ્યાં કૃષ્ણ રહેતા હતા તે ઓળંગવા સમર્થ થયો નથી ત્યાં કૃષ્ણ હમેશ હાજર રહે છે વિષ્ણુની શ્રીવાળુ સર્વ પાપનો નાશ કરનાર મહાપુણ્યવંતું તે સ્થાન જોવાથી માણસ પાપથી મુક્ત થાય છે (આવુ જ વર્ણન ભાગવતમા પણ છે આગળ જુઓ પ૪)

વાયુપુરાણ૪૪ પણ વિષ્ણુ જેવુ વર્ણન કરે છે આનાર્તનો પુત્ર રૈવ જેનો દેશ આનાર્ત અને પુરી કુશસ્થલી હતી તે બ્રહ્મસભામાંથી પાછો પોતાની નગરીમા આવે છે ને જુએ છે તો તે યાદવોથી વીંટળાયેલી છે, તેને બહુ દ્વાર છે અને તેનુ નામ દ્વારમતી પડયુ છે

મત્સ્ય પણ આનર્ત દેશમા કુશસ્થલીનગરી૪૫ છે તેજ દ્વારવતી એમ કહે છે ૪૬

---

૪૧ જુઓ કુશસ્થલી ૬

૪૨ જુઓ કુશસ્થલી ૭

૪૩ વિષ્ણુ ૩૮ —

प्लावयामास ता शून्या द्वारकां च महोदधि ।
वासुदेवगृह त्वेक न प्लावयति सागर ॥ ९
नातिक्रान्तुमल ब्रह्मस्तदद्यापि महोदधि ।
नित्य सन्निहितस्तात भगवान्केशवो यत ॥ १०
तदतीव महापुण्य सर्वपातकनाशनम् ।
विष्णुश्रियान्वित स्थान दृष्ट्वा पापाद्विमुच्यते ॥ ११

૪૪ જુઓ કુશસ્થલી ૧૪

૪૫ જુઓ કુશસ્થલી ૧૧

૪૬ જુઓ કુશસ્થલી ૧૨

સ્કન્દના પ્રભાસખંડમાં ઉપર જેવી જ હકીકત આપી છે. પણ કુશસ્થલીની સ્થાપના કરનાર તરીકે રામના પુત્ર કુશનું નામ આપ્યું છે. આનર્ત, રૈવત કે રૈવતનો ઉલ્લેખ નથી. સાગરની પડખે પડખે ગોમતી નદી વહે છે એમ કહ્યું છે.[૪૭] સમુદ્રે દ્વારકા માટે બાર યોજન જમીન આપી હતી;[૪૮] ગોમતી, લક્ષ્મણા, ચંદ્રભાગા, કુશાવતી અને જાંબવતી એ નદીઓનું પડખે પંચનદ તીર્થ છે તેનું વર્ણન કર્યું છે.[૪૯] વૈષ્ણવખંડના માર્ગશીર્ષ માહાત્મ્ય[૫૦] માં દ્વારકાની માટીની પવિત્રતા ગાઈ છે. બ્રાહ્મખંડના ધર્મારણ્યખંડના ૨૬ મા અધ્યાયમાં દ્વારકામાં દેહ-સંત્યાગનું ફળ આપેલું છે. તેમાં જ, અન્યત્ર, આદિદ્વારકા કેવી હતી એમ રામ વસિષ્ઠને પૂછે છે.[૫૧]

ભાગવતમાં હરિવંશ અને વિષ્ણુપુરાણને મળતી જ બે બાજુના ભયની વાત કરી છે, જેને પરિણામે કૃષ્ણને બાર યોજનનો દુર્ગ રચવો પડ્યો. સમુદ્રની અંદર આ દુર્ગ રચવામાં આવ્યો હતો એવું વર્ણન છે.[૫૨] સમુદ્રની અંદર રૈવતે પૂર્વે કુશસ્થલીનું નિર્માણ કર્યાનું વર્ણન છે.[૫૩] દ્વારકાના સાગર-નિમજ્જનની વાત કરતાં વિષ્ણુ પુરાણની પેઠે મહાસાગરે એક કૃષ્ણનું નિવાસ-ગૃહ કુબાડવું છોડી દીધાનું કહ્યું છે અને ત્યાં હમેશ ભગવાન કૃષ્ણ હાજર રહે છે એમ કહ્યું છે.[૫૪]

ગર્ગસંહિતામાં દ્વારકાનિર્માણની જૂદી જ કથા આપી છે. શર્યાતિ રાજાએ પોતાના ત્રણ પુત્રોમાં ભૂમિ વહેંચી ત્યારે તેમાંના એક પુત્ર આનર્તે

---

૪૭ જુઓ કુશસ્થલી ૧૦.

૪૮ સ્કપ્રહ્મ ૨.૨૫

समुद्रेण प्रदत्ता मे भूमिर्द्वादशयोजना ।

૪૯ જુઓ પંચનદ ૧.

૫૦ સ્કવૈ ૨.૯

यो धार्ग्येद्वारवतीसमुद्भवा मृत्स्नां पवित्रां कलिकल्मषापहाम् ।

૫૧ સ્કવૈ ૩૨.૪૮

૫૨ ભાદ ૭૨.૩૧, ૭૪.૩૭, ૭૭.૪; ભાએ ૩૦.૧૦; ભાદ ૫૦.—

तावद्य विधास्यामो दुर्ग द्विपददुर्गमम् ।
संमंत्र्य भगवान् दुर्गं द्वादशयोजनम् ।
निःसमुद्रे नगरं कृत्स्नाद्भुतमचीकरत् ॥ ५०

કહ્યું કે ભૂમિ તો કૃષ્ણ-પરમાત્માની છે. પિતાએ ક્રોધપૂર્વક 'તે તારો ભગવાન તને નવીન ભૂમિ નહિ આપશે કે!' એમ કહી તેને કાઢી મૂક્યો. આનર્તે સમુદ્રતીરે તપ કર્યું. કૃષ્ણે પ્રસન્ન થઈ વર માગવાનું કહેતા તેણે ભૂમિ માગી અને કૃષ્ણે સુદર્શન ચક્રના આધારે વૈકુંઠમાંથી શત-યોજન જેવડો ભૂખંડ ઉપાડી લઈ સમુદ્ર ઉપર ગોઠવી દીધો. ત્યાં આનર્તે રાજ્ય કર્યું અને દેશ આનર્ત કહેવાયો.[૫૫]

સ્કન્દના બ્રાહ્મખંડના ધર્મારણ્યમાં સરસ્વતીમાહાત્મ્ય ગાતાં સરસ્વતી તીરે દ્વારાવતી તીર્થ આપ્યું છે.[૫૬] પણ આ તીર્થ દ્વારકાથી જુદું સમજવાનું છે.

નોંધ ૧: દ્વારપાલ[૫૭] નામ મહાભારતમાં હિંદના વાયવ્ય ભાગના કોઈ સ્થળ માટે આવે છે વનપર્વમાં તીર્થવર્ણન કરતા સરસ્વતી નદી ઉપર યજ્ઞેન્દ્રના તીર્થ તરીકે દ્વારપાલ ગણાવ્યું છે ઉપર સ્કન્દમાં સરસ્વતીતીરે દ્વારાવતી છે એમ નોંધ્યું જ છે પણ દ્વારપાલ સરસ્વતીના મૂળ પાસેનું તીર્થ લાગે છે.

રૂહાઇસ ડેવિડ્સ બૌદ્ધકાળમાં કાંબોજની રાજધાની તરીકે દ્વારકા[૫૮] આપે છે શ્રી દે બીન બે સ્થળો માટે પણ દ્વારામતી[૫૯] નામ વપરાતું એમ

---

૫૩ જુઓ આનર્ત ૬

૫૪ ભાગ્યે ૩૧.—

द्वारका हरिणा त्यक्ता समुद्रोऽप्लावयत्क्षणात् ।
वर्जयित्वा महाराज श्रीमद्भगवदालयम् ॥ २३
नित्य सनिहितस्तत्र भगवान्मधुसूदन ।
स्मृत्याऽशेषाशुभहर सर्वमगलमगलम् ॥ २४

૫૫ ગસંદ્વા ૯ ૬–૩૧

૫૬ સ્કન્દ્યાધ ૨૫.૧૧ तत्र द्वारावतीतीर्थं ।

૫૭ મવ ૮૧.—

ततो मचक्रुक राजन्द्वारपाल महाबलम् । ७
ततो गच्छेत धर्मज्ञ द्वारपाल तरन्तुकम् ॥ १३
ततो गच्छेत राजेन्द्र द्वारपालमरन्तुकम् ।
तस्य तीर्थे सरस्वत्या यज्ञेन्द्रस्य महात्मन ॥ ४२

જુઓ 'દ્વા' અધ ૧ પૃ૦ ૨૦૭

૫૮ બુધ્ધ પૃ૦ ૨૮.

૫૯ જ્યોડિ પૃ૦ ૫૮

નોંધે છે. મૈસુરનું હાલનું હળેબીડ (દ્વારસમુદ્ર)[૬૦] દ્વારાવતી કહેવાતું સીઆમ[૬૧] માટે પણ એ નામ વપરાતું. સીઆમની પ્રાચીન રાજધાની અયુધ્ય અથવા અયુધ્ય તેજ દ્વારાવતી એવો મત પણ છે[૬૨]

પ્રાચીન દ્વારકા પુરી કયાં હતી તેનો ઉપરના બધા ઉલ્લેખો ઉપરથી નિર્ણય થઈ શકે ?

જુદાજુદા અભિપ્રાયો નીચેનાં સ્થળોના પક્ષમા છે —

(૧) અત્યારની દ્વારકા

(૨) ગિરનારની તળેટીમાં.

(૩) મૂળદ્વારકા.

(૪) પોરબંદર–ભીમાણી વચ્ચેના દરિયા-કાંઠા પરનું સ્થળ

(૫) પોરબંદરનુ માધુપુર.

ચર્ચાની સરળતા માટે (૨) પહેલા લઈશું

શ્રી. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી[૬૩] એવો અભિપ્રાય આપે છે કે 'પ્રાચીન દ્વારકા ગિરનારની તળેટીમા જુનાગઢની આસપાસ હોવું જોઇએ'

શ્રી. શાસ્ત્રીજીના નિર્ણય પાછળ મુખ્ય દલીલો બે છે

૧ સભાપર્વમા 'શ્રીકૃષ્ણના ગોઢામા મૂકેલા દ્વારકાના વર્ણનમાં દ્વારકા સમુદ્ર વચ્ચે અથવા સમુદ્ર પાસે હોવાનુ બિલકુલ સૂચન નથી.'

૨અ 'અને રૈવતક પર્વત પાસે હોવાનુ સ્પષ્ટ સૂચન છે. રૈવતનો પશોભિતામ્–એટલે તે રૈવતક પર્વતની તળેટીમા હોવું જોઇએ "વળી જેમા રહીને સ્ત્રીઓ પણ યુદ્ધ કરી શકે" અને "દેવો પણ ન લઈ શકે" દેવૈરપિ દુરાસદમ્ એવો દુર્ગ તો પર્વત ઉપરનો કિલ્લો જ ગણાય અને આખા આનર્તમા રૈવતક પર્વત–ગિરનાર સિવાય એવુ બીજુ સ્થાન કયાં છે ?'

૨આ આની સાથે ટીકામા તેઓશ્રી આદિપર્વમાના સુભદ્રાહરણના વર્ણનનો પણ ઉલ્લેખ કરે છે "રૈવતકના દ્વારને જોતો પાર્થ નીકળ્યો' એ શબ્દો તથા રૈવતક ગિરિ ઉપર પુર(દ્વારકા શહેર)નો જે રક્ષક રહેતો હતો, તેણે બહાર આવીને 'દ્વારકાના દ્વારમાથી અર્જુનને નીક-

---

૬૦ મૈસુર અને કુર્ગ (રાઇસકૃત) ૨ પૃ૦ ૧૭,૧૮

૬૧ ફાયરે : જ્યોગ્રાફિ 'દ્વારાવતી'

૬૨ ડો૦ ટામકુસુ : ઇત્સીંગની ભૂમિકા પૃ૦ ૧૧

૬૩ પ્રાચીન દ્વારકાપુરી–'ઐતિહાસિક સંશોધન' પૃ૦ ૩૭૭-૮૬.

ળનો જોગો ' એ શબ્દો તો દ્વારકાનુ સ્થાન નિશ્ચિત કરી નાખે છે. દ્વારકા શહેર રૈવતક પર્વતની તળેટીમા હોય અને રૈવતક પર્વત ઉપર મજબૂત કિલ્લો હોય તો જ દ્વારકાનો રક્ષક(ગોસા) રવતક ઉપર રહી શકે વળી ' ગિરિમુખ્ય–ગિરનારને જોઇને મગધના રાજાને તરી ગયા ' એ શબ્દોની સાર્થકતા પણ તળેટીમા શહેર અને ગિરનાર ઉપર કિલ્લો હોય તો જ ગણાય "

સભાપર્વના વર્ણનમા સમુદ્રનો ઉલ્લેખ નથી એ વાત સાચી છે. પણ આદિપર્વના સુભદ્રાહરણવર્ણનમા ઉત્સવનું વર્ણન છે, તેમા ' અન્ત-દ્વીપ 'નો ઉલ્લેખ છે, જે દલીલ રજા પ્રમાણે જો ' દ્વારકા શહેર રૈવતક પર્વતની તળેટીમા ' માનીએ તો તેની સાથે સાથે સમુદ્ર પાસે રૈવત તેમજ દ્વારકા છે એમ પણ સ્વીકારવા ફરજ પાડે. બીજુ હરિવંશ અને પુરાણો-મા દ્વારકા સમુદ્રતટે છે એવા સ્પષ્ટ વર્ણનો છે તે બાજુએ રાખીએ, પણ મહાભારતમા જ વનપર્વ, સૌપ્તિકપર્વ અને મૌસલપર્વમા દ્વારકા સમુદ્રતટે હોવાના પુરાવા મળે છે વનપર્વમા દ્વારકાના રક્ષણની તૈયારી-ઓનુ વર્ણન છે તેમા ' નાવની મનાઈ કરવામા આવી ' એમ કહ્યુ છે તે જૂનાગઢના સ્થળને અનુકૂળ નથી અને કોઈ સમુદ્રતટનું સ્થળ જ સૂચવે છે. સૌપ્તિકપર્વમા અશ્વત્થામા દ્વારકા પડ્યાડે સમુદ્રમા રહ્યાનું કહ્યુ છે. મૌસલપર્વમા દ્વારકાના સમુદ્રનિમજ્જનનુ હૂબહૂ વર્ણન છે, આને અંગે શ્રી શાસ્ત્રીજી કહે છે ' ગિરનારની તળેટીનુ શહેર તો એ વખતે ગિરિનગર કહેવાતું હતુ, ત્યારે દ્વારકા ગયુ ક્યા ? આ પ્રશ્નના ઉત્તરમા દ્વારકા સમુદ્રમા ડૂબી ગયાની વાત આવી જુઓ મહાભારત મૌસલપર્વ ' મૌસલપર્વના આ વર્ણનને પ્રાચીન ન ગણવાનુ શ્રી શાસ્ત્રીજીનુ વલણ જણાય છે પણ મહાભારતના મૌસલ, સૌપ્તિક જેવા નાના પર્વો બહુ ફેરફાર પામ્યા વગરના, મહાભારત અઢાર પર્વમા બહુ થયુ ત્યારના, હોવાનો પૂરો સંભવ છે કાંઇ નહિ તો, એક સભાપર્વના વર્ણનમા સમુદ્રનો ઉલ્લેખ નથી એટલા જ ઉપરથી દ્વારકાને સમુદ્રથી દૂર કહેવી એમા નિર્દેશના અભાવ ઉપરથી અનુમાન કરવાનો દોષ આવે

દલીલ રજા રૈવત અને દ્વારકાનુ સાન્નિધ્ય સ્થાપે છે, જે નિર્વિવાદ વસ્તુ છે. પણ તેમા અને રજમા રૈવત તે ગિરનાર એવુ સમીકરણ સ્વીકારાયુ છે તે ચિંત્ય છે. રૈવત=ગિરનાર એમ સ્વીકારવામા રૈવતના દુર્ગની દુર્જેયતા ઉપર ભાર મૂકવામા આવ્યો છે રજમા ઉતારેલા વર્ણ-

નને જરી વીગતે તપાસીશુ તો જણાશે કે રૈવતેનોપશોભિતામ્-રૈવતથી જેની શોભા છે એવી કુશસ્થલીપુરીને કહી છે. એટલે કે રૈવત વિશેષ તો શોભારૂપ છે. પછી કહે છેઃ ત્યા અમે મુકામ કર્યો અને દુર્ગસંસ્કાર કર્યો, જે(દુર્ગસંસ્કાર)ને દેવો પણ પહોંચી ન શકે. જે(યસ્યામ્ પુરી)માં સ્ત્રીઓ પણ યુદ્ધ કરી શકે–પછી વૃષ્ણિમહારથિઓનું તો કહેવું જ શુ ?– તે(તસ્યામ્ પુરી)માં અમે અકુતોભય બનીને રહીએ છીએ. તે ગિરિ-મુખ્યને જોઇ અને મગધના રાજાને તરી ગયા એમ જોઇ યાદવો પરમ આનંદ પામ્યા.

આ વર્ણનમાથી એમ સમજાય છે કે રૈવત મુખ્યત્વે તો શોભારૂપ છે ગમે તેમ પણ, લશ્કરી મહત્ત્વ તે પર્વત કરતાં નગરીના દુર્ગનુ છે. અને શ્રી. શાસ્ત્રીજી કહે છે કે " 'વળી જેમા રહીને સ્ત્રીઓ પણ યુદ્ધ કરી શકે' અને 'દેવો પણ ન લઇ શકે'–દેવૈરપિ દુરાસદમ્[૬૪] એવો દુર્ગ તો પર્વત ઉપરનો કિલ્લો જ ગણાય, "–એ અભિપ્રાય તપાસ માગી લે છે કેમકે 'દેવો જેને ન પામી શકે' તે દુર્ગસંસ્કારનુ વિશેષણ છે અને 'જેમા રહીને સ્ત્રીઓ પણ યુદ્ધ કરી શકે' એ વિશેષણ નગરીનું (यस्याम् ... तस्याम् એ સ્ત્રીલિંગી સર્વનામોને કારણે) એટલે લશ્કરી મહત્ત્વ ખુદ નગરીનું જ છે અને તે એના યાદવોએ આવીને સમારેલ કિલ્લાને લીધે એથી 'એવો દુર્ગ તો પર્વત ઉપરનો કિલ્લો જ ગણાય અને આખા આનર્તમા રૈવતક પર્વત-ગિરનાર સિવાય એવુ બીજુ સ્થાન કયા છે ?'–એમ વિચારવાને અવકાશ રહેતો નથી...સભાપર્વના વર્ણનના અંતભાગને શ્રી શાસ્ત્રીજી 'ગિરિમુખ્ય ગિરનારને જોઇને મગધના રાજાને તરી ગયા—એ શબ્દોની સાર્થકતા પણ તળેટીમા શહેર અને ગિરનાર ઉપર કિલ્લો હોય તો જ ગણાય' એમ ઘટાવે છે. પણ ગિરિમુખ્ય અને મગધના રાજાને તરી જેવુ એ બે વચ્ચે સંબંધ નથી. યાદવો બહુ આનંદ મા આવી ગયા એવુ શ્રીકૃષ્ણનુ કહેવું છે. તેમ થવાના બે કારણ તે ગણાવે છે એક તો મગધના રાજાને તરી ગયા તે (નગરીના સમારેલા દુર્ગમા રહેવાથી 'અકુતોભય' થયા તે) જોઇને અને બીજુ ગિરિમુખ્ય (જે નગરીની શોભારૂપ હતો, અને જે ઉત્સવસ્થાન–વિહારસ્થળ પણ

૬૪ આવો દુર્ગ પર્વતદુર્ગ જ હોવો જોઇએ એમ કાંઇ નથી, જળ-દુર્ગ પણ હોઇ શકે. હરિવંશ જે દ્વારકાને सर्वतोदधिमध्यस्था કહે છે તે પણ તેને अमेयां त्रिदशैरपि–દેવોથી પણ અભેદ્ય કહે છે.

થઇ શકે એવો હતો તે જોઇને. સભાપર્વની સંશોધિત આવૃત્તિ માગધં તીર્ણમેવ ચને બદલે માધવીતીર્થમેવ ચ પાઠ સ્વીકારે છે, તે લક્ષ્યે તો પર્વતને અપાયેલુ મહત્ત્વ વળી વધુ ઘટી જાય ... રંગામા શ્રી. શાસ્ત્રીજી 'રૈવતક પર્વત ઉપર મજબૂત કિલ્લો હોય તો જ દ્વારકાનો રક્ષક (ગોપ્તા) રૈવતક ઉપર ગણી શકે'—એમ અનુમાન કરે છે તેને માટે કારણ છે. પણ તેમાથી રૈવતનું મોટું લશ્કરી મહત્ત્વ સિદ્ધ થઇ શકે એમ નથી. રૈવત ઉપરથી દ્વારકા ઉપર નજર રખાય એટલો એ પાસે તો હતો જ ઊંચી જગા હોઇ, તેની ઉપર ચોકી હશે પણ તેથી ત્યા મજબૂત કિલ્લો હોવાનુ પૂરતું સૂચન મળતું નથી વિપૃથુશ્રવા રસ્તા ઉપર ધસી આવે છે ત્યારે અર્જુનને દ્વારકામાથી નીકળતો જુએ છે (સોઽભિપત્ય તદાધ્વાન દદર્શ). યુદ્ધ પણ એણે કિલ્લા ઉપરથી કર્યું નથી, કેમકે પરાજયને અંતે તે રથ ઉપરથી ઊતરી અર્જુનને મળે છે એવુ વર્ણન છે. અર્જુન આગળ તે કૃષ્ણ વગેરે 'અન્તર્દ્વીપ'મા ગયાનો ઉલ્લેખ કરે છે તે ઉપરથી, રૈવતનું એક વખત ધારો કે લશ્કરી મહત્ત્વ ઘણું હોય તો પણ, રૈવત તે ગિરનાર તો કરી શકે જ નહિ,—સમુદ્રની તદ્દન પાસે હોઇને વળી ઇન્દ્રપ્રસ્થને રસ્તે અર્જુન રૈવત પછી ઉજ્જયિની (ગિરનાર) શિખરને વટાવે છે એમ ગિરનારનો ત્યાં જ જુદો ઉલ્લેખ પણ છે પણ વસ્તુતઃ રૈવતનુ લશ્કરી મહત્ત્વ ઝાઝું છે નહિ તેનુ વનપર્વમાં કૃષ્ણની ગેરહાજરીમા દ્વારકાના સંરક્ષણ માટેની તૈયારીઓનું વર્ણન છે તેમા રૈવતનો ઉલ્લેખ સુધ્ધા નથી એ ઉપરથી સૂચન મળે છે ત્યા 'પ્રકૃતિથી જે દુર્ગ વિષમ હતો અને પ્રકૃતિથી સુરક્ષિત હતો' એમ કહ્યું છે તે પણ નગરીના દુર્ગ (કિલ્લા)ને ઉદ્દેશીને છે રૈવતને આદિપર્વ શોભારૂપ ગણે છે અને જે સભાપર્વના વર્ણન ઉપર ભાર મૂકવામા આવે છે, તેમા પણ રૈવતકનો ક્રીડાસ્થાન તરીકે ઉલ્લેખ છે આદિપર્વમા તેનુ ઉત્સવસ્થાન તરીકે વર્ણન છે અને હરિવંશ તેને સિંધુરાજની વિહારભૂમિ તરીકે ઓળખાવે છે એ બધુ જોતા પૌરાણિક શૈલીએ અત્યુક્તિથી જે 'ગિરિમુખ્ય' (દ્વારકાને ચારે બાજુથી સમુદ્ર વચ્ચે સર્વતોદધિમધ્યસ્થા—વર્ણવનાર હરિવંશ પણ રૈવતને 'ગિરિશ્રેષ્ઠ' કહે છે. જુઓ ઉપર ૨૫ અને કુશસ્થલી ૫) તરીકે વર્ણવાયો છે તે રૈવત પર્વત સમુદ્રતટ પાસેની દ્વારકાનગરીથી બહુ દૂર નહિ એવો એક દેવધામ તરીકે અને ઉત્સવસ્થાન તેમજ વિહારભૂમિ તરીકે વપરાતો પર્વત છે નગરીની નજીક હોઇ રૈવત ઉપર ચોકી બેઠેલું

રહેતી, પણ તેનું મોટું લશ્કરી મહત્ત્વ નથી. લશ્કરી મહત્ત્વ તો નગરીનું જ છે.

જુનાગઢ તે પ્રાચીન દ્વારકા એના પક્ષની મુખ્ય બે દલીલોમાંની એક મહાભારતમાં દ્વારકા સમુદ્રતટે હોવાનો ઉલ્લેખ નથી—તેના સંબંધમાં પુરાણોની એક સતત રટાયા કરતી એ વાત સ્મરણમાં રાખવાની છે કે દ્વારકા પ્રાચીન કુશસ્થલી(જે સમુદ્રતટ ઉપર હતી તે)ના અવશેષો સમીપ રચવામાં આવેલી નગરી હોઈ સમુદ્રતટે જ સંભવે છે. બીજી દલીલ દ્વારકાની લશ્કરી દૃષ્ટિએ સલામતી ગિરિ ઉપર અવલંબતી એવા ખ્યાલના પાયા ઉપર રચાયેલી છે. આપણે જોયું કે દ્વારકાનગરીના પોતાના દુર્ગનું જ મહત્ત્વ તો છે. ગિરિ દ્વારકાપુરીના બારણામાં જ હોઈ તેની ઉપર ચોકી અવશ્ય બેસતી પણ ગિરિના લશ્કરી મહત્ત્વ ઉપર દ્વારકાનો મદાર દેખાતો નથી. નગરની પડખે હોઈ તેનો લશ્કરી દૃષ્ટિએ પણ લાભ લેવામાં આવે જ અને એનો લાભ નાનકડા કુંગર પાસેથી પણ જરૂર લઈ શકાય. દ્વારકાને બારણે ગિરિ હતો અને તેનો લશ્કરી દૃષ્ટિએ લાભ પણ લેવાતો, એટલા વર્ણન ઉપરથી તે ગિરિ તે મોટો પર્વત અને તેથી ગિરનાર જ હોવો જોઈએ એમ માની દ્વારકાને ગિરનારની તળેટીએ ગણવી તેમાં ગિરિ ઉપર વધુ પડતો ભાર મૂકાય છે. દ્વારકા સમુદ્રતટે હતી એ વાતની (જોને હમણાં જ જોઈશું તેમ પેરિપ્લસ ટોલેમી વગેરેનાં પ્રાચીન વર્ણનોનો ટેકો છે) તો એ વિચારણામાં ઉપેક્ષા થાય છે જ. દ્વારકાદ્વારના ગિરિને મામુલી કુંગર માનવાથી તેને અંગે થયેલા ઉલ્લેખોને કશો જ બાધ આવતો નથી. પણ પાંચમા સૈકા (સ્કન્દગુપ્તના શિલાલેખ)માં અને પછી ગિરનાર માટે પણ રૈવત નામ મળે છે એ ઉપરથી દ્વારકાને ગિરનારની તળેટીએ ગણવાના તર્કની પ્રેરણા ઉદ્ભવે છે. ઉજ્જયન્તની ચર્ચામા આપણે જોયું કે ગિરનારનું જૂનું નામ ઉજ્જયન્ત જ સંભવે છે. દ્વારકાના પ્રલયમાં રૈવતનો પણ સમુદ્રમાં પ્રલય થયો હોય અને એ નામ પછીથી સૌરાષ્ટ્રના એકમાત્ર મોટા પર્વત ઉજ્જયન્તને મળ્યું હોય. તેમ છતાં ઉજ્જયન્તની ચર્ચામા જોયું છે તેમ ગિરનારની પડખાના ઉપગિરિને (અને નહિ કે ખુદ ગિરનારને) રૈવત નામ આપવાનું પૌરાણિકોનું વલણ રહ્યું છે. રૈવતને કારણે દ્વારકાને સમુદ્રતટથી ખસેડવી ઠીક નથી.

આ રીતે જોતાં, પ્રાચીન દ્વારકા તે ગિરનારની તળેટીમાં જુનાગઢ કે તેની આસપાસ ઠરતું નથી.

(૧) ગિરનારની તળેટીએ નહિ પણ સમુદ્રતટે પ્રાચીન દ્વારકા હતી એમ આપણે જોયું હવે એ જોવાનું રહે છે કે અત્યારની દ્વારકા એ જ પ્રાચીન દ્વારકા હોઈ શકે ખરી

૧૩ અત્યારની દ્વારકા પ્રાચીન હોવા સામે એક વાંધો એ લેવામાં આવે છે કે તે પ્રાચીન હોવાના કોઈ પુરાવા અવશેષો, દાનપત્રોના ઉલ્લેખો, આદિ મળતા નથી શક ૧૨૨ (ઇ સ ૨૦૦)ના મુનમાસરના પાળિયામાંના કે વિ સ ૭૬૪ના ધીન્કી(ધેનિમા)ના તામ્રપત્રમાં, તે બને સ્થળો દ્વારકા નજીકના હોવા છતાં, દ્વારકાનો ઉલ્લેખ નથી[૬૫] દ્વારકાના સૌથી જૂના ઉકીર્ણ ઉલ્લેખ તે ગુપ્ત સંવત્ ૨૩૦ (ઇ સ ૫૪૯) અને ગુ સ ૧૫૫ (ઇ સ ૫૭૪)ના મળે છે[૬૬]

પણ માત્ર ઉલ્લેખોના અભાવ ઉપરથી કોઈ નિર્ણય બાંધી ન શકાય, પ્રાગૈતિહાસિક અવશેષોની અનુપલબ્ધિ ઉપર પણ નિર્ણય ટકવી ન શકાય ઉપરની ઉત્કીર્ણ સામગ્રી તપાસતાં ડૉ હીરાનંદ શાસ્ત્રી દ્વારમાં જોવા આવ્યા છે તે ઓખામંડળ તાલુકામાં કેટલેક સ્થળે શોધ કરવી જોઈએ –અને આશાસ્પદ સ્થળો પસંદ કરવામાં આવ્યા પણ છે—એમ કહે છે[૬૭] અત્યારે તો, તે કહે છે તેમ, જંગલમાં પડેલા પથ્થરના ચકચકતા બાંડણી-દસ્તા (જેનો કેટલાકો નગ્નભેદ સાથે સંબંધ સૂચવે છે) મળે છે એ બહુ[૬૮]

ડૉ પુસાળકર આજની દ્વારકા પ્રાચીન દ્વારકા હોવાનો અભિપ્રાય ધરાવે છે[૬૯] અને ડૉ જયસ્વાલને[૭૦] અનુસરી સૂચવે છે કે વનપર્વમાં[૭૧] પિંડારકનું વર્ણન છે તે જોતાં, ત્યાં ખોદકામ કરાવ્યું હોય તો મુદ્રાઓ મિક્કાઓ આદિ પ્રાચીન દ્વારકા અંગે નિશ્ચયાત્મક પુરાવા મળી આવવા સંભવ છે વનપર્વના શ્લોકોમાં 'મુનિ ની વાત છે એટલે આ બધે

---

૬૫ આગળ પૃ૦ ૪૨
૬૬ ,, ,,
૬૭ ,, ,,
૬૮ ,, પૃ૦ ૨૦
૬૯ બી સી લૉ વૉલ્યુમ પૃ૦ ૨૨૪
૭૦ ,, ,, ૭મી ઓરિયન્ટલ કૉન્ફરન્સનો અહેવાલ પૃ૦ ૬૩.

વિદ્વાનોની અટકળને પૂરતો અવકાશ છે પણ કદાચ વનપર્વના શ્લોકોનો આશય માત્ર એટલો જ તો નહિ હોય કે પિંડારકમાં સ્નાન કરનારને (જેમ બીજા તીર્થોમા સ્નાન કરનારને બીજા ફળો મળે છે તેમ) સુવર્ણ પ્રાપ્તિ થાય, એટલે કે ભવિષ્યમાં એવી પ્રાપ્તિ થાય અને પછીના શ્લોકમા 'પદ્મ લક્ષણ લક્ષિત' મુદ્રાઓ આજે પણ ત્યા દેખાય છે એમ કહ્યું છે તે હજી આજે પણ બેટને કિનારે કમળાકારના શંખજીપના મળે છે તેને અનુલક્ષીને તો કદાચ નહિ કહ્યું હોય? તેમ છતા ગો હીરાનંદ શાસ્ત્રી અને ડો પુસલકરનું દ્વારકા નજીક ઓદકામ કરવું સૂચન જરૂર કીમતી છે અને કદાચ ફળદાયી નીવડે

૧૭મા આજની દ્વારકા પ્રાચીન હોવા સામે બીજો વધો તે ઉપર નાને મળતો જ છે એ છે હાલના મંદિર આગે હાલ જે દ્વારકાધીશનું મંદિર છે તે મધ્યકાલ સમય—૧૬મા સૈકાથી જૂનું નથી એમ ત્યા મળેલી શિલાલેખ સામગ્રી ઉપરથી સમજાય છે અન્ય મંદિરો પણ જૂનાં નથી[૭૧]

પણ મંદિર જૂનું ન હોય એટલા ઉપરથી તે સ્થળ પ્રાચીન ન હોય એવા નિર્ણય ઉપર આવવુ એ ઠીક નથી મંદિરો વારવાર બાંધવાના પ્રસંગો આવે છે સોમનાથના મંદિરના વારવાર થયેલા બાંધકામને ઇતિહાસ જોવાથી પણ એ સમજાશે હાલનું દ્વારકાધીશનું મંદિર સોળમા સૈકાનુ છે તે ઉપરથી ત્યા તે પહેલા મંદિર નહિ હોય એમ પણ શી રીતે કહી શકાય? દા ત અ મરનીઝ[૭૨] જોતા ત્યા ૧૧મા સૈકામા મંદિર હતું એમ તો નિ સંશયપણે સમજાય છે

દ્વારકામા જો પ્રખ્યાત મંદિર હતું તો તે મહમુદ ગઝની અલ્બેરૂની જેવા મૂર્તિભંજકોના સપાટામા કેમ ન આવ્યુ એવો પ્રશ્ન પૂછવામા

---

૭૧ મત્ય ૮૦—

પિણ્डारक नर स्नात्वा लभेद्बहु सुवर्णकम् ॥ ८२
तस्मिंस्तीर्थे महाभाग पद्मलक्षणलक्षिता ।
अद्यापि मुद्रा दृश्यन्ते तदद्भुतमरिंदम ॥ ८३
निश्चलाङ्गानि पद्मानि दृश्यन्त कुशोदन ॥ ८४

૭૨ આઅ પૃ૦ ૩૨

૭૩ અઇ ૨ પૃ૦ ૧૦૧ Baroi (ઉગાત જૂઓ ૧ પૃ૦ ૨૦૮)

આવે છે.૭૪ પણ એનો જવાબ એ પ્રશ્નમાં જ છે કે મંદિર હોય પણ સામાન્ય હોય, સોમનાથ જેવી એની જાહોજલાલી ન હોય; એથી જ વિજયાકાંક્ષી આક્રમણકારનું તે લક્ષ્ય ન બને એ સ્વાભાવિક છે. તેથી એ ઘટનાને નકારાત્મક પુરાવારૂપે વપરવી મુશ્કેલ બને છે. ખાસ કરીને જ્યારે ગઝનીની સોમનાથની લૂંટ પણ ઐતિહાસિક હોવા વિશે, તેના જ ખાનગી મંત્રી સમા અલ-ઉત્બીની તારિખ-ઇ-યમિનિમાં તેનો ઉલ્લેખ જ નથી એ ઉપરથી, શંકા સેવવામાં આવે છે.૭૫ બીજું, દ્વારકાનું મહત્ત્વ હિંદમાં મધ્યકાલમાં ભક્તિમાર્ગ સોળે કળાએ ખીલ્યો ત્યાર પછી જ બરોબર તો વધે એ સમજી શકાય એવું છે. તે પહેલાં વૈષ્ણવી ભક્તિ તો હતી, પરંતુ આવા ઉગ્ર રૂપે નહિ. દ્વારકામાં મંદિર પણ હશે, પરંતુ તે પ્રમાણમાં ઓછું જાણીતું.

૨. આજની દ્વારકા પ્રાચીન હોવા સામે બીજી એક મુખ્ય દલીલ એ છે કે પ્રાચીન દ્વારકા તો મહાભારત અને સૌ પુરાણો કહે છે તેમ સમુદ્રમાં ડૂબી ગયેલી.૭૬ શ્રી. અલ્તેકર જૂદાં જૂદાં સ્થળોના પ્રાચીન દ્વારકા હોવાના દાવા ઉપરથી પણ કહે છે કે જો મૂળ સ્થાન નાશ પામ્યું ન હોય તો એમ થાય નહિ.૭૭

કાઠિયાવાડના કિનારા પર આવા ભૂસ્તરવિષયક ફેરફારો અસંભવિત નથી. જોનારા કહે છે કે કાઠિયાવાડને કિનારે કોઈ કોઈ ઠેકાણે સીધા ને સીધા આવતા, પથ્થરમાં અંકાએલા, ગાડાચીલા દરિયામાં ચાલ્યા જાય છે. શ્રી. અલ્તેકર વલભીથી દરિયો સાત માઈલ હટ્યાનો અને 'દીવ' ટાપુ આઠમી સદીમાં 'દ્વીપ'–જમીનને જોડાયેલો–હતો એનો ઉલ્લેખ કરે છે.૭૮ સંભવિત છે કે કૃષ્ણના મૃત્યુ પછીના સમયમાં દરિયાકિનારાના કોઇ પરિવર્તનોને પરિણામે યાદવોના નાશથી જે ખંડેરરૂપ તો બની જ હતી તે દ્વારકાને સમુદ્રે ધીરે ધીરે ડુબાડી દીધી હોય. અર્જુન જેમ જેમ એક એક ડગલું હટતો ગયો તેમ તેમ સમુદ્ર દ્વારકાને ડુબાડતો ગયો અને દ્વારકાનાં લોક ઉતાવળાં ઉતાવળાં 'હા દૈવ!' કરતાં કરતાં અર્જુન

---

૭૪ ઑટા પૃ૦ ૨૫.

૭૫ કાવ્યાનુશાસનઃ શ્રી. રસિકલાલ છો. પરીખનો પ્રવેશક પૃ૦ ૧૩૭.

૭૬ ઑટા પૃ૦ ૨૫.

૭૭ ,,

૭૮ ,,

પાળી પાળી ચાલવા લાગ્યા, એ કવિનું અત્યુક્તિભર્યું વર્ણન જ હોય, પણ તેની પાછળ એ હકીકત હોવાનો સંભવ પૂરો છે કે કૃષ્ણના મૃત્યુ પછીના વરસોમા દ્વારકાને સમુદ્રે ફુગાવેની એ વાત કવિના જાણવામા હોય પણ તો રૈવતનું શું ? પાર્જીટર૭૯ રૈવતને કુશસ્થળી તરીકે સ્વીકારી બરડાને રૈવત તરીકે સ્વીકારવા ખુશી છે પણ અનેક મતાંતર દૂરનો બરડો આજની દ્વારકાને ઠેકાણે પ્રાચીન દ્વારકા હોય તો તેનું 'પુર દ્વારકાવન' ભાગ્યે જ થઇ શકે જો પ્રાચીન દ્વારકાની સમીપમા જ આજની દ્વારકાને વસેની માનવી હોય તો રૈવત પર્વત પણ દ્વારકાની સાથે સાગરનિમજ્જનનો ભોગ બન્યો હોવાનું માનવું પડે કૃષ્ણનો આવાસ બન્યાની વાત આની સામે જાય, પણ તે વીગત વૈષ્ણવી ભક્તિનું જોર વધ્યા પછીની હોવાની સંભાવના શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીએ રજૂ કરી છે તે સંતોષકારક છે તેઓશ્રી કહે છે તેમ મહાભારત–મૌસલપર્વમાં દ્વારકાના સાગરનિમજ્જનનું વર્ણન છે તેમાં કૃષ્ણનો આવાસ ન ડૂબ્યાની વાત નથી, પણ પછીથી વિષ્ણુ અને ભાગવત પુરાણો એટલી વીગત વર્ણનમા ઉમેરે છે તે વૈષ્ણવભક્તિનો પ્રભાવ વધવાને પરિણામે હશે૮૦ સામાન્ય બુદ્ધિથી સમજી શકાય એવું છે કે આખા નગરનો પાણીમા વિલય થાય ત્યા એક જ મકાન ટકી રહે એ સંભવિત નથી પણ રૈવત જેવો એક ગિરિ પણ જળપ્રલયનો ભોગ થયો હોય એમ માની શકાય ખરું ? સોમનાથ પાસેના પુરાણોક્ત કૃતસ્મર૮૧ ગિરિના વિલયની કથા આપણી સામે છે તે બાજુએ રાખીએ, પણ સ્વળ ભૂસ્તરવિષયક પરિવર્તનોની પ્રક્રિયાઓથી કુશસ્થળી પણ વિલય પામે એ અશક્ય કે અસંભવિત નથી દ્વારકાના સાગરનિમજ્જનની યાદ આપે એવો પ્રસંગ હમણા જ બન્યો હતો

સિંધના દરિયાકિનારા ઉપર ભૂકંપની પ્રક્રિયાથી કાઠના કેટલાક ગામડા પર દરિયાના પાણી ધસી આવતા તે ધોવાઇ ગયાં હતા ધરતીકંપના પરિણામે સમુદ્રમા એક ટાપુએ હમણા ડોકું કાઢયાનું પણ નોંધાયું છે યાદવસ્થલી દ્વારકા અને તેના દ્વારના ભૂષણરૂપ રૈવત !

---

૭૯ માર્કં૦ પૃ૦ ૨૮૯

૮૦ ઐતિહાસિક સંશોધન પૃ૦ ૩૮૪-૫

૮૧ જુઓ કૃતસ્મર

ભૂકંપની પ્રક્રિયાના ભોગ બન્યા હોય એ માનવા આડે કોઇ મોટી મુશ્કેલી નથી

કાઠિયાવાડને કાંઠે અને હિંદી મહાસાગરમા (દા ત માનદીપ, લખ દીવમા) થતા જળપ્રલયોને અનપરની સ્વાભાવિક લેખે છે, એને એવા ફેરફાર આશ્ચર્યકારક લાગતા નથી[૮૨]

પ્રાચીન દ્વારકા સમુદ્રતટે હતી અને તેનુ સમુદ્રમા નિમજ્જન થયેલુ એ માનવાની પુરાણો આપણને, એક રીતે કહીએ તો, ફરજ પાડે છે કોઇ અરેખર બનેલા બનાવની નોધરૂપે દ્વારકાના સાગરનિમજ્જનની કથા એક દુ સ્વપ્નની સ્મૃતિ પેઠે પુરાણપ્રણેતાઓને એકેક હજાર વરસથી વળગી રહી છે

પણ પ્રાચીન દ્વારકાની નજીકમા હાલની દ્વારકા સ્થપાઇ હોય દ્વારકાના બારા સૈકાના ઉત્કીર્ણ લેખ તો મળે છે જ, અને અગિયારમા સૈકામા મદિર હોવાનો પુરાવો પણ મળે છે દ્વારકાનુ એક 'ધામ' તરીકે મહત્ત્વ મધ્યકાલમા વધ્યુ, પણ તેથી ૧૧મા સૈકા પહેલા ત્યા મદિર નહિ હોય અથવા ૬ઠ્ઠા સૈકા પહેલા દ્વારકા પોતે અસ્તિત્વમા નહિ હોય એમ કહી ન શકાય સાગરનિમજ્જન પછી પ્રાચીન દ્વારકાની નજીકમા દ્વારકા ફરી વસી હોય અને કૃષ્ણ પુજાવા માડતા ત્યા મદિર પણ ઊભુ થયુ હોય ભક્તિભાવના એક અત્યુક્તિભર્યા સામાન્ય આવિષ્કાર રૂપે સાગર નિમજ્જન વખતે કૃષ્ણનુ મદિર એક બચી ગયેલુ એ કથાઅશ પૌરાણિક વર્ણનોમા પછીથી ઉમેરાયો હોય

આજની દ્વારકા પ્રાચીન દ્વારકાની નજદીકમા સ્થપાઇ હોવાના પક્ષમા નીચેની વસ્તુઓ વિચારવા જેવી છે.–

આ હરિવશ દ્વારકાને સિન્ધુરાજની વિહારભૂમિ તરીકે ગણાવે છે એટલે દ્વારકા કાઠિયાવાડમા જેમ અને તેમ પશ્ચિમ તરફ હોવાનો વધુ સભવ છે અર્જુન કૃષ્ણના મૃત્યુ પછી સિન્ધુસૌવીરને માર્ગે યાદવ સ્ત્રીઓને હસ્તિનાપુર લઈ જાય છે એમા પણ એવુ જ સૂચન છે

આ હરિવશમા હસડિમ્ભક કૃષ્ણને બહુ બહુ મીઠુ લઈને આવવા ફરમાવે છે એ વીગત નોધપાત્ર છે દરિયાકિનારા પર મીઠુ પાકવાની નવાઇ ન હોય પણ હાલની દ્વારકામાથી આફ્રિકા સુધી મીઠુ નિકાસ

---

૮૨ અધ ૨ પૃ૦ ૧૦૫–૦૬

થતું. અત્યારે કહેવત પણ છે કે 'જુવાર, કુંવાર ને બીજું, રણછોડજીએ દીધું.'

ઇ. મહાભારતમાં દ્વારકા પાસે 'અન્તર્દ્વીપ' કહ્યો છે તે બેટનો 'બેટ' ગણી શકાય; ડૉ૦ હીરાનંદ શાસ્ત્રી બેટની દ્વારકા પ્રાચીન હોવા વિશે શંકાની દૃષ્ટિ રાખવા છતાં "'બેટ'નો ટાપુ પ્રાચીન શંખોદ્ધાર છે એ નક્કી છે" એમ કહે છે.[૮૩]

ઈ. પેરિપ્લસ, ટોલેમી આદિના ઉલ્લેખો પણ અત્યારની દ્વારકાને પ્રાચીન ઠેરવનારા છે. પેરિપ્લસ Baraca નો બંદર આપે છે અને તેમાં સાત ટાપુઓ છે અને પાણી લંગરોને ઉખાડી નાખે એટલું જોર કરે છે એમ કહે છે.[૮૪] મેકક્રિન્ડલ કહે છે કે ટોલેમીનો Kanthi —કન્થનો બંદર તે જ પેરિપ્લસનો Baraca.[૮૫] ટોલેમીમાં Barake એ ટાપુનું નામ છે.[૮૬] એરિઅન Barake આપે છે, અને ચૂપ સૂચવે છે કે તે 'દ્વારકા' જ છે.[૮૭]

પેરિપ્લસનો ઇ. સ.ના ૧લા સૈકાનો, ટોલેમી અને એરિઅનનો ઇ. સ. ના બીજા સૈકાનો, દ્વારકાનો ઉલ્લેખ દ્વારકા સમુદ્રતટે હતી અને અત્યારની દ્વારકા છે તેટલામાં જ હતી એવા નિશ્ચયને બલવત્તર બનાવે છે.

(૩) મૂળ દ્વારકા—પ્રભાસથી પૂર્વમાં ૧૯ માઇલ સુત્રાપાડા થઈ અથવા કોડીનારથી (નૈઋર્ત્યમાં ૩ માઈલ) ત્યાં જઈ શકાય છે. હાલ પણ ત્યાં રણછોડજીનું ભગ્નમ દિર છે. 'ત્યાં મોટા ખડક ઉપર હજી એક પુરાણું વિષ્ણુમંદિર છે, જે ભાગવતના 'ભગવદાલય' બેટના વર્ણનની યાદ આપે છે.'—એમ કહી ડૉ૦ હીરાનંદ શાસ્ત્રી અહીં પ્રાચીન દ્વારકા હોય એ અસંભવિત નથી એમ કહે છે.[૮૮]

આ સ્થળને પ્રાચીન દ્વારકા તરીકે સ્વીકારી શકાય એમ નથી. અર્જુન દક્ષિણમાંથી પ્રભાસ આવે છે અને ત્યાંથી કૃષ્ણ એને દ્વારકા લઈ જાય

૮૩ આએ પૃ૦ ૩૨.
૮૪ પેરિ કંડિકા ૪૦, પૃ૦ ૩૮.
૮૫ ટો પૃ૦ ૩૬, ૧૮૭.
૮૬ ટો પૃ૦ ૮૬.
૮૭ એંટા પૃ૦ ૨૫, ટો પૃ૦ ૧૮૮.
૮૮ આએ પૃ૦ ૨૦, ૩૨.

છે 'મૂળ દ્વારકા' તો પ્રભાસ પહોચતા પહોચતા પહેલા જ અર્જુને પસાર કર્યું હોય અર્થાત્ દ્વારકા સોમનાથની પૂર્વમા નહિ પણ પશ્ચિમમા છે.

૧૩મા સૈકાનુ પ્રભાવકચરિત્ર યાત્રાક્રમમા ગિરનાર, દ્વારકા ને પછી સોમનાથ આપે છે, એ પણ 'મૂળ દ્વારકા'ની વિરુદ્ધ જાય છે[૮૯]

પ્રભાસથી વાયવ્યમા ૩૬ માઈલ માધુપુર તે પણ મૂળ દ્વારકા ગણાય છે એમ બર્જેસ કહે છે.[૯૦] અલબત્ત આ માધુપુર તે ગિરમધુપુર, પોરબંદરનું નહિ

(૪) પોરબંદર અને મિયાણી વચ્ચેનો દરિયાકાઠો,[૯૧] જ્યા કોયલો કુગર છે, તેની આસપાસનુ સ્થળ ટોલેમીનુ Barake તે દ્વારકા, અને તે પોરબંદર અને મિયાણી વચ્ચે શ્રીનગર પાસે, એમ લાસેન કહે છે[૯૨]

(૫) પોરબંદરનું માધુપુર[૯૩], જ્યા ચૈત્ર સુદ ૧૨–૧૩ને દિવસે મોટો મેળો ભરાય છે ને તે દિવસે અદ્યાપિ પર્યંત કૃષ્ણરુકિમણીવિવાહ ઉજવાય છે તે સ્થળ

ડો૦ હીરાનંદ શાસ્ત્રી પોરબંદરના કોઇ સ્થળની પ્રાચીન દ્વારકા માટેની ઉમેદવારીને યોગ્ય લેખતા નથી[૯૪]

ઉપરની બધી ચર્ચા ઉપરથી, ઓછામા ઓછુ, પ્રાચીન દ્વારકા સમુદ્ર-તટે હતી એ એક વાત તો સશયાતીત તરી આવે છે

જેઓ દ્વારકા સમુદ્રતટ ઉપર હોવાનુ માનતા નથી અને આજની દ્વારકા કરતા કાઠિયાવાડને સમુદ્રકિનારે અન્ય કોઈ સ્થળોએ પ્રાચીન દ્વારકા કલ્પે છે તેઓની દલીલો સામાન્ય રીતે દ્વારકા અગેના સમગ્ર પુરાવાઓ કરતા તેમાના થોડાક અનુકૂળ પુરાવાઓ ઉપર જ બધાયેલી માલૂમ પડશે

---

૮૯ શ્રી જૈન આત્માનદ ગ્રંથમાળા ન ૬૩ પૃ૦ ૧૬૮
૯૦ તારીખ–ધ–સોરઠ પ્રસ્તાવના પૃ૦ ૭
૯૧ ટો પૃ૦ ૧૮૮, ઍટા પૃ૦ ૨૫
૯૨ ટો પૃ૦ ૧૮૮.
૯૩ ,,
૯૪ આગે પૃ૦ ૩૭.

દ્વારકાનાં દ્વારવતી, દ્વારમતી એવાં નામો પણ મળે છે, પણ તે દ્વારકા નામ નગરીને બહુ દ્વારો હતાં[૯૫] તે ઉપરથી પડેલું એવી પૌરાણિક વ્યુત્પત્તિથી દોરવાઈને પ્રચારમાં મુકાયેલાં લાગે છે. પેરિપ્લસનું Baraca અને ટોલેમીનું Barake તે પણ 'દ્વારકા' જ મૂળ નામ હોવાનું સૂચવે છે. વ્યુત્પત્તિથી દ્વારકા દ્વારવાળી નગરી ઠરે છે, પણ કઈ નગરીને દ્વારો હોતાં નથી ? વિદ્વાનોના વિચાર માટે એક તર્ક રજૂ કરું છું કે દ્વારકા એટલે ભારતવર્ષનું એક દ્વાર, સમુદ્ર પારના દેશો સાથેના સંબંધનું સ્થળ એમ અર્થ લઈ શકાય ? આજે 'બારું' શબ્દ વાપરીએ છીએ એ 'દ્વાર'માંથી જ આવેલો છે. બનવાજોગ છે કે દ્વારકા ભારતવર્ષનું પશ્ચિમનું મુખ્ય બારું હોય.

ડો૰ હીરાનંદ શાસ્ત્રી પણ દ્વારકા તે બલુચિસ્તાન તરફથી આવતી સંસ્કૃતિનાં મોજાંને[૯૬]–નવી વસાહતોને[૯૭] દાખલ થવાનું દ્વાર હોવાનું કહે છે. (બલુચિસ્તાન તરફની સંસ્કૃતિને માટે અન્ય દ્વારો પણ સંભવી શકે અને બારું પ્રવેશ કરતાં ગમન માટેના અર્થમાં વધારે રૂઢ છે, જેમકે સૂરત–મક્કાનું બારું, મક્કા જવા માટેનું દ્વાર.)

આજે પણ બેટના એક ભાગને બારું (બાલાપુરનું બારું) કહે છે અને તેમાં મેંદરડા વહાણો આશ્રય લઈ શકે એવી તેની રચના છે. એ ઉપરથી 'બેટ તો ભાનું પેટ'એવી કહેવત પણ છે.

જુઓ ઉજ્જયન્ત, કુશસ્થલી, દ્વારકાક્ષેત્ર, દ્વારમતી, દ્વારવતી, દ્વાર્વતી, દ્વારાવતી, રૈવત.

દ્વારકા–ક્ષેત્ર

પાંચ કોશનું તે તીર્થ છે.[૧]

તીર્થો: વિષ્ણુપદી નદી, દુર્વાસાના શાપથી રુક્મિણી મૂર્છા પામી

---

૯૫ જુઓ કુશસ્થલી ૧૪.

૯૬ આગે પૃ૰ ૧૯.

૯૭ ,, પૃ૰ ૪૧–૨.

દ્વારકા

૧ સ્કંદ૦ ૪.૫૭

पंचक्रोशप्रमाण हि तीर्थं तीर्थवरोत्तमम् ।
द्वारकानाम विख्यात कलिदोषविवर्जितम् ॥

ત્યારે તેનો ખેદ દૂર કરવા સમુદે ભાગીરથીને બોલાવી તે વિષ્ણુપદી કહેવાઈ.[૨] રુકિમણીવન, વિષ્ણુપદીસાગરસંગમે.[૩] દુર્વાસાએ એ વન જોઈ શાપ આપ્યો કે તેનાં ઝાડ અભોજ્યફલ (જેનાં ફળ ખાઈ ન શકાય એવાં) થજો, અને વિષ્ણુપદીનું પાણી પણ અપેય થજો.[૪] ગોમતી-સાગરસંગમે કૃષ્ણે પ્રસન્ન થયેલા દુર્વાસાને વસવા કહ્યું (દુર્વાસામહેશાન, દ્વારકાના પરિરક્ષક).[૫] દુર્વાસાએ સામે કૃષ્ણને પણ ત્યાં જ વસવા કહ્યું, તેનું વરદાનતીર્થ.[૬] ત્યાં કૃષ્ણની ત્રૈવિક્રમી મૂર્તિ, પ્રભાસમાં કૃષ્ણે કલેવર છોડ્યું ત્યારે સર્વ કલા સાથે તેજ આ મૂર્તિમાં મૂક્યું.[૭] ઉપરક્ષેત્ર જ્યાં પાપો ઊગતાં નથી.[૮] ચક્રતીર્થ,[૯] હાડ (કૂલ) નાખવા માટે. ત્યાં ચક્ર જેવા પથ્થરો છે.[૧૦] તે ગોમતીસાગરસંગમ ઉપર છે.[૧૧] દૈત્યવધ પછી કૃષ્ણે ત્યાં ચક્રનું પક્ષાલન કર્યું હતું તેથી ચક્રતીર્થ.[૧૨] શંખોદ્ધાર.[૧૩] પિંડારક-તીર્થ.[૧૪] ગોમતી, ત્યાં પિંડદાનમહિમા.[૧૫] રુકિમણીહૃદ,[૧૬] ગોમતીમાં. ગોમતીઃ બ્રહ્માએ ગંગાને વસિષ્ઠને દીકરીની જેમ અનુગામિની બની ધરાતલ ઉપર જવા કહ્યું. સ્વર્ગથી આવી તેથી ગોમતી.[૧૭] ગોમતી, કમલા ને ચંદ્રભાગા એ ત્રણ નદીઓ મળીને સાગરમાં જાય છે.[૧૮]

---

૨ સ્કંપ્રદ્વા ૩.૧૫-૪૬
૩ ,, ૩.૪૮
૪ ,, ૩.૫૦-૪
૫ ,, ૪.૧૦૮
૬ ,, ૪.૧-૮
૭ સ્કંપ્રદ્વા ૪.૧૧-૨
૮ ,, ૪.૫૪
૯ ,, ૪.૭૧-૬
૧૦ ,, ૪.૭૧
૧૧ ,, ૭.

૧૨ સ્કંપ્રદ્વા ૮.—

યત્ર દૈત્યવધં કૃત્વા વિષ્ણુના પ્રભવિષ્ણુના ॥ ૫૩
ચક્રં પ્રક્ષાલિતં પૂર્વં કૃષ્ણેન સ્વયમેવ હિ ।
તેનૈવ ચક્રતીર્થં હિ ... ॥ ૫૪

૧૩ સ્કંપ્રદ્વા ૪.૮૯
૧૪ ,, ૪.૮૯
૧૫ સ્કંપ્રદ્વા ૪.૯૫
૧૬ ,, ૪.૧૦૧
૧૭ ,, ૫.૨૧-૩૨

ગોઃ સ્વર્ગાદાગતા યસ્માદિદં સ્થાનં મતી મતા ।
તસ્માદ્ધિ ગોમતી નામ ... ॥

૧૮ ,, ૮.૩૪

સમકુંડ,[૧૯] લક્ષ્મીહ્રદ તરીકે ઓળખાયા [૨૦] ભૃગુતીર્થ [૨૧] કુકક્ષાસતીર્થ, નૃગતીર્થ.[૨૨] વિષ્ણુપદતીર્થ [૨૩] ગોપ્રચારતીર્થ [૨૪] મયસર તીર્થ.[૨૫] ગોપી સર–ગોપિકાસર.[૨૬] બ્રહ્મકુંડ [૨૭] તેને તીરે મૃગસ્થાન [૨૮] બ્રહ્મતીર્થ [૨૯] ચન્દ્રસર (ચંદ્રતળાવ) [૩૦] સાવિત્રી મૂર્તિ [૩૧] બ્રહ્મસર [૩૨] ઇન્દ્રપદ સર [૩૩] ઇન્દ્રેશ્વર.[૩૪] વૃદ્ધિવિગ [૩૫] મહાદેવસર [૩૬] ગૌરીસર [૩૭] વરુણપદ [૩૮] યક્ષાધિપસાર [૩૯] પંચનદતીર્થ ગોમતી, લક્ષ્મણા, ચંદ્રભાગા, કુશાવતી અને જંબવતી [૪૦] સિદ્ધેશ્વર, નીલકંઠનું અર્ચન ન થયું હોય ત્યાં સુધી હરિ અર્ચન સ્વીકારતા નથી માટે સ્થાપનામા આવેલુ [૪૧] ઋષિઓએ કરેલો કૂપ–ઋષિતીર્થ [૪૨] ગદાતીર્થ.[૪૩] નાગતીર્થ–સરોવર.[૪૪] ચિત્રાતીર્થ–સરોવર [૪૫] મહિષતીર્થ.[૪૬] મુક્તિદ્વાર તીર્થ [૪૭] ભૃગ્વર્ચિતા અગ્નિક [૪૮] કાલિન્દીસર [૪૯] સામતીર્થ.[૫૦] શાકરતીર્થ.[૫૧] નાગસર [૫૨] લક્ષ્મી નદી [૫૩] કણુસર.[૫૪] કુશતીર્થ.[૫૫] ધ્રુમ્નતીર્થ.[૫૬] જલપતીર્થ.[૫૭] જલેશ્વર [૫૮] આ

---

૧૯ રૂકપ્રદ્મા ૯ ૧
૨૦ ,, ૯ ૫
૨૧ ,, ૯ ૬
૨૨ ,, ૧૦ ૧
૨૩ ,, ૧૧
૨૪ ,, ૧૨ ૧
૨૫ ,, ૧૩
૨૬ ,, ૧૪ ૬
૨૭ ,, ૧૪ ૬ ૭
૨૮ ,, ૧૪ ૮
૩૦ ,, ,,
૩૧ ,, ૧૪ ૧૪
૩૨ ,, ૧૪ ૨૧
૩૩ ,, ,,
૩૪ ,, ૧૪ ૨૩
૩૫ ,, ૧૪ ૨૪
૩૬ ,, ૧૪ ૩૨
૩૭ ,, ૧૪ ૩૬
૩૮ ,, ૧૪ ૩૯
૩૯ રૂકપ્રદ્મા ૧૪ ૪૨
૪૦ ,, ૧૪ ૪૬-૪૮
૪૧ ,, ૧૫ ૫ ૧૫
૪૨ ,, ૧૫ ૧૨
૪૩ ,, ૧૬ ૧
૪૪ ,, ૧૬ ૪
૪૫ ,, ૧૬ ૬
૪૬ ,, ૧૬ ૧૨
૪૭ ,, ૧૬ ૧૩
૪૮ ,, ૧૬ ૧૬
૪૯ ,, ૧૬ ૧૮
૫૦ ,, ૧૬ ૧૯
૫૧ ,, ૧૬ ૨૧
૫૨ ,, ૧૬ ૨૨
૫૩ ,, ૧૬ ૨૩
૫૪ ,, ૧૬ ૨૪
૫૫ ,, ૧૬ ૨૬
૫૬ ,, ૧૬ ૨૭
૫૭ ,, ૧૬ ૨૯
૫૮ ,, ૧૬ ૩૦

સ્વામિતીર્થ.[૫૯] જરત્કારુતીર્થ.[૬૦] ખંજનકતીર્થ.[૬૧] આનકદુંદુભિતીર્થ, શૂરતીર્થ, ગદતીર્થ.[૬૨] ગાવદ્ગણતીર્થ, અક્રૂરતીર્થ, બલદેવતીર્થ, ઉગ્રસેનતીર્થ.[૬૩] અર્જુનતીર્થ, સુભદ્રાતીર્થ, દેવકીતીર્થ, રોહિણીતીર્થ.[૬૪] ઉદ્ધવતીર્થ, સાત્યકિતીર્થ, સત્યભામાતીર્થ, ભદ્રાતીર્થ.[૬૫] જામદગ્ન્યતીર્થ, રામતીર્થ, ભાસતીર્થ, શુકતીર્થ.[૬૬] કર્દમતીર્થ. કપિલતીર્થ, સોમતીર્થ.[૬૭] –આ બધું તીર્થવૃન્દ. ભગવાનનો પરિચારકવર્ગ.[૬૮] રુક્મિણ્યાદિગણનાથ.[૬૯] કુશરાક્ષસ ઉપર સ્થાપિત શિવલિંગ.[૭૦]

દ્વારમતી

૧ તે જ દ્વારકા. જુઓ દ્વારકા.

દ્વારવતી

[૧] ૧ તે જ દ્વારકા.

[૨] સરસ્વતીના તટ ઉપરનું એક તીર્થ[૨], સ્કન્દના બ્રાહ્મખંડમાં દ્વારાવતી પાઠ પણ મળે છે.[૩]

દ્વારાવતી

સરસ્વતીના તટ ઉપરનુ એક તીર્થ[૧] તેને 'દ્વારવતી' પણ કહે છે. જુઓ દ્વારવતી [૨]. જુઓ દ્વારકા નોધ ૧.

---

૫૯ સ્કપ્રદ્વા ૧૬.૩૨
૬૦ ,, ૧૬.૩૩
૬૧ ,, ૧૬.૩૪
૬૨ ,, ૧૬.૩૭
૬૩ ,, ૧૬.૩૮
૬૪ ,, ૧૬.૩૯
૬૫ સ્કપ્રદ્વા ૧૬.૪૦
૬૬ ,, ૧૬.૪૧
૬૭ ,, ૧૬ ૪૨
૬૮ ,, ૧૭.
૬૯ ,, ૧૭.૧
૭૦ ,, ૨૦.

દ્વારમતી

૧ જુઓ દ્વારકા ૪૪.

દ્વારવતી

૧ જુઓ દ્વારકા ૨,૧૩,૧૬,૨૧,૨૨,૨૩, ૪૦ ઉપરાંત મ ૧૩.૩૮, વિપ ૨૪ ૭, ભવ ૮૦ ૮૨

૨ સ્કપ્રપ્ર ૩૫ ૭૫

૩ જુઓ દ્વારકા ૫૬.

દ્વારાવતી

૧ જુઓ દ્વારકા ૫૬ અને ૫૯ થી ૬૨.

દ્વારવતી

૧તે જ દ્વારકા.

ધર્મારણ્ય–ક્ષેત્ર

મે ઢેગની આસપાસનું ક્ષેત્ર

તે સત્યયુગમાં ધર્મારણ્ય, ત્રેતામા સત્યમદિર, દ્વાપરમા વદભવન અને કલિયુગમા મોહેર કહેવાયુ સૂર્યથી ધર્મરાજ જન્મ્યા, તેમણે પૂર્વે નિર્મેલું તેથી ધર્મારણ્ય કહેવાયું ૨ ત્યા ૨૪ ગોત્રના બ્રાહ્મણોને વસાવ્યા ૩ કૃષ્ણ યક્ષ અને રક્ષ પિશાચોની બ્રાહ્મણોને પીડા થતાં શ્રીમાતા આદિ ગોત્રમાતાઓ-યોગિનીઓની સ્થાપના થઈ ૪ સો વર્ષ પછી દેવો આવીને જુએ છે તો ધર્મારણ્ય ઉજ્જડ થઈ ગયેલું ૫ અગ્નિએ કામધેનુને બોલાવી એક એક વિપ્રને બબ્બો અનુચર આપ્યા, જે ૩૬૦૦૦ વણિકો થયા ૬ તેમના ગન્ધર્વનગરની કન્યાઓ સાથે લગ્ન કરાવ્યા ૭ ત્રેતાના આરભમા લોહ જિ વાક્ષ રાક્ષસનો ત્રાસ હતો તેણે નગર બાળ્યુ શ્રીમાતાએ યુદ્ધ કર્યું વાસુદેવે આવીને સુદર્શન ચક્રથી રાક્ષસ હણ્યો બ્રાહ્મણોએ શ્રીકાન્ત (શ્રીમાતાના પતિ-વાસુદેવ)ને કહ્યુ કે સત્યલોકથી આવીને બ્રાહ્મણહિતાર્થે આ નગર સ્થાપ્યુ છે તો જે સત્યયુગમા ધર્મારણ્ય તરીકે ખ્યાત હતુ તે ત્રેતામા સત્યમદિર તરીકે પ્રસિદ્ધ થશે ૮ ત્યારથી તે સત્યપુરી કહે

દ્વારવતી

૧ ભાગ્રિ ૩ ૧૨ કામાન્ સિષેવ દ્વારવત્યામ્ ॥
ભાગ્રે ૩૦ ૧ એત ઘોરા મહોત્પાતા દ્વારવત્યા યમકૃતવ ।

ધર્મારણ્યક્ષેત્ર

૧ સ્કધ્યા ૪૦ ૬૭
ધર્મારણ્ય કૃતયુગ ત્રેતાયા સત્યમદિરમ્ ।
દ્વાપરે વદભવન કલૌ મોહેરક સ્મૃતમ્ ॥
૨ સ્કધ્યા ૮ ૪૪
સૂર્યાદ્વિ ધર્મરાજ જજ્ઞે તનદ નિર્મિત પુરા ।
ધર્મેણ નિર્મિત દૃષ્ટ્વા ધર્મારણ્યમનુત્તમમ્ ।
ધર્મારણ્યમિદ પ્રોક્ત મયા સ્કન્દ પુણ્યદમ્ ॥

૩ ૨ ધ્યા ૬ ૧૮–૬૬
૪ , ૬ ૧૦૨–૫
૫ , ૬ ૧૧૪ ૭
૬ સ્કધ્યા ૧૦ ૨–૫
૭ , ૧૦ ૪૪–૬
૮ , ૧૧

વાઈ.[૯] પૂર્વે ધર્મેશ્વર, દક્ષિણ દિશાએ ગણપતિ, પશ્ચિમે સૂર્ય અને ઉત્તરે બ્રહ્માની સ્થાપના થઈ.[૧૦] શંભુની પશ્ચિમે રવિક્ષેત્ર.[૧૧] ધર્મારણ્યમાં અકુલ વૃક્ષ તળે બેસી તપ કરતી સંજ્ઞા સૂર્યને જોઈ વાયુ બની, સૂર્ય અશ્વ બન્યો, બંનેનો સંયોગ થયો અને ભૂતલ ઉપર અશ્વિન યુગલનો જન્મ થયો.[૧૨] અકુલની પાસે તેથી ત્યાં સ્થપાયેલા સૂર્યનું 'અકુલાર્ક' નામ પડ્યું.[૧૩] અશ્વની ખરી અફળાતાં કુંડ થયો તે રવિકુંડ. અને તે ભાગ અકુલવન.[૧૪] ધર્મારણ્યમાં વિષ્ણુએ પોતાનું અશ્વાનન અને બ્રહ્મએ શાર્દૂલમુખ જોવા તપ કર્યું. તીર્થમહિમાથી કૃષ્ણને પડેલાંનું મુખ મળ્યું. બ્રહ્માનું પાંચમું શાર્દૂલમુખ શિવે છેદ્યું. વિષ્ણુએ ત્યાં 'મુક્તેશ્વર'–'મોક્ષેશ્વર' સ્થાપી મોક્ષતીર્થ કર્યું[૧૫] દેવખાત-દેવસર.[૧૬] ચોમેર દેવમાતાઓની સ્થાપના.[૧૭] કર્ણાટ–કર્ણાટક નામનો દૈત્ય છૂપો આવીને દંપતીઓને વિઘ્નરૂપ થતો હતો તેથી લોક નાસવા લાગ્યું. માતંગીરૂપ ધારણ કરી શ્રીમાતાએ તેને હણ્યો. લોક પાછું આવીને વસ્યુ ને વર્ષે વર્ષે શ્રીમાતાનું પૂજન કરવા લાગ્યું.[૧૮] ઇન્દ્રસર અને ઇન્દ્રેશ્વર.[૧૯] જયંતેશ્વર.[૨૦] શિવતીર્થ.[૨૧] ધરા-ક્ષેત્ર.[૨૨] કુલદેવતાઓ અને અવટંકા (અટકો).[૨૩] દેવતાઓનું સ્થાપન.[૨૪] હજાર વર્ષ પછી લોહાસુરે ત્રાસ વર્તાવ્યો ને સૌ લોક નાઠા અને પાસેના નિર્જન એવા મુક્તારણ્યમાં નિવાસ કર્યો.[૨૫] વજિરૂ–ગામ.[૨૬] શંભુ-ગ્રામ.[૨૭] મંડલ.[૨૮] અડાલજ.[૨૯] બ્રહ્મારણ્યમાં માર્કંડેય સરસ્વતી લાવ્યા; તેને તટે દ્વારાવતી તીર્થ.[૩૦] ગોવત્સતીર્થ.[૩૧] તેની નૈર્ઋત્યે લોહયષ્ટિ–રુદ્રનું

---

૯ સ્કન્દાધ ૧૨.૧ સ્થાપિતં તત્તદાદ્યૈવ સત્યાભિજ્ઞા હિ સા પુરા ।

૧૦ ,, ૧૨.૨

૧૧ ,, ૧૩.૧

૧૨ ,, ૧૩.૪૮–૫૦

૧૩ ,, ૧૩.૮૦–૫

૧૪ ,, ૧૬.૫૦–૬૬

૧૫ ,, ૧૫.૪૩–૬૦

૧૬ ,, ૧૫.૫૭–૮૧

૧૭ ,, ૧૬.

૧૮ ,, ૧૮.૧–૬

૧૯ ,, ૧૯.૧

૨૦ ,, ૧૯.૩૩

૨૧ ,, ૨૦.૧

૨૨ સ્કન્દાધ ૨૦.૩૮

૨૩ ,, ૨૧.

૨૪ ,, ૨૨.

૨૫ ,, ૨૩.૨૭–૩૮

૨૬ ,, ૨૩.૩૬

૨૭ ,, ૨૩.૪૧

૨૮ ,, ૨૩.૪૩

૨૯ ,, ૨૩.૪૬
જુઓ અટાલજ

૩૦ ,, ૨૫.૧૦–૧

૩૧ ,, ૨૭.

રયભૃગુતિ તે દુર્લભતીર્થ[૩૨] ધર્મેશ્વ.[૩૩]–યમતીર્થ.[૩૪] ગવણ્યધ પછી બ્રહ્મરાક્ષસસત્યમાથી છૂટવા વસિષ્ઠને ઉત્તમ તીર્થ માટે પૂછતા તે રામને ધર્મારણ્ય બતાવે છે[૩૫] ગમ ગાડનિમ્પુર[૩૬] આવે છે ધર્મારણ્યમા પગે ચાલીને મધુવાસનક ગામે[૩૭] આવે છે સુવર્ણાને જમણે કાઠે હરિક્ષેત્ર અને ડાબે કાઠે ધર્મસ્થાન[૩૮] તેના વાયવ્ય ભાગમા સુવર્ણાને બને કાઠે ગમે રામેશ્વર અને કામેશ્વર સ્થાપ્યા[૩૯] ગતે ગમે મર્ડ નારીનુ કરુણ રુદન સાભળ્યુ[૪૦] તે ધર્મારણ્યક્ષેત્રની અધિષ્ઠાત્રી શ્રીમાતા હતી અને લોડાસુરે વિપ્રો અને વહ્નિદેવને ભગાડવાથી, તે રાક્ષસને દેવોએ માર્યો છતા, ગાર વગમથી કોઈ પાછુ આવતુ ન હતું તેથી રડતી હતી[૪૧] રામ બધાને પાછા બોલાવે છે અને દેવીએ સત્ય કર્યુ તેથી તે ગામે–સત્ય મદિર નામે નગર વસાવે છે[૪૨]–જીર્ણોદ્ધાર કરે છે,[૪૩] ધર્મારણ્યમા હરિક્ષેત્રમા ધર્મકૂપ[૪૪] પાસે દેવોનુ–નિમર્તિ વહ્નુ આવાહન કર્યુ તેમની ગિરિજેવા રથડિન ઉપર ગૃહશાલાઓ ને બ્રહ્મશાલાઓ રચી ગચરચીના સાથે બ્રાહ્મણોને આપી[૪૫] ત્રણનિધોને ૪૦૦૪ ગામો આપ્યા[૪૬] હનુમાનને રક્ષાર્થે સ્થાપ્યા[૪૭] ગમ ફરી ધર્મારણ્યની યાત્રા કરે છે તે મોહેરકપુર[૪૮] આવે છે યજ્ઞને અંતે સીતા પોતાના નામથી પુર સ્થાપવા કહેતા સીતાપુર[૪૯] સ્થાપે છે રામે મોહેરક આગળના ૧૨ ગામ વિદ્વાન બ્રાહ્મણને આપ્યા[૫૦] ત્યાથી રામ બીજા તીર્થે–કાશ્યપી નદીને તટે ધર્મારણ્યમા ગયા[૫૧] સીતાપુર સમેત સત્યમદિર સુધીના ૫૫ ગામ પોતે

---

૩૨ સ્કન્દપુ ૧૮

૩૩ ,, ૨૯ ૪૮

૩૪ ,, ૨૯ ૭૫

૩૫ ,, ૩૧

૩૬ ,, ૩૧ ૫૮

૩૭ ,, ૩૧ ૭૦

૩૮ ,, ૩૧ ૭૨–૩

૩૮ ,, ૩૧ ૭૬

૪૦ ,, ૩૧ ૭૮ ૮૫

૪૧ ,, ૩૨ ૨૦ ૨

જુઓ લોહાણા, લોહાટી.

૪૨ સ્કન્દપુ ૩૨ ૪૫–૫૬

૪૩ ,, ૩૩ ૧–૧૬

૪૪ ,, ૩૩ ૧૬

૪૫ ,, ૩૩ ૧૪–૨૬

૪૬ ,, ૩૩ ૨૭

૪૭ ,, ૩૩ ૫૩

૪૮ ,, ૩૫ ૧૦

૪૯ ,, ૩૫ ૨૩–૫

૫૦ ,, ૩૫ ૨૭

૫૧ ,, ૩૫ ૨૮–૯

નિર્માને ગમે બ્રાહ્મણોને આપ્યા.[૫૨] તે ૫૫ ગામના નામ.[૫૩] ૧ સીતાપુર;

૫૨ ૨૬શ્લોક ૩૫.—

सीतापुर श्रीक्षेत्र च मुगली मुद्गली तथा ॥ ३७
ज्येष्टला श्रेयस्थान च दतालो वटपत्रका ।
राज पुर कृष्णघाट देह लोह वनस्थनम् ॥ ३८
कोहेच चदनक्षेत्र थल च हस्तिनापुरम् ।
कर्पट कनजह्नवी वनोडपनफावली ॥ ३९
मोहोध शमोहोरली गोविदण थलत्यजम् ।
चारणसिद्ध सोदगीत्रा भाज्यज वटमालिका ॥ ४०
गोधर मारणज चैव मात्रमध्य च मातरम् ।
वलवती गधवती ईआम्ली च राज्यनम् ॥ ४१
रुपावली वहुधन छनौट वशज तथा ।
जायासरण पोतिमी च चित्रलेग तथैव च ॥ ४२
दुग्धावली हसावली च वैहोल चैलज तथा ।
नालावली आसावली सुहाली कामत परम् ॥ ४३

२६શ્લોક ૩૯ —

सीतापुर च श्रीक्षेत्र मगोडी च तथा स्मृता ।
ज्येठलोजस्तथा चैव शेरथा च तत परम् ॥ २५
छेदे तालो वनोडी च गोव्यदली तथैव च ।
कचोपली चैव कोहेच चदनस्तथा ॥ २६
थलग्रामश्च सोह च हाथज कपडवाणकम् ।
भजन्होरी च वनोडी च फीणा वगोल हणस्तथा ॥ २७
थलजा चारण सिद्धा भालजाश्च तत परम ।
महोवी आईया मलीआ गोधरी आमत परम ॥ २८
गाठमुहाली तथा चैव माणजा सानदीयास्तथा ।
आनन्दीया पाटडीअ टीकोलीया तत परम् ॥ २९
गभी धणीआ मात्रा च नातमोरास्तथैव च ।
वलोजा रात्यजाश्चैव रुपोला वोधणी च वै ॥ ३०
छनोटा जलुएवा च वासतडीआमत परम् ।
जायासणा गोतीया च चरणीया दुधीयास्तथा ॥ ३१
हालोला वेहोल च असाला नालाडास्तथा ।
वेहोलो सोहासीया च सहालीयास्तथैव च ॥ ३२

૫૩ ૨૬શ્લોક ૩૯ ૩૯

૨ શીલેન, ૩ મુદ્ગલી–મગોડી–મુદ્ગલ[૫૩]–મગોડોઆ,[૫૪] ૪ મુશલી–મોહોવી શીહોરિયા,[૫૬] ૫ જયેષ્ઠના–જયેષ્ઠેશ્વર–જયેષ્ઠેશ્વર,[૫૭] ૬ અયરથાન–શે ય, ૭ દતાલી–દેતાલી–દતાની,[૫૮] ૮ વટપત્ર–વનોડી–વટરથાન[૫૯] નડોદરા,[૬૦] ૯ ગોભ્ય દવી–ગોદળી,[૬૧] ૧૦ કૃષ્ણત્રાટ–કટા–કુટનાડી,[૬૨] ૧૧ ચનગ્યન–ચોપની–ચોખલી[૬૩]–વેખના,[૬૪] ૧૨ દહલોડ (દેહોતોડી)[૬૫]–દેહલોદ–દેદલોડીઆ,[૬૬] ૧૩ કોહેય, ૧૪ ચદન ક્ષેત્ર–ચદન–ચાચોદખ[૬૭]–ચાદણુગેડ,[૬૮] ૧૫ ચન–ચનગ્રામ ૧૬ મોઉત્રી[૬૯] ૧૭ હસ્તિનાપુર–હાચજ–હાથીજણ,[૭૦] ૧૮ કર્પટ–કપડવાણુક–કપડવણજ,[૭૧] ૧૯ જહ્નવી–જન્હોરી, ૨૦ વનોડ–વનોડી, ૨૧ કનકાવતી–રીચાંન–ટોણા[૭૨]–કણવાચન,[૭૩] ૨૨ ગોવિદણ[૭૪]–ગોલ દણ,[૭૫] ૨૩ ચલત્યજ,[૭૬]–ચલજ, ૨૪ ચારણસિદ્ધ–ચારણ સિદ્ધા–નારણસિદ્ધા[૭૭]–વારણ સિદ્ધા,[૭૮] ૨૫ ભાનુચજ–ભાચજ,[૭૯] ૨૬ મોહોધ–મહોવી[૮૦]–મોહોવી[૮૧] ૨૭ આર્ષ્યામવીઆ–ઈયાત્રીઆ[૮૨]–તિયાશ્રી,[૮૩] ૨૮ ગોધર–ગોધરી[૮૪] ૨૯ વટમાનિકા–વાકસુદાની–વાટસ્ત્રડાલ,[૮૫] ૩૦ મારણુજ–માણજ[૮૬] ૩૧ સાનદીયા–સાણદા[૮૭] ૩૨ આનન્દી,[૮૮] ૩૩ પાટીઅ–પાટડી,[૮૯]

---

૫૪ સ્કન્દાધ ૩૧ ૬૦
૫૫ ,, ૩૧ ૩૧
૫૬ , ૩૧ ૬૪
૫૭ ,, ૩૧ ૬૭
૫૮ , ૩૧ ૭૬
૫૯ , ૩૧ ૪૧
૬૦ , ૩૧ ૭૧
૬૧ ,, ૩૧ ૮૧
૬૨ , ૩૧ ૯૦
૬૩ , ૩૧ ૪૪
૬૪ , ૩૧ ૧૨
૬૫ ,, ૩૧ ૪૩ ૫
૬૬ , ૩૧ ૧૮
૬૭ ૩૧ ૪૫
૬૮ ,, ૩૧ ૧૦૮
૬૯ ૩૧ ૧૧૫
૭૦ ,, ૬૧ ૧૨૦
૭૧ , ૩૧ ૧૨૩
૭૨ સ્કન્દાધ ૩૧ ૪૫
૭૩ ,, ૩૧ ૧૩૭
૭૪ ,, ૩૧ ૧૨૨
૭૫ , ૩૧ ૪૫
૭૬ ,, ૩૧ ૪૬ ૧૪૫
૭૭ , ૩૧ ૪૬
૭૮ , ૩૧ ૧૪૫
૭૯ ,, ૩૧ ૪૭ ૧૫૫
૮૦ ,, ૩૧ ૧૫૧
૮૧ ,, ૩૧ ૪૭
૮૨ ,, ૩૧ ૪૭
૮૩ , ૩૧ ૧૬૪
૮૪ ,, ૩૧ ૪૭,૧૭૦
૮૫ ,, ૩૧ ૧૭૬
૮૬ , ૩૧ ૧૮૪
૮૭ ,, ૩૧ ૧૯૦
૮૮ , ૩૧ ૪૮,૧૯૪
૮૯ , ૩૧ ૪૮,૧૯૧

૩૪ ટીકોલી,[૯૦] ૩૫ ગભીરણી–ગભીધાણી,[૯૧] ૩૬ માતર–માત્રા,[૯૨] ૩૭ માનમધ્ય–નાતમોરા,[૯૩] ૩૮ બલવતી–વલોજ–બલોના,[૯૪] ૩૯ રાજ્યજ–રાત્યજ–રાજ્યજ,[૯૫] ૪૦ રૂપાવલી–રૂપોવા[૯૬] (?રૂપાલ), ૪૧ બહુધન–બોધણી, ૪૨ છત્રીટ–છત્રોટા,[૯૮] ૪૩ અલુ–બન,[૯૯] ૪૪ વશજ વાસતડી–વાસડી[૧૦૦]–વાસ તડી,[૧૦૧] ૪૫ જયાસરણ–જપાસણા–જસ્વા[૧૦૨]–જખાસણ,[૧૦૩] ૪૬ પેતિકી–ગોતીયા[૧૦૪]–ગીતા,[૧૦૫] ૪૭ ચિત્રવેખ–ચરણીયા[૧૦૬]–વરલીયા, ૪૮ દુગ્ધાનની–દુધીયા,[૧૦૭] ૪૯ હસાવની–હાલોલા–હોસો-ના[૧૦૮]–હાસોલાસ,[૧૦૯] ૫૦ વૈહોલ–વૈહોલા–વૈલોલા[૧૧૦]–વૈહાલા,[૧૧૧] ૫૧ આમાવલી–અસાલા,[૧૧૨] ૫૨ નાલાવની–નાલાડા–નાલોલા,[૧૧૩] ૫૩ દેહોવો–દેલોલા[૧૧૪]–દેહોલ,[૧૧૫] ૫૪ સૌદાસીયા–સોહાસીયા,[૧૧૬] ૫૫ સુહાલી–સહાલીયા[૧૧૭]–સુહાવીઆ[૧૧૮]–શીત વાડિયા[૧૧૯]

ચાતુર્વિદ્યોએ પાછા આવીને ગામ વસાવ્યા તે

શીવા, મંડોરા, એવડી, ગુદ્રાણા,[૧૨૦] કલ્યાણીયા, દેગામા, નાયકપુરા, ડલીઆ,[૧૨૧] કડોવ્યા, કોહાટોયા, હરડીયા, ભદુકીયા,[૧૨૨] સપ્રાણાવા, કદરામા, વાસરોવા, શરંડાવા,[૧૨૩] લોવાસણા, વારોવા, નાગનપુરા[૧૨૪]

---

૯૦ રકબાધ ૨૯ ૨૦૨
૯૧ ,, ૩૯ ૨૦૫
૯૨ ,, ૩૯ ૨૦૮
૯૩ ,, ૩૯ ૨૧૧
૯૪ ,, ૩૯ ૨૧૪
૯૫ ,, ૩૯ ૨૧૭
૯૬ ,, ૩૯ ૨૨૦
૯૭ ,, ૩૯ ૨૨૬
૯૮ ,, ૩૯ ૨૩૦
૯૯ ,, ૩૯ ૨૩૩
૧૦૦ ,, ૩૯.૪૨
૧૦૧ ,, ૩૯ ૨૩૭
૧૦૨ ,, ૩૯ ૪૯
૧૦૩ ,, ૩૯ ૨૪૦
૧૦૪ ,, ૩૯ ૨૪૪
૧૦૫ ,, ૩૯ ૪૯
૧૦૬ ,, ૩૯ ૫૦
૧૦૭ રકબાધ ૩૯ ૫૦ ૫૫૨
૧૦૮ ,, ૩૯ ૫૦
૧૦૯ ,, ૩૯ ૨૫૭
૧૧૦ ,, ૩૯ ૬૬
૧૧૧ ,, ૩૯ ૨૬૧
૧૧૨ ,, ૩૯ ૫૧ ૨૬૪
૧૧૩ ,, ૩૯ ૧૨,૨૬૬
૧૧૪ ,, ૩૯ ૨૭૦
૧૧૫ ,, ૩૯ ૨૬૯
૧૧૬ ,, ૩૯ ૫૨ ૨૭૧
૧૧૭ ,, ૩૯ ૨૭૩
૧૧૮ ,, ૩૯ ૫૩
૧૧૯ ,, ૩૯ ૫૪
૧૨૦ ,, ૩૯ ૨૭૮
૧૨૧ ,, ૩૯ ૨૭૬
૧૨૨ ,, ૩૯ ૨૮૦
૧૨૩ ,, ૩૯ ૨૮૧
૧૨૪ ,, ૩૯ ૨૮૨

નગર

વડનગર, પ્રાચીન આનર્તપુર, ચમત્કારપુર

નાગરખંડમાં આનર્તાધિપતિ ચમત્કાર રાજાએ નગર બનાવ્યું (૧૧૬૪) એવો ઉલ્લેખ છે ત્યાં તે શબ્દ સામાન્ય-પુરના-અર્થમાં લઈ શકાય એમ છે[૧] અને ત્યાં તે નગરનું નામ પણ ચમત્કારપુર આપવામાં આવ્યું છે પણ આગળ ૧૧૪૭૮મા તેજ સ્થળે 'નગર નામનું સ્થાન' બધાયાનો અસંદિગ્ધ ઉલ્લેખ છે, જે ચમત્કારપુર પોતે પાછળથી નગર' નામે ઓળખાયાનું સૂચવે છે ન (નહિ) ગર (વિષ) એવો મંત્ર બોલવાથી સર્પો ભાગી જશે એમ ભગવાને કહીને 'નગર' નામ આપ્યું[૨] નાગરોના સંબંધમાં નાગરખંડમાં 'નગર' સ્થાનનો નિર્દેશ આવ્યા કરે છે[૩]

જુઓ આનર્તપુર

નર્મદા

નદી બધા જ જૂના ગ્રંથોમાં તેનો ઉલ્લેખ થયો છે રેવા નામથી પણ જાણીતી છે.

નર્મદા ઋક્ષ પર્વતના મૈકલ ભાગમાંથી નીકળે છે (જેમાંથી શોણ પણ નીકળે છે) અને તેથી મૈકલસુતા પણ કહેવાય છે, જ્યારે રેવા વિન્ધ્યપર્વતના અમરકંટકમાંથી નીકળે છે, અને માડવા નજીક મળે છે

નગર

૧ જુઓ દ્વારકાક્ષેત્ર ૧૪ ૧૫

૨ સ્કંદ ૧૧૪ —

ગર વિષમિતિ પ્રોક્ત ન તત્રાસ્તિ ચ સાંપ્રતમ ॥ ૭૬
અદ્યપ્રભૃતિ તસ્યાત્ર નગરાખ્ય ધરાતલે ।
ભવિષ્યતિ સુવિખ્યાત તવ કીર્તિવિવર્ધનમ્ ॥ ૭૮

વળી જુઓ સ્કંદ ૧૯૯ —

સર્પાણામ્ ગરનાશનાત્ ॥ ૧૦૭
નગરત્વ તતો જાત ચમત્કારપુરસ્ય તુ ॥ ૧૦૮

૩ દા ત સ્કંદ ૧૭૬ ૩ તસ્યૈનમ્ નગરસ્થાન ।

અને પછીથી નદી મને નામે ઓળખાય છે[૧] (જુઓ રેવા)

પેરિપ્લસમા Nammadus ના મુખ ઉપર મારિગાઝા(ભરૂચ) છે એમ કહ્યું છે.[૨] ટોલેમી Namados(-des) નામ આપે છે[૩]

સ્કંદના આવન્ત્યખંડમાનો રેવાખંડ નર્મદા અને તેના કિનારાપરના તીર્થોનું સવિસ્તર વર્ણન આપે છે —

ઉદ્ભવ–[૪] પૂર્વે શિવ ઉમાની સાથે ઋક્ષશૈલ ઉપર તપ તપતા હતા તાપને લઈને શરીરમાથી સ્વેદ ઉદ્ભવ્યો અને તે ગિરિને જળ બગોળ કરવા લાગ્યો તેમાથી નદી બની તેણે સ્ત્રીરૂપ ધારણ કરીને સત્યયુગમા રુદ્રનું આરાધન કર્યું શિવે પ્રસન્ન થઈને વર માગવા કહ્યું તેણે પોતાને અક્ષયા અને પુણ્યા બનાવવાનુ માગ્યુ, અર્થાત્ મહાપ્રલયમા સૌ સ્થાવરજંગમનો નાશ થાય ત્યારે પણ પોતે અક્ષય રહે અને ઉત્તરમા જેવી ગંગા છે તેવી અહી પોતે દક્ષિણગંગા બનીને મહાપાતકનાશિની થવાને એમ જે વરદાન માગી નર્મદા રુદ્રસમુદ્ભુતા, અયોનિજા ગણાય છે અક્ષયા અને અ–મૃતા પણ ગણાય છે

નર્મદાનાં પદર નામ—આ ગંગા તે પદર સ્રોતથી દશે દિશાને જળબમોળ કરતી વહે છે એમ કહી પદર નામ આપ્યા છે[૫] શોણ, મહાનદ, નર્મદા સુરસા, મંદાકિની, દશાર્ણા, ચિત્રકૂટા, તમસા, વિદશા, કરભા, યમુના, ત્રિનોત્પના, વિપાશા, રંજના અને વાલુવાહિની

આ બધી જ રુદ્રસંભવા–શિવમાથી ઉત્પન્ન થયેલી, ઋક્ષપર્વતના પાદમાથી પ્રસવેલી છે

૧૧ એજન્યા પૃ૰ ૩૭૪.

૧૨ વાપૃ ૪૫ ૧૨૩, બ્રપ્રબ્ર ૧૬૫૮, મા ૫૪૪૩

૧૩ બ્ર ૭૫ —

सह्यस्य चोत्तर यस्तु यत्र गोदावरी नदी ।
पृथिव्यामपि कृत्स्नाया स प्रदेशो मनोरमः ॥ ४३
गोवर्धनपुर रम्य भार्गवस्य महात्मन ॥ ४४

ઉપરાત મા ૫૪ ૩૪-૫; વા ૪૫ ૧૧૨ ૧૪

૧૪ બ્રપૂબ્ર ૧૬ ૪૪

પુર નર્મદાતટે નહિ પણ કૃષ્ણની ગોદાવરીને તીરે છે એટલું જ તે કહે છે. ભાર્ગવો નર્મદાતટ પર પણ વસેલા એ તો નક્કી જ છે. ભીષ્મપર્વ[૧૫]માંનો 'ભાર્ગવ'નો ('ભાર્ગ'નો પણ)[૧૬] ઉત્તર જનપદોમાં ઉલ્લેખ છે તે માગધ, મધ્યોત્તર (મધ્યોત્તર), અને આનર્તનૈર્ઋત વચ્ચે છે તે નર્મદાતટ પ્રદેશ માટે સંભવી શકે, જો કે ભીષ્મપર્વની નામગણના દેશોના સાન્નિધ્યક્રમમાં જ હમેશ નથી ભાર્ગવોનું વર્ચસ્વ સ્થપાતાં ભારુકચ્છ ભૃગુકચ્છ નામે પણ ઓળખાતું થયું હોય એ સ્વાભાવિક છે.

પાછળથી પણ કથાસાહિત્ય (જાતક[૧૭], કથાસરિત્સાગર[૧૮], આદિ) અને તામ્રપત્રો[૧૯]નો ઝોક જોતાં ભૃગુકચ્છ કરતાં ભરુકચ્છ નામ તરફ પ્રજાનો પક્ષપાત દેખાયાં કરે છે જે પ્રાચીન નામ ભારુકચ્છ હોવાની સંભાવનાને બલવત્તર બનાવે છે. મુરુકચ્છ, તરુકચ્છ, કુરુકચ્છ-પાઠાંતરો[૨૦] પણ એ જ સૂચવે છે.

જુઓ ભરુકચ્છ, ભૃગુકચ્છ, ભૃગુતીર્થ.

મુજ

દેશ.[૧] શ્રીપતિ રાજાના પુત્ર ભુજવર્માએ શબર ભિલ્લોને હરાવીને રાષ્ટ્ર કર્યો તેથી તે ભુજદેશ કહેવાયો.

મૃગુકચ્છ

[૧] નર્મદાતીરે નગર.[૧] આજનું ભરૂચ. ભૃગુકચ્છની ઉત્પત્તિ રેવાખંડમાં

---

૧૫ મબી ૧૦.૪૯

૧૬ ,,

૧૭ જુઓ ભરુકચ્છ ૨.

૧૮ ,, ,, ૩.

૧૯ જુઓ ભરુકચ્છ ૩.

૨૦ મસ ૮૭ ૮ પાદટીપમાં.

મુજ

૧ ભાપ્ર ૨.— भुजवर्मा ततोऽभवत् ।
जित्वा स शबरान् भिल्लान् राष्ट्रमकारयत् ॥ ३१
भुजदेशस्ततो जात. प्रसिद्धोऽभून्महीतले ॥ ३२

મૃગુકચ્છ

૧ ભાપ્ર ૧૮.૨૧; મમ ૨૮ ૮૭,૮૦ ની પાદટીપ.
જુઓ નર્મદા. ૨૬માં ૧૮૨.૮૭

વર્ણવી છે. શ્રી(લક્ષ્મી)ના નામથી એ ક્ષેત્ર ઓળખાતું. લક્ષ્મીની આજ્ઞા મેળવી ભૃગુઋષિ ત્યાં પોતાના નામથી ચાતુર્વિદ્ય બ્રાહ્મણો માટે સ્થાન જમાવવા માટે કચ્છપ-કૂર્મ-ની પ્રાર્થના કરે છે. કચ્છપ કહે છે કે મારી ઉપર મારા નામથી ભૃગુતીર્થ એ સ્થાન અચલ અને સુસ્થિર રહેશે. ભૃગુઋષિએ નદનવત્સરના માઘની પંચમીએ રેવાને ઉત્તર તીરે એક કોશના પ્રમાણનું ક્ષેત્ર-ભૃગુકચ્છ નગર-વસાવ્યું ...[2] ચાતુર્વિદ્ય દ્વિજોના લાભાર્થે ગુંથાયેલી આ કથા સ્પષ્ટપણે પાછળની છે. ભૃગુકચ્છ નામ કચ્છપ ઉપરથી પડ્યું એ નામાનર્વચન પણ દોષયુક્ત છે. (જુઓ કચ્છ [1].)

[2] લાટના ભરૂચ આસપાસનો પ્રદેશ[3] જુઓ ભારુકચ્છ.

ભૃગુતીર્થ

[1]ભૃગુકચ્છ, આજનું ભરૂચ. જુઓ ભારુકચ્છ.

મરુ

મરુભૂમિ, મારવાડ,[1] આબુની ઉત્તરનો રેતાળ પ્રદેશ. નકુલ પશ્ચિમ તરફ દિગ્વિજય કરતાં જે પ્રદેશો જીતે છે તેમાંના એક તરીકે મરુભૂમિને ગણાવેલ છે.

રુદ્રદામનના ગિરનારના શિલાલેખમાં મરુનો ઉલ્લેખ છે.[2]

મહતી

[1] મહી નદી.[1]

---

2 રુદ્રઆરે ૧૮૧.૫૭ ૬૬,
૧૮૨.૧-૧૧

3 મા ૫૫.૨૧ ભૃગુકચ્છા સમીદ્ધણા ॥

ભૃગુતીર્થ

1 આ ૨૧૧ ૬૫ ભૃગુતીર્થ પ્રભાસ ચ તથા ચામરકટકમ્। રુદ્રઆરે ૧૮૨.૫૨, કુઉ ૪૨ ૧ ૫

મરુ

1 મત્સ ૨૧.૫ મરુભૂમિ ચ કાત્સ્ન્યેન... ॥ ૪૮.૨૦ પાદ્મપ પછી.

2 જુઓ આનર્ત ૧૬.

મહતી

1 જુઓ પારિયાત્ર ૨, ૪.

પાર્જીટર મહતીને મહીનું પાઠાંતર ગણે છે.[૨] જુઓ મહી.
[૨] નર્મદાનું એક નામ પણ મહતી છે.[૩]

મહારાષ્ટ્ર

દેશ, લાલનો.[૧] દક્ષિણ-દક્ષિણાપથના-દેશોમાંનો એક.[૨]
અભ અને વાયુના મહારાષ્ટ્રાઃ ને કેકાણે મત્સ્ય[૩] નવરાષ્ટ્રા. આપે છે, પણ તે બ્રહ્મ પાઠ કરતાં કોઈ સ્વતંત્ર દેશનામ જ લાગે છે, મહાભારતનું નવરાષ્ટ્રાઃ ચંબલ-નર્મદાની ઉત્તરનો પ્રદેશ જણાય છે.[૪] બ્રહ્મમાં[૫] મહારાષ્ટ્ર આપ્યું છે તે મુદ્રણદોષ જ હશે.
જુઓ માહારાષ્ટ્ર.

મહિતા

મહી નદી.[૧]
પાર્જિટર મહિતા તે મહી લાગે છે એમ કહે છે.[૨] જુઓ મહી.

મહિષિક

પ્રદેશ, દક્ષિણાપથમાંનો.[૧] જુઓ માહિષક.

---

૨ માકં૰ પૃ૦ ૨૯૫.
૩ જુઓ નર્મદા ૬.

મહારાષ્ટ્ર

૧ ૫૩ ૧૧૩.૫૨ સ્થિતા કિંચિન્મહારાષ્ટ્રે... । જુઓ ગૌર્જર ૧.
૨ બ્રપૂબ્ય ૧૬.૫૭, મહારાષ્ટ્રા મહિષિકાઃ કલિંગાશ્ચૈવ સર્વશઃ ।
વાપૂ ૪૬ ૧૨૫ મહારાષ્ટ્રા માહિષકા .. ।
મા ૫૧.૨૩ મહારાષ્ટ્રાઃ સકર્ણાટા.... ।
૩ મ ૧૧૪.૪૭
૪ મમ ૨૮.૬
૫ બ્ર ૨૫.૫૮ મહારાષ્ટ્રા માહિષકાઃ...॥

મહિતા

૧ મ બી ૧૦.૨૦
૨ માકં૰ પૃ૦૨૯૫.

મહિષિક

૧ જુઓ મહારાષ્ટ્ર ૨.

મહી

મહી નદી[1]

પાર્જિટર[2] મહતી અને મહિના તે મહી એમ કહે છે[3] શ્રી દે પણ.[3] પરતુ દે મહિતા તે મહી એમ કહી તે માળવાની ચંબલ નદીની શાખા છે એમ નોધે છે[4]

મહીની ઉત્તરે મધ્યતર દેશ ભીમપર્વ આપે છે[5] માહેય પ્રદેશ અપરાન્તવિભાગમા પુરાણો ગણાવે છે[6]

ટોલેમી[7] Mophis અને પેરિપ્લસ[8] Mais આપે ૭ તે મહીના ઉલ્લેખો મનાય છે

રામાયણ મહી સાથે બીજી એક 'કાલમહી' પણ ગણાવે છે[9]

મહીનગર

ખંભાતનું એક પ્રાચીન નામ[1] તારકપુર નામ પણ તારકાસુર ઉપરથી છે[2]

મહીસાગરસગમ–ક્ષેત્ર

મહી નદીને કાઠે, મહી સાગરને મળે છે ત્યા સાત કોશ પ્રમાણનું મહી

મહી

૧ જુઓ પારિયાત્ર ૬, ૭, ૮, મત્સ્ય ૧૧૪૯, વાયુ ૪૫ ૨૦, સ્કન્દના માહેશ્વરખંડના કૌમારિકાખંડમા મહી (અને મહીસાગરસગમ)ના વાર વાર ઉલ્લેખો થયા છે દા ત સ્કમાકૌ ૩ ૨૩ ૨૯

૨ જુઓ મહતી ૨, મહિના ૨

૩ જ્યોતિ મહતી મહિતા

૪ ,, મહતી

૫ મત્સ્ય ૧૧૪૯ 'સલોત્તર' પાઠ પણ છે

૬ જુઓ માહેય

૭ ટો પૃ૦ ૧૦૩

૮ પેરિ કડિકા ૪૯ પૃ૦ ૪૯

૯ રામા કિ ૪૦.૨૦

મહીનગર

૧ સ્કમાખે ૪૯ ૧૪૪,૪૮ ૨૧ ૪૯ ૨ ૩,૧૨ ૧૦૧૭ ૧,૭,૧૬ ૧૧૭,૧૨૬

૨ ,, ૨૧ ૨૮

સાગરસંગમક્ષેત્ર[1] છે. તેનું બીજું નામ ગુપ્તક્ષેત્ર[2] પણ છે. મહીસાગર-સંગમક્ષેત્રે સ્તંભ (ગર્વ) કર્યો તેથી તેનું સ્તમ્ભતીર્થ પણ પડ્યું.[3] મહી-સાગરસંગમમાહાત્મ્ય.[4] આ ક્ષેત્રમાંનાં તીર્થોઃ ઇન્દ્રદ્યુમ્નેશ્વર.[5] શતરુદ્રિયા-દિલિંગ.[6] કુમારનાથ.[7] રુદ્રભક્ત તારકાસુરને માર્યાના પાપની શંકાથી શોકાકુલ થયેલા કુમારસ્વામીએ વિષ્ણુના ઉપદેશથી પાતકશાંતિ અર્થે વિશ્વકર્મા પાસે ત્રણ શિવલિંગોનું નિર્માણ કરાવી પ્રતિજ્ઞેશ્વર કપાલેશ્વર (જેની પાસે કપાલેશ્વરી) અને શક્તિચ્છિદ્રેશ્વર (જ્યાં પાતાલગંગા છે)ની સ્થાપના કરી[8] બ્રહ્મદેવે આણેલા લિંગની કુમારેશ્વર નામે સ્થાપના કરી, તેનું માહાત્મ્ય.[9] દેવોની માગણીથી મહીસાગરસંગમ ઉપર જયસ્તમ્ભ રોપી તેની ઉપર વિશ્વકર્માવિનિર્મિત ત્રીજા લિંગની સ્તમ્ભેશ્વર નામે સ્થાપના કરી, તેનું માહાત્મ્ય.[10] કૃપતીર્થ.[11] મહીસાગરસંગમ ઉપર બ્રહ્મ, ઇન્દ્ર, રુદ્ર આદિ દેવોએ કોટિ કોટિ લિંગોની સ્થાપના કરી, તેમનું માહાત્મ્ય.[12] સિદ્ધામ્બિકા, સિદ્ધકૂપ, સિદ્ધેશ્વર, સિદ્ધવટ, સિદ્ધસર, સિદ્ધ-વિનાયક, સિદ્ધેય ક્ષેત્રાધિપતિ.[13] બર્બરીતીર્થ, જે કુમારિકા તરીકે ખ્યાત હોઈ કૌમારિકાખંડ નામ પડ્યું છે.[14] બર્બરેશ્વરલિંગ.[15] ભટ્ટાદિત્ય[16]

મહીસાગરસંગમ-ક્ષેત્ર

૧ સ્કમાકૌ ૬૬.૧૨૫
૨ ,, ૧૩.૧૦૨; ૫૫.૩,૧૪૫;૫૮ ૧-૨;૬૩.૧૨૮;૬૬.૧૨૫
૩ ,, ૫૮.૩૭
૪ ,, ૩. થી ૧૩.;૫૮.
૫ ,, ૧૩.૨૧૧
૬ ,, ૧૩.૧૪૪-૧૬૫
૭ ,, ૧૪. થી ૩૨.
૮ ,, ૩૩.
૯ ,, ૩૪.
૧૦ ,, ૩૫.
૧૧ ,, ૩૧.૧૨
૧૨ ,, ૩૬.
૧૩ ,, ૩૨.૩૫
૧૪ ,, ૩૭.૧-૨
પારિયાત્રની પશ્ચિમે કૌમારિકાખંડઃ સ્કમાકૌ ૩૬.૧૧૩
પારિયાત્રસ્ય ચૈવાર્ધાત્ ખણ્ડ કૌમારિકં સ્મૃતમ ॥
૧૫ ,, ૩૬,૧૮૭
૧૬ ,, ૪૩.

સૂર્યમૂર્તિ, નારદે સ્થાપેલી. કપિલેશ્વર,[૧૭] બહુદક કુંડ[૧૮] પાસે. સોમકુંડ અને સોમનાથ.[૧૯] હાટકેશ્વરલિંગમાહાત્મ્ય[૨૦] જ્યાદિત્ય-માહાત્મ્ય[૨૧] કેટિતીર્થ, અત્રીશ્વર, ભરદ્વાજેશ્વર, ગૌતમેશ્વર, અહલ્યાસર.[૨૨] નારદે સ્થાનની રક્ષા માટે ત્રિપુરુષશાસ્ત્રાની વ્યવસ્થાપના કરી.[૨૩] નારદીયસરોવર, નાગેશ્વર;[૨૪] બે દેવીઓ· અપરદ્વારકા, ઉત્તરદ્વારકા.[૨૫] નારદમૂર્તિ.[૨૬] થલસર, અલેશ્વર.[૨૭] મોક્ષેશ્વર, જ્યાદિત્ય કૂપ –ગર્ભેશ્વર.[૨૮] કેદારેશ્વર, નીલકંઠ.[૨૯] ભીમેશ્વર.[૩૦]

માન્ધાતૃપુર

નગર, કરનર્મદાસંગમ ઉપર.[૧]

માલવ

પ્રદેશ નકુલના પશ્ચિમ દિગ્વિજયમાં મરુ, શિબિ, માલવ, કર્પટ, પુષ્કર એ ક્રમમાં ઉલ્લેખાયેલો[૧] ત્રિ-ષ્યપૃતનિવાસીઓના પ્રદેશોમાનો એક.[૨] ઉપ-

---

૧૭ સંસ્કરણમાં ૪૫ ૩
૧૮ ,, ૪૬.
૧૯ ,, ૪૮.૧૯-૨૦
૨૦ ,, ૪૮.૨૦
૨૧ ,, ૪૯ થી ૫૧.
૨૨ ,, ૫૨
૨૩ ,, ૫૩ ૧-૧૩
૨૪ ,, ૫૩.૧૪ ૨૫
૨૫ ,, ૫૩ ૨૬ ૩૪
૨૬ ,, ૫૪.
૨૭ ,, ૫૬.૫ ૭
૨૮ ,, ૫૬.૧૨-૧૭
૨૯ ,, ૫૭.૩-૪
૩૦ ,, ૬૪.

માન્ધાતૃપુર

૧ સંસ્કારે ૨૪૧

માલવ

૧ મત્સ ૨૧ ૬,૪૮ ૧૪,૪૮ ૧૫ની પાદટીપ.
૨ મ ૧૧૪.૫૨ માલવાશ્વ કલ્યાશ્વ મેકલાશ્વોત્કલૈ સહ ।
વાપૂ ૪૬ ૧૩૨ ,, ,,

રાત પર્વતાશ્રયી લોકોનો એક પ્રદેશ [૩]

મત્સ્ય માલવા આપે છે ત્યા અસ્ત્ર[૪] મલદા આપે છે

સ્કન્દ માલવદેશમા ૧૧૮૦૬૨ ગામ છે એમ કહે છે [૫]

નોંધ ૧ ઉપર માલવ જાતિવાચક શબ્દ ઉપરથી દેશવાચક શબ્દ તરીકે યોજાયો હતો. અહી માલવ કેવળ દેશવાચક શબ્દ છે

માલવના પૂર્વ પશ્ચિમ ભાગો પૂર્વ અને અપર માલવ તરીકે ઉલ્લેખાય છે.[૬] તે ઉપરથી રુદ્રદામનના ગિરનાર શિલાલેખના[૭] 'પૂર્વાપરાકરાવન્તિ'માના પૂર્વાપર શબ્દને પણ ઘટાવ્યા છે (સર૦ પૂર્વાપરૌ તોયનિધી વગાહ્ય... । કુમારસભવ ૧ ૧–મા 'પૂર્વાપર'નો ૩૮ પ્રયોગ)

જુઓ વિન્ધ્યપૃષ્ઠનિવાસી

માહારાષ્ટ્ર

[૧]મહારાષ્ટ્ર દેશ જુઓ મહારાષ્ટ્ર

માહિષક

પ્રદેશ, દક્ષિણાપથમાનો [૧] મહિષવિષય (મૈસૂર–મહિષપુર–આસપાસનો) અથવા તો માહિષ્મતી નગરી આસપાસનો પ્રદેશ.

જુઓ માહિષિક

---

૩ વાપૂ ૪૫.૧૩૬

૪ બ્રપૃઅ ૧૬ ૬૩

૫ સ્કમાકૌ ૩૯ ૧૩૯ લક્ષાષ્ટાદશસાહસ્ર નાતી દ્વે ચ માલ્વ ।

૬ કાસુ ૨ ૪ ૨૩ અને ૨૬ ઉપર જયમગલા ટીકા

૭ જુઓ આનર્ત ૧૬

માહારાષ્ટ્ર

૧ જુઓ મહારાષ્ટ્ર ૨

માહિષક

૧ મભી ૧૦ ૫૭, જુઓ મહારાષ્ટ્ર ૨,૫

માહિષ્મતી

નગરી [૧] રેવાતીરે [૨] નર્મદાતટના અયુત ગુપ્તતીર્થ છે [૩] હરિવંશ [૪] પ્રમાણે માહિષ્મને અને પદ્મ [૫] પ્રમાણે મહિશે તે સ્થાપી અનૂપદેશની તે રાજધાની હતી [૬]–એવો ડૉ૦ ર૦ ભાણ્ડારકરનો મત છે [૭] માહિસ્મતિ તે અવન્તિની રાજધાની હતી એમ ગોવિંદસુત્ત કહે છે [૮] પ્રાચીન માહિષ્મતી ક્યા દેશે તે વિશે મતભેદ છે. નર્મદાતટે ૧ મહેશ્વર અને ૨ મન્ધાતા પાસે માહિષ્મતી માનવામાં આવે છે [૯] શ્રી ક૦ મા૦ મુનશી આજે ભારૂચ છે ત્યા માહિષ્મતી હતી એવો મત ધરાવે છે [૧૦]

જુઓ મૃગુકચ્છ

માહેય

પ્રદેશ, મહી નદીની આસપાસનો, આજનો મહીકાંઠો કે મહીકાઠા, તેની ગણના અપરાન્ત વિભાગમા થતી [૧] ભીષ્મપર્વ મધ્યુત્તરા આપે છે [૨]

બૃહત્સંહિતા મહીનદીના (૧૬ ૩૧) આપે છે

જુઓ અપરાન્ત

માહિષ્મતી

૧ જુઓ અનૂપ ૬ મત્સ ૨૮ ૧૧ ૧૭

૨ ભાદ ૭૬ ૨૧ રેવામનુગવત્ર માહિષ્મતા પુરી । પદ્મ ૨૨૦ ૧૭

૩ ગરુડારે ૨૩૧ ૩૧

૪ હરિ ૩૨ ૪ ૧

૫ પદ્મ ૭૫ (૧ ઔદીચ્ય પૃ૦ ૧૨૦)

૬ રઘુવંશ ૬ ૪૩

૭ જુઓ અનૂપ ૬

૮ જુઓ અવન્તિ ૨૪૨

૯ ઔદીચ્ય માહિષ્મતી, માંધાતૃ પૃ૦ ૩૧૪ (પાર્જિટર)

૧૦ ગુજ પૃ૦ ૫૬૧

માહેય

૧ જુઓ અપરાન્ત ૨,૩,૪ ૫

૨ મભી ૧૦ ૪૬

સ્કન્દ મૂલસ્થાન દેશ આપે છે, જેમાં ૨૫ હજાર ગામ છે.[૨] તે કદાચ મુલતાન આસપાસના પ્રદેશ માટે હોય. મૌલિરતાનથી કયું નગર વિવક્ષિત છે તે પ્રશ્ન છે.

રેવા

[૧] નર્મદા નદી. સ્કન્દના આવન્ત્યખંડનો ત્રીજો ખંડ–રેવાખંડમાં નર્મદા અને રેવાને એક જ માનવામાં આવી છે.

નર્મદા અને રેવાની સામાન્યતઃ એકતા જ સ્વીકારાઈ છે. ભૂગોળમાં અખૂટ રસ લેતા કવિ કાલિદાસનો જ દાખલો લો. વિન્ધ્યપાદ આગળ તે રેવાં પ્રેક્ષ્યસ્યુપલવિષમાં વિન્ધ્યપાદે વિશીર્ણામ્ (મેઘ ૧.૧૯)માં નદીને રેવા કહે છે અને માહિષ્મતીવપ્રનિતમ્બકાચીં રેવાં ... (રઘુ૦ ૬.૪૩)માં માહિષ્મતી આગળ પણ નદીને તે રેવા નામથી જ ઓળખાવે છે.

[૨] નદી, નર્મદા કરતાં જૂદી. ભાગવત[૧] અને વામનપુરાણ[૨] નર્મદા ઉપરાંત રેવા ગણાવે છે.

રેવા વિન્ધ્યમાંથી નીકળતી નદી ગણાય છે[૩] અને નર્મદાને ઋક્ષમાંથી નીકળતી લેખવામાં આવી છે[૪] ટોલેમી[૫] નર્મદા–Namados ને વિન્ધ્ય–Ouindionમાંથી નીકળતી ગણાવે છે, તે ગોળ ગોળ રીતે જ અને ચોકકસ જ્ઞાનપૂર્વક નહિ, એમ–ડૉ. લો[૬] કહે છે. પણ વિષ્ણુપુરાણ નર્મદાને વિન્ધ્યમાંથી નીકળતી પણ કહે

---

૨ સ્કમાકૌ ૩૯ ૧૬૧

રેવા

૧ ભાપૅ ૧૯.—

નિર્વિન્ધ્યા તાપી રેવા સુરસા નર્મદા ચર્મણ્વતી સિન્ધુ: . . . .

૨ વા ૧૩.૨૫,૨૯

૩ વા ૧૩ ૨૯

૪ મા ૫૪ ૨૧; ૫૫ પૃથ્વ ૧૬.૨૯; વા ૧૩.૨૫; ૧ ૮૬.૫; ૫૫ ૨૫.૩૦; ૬૫ ૪૭.૩૩

૫ ટો પૃ૦ ૩૮, ૧૦૨.

૬ ગીભ પૃ૦ ૪૧.

છે.૭ નર્મદા પારિયાત્રમાંથી નીકળતી પણ ગણાવાઈ છે.૮ નર્મદાનું એક નામ મેકલસુતા છે, જે સૂચવે છે કે એ ઋક્ષના એક અંશ સમા મેકલગિરિ-હાલના મૈકલ-માંથી નીકળે છે. 'જ્યારે રેવાનું મૂળ વિન્ધ્ય પાસેના અમરકંટક ગિરિમાં શોધી શકાય છે. ડૉ૦ બી. સી. લૉ કહે છે તેમ નર્મદા અને રેવા માંડવાની સહેજ ઉપર સંગમ રચે છે અને પછીથી બંનેમાંથી ગમે તે નામે ઓળખાતી આગળ ધપે છે.૯

જુઓ નર્મદા.

રૈવત

સૌરાષ્ટ્રમાં એક પર્વત.

શ્રીશૈલના પુત્રને ઉખાડીને આનર્તના પુત્ર રૈવતે દ્વારકા આગળ રચાપ્યો એવી ગર્ગસંહિતામાં કથા છે.૧

[1] ઉજ્જયંત (ગિરનાર)થી જૂદો, તેનાથી દૂર સમુદ્રની પાસે દ્વારકાની પૂર્વમાં એક પર્વત. આદિપર્વમાં દ્વારકાની પાસેમાં સમુદ્ર અને રૈવત-પર્વત બને હોવાનું સુભદ્રાહરણપ્રસંગના વર્ણનમાં સમજાય છે; દ્વારકા-માંથી પુરવાસીઓ 'અન્તર્દ્વીપ'માં મહોત્સવ માટે નાવથી ગયાનું અને તેવામાં જ સુભદ્રા રૈવતનું અર્ચન કરવા જાય છે ને અર્જુન તેને લઈ જાય છે એમ કહ્યું છે.૨ હરિવંશમાં પિણ્ડારક આગળની જળક્રીડાના વર્ણનમાં કેટલાક રૈવતક જઈને પાછા આવે છે એમ કહ્યું છે,૩ અર્થાત્ રૈવત સમુદ્રની નજીકમાં છે. રૈવત દ્વારકાની પૂર્વ દિશાએ છે.૪

રૈવતને દ્વારકાના 'પુરદ્વારભૂમયઃ'૫ ૩૫ અને અતિ દૂર નહિ૬ એવો

---

૭ વિદ્ધિ ૩.૧૧

૮ જુઓ પારિયાત્ર ૨.

૯ પૃ૦ રીઇ પૃ૦ ૪૨.

રૈવત

૧ ગસંદ્વા ૧૪.૬-૨૬; ૯.૨૨-૩

૨ જુઓ દ્વારકા ૩, ૪, ૬.

૩ જુઓ દ્વારકા ૩૦.

૪ જુઓ દ્વારકા ૩૬.

૫ જુઓ દ્વારકા ૨૫.

૬ જુઓ દ્વારકા ૨૩.

વર્ણવવામાં આવ્યો છે, પણ તે દ્વારકાના બારણામાં એટલે નજીકમા સમજવાનો છે. કૃષ્ણ અર્જુનને પ્રભાસથી દ્વારકા લઈ જતાં રૈવત ઉપર રાતવાસો રોકાય છે.[૭] રૈવત પર ઉત્સવ થયો ત્યારે ગિરિની ચોમેર પ્રદેશ પ્રાસાદોથી શોભાવવામાં આવ્યાનું[૮] અને પુરજનો ચાલતા અને ઉઘાંનીચા વાહનોની મદદથી ગયાનું વર્ણન છે.[૯] રૈવતથી પાછા વળતા યાદવોને અર્જુન ઉપવનમાં પડાવ કરે છે, એ દ્વારકા અને રૈવત વચ્ચે ઉપવન હોવાનું સૂચવે છે.[૧૦] હરિવંશ નગર અને પર્વત વચ્ચે પાંચજન્ય વન હોવાનું કહે છે.[૧૧] તેમ છતા રૈવત દ્વારકાથી બહુ દૂર નથી એવું સુભદ્રાહરણપ્રસંગના વર્ણનમાંથી સમજાય છે. અર્જુન સુભદ્રાનું હરણ કરી નીકળે છે તે રૈવતકનું દ્વાર જોતો જોતો નીકળે છે[૧૨] અને રૈવત ઉપર કૃષ્ણની ગેરહાજરીમાં પુરના રક્ષણ અર્થે હમેશ માટે વિપૃથુશ્રવા નામે બળદેવ જેવો યોદ્ધો રહેતો હતો તે પાંડવના જવાના સમાચાર જાણી બહાર આવ્યો અને રસ્તા ઉપર ધસી જઈને જુએ છે તો દ્વારકાના દ્વારમાંથી અર્જુન બહાર આવે છે.[૧૩]

---

૭ જુઓ દ્વારકા ૧.

૮ મત્સ્ય ૨૧૧.૩
પ્રાસાદૈ રત્નચિત્રૈશ્ચ ગિરેસ્તસ્ય સમન્તત ।
સ દેશ શોભિતો રાજન્ કલ્પવૃક્ષૈશ્ચ સર્વશ ॥

૯ મત્સ્ય ૨૧૧ ૬
પૌરાશ્ચ પાદચારણ યાનૈરુચ્ચાવચૈસ્તથા ।

૧૦ જુઓ દ્વારકા ૨

૧૧ જુઓ દ્વારકા ૩૬.

૧૨ જુઓ દ્વારકા ૫.

૧૩ મત્સ્ય (કુ ભા૦) ૨૪૪ —
ગિરૌ રૈવતકે નિત્ય બભૂવ વિપૃથુશ્રવા ॥ ૧
પ્રાગ્રામે વાસુદેવસ્ય તસ્મિન્ હલધરોપમ ।
સમભૂત તથા ગોપા પુરસ્ય પુરવર્ધનઃ ॥ ૨
પ્રાપ્ય પાંડવનિર્યાણ નિર્યયૌ વિપૃથુશ્રવા ॥ ૩
સોઽભિપત્ય તદાધ્વાન દદર્શ પુરુષર્ષભમ ।
નિ સૃત દ્વારકાદ્વારાદગ્નિમંતમિવાંતરાત્ ॥ ૪
મત્સ્ય (ભા.ઇ.સા૦) પૃ૦ ૬૬૩.

રૈવતનુ લશ્કરી મહત્ત્વ હોય એવું ઉપરની છેલ્લી વીગતથી લાગે છે. પણ કૃષ્ણની ગેરહાજરીમાં દ્વારકાનો બચાવ કરવા માટે પગલા લેવાયાનું ઝીણવટભર્યું વર્ણન અપાયું છે તેમાં રૈવતનો ઉલ્લેખ નથી.[૧૪]

રૈવત મુખ્યત્વે વિહારસ્થળ લાગે છે. અલબત્ત ધાર્મિક મહત્ત્વ પણ એનું ખરું જ. અર્જુન સુભદ્રાને ઉપાડી જાય છે તે પ્રસંગે એ રૈવતનું અને સૌ દેવોનું અર્ચન કરીને પાછી ફરતી હોય છે.[૧૫] રૈવત ઉપર મોટો ઉત્સવ યોજાયો હતો તે એનું ધર્મસ્થાન અને વિહારસ્થળ તરીકેનુ મહત્ત્વ સૂચવે છે.[૧૬] તે વિહારસ્થળ હોવાનું સ્મરણ કૃષ્ણ અર્જુનને લઈ આવતાં પહેલાં તેની શોભા કરાવી રાખે છે અને અર્જુનને નટનર્તકોનું કામ બતાવે છે તેમાં પણ મળે છે.[૧૭] શિશુપાલ દ્વારકા પર ચઢી આવે છે ત્યારે ભોજગજ રૈવત ઉપર ક્રીડા કરતો હતો.[૧૮] હરિવંશ જ્યાં દ્વારવતીનું નિર્માણ થયુ તેની પાસેના રૈવતને સિન્ધુગજની વિહારભૂમિ તરીકે ઓળખાવે છે.[૧૯]

[૨] આજનો ગિરનાર પર્વત.

પુરાણો અને મહાભારત પ્રમાણે ઉર્જયંત(ગિરનાર) તે જ રૈવત હોય એમ દેખાતું નથી. વાયુ, બ્રહ્માંડ અને માર્કંડેય રૈવત અને ઉર્જયંત એમ બે જુદાજુદા પર્વતોનાં નામ સાથેસાથે આપે છે, અને આદિપર્વમા પણ રૈવતથી ભિન્ન ઉર્જયિનીનો ઉલ્લેખ છે.[૨૦]

---

૧૪ જુઓ દ્વારકા ૧૨

૧૫ જુઓ દ્વારકા ૬, મભા ૧૨૧

૧૬ જુઓ ઉપર ૯.

૧૭ મભા ૨૧૦ —

પૂર્વમેવ તુ કૃષ્ણસ્ય વચનાન્ન મહીધરમ્ ।
પુજ્યા સમગ્રચતુરઙ્ગબલં ચ ભોજનમ્ ॥ ૯
પ્રતિગૃહ્યાર્જુન સર્વમુપભુજ્ય ચ પાણ્ડવ ।
રહૈવ રામુરમન સ્ત્રીગાનટનર્તકાન્ ॥ ૧૦

૧૮ જુઓ દ્વારકા ૧૦

૧૯ જુઓ દ્વારકા ૨૩

૨૦ ઉજ્જયન્ત ૨ ૪, ૫.

[૩] ઉજ્જયંત(ગિરનાર)થી જૂનો, પણ તેની પાસે જ, પશ્ચિમ દિશાએ – બંને વસ્ત્રાપથક્ષેત્રમાં.

સુરાષ્ટ્ર દેશમાં વસ્ત્રાપથક્ષેત્રમાં ઉજ્જયંતગિરિ છે તેમજ રૈવત છે. બંનેની વચ્ચે મોટી જલિ (ઝાળી) છે....[૨૧] ઉજ્જયંત નામે ગિરિવર છે, ત્યાં રૈવતગિરિ છે...[૨૨] વસ્ત્રાપથક્ષેત્રમાં ભવનાથ છે. દામોદરહરિ રૈવત ઉપર છે અને અંબા દેવી ગિરિ (ઉજ્જયંત) માથે છે.[૨૩] ભવનાથના પશ્ચિમભાગમાં રૈવત ગિરિ.[૨૪] સોમનાથ(ભવનાથ)ની પાસે મહાન ઉદયન્ત ગિરિ છે અને તેની પશ્ચિમે રૈવત.[૨૫]

માર્કંડેયમાં ઉજ્જયન્તના અષ્ટ પાઠ દુર્જયન્ત સાથે રૈવત જુદો ગણાવ્યો છે.[૨૬]

આજની દ્વારકા પ્રાચીન દ્વારકાની નજીક વસી હોય તો પ્રાચીન દ્વારકા સાથે રૈવતનું પણ સાગરનિમજ્જન થયું એમ માનવું રહે, કેમકે આજની દ્વારકા પાસે કોઈ નાનકડો પણ પર્વત નથી. આજની દ્વારકા પરત્વે લખાયેલા સ્કન્દના પ્રભાસખંડમાંના દ્વારકામાહાત્મ્યમાં રૈવત પર્વતનો

---

૨૧ સ્કપ્રભ ૧૬.—
સુરાષ્ટ્રદેશે વિખ્યાતં તીર્થં વસ્ત્રાપથં પ્રભુ ॥ ૭૨
ઉજ્જયંતો ગિરિસ્તત્ર તથા રૈવતકો ગિરિઃ ।
મહતી વર્તતે જાલિસ્તયોર્મધ્યે મયા શ્રુતમ્ ॥ ૭૩

૨૨ સ્કપ્રભ ૨૬.૮૩
ઉજ્જયંતો ગિરિવરો યત્ર રૈવતકો ગિરિઃ ॥

૨૩ સ્કપ્રભ ૯.૨૨૬.
વસ્ત્રાપથે દેવવરો ભવઃ સ્થિતો
દામોદરો રૈવતકે વ્યવસ્થિતઃ ॥
અંબેતિ દેવી ગિરિમૂર્ધ્નિ સંસ્થિતા ।
સ્કપ્રભ ૧૦.૧૧ ઉજ્જયંતગિરેર્મૂર્ધ્નિ ગૌરીસ્કન્દ ગણેશ્વર

૨૪ સ્કપ્રભ ૬.૧૨૮
અસ્ય પશ્ચિમે ભાગે તત્ર રૈવતકે ગિરૌ ।

૨૫ સ્કપ્રભ ૧.૬૮
સોમનાથસ્ય સાન્નિધ્ય ઉદયન્તો ગિરિર્મહાન્ ।
તસ્ય પશ્ચિમભાગે તુ રૈવતક ઇતિ સ્મૃત· ॥

૨૬ જુઓ ઉજ્જયન્ત ૪.

ઉલ્લેખ નથી માર્કંડેયપુરાણ[૨૭]ના અંગ્રેજી ભાષાંતરની પાદટીપમા પાર્જીટર કહે છે કે રૈવતને એક જ ગિરિ ગણવાની જરૂર નથી હિમવત્ ને વિન્ધ્ય પણએમ્વચનમા વપરાય છે તેથી પોતે એને બરડાની ડુંગરમાળા ગણે છે પણ બરડો દ્વારકાથી બાજનો દૂર હોઈ પૌરાણિક વર્ણનોમાના દ્વારકા–રૈવત સબંધને એ યથાર્થ ઠેરવી શકે એમ નથી

તેમ છતા પાછળથી એટલે કે મહાભારત અને જૂના પુરાણોના સમય પછી સાહિત્ય આદિના ગ્રંથોમા ઉર્જયંત અને રૈવતની એકતા જ અભિપ્રેત હોય એમ દેખાય છે દા ત, માઘના શિશુપાલવધ (સર્ગ ૪)મા રૈવતનુ વર્ણન તે ગિરનારનુ હોય એમ લાગે છે પણ સૈન્ય દ્વારકાનો સમુદ્રતટ છોડી તરતજ રૈવત પાસે આવે છે એટલે રૈવતને ગિરનાર એમ નક્કીપણે કહેવુ મુશ્કેલ છે જૈનોના સાહિત્યમા ઉર્જયન્ત (ગિરનાર) અને રૈવતની ઘણુખરુ એકતા સ્વીકારાયેલી દેખાય છે[૨૮]

તેમ છતા શિલાલેખોમા ગિરનાર માટે ઉર્જયન્ત નામ વાપરવા તરફ પક્ષપાત છે પુરાણો ગિરનાર માટે રૈવત શબ્દ વાપરતા ખચકાય છે વસ્ત્રાપથક્ષેત્રમા રૈવત મૂકે છે ત્યારે પણ ગિરનાર સિવાયના–તેની પડખે ના ગિરિને રૈવત કહે છે જુઓ ઉર્જયન્ત અંગેની ચર્ચા (પૃ ૫૦)

રૈવત શબ્દ ઘણો જૂનો છે સોમ વટવાના પથ્થર માટે રૈવત્યા (ચળકતો–તેજયુક્ત) વિશેષણ ઋગ્વેદ (૧૦ ૮ ૯૪ ૧૦)મા પ્રયોજાયુ છે રૈવત પ્રાચીન કાળથી બાઈ ગિરિનુ નામ હશે દ્વારકાની ચર્ચામા (પૃ ૧૦૦–૦૧) સૂચવ્યુ છે તેમ રૈવત પણ દ્વારકાપ્રલયનો ભોગ બન્યો હોય અને રૈવત નામ સૌરાષ્ટ્રના સૌથી મોટા ગિરિ ઉર્જયન્તો માટે પણ પ્રયોજાયુ હોય

સ્કન્દમા રૈવતનુ એક સુંદર વર્ણન છે નારદ કહે છે કે સાધુપુરુષોને મોક્ષનો જાણે પૃથ્વીએ ઊંચો કરેલો હાથ ન હોય એવા ગિરિશ્રેષ્ઠ રૈવતને જોઈને હુ આનંદમા આવી ગયો[૨૯]

જુઓ ઉર્જયન્ત દ્વારકા દ્વારકાક્ષેત્ર રૈવતક વસ્ત્રાપથક્ષેત્ર

---

૨૭ માર્ક પૃ૦ ૨૮૬

૨૮ જુઓ ઉર્જયન્ત ૨૧–૨૪

૨૯ સ્કંદ માહે ૫ —

इत्यागम रैवत गिरिम् ॥ १

आरात प्रमुदितश्चाह पदयस्त गिरिसत्तमम् ।

आउयो नरासाधून् भूमेर्भुजमिवोच्छ्रितम् ॥ २

રૈવતક

[૧] તેજ રૈવત પર્વત.[૧]

[૨] -ક્ષેત્ર વસ્ત્રાપથ ક્ષેત્રનું બીજું નામ રૈવતક-ક્ષેત્ર છે.[૨] તે ક્ષેત્ર આસપાસના પ્રદેશના નામ તરીકે પણ ઉપયુક્ત થયેલ જોવા મળે છે.

[૩] સૌરાષ્ટ્રના કેટલાક ભાગ માટે વરાહમિહિર રૈવતક પ્રયોજે છે. બૃહત્સંહિતામા નૈઋર્ત્ય દિશામાં જ્યાં સમુદ્ર છે ત્યાં સિન્ધુ, અને સૌરાષ્ટ્રની જોડે જોડે રૈવતક પ્રદેશને પણ ગણાવેલ છે.[૩] વળી રૈવતકને પશ્ચિમ દિશામા ગણાવ્યો છે.[૪]

[૪] શાકદ્વીપમાં રૈવતક પર્વત છે[૫]

જુઓ રૈવત.

લઘુકૌંકણ

દેશ. સ્કન્દ તેમાં ૧૪૨૦ ગામ હોવાનું નોંધે છે જુઓ કોંકણ

લાટ

તે નામનો દેશ.[૧]

લાટનો ભૌગોલિક ઉલ્લેખ તો પાછળના સમયનો છે. સંસ્કૃત સાહિત્યમા તેનો ઉલ્લેખ નવમા શતકના કામસૂત્રમાં[૨] મળે છે અને

રૈવતક

૧ જુઓ રૈવત ૧૪ ઉપરાંત ભાગ ૧૬.
૨ જુઓ વસ્ત્રાપથ
૩ બૃહત્સંહિતા ૧૪.૧૯
૪ ,, ૧૬ ૩૦
૫ મબી ૧૧ ૧૮. ૫૩ ૮.૧૭, ૨૫ ૪૯ ૩૪

લઘુકૌંકણ

૧ જુઓ કોંકણ ૧

લાટ

૧ અ ૩૪૦૪ લાટીયા સ્ફુટસદર્ભા . . ।
ગ ૫૫ ૧૬
૨ કામ્ય ૨ ૫ ૨૬

તેથી જૂનો ઉલ્લેખ ટૉલેમી(ઇ. સ. ૧૫૦)માં[૩] મળે છે: Larike. પાંચમા સૈકાના અજન્તાના[૪] ઉત્કીર્ણ લેખમાં લાટનો ઉલ્લેખ છે. મંદસોર(ઇ. સ. ૪૩૭–૩૮)નો લેખ 'લાટવિષય'[૫] આપે છે. પાછળના ચાલુક્ય, ગુર્જર અને રાષ્ટ્રકૂટોના ઇ. સ. ૭૦૦થી ૧૨૦૦ સુધીના લેખોમાં લાટનો ઉલ્લેખ છે.[૬] ઇ. સ. ૮૦૦–૧૨૦૦ દરમ્યાનના આરબ મુસાફરો અને ઇતિહાસકારોએ કરેલા ઉલ્લેખો પણ મળે છે.

સંસ્કૃત સાહિત્યમાં કામસૂત્ર પછી બાણના હર્ષચરિત[૮]માં અને ચતુર્ભાણીમાંના એક ભાણમાં લાટનો ઉલ્લેખ મળે છે.

લાટની હદ: મહી અને તાપી એ બે નદીઓ વચ્ચેનો[૯], ખાનદેશને સાથે ગણતાં થતો[૧૦] પ્રદેશ તે લાટ. રાષ્ટ્રકૂટ રાજા ગોવિન્દ ચોથાના

---

૩ ટૉ પૃ૦ ૩૮, ૧૫૩.
પેરિપ્લસમાં પણ લારિકેનો ઉલ્લેખ છે એમ શ્રી. અલ્તેકર (એજ પૃ૦ ૩) અને શ્રી. રત્નમણિરાવ જોટે (ખંડ પૃ૦ ૧૭૪)નું માનવું લાગે છે, પણ સ્કૉફે આપેલ વાચનામાં એ શબ્દ મળતો નથી.

૪ આર્કિયોલૉજિકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા ૪ પૃ૦ ૧૨૭.

૫ ફ્લીટ: કૉર્પસ૦ ૩ પૃ૦ ૮૦; બૉમ્બે ૧ પૃ૦ ૭.

૬ ઇએ ૧૩ પૃ૦ ૧૫૭–૫૮, ૧૬૩, ૧૮૦, ૧૮૮, ૧૯૬, ૧૯૯, ૨૦૪.

૭ એલિયટસ હિસ્ટરી ૧ પૃ૦ ૩૭૮.

૮ હર્ષચરિત ઉચ્છ્વાસ ૪.
છઠ્ઠા સૈકામાં વરાહમિહિરે લાટનો ઉલ્લેખ કર્યો છે એમ બૉમ્બે (પૃ૦ ૬) કહે છે પણ ગ્રંથમાં કયા સ્થાને?–તેનો નિર્દેશ કર્યો નથી; શ્રી. હ. કૃ શાસ્ત્રીજી અધ્યાય ૧૪ આપે છે (ઍસં પૃ૦ ૨૮૧) પણ બૃસં–ના ૧૪ અને ૧૬ મા અધ્યાયો જેમાં પ્રદેશનામો સંબંધાયા છે તેમાં લાટ નો ઉલ્લેખ નથી બૃસં અપરાન્તક–ઉદીચ્ય (૧૪.૨૦), ભરુકચ્છ (૧૪.૧૧,૧૬.૬), મહીતટજા: (૧૬.૩૧) આપે છે, પણ સ્પષ્ટ લાટ શબ્દથી તે પ્રદેશનો ઉલ્લેખ નથી. વરાહમિહિરમાં લાટનો ઉલ્લેખ નથી તે શ્રી. અલ્તેકર પણ નોંધે છે (એજ પૃ૦ ૪)

૯ બૉમ્બે ૧ પૃ૦ ૭.

૧૦ ન્યોડિ : લાટ.

શક સ ૮૫૫ના દાનપત્રમાં ખેટકમડલ(ખેડા)ને લાટમાં ગણાવ્યુ છે[૧૧] કનોજના રાજા રામભદ્ર (ઇ સ ૮૨૫-૪૦)ના એક સરદાર અલ્લને ગ્વાલિયરના એક ઉત્કીર્ણ લેખમાં લાટમડલાન્તર્ગત-આન-દપુરવિનિર્ગત કહ્યો છે[૧૨] લાટ(ગટ)નુ સિદ્ધપુર (શિહોર), જેના કુમાર વિજયે લકામાં વસાહત કર્યાની વાત છે,[૧૩] તેને ડૉ સુનીતિકુમાર ચેટરજી[૧૪] પશ્ચિમ-અને નદિ કે પૂર્વ-દિશામાં લેખે છે તે બરોબર હોય તો શિહોર પણ લાટમા ગણાતું એમ કહેવાય ટલમ Sin-tu અને Lo-t'u(-cha) આપે છે તેમાથી પાછળનું તે લાટ ડૉ બ્યૂલર આ લાટ તે મધ્ય ગુજરાત એમ કહે છે[૧૫] પણ આને તો સિધનું 'લાર'જ સમજવુ જોઇએ ગુજરાતના ગજકીય એકમ લાટમા આ લારનો સમાવેશ થવો સંભવિત નથી

પરતુ ઉપરની હકીકતોમાંથી એક વાત ચોકકસપણે સમજાય છે કે લાટની હદ જુદેજુદે વખતે બદલાતી રહી છે અને બીજા શતકમાં ટોલેમી લારિક આપે છે તેમાં Barygaza અને Ozene એ મોટાં શહેર હતા એ ઉપરથી મેકક્રિન્ડલ કહે છે તેમ લારિક-લાટ તે ભૌગોલિક કરતા રાજકીય વિભાગ લાગે છે[૧૬]

લાટ શબ્દ લાટ નામ કોઈ તળપદી જાતિ ઉપરથી આવ્યુ હોય. કદાચ લટમાથી જ અને આ લટ તે ર્ નો લ્ થાય છે તે અનુસાર બનવાજોગ છે કે રટ્ટ હોય મહાન રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષ (ઇ સ ૮૫૧-૭૮) પોતાનો રટ્ટવશ આપે છે રટ્ટોનુ મૂળ નગર લટ્ટલુર લાટમા હોય અને તે ઉપરથી દેશ અને વશને નામ મળ્યુ હોય -એવી બે ત્રણ

---

૧૧ ઇએ ૧૪ પૃ ૧૬૮ એમ પૃ૦ ૨૮૭

૧૨ એઇ ૧ પૃ૦ ૧૫૬

૧૩ મહાવસો ૬ ૫૪૨ ૪૩
આહુ સાહપુર તિ ત । ૫૪૨
લાલરટ્ઠે પુરે તસ્મિ । ૫૪૩

૧૪ ઇન્ડોઆર્યન એન્ડ હિન્દી પૃ૦ ૬૭

૧૫ ટાકાકુસુ પૃ૦ ૮, ૨૧૭ વા ૨ પૃ૦ ૨૫૪

૧૬ ટો પૃ૦ ૩૮, ૧૫૩

ગેઝેટિયરની[૧૭] વિચારસરણી છે. વળી તે નોંધે છે કે ભરૂચ અને ધાર વચ્ચેનો પ્રદેશ આજે પણ રાઠ નામે ઓળખાય છે.[૧૮] રાષ્ટ્ર ઉપરથી 'લાટ' થયું એમ ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી અને પં. બેચરદાસજીનો અભિપ્રાય છે.[૧૯] વણિકોની લાડ નામે એક શાખા છે, પણ તે તેના લાટમાં વસવાને કારણે હોય. કુમારપાળે પોતાના રાજ્યમાંથી લાર જાતિને હાંકી કાઢી એમ ટૉડે કહ્યું છે તેને અંગે બૉમ્બે ગેઝેટિયર લાડ વણિકો કરતાં ઈરાનના અખાત ઉપરના લારના પારસીઓનો વિકલ્પ સૂચવે છે.[૨૦] મુસલમાનોમાં લારી અટક હોય છે તે ઈરાનના લાર ઉપરથી સંભવે છે. અલ મસુદી[૨૧] ભરૂચ આસપાસના પ્રદેશમાં લારી ભાષા બોલાતી એમ કહે છે તે તો એ પ્રદેશ મુસલમાનોમાં લાર નામે ઓળખાતો તે ઉપરથી જ છે.

લાટ શબ્દ જૂના સમયમાં કેવળ અપરિચિત લાગતો નથી. ઇ. પૂ. ના શ્રૌતસૂત્રો શાંખાયન અને લાટા(ટ્યા)યન છે તેમાં પાછલામાં 'લાટ' શબ્દ છે. પાંચમા શતક પૂર્વેના એક જ્યોતિષાચાર્ય–સૂર્યસિદ્ધાન્તકાર[૨૨] નું નામ લાટ હતું. સભાપર્વમાં પૂર્વદિગ્વિજયમાં ઉન્નાટ દેશ આપ્યો છે તેનું પાઠાન્તર ઉલ્લાટ[૨૩] મળે છે. કર્ણાટ તો એક દાક્ષિણાત્ય દેશનું નામ પ્રાચીનકાળથી છે જ. લાટ અને કર્ણાટ પાસે પાસે છે અને અંગ–વંગ જોડકાની પેઠે લાટ–કર્ણાટ પણ પ્રાચીન અને તળપદાં નામો સંભવી શકે. આવાં સામ્યધારી નામો ઉપરથી જ અનુમાન દોરી ન શકાય, પણ તેમાંથી સૂચન ઘણીવાર મળી રહે છે. દા ત. કાપી, તાપી, વાપી એ ત્રણ ગુજરાતમાં છે એ સૂચક છે.

લાટ કોઈ સંસ્કૃત શબ્દનું રૂપાન્તર છે એવા અભિપ્રાય રજૂ થયા

---

૧૭ બૉગે ૧ પૃ૦ ૭.

૧૮ ,, ,,

૧૯ ખંડ પૃ૦ ૧૭૭.

૨૦ બૉગે ૧ પૃ૦ ૧૯૪ પાદટીપ ૧.

૨૧ યુલનું માર્કોપોલો ૨ પૃ૦ ૩૫૩: ટો પૃ૦ ૧૫૩.

૨૨ ભારતીય જ્યોતિ શાસ્ત્ર શં. બા. દીક્ષિતકૃત પૃ૦ ૧૬૯ પાદટીપ, ૧૭૭; અપ ૨ પૃ૦ ૨૬૮.

૨૩ મસ ૨૭.૫ ની પાદટીપ.

છે. ઉપર રાષ્ટ્રકૂટ–રટ્ટ–માંથી 'લાટ' શબ્દ આવ્યા વિશેનો મત નોંધ્યો જ છે. પણ શ્રી. અલ્તેકર કહે છે કે રાષ્ટ્રકૂટોનો ગુજરાત સાથે સંબંધ વહેલામાં વહેલો છઠ્ઠા સૈકાથી શરૂ થયો, જ્યારે લાટ નામનો પ્રચાર તો પ્રથમ સૈકાથી જ છે;[૨૪] એટલે રાષ્ટ્રકૂટ–રટ્ટ–લાટ એ ક્રમ સ્વીકાર્ય કરતો નથી. અશોકના ધૌલી શિલાલેખનું લઠિક અને ગિરનાર શિલાલેખનું રિષ્ટિક (=રાષ્ટિક) તે લાટ એવો લાસેનનો મત છે.[૨૫] રાષ્ટિક તે રાષ્ટ્રિક–રાષ્ટ્રનું–ઉપરથી એમ સૂચવાયું છે.[૨૬] પેરિપ્લસમાંનું Ariaca તે ખરું જોતાં Latika (ઉચ્ચાર Larica) છે એમ લાસેનનું ધારવું છે[૨૭] રાષ્ટ્ર કે રાષ્ટ્રિક ઉપરાંત આનર્તમાંથી લાટ વ્યુત્પન્ન કરવાનો પ્રયત્ન પણ થયો છે. શ્રી અલ્તેકર[૨૮] આનર્તમાંથી પ્રાકૃત અલાટ્ટ (=આણટ્ટ) અને તેમાંથી લાટ રૂપ મળે એવો ક્રમ રજૂ કરે છે. આનર્ત શબ્દને નટનર્તક સાથે સંબંધ હોવા વિશેની સંભાવના રજૂ કરતાં મેં નર્તક–નટ્ટ–લાટ્ટ –લાટ એ ક્રમ પણ સૂચવ્યો છે જ.[૨૯] શ્રી. રસિકભાઈ છો. પરીખ लट[૩૦] =ચોર, લુટારુ અથવા लट=દુર્જન ઉપરથી લાટ થવાની સંભાવના મને સૂચવે છે. ભિલ્લમાલ[૩૧] નામ ભિલ્લ=ભાલ=જંગલી જાતના લોક–ઉપરથી થયું છે તે દૃષ્ટાન્તના પ્રકાશમાં એમની સૂચના વિચારવા જેવી છે. મહીનાં કોતરો પ્રાચીન સમયથી જ લૂટફાટ માટે સગવડવાળાં હોય આજે તો કહેવત છે જ કે 'આવી મહી ને ફિકર થઈ.' લટ્ટો એ આ પ્રદેશની કોઈ ભિલ્લ અને મીણા જેવી મૂળ જાતિ હોય.

નોંધ ૧: રાજકાજપટુમાં लट=દોષ આપે છે, પણ लट=દુર્જન (શબ્દરત્નાવલી ને આધારે) આપે છે તે लट्ट=જાતિવિશેષ ('જેટુવા') પણ આપે છે આ સંસ્કૃત શબ્દો પણ મૂળ દેશ્ય શબ્દો કે તેમના રૂપાન્તરો હોય

---

૨૪ એટા પૃ૦ ૩.

૨૫ અશોક ટેક્સ્ટ ઍન્ડ ગ્લોસરી પૃ૦ ૧૨૩ 'લઠિક–રાષ્ટ્રીકો, કઈ જાતિ તે ચોક્કસ થઈ શકયું નથી સેનાર્ટ=સુરાષ્ટ્ર, લાસેન=લાટ; રા ભાણ્ડાર કર=મહારાષ્ટ્ર સાથે સંબંધ રાખનાર, ટુચ્ચી સૂચવે છે કે તે પંજાબના આરટ્ટો, પેરિપ્લસના Aratrioi, હતા '–વૂલ્નર

૨૬ પેરિ પૃ૦ ૧૭૫

૨૭ ,, પૃ૦ ૧૭૪–૫.

૨૮ એટા પૃ૦ ૪.

૨૯ જુઓ આનર્ત

'લાટ નામ ભારતીય નહિ પણ પરદેશીઓએ આપેલુ લાગે છે અને તેથી જ તેની વ્યુત્પત્તિની મુશ્કેલી છે, તેથી જ પ્રાચીન ઉત્કીર્ણ લેખો અને પુરાણોમા તેના ઉલ્લેખનો અભાવ છે,' એમ શ્રી અલ્તેકર કહે છે[૩૨] મહાભારત અને પુરાણોમા જે જાતિ-અને પ્રદેશ-વાચક અસંખ્ય નામો છે તેમાના ઘણા ભારતીયેતર છે છતા તે ગણાવાયા છે, તો લાટનો ખાસ વાંધો હોવો જોઈએ નહિ સિંધમા આજે બારબાકા છે અને ઈરાનમાં પણ લારિસ્તાન છે ગોરખપુર જિલ્લામા દેવરિયા તહસીલમા પણ એક લાર નામનુ ગામ છે લકામા વસાહત કરનાર વિજય લાટમાથી ગયેલો તે ડૉ રાધાકુમુદ મુકરજીના[૩૩] મત પ્રમાણે પૂર્વ ભારતનો હોય તો પૂર્વ ભારતમા પણ લાટ નામ મળે આ સંદર્ભમા ટોલેમીએ તે તરફના નગરોમા ગણાવેલુ Lariagara[૩૪] નોંધપાત્ર છે .. ટોલેમીનુ લારિક તે આજના આખા અરબીસમુદ્ર માટે વપરાતુ હોય એ સંભવિત છે નર્મદા અને સિંધુના મુખપ્રદેશો અને ઇ ઈરાન-એ આખા સમુદ્રકાંઠાને 'લાર' શબ્દ સાથે સબંધ છે એ જરૂર એક સૂચક ઘટના ગણાય

શ્રી રત્નમણિરાવ જોટે લાટ અત્યારે ખંભાતના અર્થમા વપરાય છે એ ઉપરથી એક 'અનુમાન' રજૂ કરે છે 'જે કિનારે ખંભાત શિવલિંગોની પૂજા ઘણા જોરમા ચાલુ રહી એ પ્રદેશને પરદેશીઓએ લાર અગર લાટ નામ આપ્યુ હોય એવો સંભવ દેખાય છે એ પૂજા જેમ જેમ સંકોચાતી ગઈ અને નર્મદાતટે પાશુપતાચાર્યનુ ઉદ્ભવસ્થાન હોવાથી અને ગુજરાત કાઠિયાવાડનો ખંભાતના અખાતનો એ કિનારો વિગરથાપનથી ભરપૂર હોવાથી એ ભાગનુ નામ લાટ રહી ગયુ '[૩૫] વળી તેઓશ્રી 'લાટ એટલે સ્તંભ' એ હિંદની બહારનો શબ્દ છે એમ બતાવતા ઉમેરે છે કે 'ઇજીપ્ત વગેરે જગ્યાએ સેથ અગર સેત અગર સાત (Seth, Set or Sat) કે જેનો પડેલો અક્ષર ફરી જઈને તેટ

૩૦ મોનિયેર વિલિયમ્સનો કોશ

૩૧ કા ૨ પ્રવેશક પૃ૦ ૯૮

૩૨ એજ પૃ૦ ૩

૩૩ વસંત જયંતમહોત્સવ સ્મારકગ્રંથ પૃ૦ ૧૮૭-૮૮

૩૪ ટો પૃ૦ ૨૨૫

૩૫ ખંભ પૃ૦ ૧૭૩

(Tet) થયુ એની સ્તભાકારે પૂજા થતી મિ વેસ્ટરોપ લખે છે કે હિંદુસ્તાનમાં સ્તભના અર્થમા અગેાઠ બુદ્ધ વગેરેના સ્તભને માટે 'લાટ' શબ્દ વપરાય છે તે માત્ર આ ફિનિશિયન સેમેટિક દેવ તેઝ, સેટ કે સેથનુ બીજુ રૂપ છે જાણે 'સ અગર તો 'ત' નો 'લ' કેવી રીતે થયો તે મિ વેસ્ટરોપ સમજાવતા નથી પરંતુ મિ વેસ્ટરોપનો અભિપ્રાય ભાષાશાસ્ત્રીની દૃષ્ટિએ નહિ તો બીજી રીતે પણ ખરો હોય એમ લાગે છે અને હિંદના પશ્ચિમ કિનારાનો પશ્ચિમ એશિયાના દેશો સાથેનો પ્રાચીન સબંધ, સ્તભ-પૂજા અને લિંગપૂજાની વ્યાપકતા—એ બધુ સાથે લેતાં લાટ શબ્દ મિ વેસ્ટરોપ કહે છે તેમ સ્તભાકાર 'સેથ' વગેરે શબ્દો માથી આવ્યો હોય એમ સભવે અને ગુજરાતના કિનારાનુ લાટ નામ છે એનાં જે કારણો આજ સુધી આપવામાં આવ્યા છે તે કરતાં આ વધારે બંધબેસતું લાગે છે [૩૬] તે ઉપરાંત પશ્ચિમ એશિયાના દેશોમાં લાત નામની દેવી હતી પરનામ આવતા લાતની મૂર્તિ સોમનાથમા આવી અને મહમદના લશ્કરે તે જોઇ હતી, એવા ઉલ્લેખો ઉપરથી શ્રી રત્ન મણિરાવ કહે છે કે તો લાત સ્તભાકારે હોય તો ફારસીશબ્દ લાર અને સસ્કૃત શબ્દ લાટને એની સાથે સબંધ હશે? સ્તભાકાર લિંગ સાથે એને સરખાવે છે એ શું સૂચવે છે? આ વાતનો નિર્ણય તો સબળ આધાર વગર ન થઇ શકે? [૩૭]

શ્રી રત્નમણિરાવના અનુમાનનો પાયો લાટ=સ્તભ એવા ભાષાવિષયક અભિપ્રાય ઉપર છે આ સ્તભ તે લિંગપૂજાનુ પ્રતીક હતો, લિંગપૂજા પશ્ચિમ હિંદ અને પશ્ચિમ એશિયાના દેશોમા વ્યાપક હતી અને તેને માટે પશ્ચિમ એશિયામા જે કોઇ સ્તભસૂચક શબ્દ વપરાતો હશે તે ઉપરથી પશ્ચિમ હિંદના કિનારાનો પ્રદેશ—જ્યાં પણ સ્તભપૂજા હતી તે—ને લાટ નામ મળ્યુ એવી એમની વિચારસરણી છે આવી વિચારસરણીમાથી તો બીજા અનુમાનો પણ અવશ્યપણે એ નીકળી આવે કે હિંદમાં લિંગપૂજા પણ બહારથી આવી અને લિંગવાચક પરદેશી શબ્દ પોતાના ઉદ્ભવસ્થાન ઇજીપ્ત કે અરબસ્તાન જેવા દેશોના કોઈ વિભાગને સૂચવનાર વિશેષનામ ('લાટ') ન બનતા પશ્ચિમહિંદના પ્રદેશને (અને પડોશે સિંધ અને દક્ષિણ ઇરાનના ભાગોને) જતો એ વળગ્યો આ વસ્તુઓ

૩૬ બો ગ્રં પૃ૦ ૧૭૩-૪

૩૭ , , ૧૭૪ પાદટીપ ૮૩

બાજુએ રાખીએ તો પણ, મુદ્દાની વાત છે તે તો એ કે શ્રી. રત્નમણિરાવે પોતે જ સૂચવ્યું છે તેમ ડૉ. વેરટરૉપ 'લાટ' શબ્દ કોઇ સેમિટિક શબ્દમાંથી સિદ્ધ થતો બતાવવામાં સફળ નીવડ્યા નથી. શ્રી રત્નમણિરાવે ટેકારૂપ દલીલસરણી 'લાત' શબ્દને આધારે રજૂ કરી છે તેમાં પણ એક વાત એ તરી આવે છે કે અરબી શબ્દને અંતે 'ત' છે, 'ટ' નથી. ઇતિહાસોમાં અરબો 'લાર'જ વાપરે છે. અને ગ્રીક નામ પણ 'ર્'યુક્ત 'લારિક' છે. પશ્ચિમ એશિયામાંથી 'લાર' નામ અહીં આવ્યું હોય તો 'ર્' નો 'ટ્' થવો દુર્ઘટ હોઈ તે 'લાર'માંથી આપણે ત્યાનો પ્રચારનો શબ્દ 'લાટ' ઊપજવો મુશ્કેલ છે. જ્યારે અહીં અસલ 'લાટ' નામ હોય તો તેનું પ્રાકૃત 'લાડ' (પાલી લાળ–મહાવંસો) થતાં પરદેશીઓ એને 'લાર' કહે એ કેવળ સ્વાભાવિક છે. આપણા લાટ સાથે વેપાર સંબંધવાળા દ. સિંધ અને દ. ઈરાનના ભાગો લારી–લાર તરીકે ઓળખાયા હોય, અર્થાત્ આપણા 'લાટ'ના કારણે તેમને લાર નામ મળ્યું હોય...આ રીતે જોતાં, લાટ શબ્દ અન્નત્ય હોવાની સંભાવના વધુ વિચારપાત્ર ઠરે છે. અર્થાત્, આપણા દેશવાચક લાટ શબ્દને કોઇ વિદેશી મૂર્તિવાચક શબ્દ સાથે સંબંધ યોજવો દુર્ઘટ છે.

'સ્તંભ'નો શ્રી. રત્નમણિરાવને ૬૪ એવો પર્યાય 'લાટ' તે સં. યષ્ટિ–લષ્ટિમાંથી નિષ્પન્ન થયેલો હોય. 'હિંદી શબ્દકોષો લાટને સંસ્કૃત યષ્ટિ ઉપરથી ઉપજાવે છે પણ એ વ્યુત્પત્તિ ખોટી છે એમ વિદ્વાનોનો મત છે'[૩૮] એમ એ કહે છે, પણ એવા મત પાછળનાં કારણોનો એમણે નિર્દેશ કર્યો નથી. 'ગૂજરાતીમાં સ્તંભ જેવા પાતળા લાકડાને લાટ કહે છે. દા. ત. ધાણીની લાટ, ચીંચવાની લાટ. એ શબ્દ કયી ભાષાનો એ હજી સુધી નક્કી નથી થયું.'[૩૯]–એમ એ ઉમેરે છે. એમણે ઉત્તર હિંદમાં 'બુદ્ધ કી લાટ'[૪૦] કહેવાય છે એ નોંધ્યું છે, ઉપરાંત કબીરના ભજનની 'ગુરુ બિન કોણ બતાવે વાટ ? બ્રહ્મ કી પડાડી નદિયા બિચમોં અહંકાર કી લાટ !' એ પંક્તિઓમાં 'લાટ' શબ્દ લાંબા મોટા પથ્થર માટે પણ પ્રયોજાયેલો જોવા મળે છે. હિંદી તેમ જ ગુજરાતી બંને શબ્દો સ્ત્રીલિંગી છે એ ઉપરથી પણ યષ્ટિ–લાટિ–લાટય–લાટ એ ક્રમ જોઇ

---

૩૮ ખંડ ૫૦ ૧૭૩ પાદટીપ ૮૦.

૩૯ ,, ,, ૧૭૩.

૪૦ ,, ,, ,,

શકાય છે. આ ગુજરાતી શબ્દ 'લાટ' તે ખરું જોતાં 'લાટચ' છે. અને એ શબ્દ 'લાટ્ય' (મૂળ લટ્ટિ-જેમાંથી 'લાઠી' શબ્દ પણ આવ્યો છે-) ને સ્તંભ-કે લિંગ-પૂજા સાથે સંબંધ હોય તો પણ એ 'લાટ્ય' અને પ્રદેશવાચક 'લાટ' એ બંને શબ્દો તદ્દન ભિન્ન સંભવે છે. સાણનો લાટો, લાકડાની લાઠી, વગેરેમાંના લાટને અંગ્રેજી લૉટ (lot=જથ્થો) સાથે સંબંધ હશે? અં. લોર્ડ'સાહેબમાંથી આવેલા 'લાટ સાહેબ'નો પ્રાચીન લાટ સાથે સંબંધ બેાલતો નથી એટલું ઠીક છે!

ઉપરની ચર્ચાથી પ્રતીત થશે કે પ્રદેશવાચક શબ્દ 'લાટ' કોઈ દેશ્ય, તળપદો, અન્યત્ય જ્ઞાનિવાચક હોવાની સંભાવના કાઢી નાખવામાં ઉતાવળિયાપણું લેખાશે, ઊલટું એ સંભાવના વધુ તપાસ માગી લે એવી છે.

લાડ

દેશ, જેમાં ૨૧૦૦૦ ગામ હતાં.[૧] તે જ લાટ. જુઓ લાટ.

લોહાટી

ગામ, દેવીએ અંધ કરેલ લોહાસુરને જ્યાં હરિએ હણ્યો તે સ્થળે વસેલું.[૧] આ જ લોડાણુ કે લોહાણા નગર. જુઓ લોહાણ અને લોહાણા.

લોહાણ

તે જ લોહાણા.[૧] જુઓ લોહાણા અને લોહાટી.

લોહાણા

નગર, જ્યાં લોહાસુરને દેવી અંધ કરી દે છે.[૧] પછીથી તે દેવી એ નગર-

---

લાડ

૧ સ્કંભાકૌ ૩૯.૧૪૬ एकविंशतिसाहस्रो लाटदेश. प्रकीर्तित. ।

લોહાટી

૧ સ્કંભાકૌ ૬૬.—

..... हरि ॥ ११५

यत्र हता तत्र ग्राम लोहाटीति भविष्यति ॥ ११६

લોહાણ

૧ જુઓ અટ્ટાલય ૧.

લોહાણા

૧ સ્કંભાકૌ ૬૬.૨૫ अन्धो यत्र कृतो लोहो लोहाणाभिधया पुरम् ।

માં મહીસાગરની પૂર્વે, ધર્મારણ્યમાં વસી.[૨] અડાલજ અને લોહાણુ[૩] એ બંનેમાં એ દેવી–કેસેશ્વરી, દુર્ગા અથવા વત્સેશ્વરીનો વાસ ગણાવાયો છે. ધર્મારણ્યમાહાત્મ્યમાં લોહાસુરને મારનાર દેવીનું નામ શ્રીમાતા આપ્યું છે. (જુઓ ધર્મારણ્ય.) જુઓ લોહાણ અને લોહાટી.

વર્ણાશા

બનાસ નદી, પારિયાત્ર પર્વતમાંથી નીકળેલી નદીઓમાંની એક.[૧] લૂણીને મળે છે.[૨] જુઓ પર્ણાશા.

વલભી

નગર. શર્યાતિ, જેણે પોતાની દીકરી સુકન્યા ચ્યવન ભાર્ગવને પરણાવી, તે વલભીમાં હતો એમ પ્રભાસખંડ કહે છે.[૧]

વલભી, ગુજરાતનું એક પ્રાચીન પાટનગર, હાલ વળા નામે ઓળખાય છે. તાજેતરમાં વળાને પાછું 'વલભીપુર' નામ આપવામાં આવ્યું છે. વલભીવંશનાં તામ્રપત્રો માટે જુઓ ગુએ ૧ અને ૩. યુવાન શ્વાંગ[૨] Fa-la-p'i આપે છે. દશકુમારચરિત ઉપરથી વલભી બંદર સમજાય છે.[૩]

વલ્કલિની

તે જ વલ્વિની ? વેરાળ નદી.[૧] જુઓ વલ્વિની.

---

૨ રાપ્રમાહો ૬૫.૧૦૪

દુર્ગા નામ ભવિષ્યામિ મહીસાગરપૂર્વત:।
ધર્મારણ્યે વસિષ્યામિ . . . ॥

૪ જુઓ અદાલય ૧.

વર્ણાશા

૧ જુઓ પારિયાત્ર ૩, ૪, ૫.

૨ રીઈ પૃ૦ ૩૮.

વલભી

૧ રાપ્રપ્ર ૨૮૨.૧ તત. શ્રુત્વા ચ શર્યાતિર્વલભીસ્થાનસંસ્થિત:।

૨ વો ૨ પૃ૦ ૨૪૬.

૩ જુઓ સ્ફોટક ૧૦.

વલ્વલિની

૧ ૫૩ ૧૩૪.૫૬ શ્વેતા વલ્વલિની પુણ્યા તત: શ્વેતા હિરણ્મયી।

વલ્કિની

[1]વેકણી (ઈડર સંસ્થાનની) નદી સંભવે છે. વલ્કલિનીનો પાઠભેદ ! જુઓ વલ્કલિની.

વસ્ત્રાપથ-ક્ષેત્ર

[1] સૌરાષ્ટ્રમાં ગિરનારની આસપાસનું ક્ષેત્ર,[1] રૈવતક ક્ષેત્ર.[2] તે ક્ષેત્રનો વિસ્તાર : જતા જતાં શિવનું વસ્ત્ર ભૂમિ પર પડ્યું તેના જેવડું વસ્ત્રા-[1] પથ ક્ષેત્ર ગણાયું.[3] ઉત્તરમાં ભદ્રા નદી, પૂર્વમાં બે યોજન, દક્ષિણે બલિનું સ્થાન ને નદી પછી ઉર્જયત અને પશ્ચિમે નદીઓનો સંગમ. ક્ષેત્રનો વિસ્તાર ચાર યોજન છે.[4] ભવ (ભવનાથ) વસ્ત્રાપથે, દામોદર રૈવતકે અને અંબા ગિરિમસ્તકે છે.[5]

વલ્કિની

૧ ૫ ૬ ૧૩૬.૩

વસ્ત્રાપથ-ક્ષેત્ર

૧ ૨૬પ્રભ ૧૬.—
સુરાષ્ટ્રદેશે વિખ્યાત તીર્થં વસ્ત્રાપથ શ્રુણુ ॥ ૭૨
ઉર્જયન્તો ગિરિસ્તત્ર તથા રૈવતકો ગિરિઃ । ૭૩

૨ ૨૬પ્રભ ૧.—
એતદ્રૈવતક ક્ષેત્ર વસ્ત્રાપથમિતિ શ્રુતમ્ ॥ ૨

૩ ૨૬પ્રભ ૧૧ ૧૩-૧૪

૪ ,, ૧૧.—
ઉત્તરેણ નદી ભદ્રા પૂર્વસ્યાં યોજનદ્વયમ્ ॥ ૧૪
દક્ષિણેન બલે. સ્થાનમુદ્વયન્તો નદીમનુ ।
અવરસ્યા પર નદ્યો સંગમ વામનાત્પુરાત્ ॥ ૧૫
ક્ષેત્રસ્ય વિસ્તરો જ્ઞેયો યોજનાનાં ચતુષ્ટયમ્ ॥ ૧૬

[1] ૫ ૨૬પ્રભ ૧૦.૨૨૧
વસ્ત્રાપથે ભવવરો ભવ સ્થિતો દામોદરો રૈવતકે વ્યવસ્થિતઃ ।
[1] અંબેતિ દેવી ગિરિમૂર્ધ્નિ સંસ્થિતા ।

ત્યા સુવર્ણરેખા(સોનરેખ)નદી છે, જે વામનનગરથી ઈશાન કોણે છે [૬] ત્યા સાક્ષાત્ વિષ્ણુ દામોદરહરિ છે ને મૃગીકુંડ છે [૭] . . સોમનાથના સાન્નિધ્યમાં મહાન ઉદયન્ત (ઊર્જયન્ત) ગિરિ છે, તેના પશ્ચિમભાગે રૈવતક છે ત્યા કાંચનશીખરથી વાહિની નદી વહે છે [૮] ત્યા રેવતીકુંડ છે [૯] . દામોદરમંદિર ઉપર પંચવર્ણ ધ્વજ ચડાવવો તે સ્થળથી બે ગાઉ વસ્ત્રાપથક્ષેત્ર [૧૦] ભવદેવ (ભવનાથ)[૧૧] વૈશાખની પૂર્ણિમાએ સ્વર્ણરેખા નદીના તળમાંથી ભૂમિ ભેદીને નીકળ્યા [૧૨]

વસ્ત્રાપથના તીર્થો સ્વર્ણરેખા જે દામોદર હરિ પાસે છે તે ત્યા જ બ્રહ્મકુંડ અને બ્રહ્મેશ્વર કાનમેધ ભવ [૧૩] ત્યાથી ૪ ગાઉ ઉપર કાલિકા, ત્યા જ ચન્દ્રેશ્વર અને રૈવત પર્વત ઉર્જયત અને કુભી(તી)શ્વર તેમજ ભીમેશ્વર [૧૪] તે પછી તૈલસારણિક નામે ક્ષેત્ર જે દસ ગાઉનુ છે [૧૫] ત્યા જ મૃગીકુંડ [૧૬] દુન્નાવિલ્વાદેવી, મંગલની પશ્ચિમે એક યોજન ઉપર પહેલા ત્યા સુવર્ણની ખાણ હતી ત્યા પાતાલવિવર છે [૧૭] મંગલ ની પશ્ચિમે ગંગાસ્રોત અને સુરાકેલિંગ-ગંગેશ્વર [૧૮] મંગલની પશ્ચિમે સિદ્ધેશ્વર, ત્યા જ ચક્રતીર્થ ત્યાથી મંગલની પશ્ચિમે યક્ષવન, જ્યા યક્ષે શ્વરી દેવી છે [૧૯] ભુક્તિશિખરે સીમાલિંગ ત્યા ગજેન્દ્રનું પદ (તે જ હાથી પગલુ) છે ઋષિકાઓ છે. ત્યા રૈવત ઉપર સાત કુંડ છે અણિકા (તે જ

---

૬ સ્કંદપ્રભ ૧૪૨
૭ , ૧૩૪
૮ ,, ૧૬૮ ૬૯
૯ ,, ૧૯૮
૧૦ ,, ૧૧૦૫૦૬
૧૧ ,, ૨૦
૧૨ ,, ૧૧૯૧૦
૧૩ ,, ૩૧૩
૧૪ ,, ૩૪૬
૧૫ ,, ૩૫૬
૧૬ ,, ૩૬
૧૭ , ૪
૧૮ ,, ૫
૧૯ ,, ૬૧૪

વામનનગર

નગર.[૧] વામન બલિને બાંધી નગર સ્થાપીને રૈવતક ઉપર આવી વસ્યા એવો ઉલ્લેખ છે. તે નગરથી ગિરનાર પાસેનું વામનસ્થલી–આજનું વંથલી અભિપ્રેત છે.આગળ 'વામનનગર' સ્પષ્ટ આપ્યું છે.[૨] નગરની ઈશાને સ્વર્ણ-રેખા નદી છે.[૩] નગર વસ્ત્રાપથક્ષેત્રની દક્ષિણ દિશાએ આવેલું છે.[૪]

વાર્તઘ્ની

વાત્રક નદી.[૧] જુઓ વાર્ત્રઘ્ની, વેત્રવતી.

વાર્ત્રઘ્ની

વાત્રક નદી.[૧] વૃત્રને મારવાથી ઇન્દ્રને બ્રહ્મહત્યા લાગી તે વાર્ત્રઘ્નીસાભ્રમતી સંગમતીર્થે દૂર થઈ.[૨] વાત્રક નામ ઉપરથી ઉપજાવેલું આ સંસ્કૃત રૂપ છે. બીજાં રૂપો પણ મળે છે. જુઓ વાતઘ્ની, વાર્તઘ્ની, વૃતઘ્ની, વતઘ્ની; ઉપરાંત વેત્રવતી.

વામનનગર

૧ ૨૬પ્રભ ૧૦.૧૩
વામનો નગરં સ્થાપ્ય શિવં સિદ્ધેશ્વરં પ્રતિ ।
જિત્વા દૈત્યં બલિં બદ્ધ્વા સ્વયં રૈવતકે સ્થિતઃ ॥

૨ ૨૬પ્રભ ૧૪.૧ વસ્ત્રાપથે મહાક્ષેત્રે નગરે વામને પુરા ।
'વામનપુર' માટે જુઓ વસ્ત્રાપથ–ક્ષેત્ર ૪.

૩ ૨૬પ્રભ ૧૪.૨ ઈશાનકોણે નગરાત્સ્વર્ણરેખાનદીજલે ॥

૪ ૨૬પ્રભ ૧૪.૭૮
સુરાષ્ટ્રદેશે વિખ્યાતં ક્ષેત્રં વસ્ત્રાપથં નૃપ ।
તસ્ય દક્ષિણદિગ્ભાગે બલેઃ સિદ્ધં મહાપુરમ્ ॥

વાર્તઘ્ની

૧ પઉ ૧૩૪.૫૬

વાર્ત્રઘ્ની

૧ પઉ ૧૬૮.
૨ પઉ ૧૬૮.૬૯-૭૦

વાસિક્ય

નાસિક્યનો ભ્રષ્ટ પાઠ.[૧] જુઓ નાસિક.

વિન્ધ્ય

પર્વત[૧] સાત કુલ પર્વતમાંનો એક.[૨]

તેમાંથી વહેતી નદીઓ[૩] તાપી, ક્ષિપ્રા, આદિ મુખ્ય છે.

જુઓ વિન્ધ્યપૃષ્ઠનિવાસી અને વિન્ધ્યવાસી.

વિન્ધ્યપૃષ્ઠનિવાસી

વિન્ધ્યપર્વતના પૃષ્ઠ ભાગ પર રહેતા લોકોના પ્રદેશોનો સમૂહ.[૧] તેમાં માલવ, અનૂપ, અવન્તિ, આદિનો સમાવેશ થાય છે. જુઓ વિન્ધ્યવાસી.

વિન્ધ્યવાસી

વિન્ધ્યપર્વતના પૃષ્ઠભાગ પર રહેતા લોકોના પ્રદેશોનો સમૂહ.[૧] જુઓ વિન્ધ્યપૃષ્ઠનિવાસી.

વાસિક્ય

૧ જુઓ અપરાન્ત ૨.

વિન્ધ્ય

૧ બ્રપૂબ્ર ૧૬.૩૪; મ ૧૧૪.૨૮; વા ૪૬.૧૦૩

૨ મભી ૯.૧૧

महेन्द्रो मलयः सह्यः शुक्तिमानृक्षवानपि ।
विन्ध्यश्च पारियात्रश्च सप्तैते कुलपर्वता. ॥

કૂપૂ ૪૭.૨૩-૨૪; પ ૮૫.૨; પદ્મ ૬.૭-૮

૩ મ ૧૧૪.—

तापी पयोष्णी निर्विन्ध्या क्षिप्रा च ऋषभा नदी ।
वेणा वैतरणी चैव विश्वमाला वसुद्वती ॥ २७
तोया चैव महागौरी दुर्गमा तु शिला तथा ।
विन्ध्यपादप्रसूतास्ता सर्वाः शीतजला शुभा ॥ २८

વિન્ધ્યપૃષ્ઠનિવાસી

૧ મ ૧૧૪.૫૧-૫૪; બ્રપૂબ્ર ૧૬.૬૩-૬; વાપૂ ૪૬.૧૩૧-૪ ઉપરાંત જુઓ અનૂપ ૨, ૪.

વિન્ધ્યવાસી

૧ જુઓ વિન્ધ્યપૃષ્ઠનિવાસી ૧.

વિશાલા

ઉજ્જયિનીનું એક નામ. વિશાલાભિધાનકથન અધ્યાયમાં કથા છે કે એકવાર સર્વ ભૂતગણો સર્વ સુરાસુરો, ચોરાશી લિંગો, લોકપાલો, ઋષિઓ, આદિ સૌએ ઉમાપતિનું ધ્યાન ધર્યું ત્યારે પાર્વતીએ એમની તરફ ઉપેક્ષા ન સેવવા પતિને કહ્યું અને તેમને રક્ષણ આપવાની ઇચ્છાથી મને એક પુરી રચી આપો એવી ઇચ્છા દેખાડી, જે શિવે પૂરી કરી. બહુ વિસ્તારવાળી વિશાળ નગરી હોઈ તે વિશાલા કહેવાઈ.[૨]

વિશ્વામિત્રા

નદી.[૧]

વડોદરા પાસે વહેતી આજે વિશ્વામિત્રી નામે ઓળખાતી જ નદી તે આ એમ કહી શકાતું નથી. વનપર્વની વિશ્વામિત્રનદી પારા પશ્ચિમ દિશામાં ગણાવેલી છે.[૨] પારિયાત્રને આશ્રયે વહેતી નદીઓ વાત્રક, બનાસ, નર્મદા, મહી, શિપ્રા વગેરેની એકનું નામ પારા છે,[૩] તે તો ભોપાલમાંથી નીકળી ચંબલને મળતી પર્ણાશા છે.[૪] પણ છેવટે વિશ્વામિત્રી નામ ગુજરાતની નદી પરત્વે રિયર થયું લાગે છે.

વૃત્રઘ્ની

વાત્રક નદી. પારિયાત્રમાંથી નીકળેલી નદીઓમાંની એક.[૧]

પાર્જિટર, નદીના બીજા ઉલ્લેખો મને મળ્યા નથી અને તે કઈ નદી તે દેખીતી રીતે જ કહી શકાતું નથી. એમ કહે છે.[૨] એના

વિશાલા

૧ ૨૬આઅ ૪૭.

૨ ૨૬આઅ ૪૭.૩૯

વિશ્વામિત્રા

૧ મહી ૬.૨૬; ૫૨૪

૨ મત્ય ૮૭.૭

૩ જુઓ પારિયાત્ર ૨.

૪ માર્ક પૃ૦ ૨૯૫.

વૃત્રઘ્ની

૧ જુઓ પારિયાત્ર ૨,

ઉલ્લેખો નીચે બતાવ્યા જ છે અને તે વાત્રક લાગે છે
જુઓ વાર્ત્રઘ્ની અને વેત્રવતી.

વેત્રવતી

વાત્રક નદી.

વૃત્રે મહાગંભીર નામનો હ્રદ કરેલો તેમાથી તે નીકળી[1] અને સાભ્રમતીને મળી[2] કાંઠે બેટકનગર છે[3]

ભુવનકોશવર્ણનમાં ક્રમાક બે વેત્રવતી આવે છે.[4] એક ઉત્તરની લાગે છે અને બીજી પારિયાત્રમાથી નીકળેલી નદીઓમાની એક તરીકે મત્સ્ય, વાયુ, બ્રહ્મ આપે છે.[5]

પારિયાત્રમાથી નીકળતી વેત્રવતી અને વાર્ત્રઘ્ની એ બે નદીઓમાંથી હાલની વાત્રક કઈ[6] વાગ્વ્યાપારની દૃષ્ટિએ તો વાત્રક કે વાર્ત્રઘ્ની કે એને મળતાં બીજાં વાતઘ્ની, વાર્તઘ્ની, વૃતઘ્ની અને વ્રતઘ્નીને વધુ નજીક છે પદ્મ બનેને વૃત્ર સાથે સબધ ધરાવતી, સાભ્રમતીને મળતી વર્ણવી[7] અને હાલની વાત્રકના પ્રાચીન રૂપો છે એમ સ્થાપે છે. પણ મોટી મુશ્કેલી એ છે કે ભુવનકોશવર્ણનમા પારિયાત્રમાથી નીકળતી નદીઓમાં વેત્રવતી(વત્યા) અને વૃત્ર(-વ્રત-વાત-)ઘ્ની એમ બે જુદી જુદી નદીઓ ગણાવી છે[8]

પાર્જિટર[9] વેત્રવતી તે બોપાલ પાસેથી નીકળી યમુનાને મળતી બેટવા એમ કહે છે તે સદેજે સ્વીકાર્ય છે મેઘદૂત (૧ ૨૫) વેત્રવતી (જેને તટે વિદિશા–આજનું બીલસા) આપે છે તે જ આ બેટવા. પારિયાત્રમાથી

વેત્રવતી

૧ પદ્મ ૧૩૩.૧
૨ ,, ૧૩૩ ૧૮,૧૩, ૪
૩ ,, ૧૩૩.૧૯
૪ મત્સ્ય ૧૦ ૧૮,૧૦ ૧૮. પદ્મ ૧ . ૧૮,૬ ૧૬
૫ જુઓ પારિયાત્ર ૨,૪,૫,૬,૭.
૬ જુઓ ઉપર ૧ અને ૨, જુઓ વાર્ત્રઘ્ની ૨.
૭ જુઓ પારિયાત્ર ૨,૩,૪,૫,૬,૭.
૮ માર્ક પૃ૦ ૨૯૫

નીકળતી વેત્રવતી તે બેટવા નદી અને વ્રત(-વ્રત-યાત-)ની તે વાત્રક એમ નિર્વાહ કરવો યોગ્ય છે.

પાર્જિટર પશ્ચિમ હિંદમાં બીજી એક વેત્રવતી હોવાનું પણ કહે છે. પાછળથી વાત્રક માટે વેત્રવતી રૂપ પણ પ્રયોજાયું પદ્મના ઉલ્લેખથી સ્પષ્ટ સમજાય છે.[૯]

જુઓ ગાતની, વાર્તની, વાર્ત્રની, વૃત્રની, વેત્રવત્યા, વ્રતની

વેત્રવત્યા

વેત્રવતી નદી.[૧] જુઓ વેત્રવતી.

વ્રતની

વાત્રક નદી.[૧] જુઓ વાર્ત્રની, વેત્રવતી.

શિપ્રા

[૧] ઉજ્જૈન પાસેની શિપ્રા નદી[૧]

મેઘદૂત (૧.૩૨) શિપ્રા આપે છે. રઘુવંશ (૬.૩૫) પણ આને પણ નદી શિપ્રા નામે ઓળખાય છે ગ્વાલિયર રાજ્યની આ નદી ચંબલને મળે છે.

ક્ષિપ્રા તે શિપ્રાનું પાઠાન્તર લાગે છે, કેમકે પારિયાત્રમાંથી નીકળતી નદીઓની યાદી જોતા તે બને નામો એકબીજાને બદલે વપરાયેલા લાગે છે[૨] મહાભારતમાં[૪] શીઘ્રા નામ છે તે, ક્ષિપ્રાનું સમાનાર્થ હોઈ, શિપ્રા નદી માટે હોવાનું સંભવે

---

૯ જુઓ ઉપર ૧, ૨, ૩.

વેત્રવત્યા

૧ જુઓ પારિયાત્ર ૩.

વ્રતની

૧ જુઓ પારિયાત્ર ૩.

શિપ્રા

૧ જુઓ પારિયાત્ર ૨,૪,૭

૨ રીઉ પૃ૦ ૪૦.

૩ જુઓ પારિયાત્ર ૨,૪,૫,૬,૭

૪ ભીષ્મ ૧૦.૨૮.

[૨] શિપ્રા નામ ઉજ્જૈન પાસે વહેતી નદી ઉપરાંત દક્ષિણની કોઈ નદીનું પણ છે એમ પાર્જિટર[૫] હરિવંશમાંના ઉલ્લેખ ઉપરથી કહે છે. પણ પ્રસ્તુત ઉલ્લેખ ક્ષિપ્રા[૬]નો છે અને ત્યાં એને જો કે દક્ષિણા-પથવાહિની નદીઓમાંની એક કહી છે તેમ છતાં એ નદીઓની યાદી જોતાં તે પારિયાત્રમાંથી નીકળતી નદીઓમાંની જ એક સમજાય છે. ક્ષિપ્રા પછી તરત ચર્મણ્વતી (ચંબલ,, જેને એ મળે છે તે)નું જ નામ છે. પણ વિન્ધ્યપાદમાંથી નીકળતી એક નદીનું નામ ક્ષિપ્રા છે. જુઓ ક્ષિપ્રા [૨].

શૂર્પાકાર

શૂર્પારકનું પાઠાન્તર[૧] જુઓ શૂર્પારક.

શૂર્પારક

[૧] નગર, થાણા જિલ્લામા મુંબઈથી ઉત્તરે ૩૭ અને વસાઈથી વાયવ્યે ૪ માઈલ ઉપર આવેલું સોપારા (નાલા સોપારા) પ્રાચીનકાળમાં તે મોટું તીર્થ હતું.[૨] જમદગ્નિ તેનું સેવન કર્યું હતું.[૩] શૂર્પારકક્ષેત્રના ચતુ-રંગણગિરિ ઉપર તે રહેતા હતા એમ મહાભારત કહે છે.[૪] ભાગવત તેને ગોકર્ણની ઉત્તરે મૂકે છે.[૫]

---

૫ માર્ક પૃ૦ ૨૯૯.

૬ હવિ ૧૦૧ —

दक्षिणापथवाहिन्य. सलिलैः स्नपयन्तु माम् ।
क्षिप्रा चर्मण्वती पुण्या मही शुभ्रवती तथा ॥ २१

૭ જુઓ ક્ષિપ્રા ૨.

શૂર્પાકાર

૧ જુઓ અપરાન્ત ૫ અને નોધ ૫.

શૂર્પારક

૧ મસ ૨૮.૪૩.

૨ ભાદ ૭૧.૨૦; મત્ય ૧૧૮.૮,૧૪

૩ મત્ય ૮૩.૪૦; ૮૬ ૧

૪ મશા ૪૧.૬૭

૫ ભાદ ૭૧.૨૦

બૌદ્ધ ગ્રંથોમાં સુપ્પારક એક મહાન નૌકાપતિના નામ તરીકે મળે છે તે સોપારા બંદર–શૂર્પારક–નું સૂચન કરે છે.[૬] એકાદ પૂર્વજન્મમાં બુદ્ધ સુપ્પારકમા બોધિસત્ત્વરૂપે હતા એમ બૌદ્ધગ્રંથોમાં કહેવાયું છે.[૭]

પેરિપ્લસ[૮] Suppara અને ટોલેમી[૯] Soupara આપે છે.

બર્જેસે પ્રાચીન શૂર્પારક તે હાલનું સોપારા એમ નક્કી કરી આપ્યું હતું.[૧૦] ભલ્લિનાથે[૧૧] શૂર્પારક તે અપરાન્તની રાજધાની હતું એવો વિશ્વકોષનો આધાર આપ્યો છે તેનો ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી[૧૨] ઉલ્લેખ કરે છે. ડૉ. ભગવાનલાલે સોપારામાં ખોદકામ કરાવી અશોકનો શિલાલેખ શોધી કાઢ્યો હતો.[૧૩]

સોલોમને ઑફિર જહાજો મોકલેલાં તે ઉપરથી શૂર્પારક તે પ્રાચીન Ophir એવો મત અપાયો છે. ઑફિર તે જો સમગ્ર હિંદ માટે ન વપરાયું હોય તો તે શૂર્પારક માટે તો છે જ અને શૂર્પારક–સોફિર–ઑફિર એ ક્રમને હિંદ માટે Sophir એવું કૉપ્ટિક નામ છે તે પુષ્ટિ આપે છે એમ પણ કહેવાયું છે.[૧૪] પણ શૂર્પારક, અથવા તો લાસેન[૧૫] કહે છે તેમ આભીર પણ, પ્રાચીન ઑફિર નથી. અરબી કિનારાનું કોઈક રથળ ઑફિરથી સૂચિત થયું હોવાનું હવે મનાય છે.[૧૬]

[૨] શૂર્પારક–સોપારા–આસપાસનો પ્રદેશ તેની અપરાન્તમાં ગણના થતી.[૧૭]

---

૬ 'સુપ્પારક જાતક'માં : ફિક પૃ૦ ૪૪૨.
૭ ઇમ્પિરિયલ ગેઝેટિયર ૨૩ પૃ૦ ૮૭; પેરિ પૃ૦ ૧૯૭.
૮ પેરિ કંડિકા ૫૨, પૃ૦ ૪૩.
૯ ટો પૃ૦ ૩૯–૪૧.
૧૦ ઇએ ૧ પૃ૦ ૩૨૧; એન્ટીકવીટીઝ ઑફ કાઠિયાવાડ એન્ડ કચ્છ પૃ૦ ૧૩૧.
૧૧ જુઓ અપરાન્ત ૧૭.
૧૨ ઇએ ૭ પૃ૦ ૨૫૯.
૧૩ ગુમંત્રે ૧ અંક ૪ પૃ૦ ૧૦.
૧૪ ટો પૃ૦ ૪૧ : બેન્ટ્રીનું ઇન્ડિયેન પૃ૦ ૩૦–૩૨.
૧૫ જુઓ આભીર ૧૮.
૧૬ ,, ,, ૧૯.
૧૭ જુઓ અપરાન્ત ૭,૮.

તેનાં સુર્યારક, શર્પાકાર પાઠાન્તર માટે જુઓ અપરાન્ત નોંધ ૫.
જુઓ શૂર્પાકાર.

શ્રીપતિ

દેશ. કચ્છ દેશનું નામ, શ્રીપતિ રાજા ઉપરથી.[1]

શ્રીમાલ

ભિન્નમાલ નગર, જૂના ગુર્જરપ્રદેશની રાજધાની. 'સ્કન્દપુરાણના તૃતીય પરિચ્છેદમા બ્રાહ્મવિભાગમાં શ્રીમાલમાહાત્મ્ય'[1] સ્કન્દપુરાણની પ્રચલિત વાચનાથી અલગ પુસ્તકાકારે મળે છે તેમાંની (અને બીજી) શ્રીમાળ અંગેની માહિતી નીચે આપી છે.

તેના ચાર યુગમાં ચાર નામ હતાં. સત્યયુગમાં તેનું નામ શ્રીમાલ, ત્રેતામાં રતનમાલ, દ્વાપરમા પુષ્પમાલ અને કલિયુગમાં ભિન્નમાલ હતું.[2] પણ શ્રીમાલમાહાત્મ્ય ત્રેતામાં પુષ્પમાલ નામ આપે છે. (લક્ષ્મી કહે છે કે મેં કશ્યપના કંઠમાં પુષ્પમાલા પહેરાવી તેથી ત્રેતામાં શ્રીમાલ પુષ્પમાલ કહેવાશે.)[3] રત્નમાલ નામ કલિયુગને લીધે તેનાં સઘળાં રત્નો લુપ્ત થઇ જશે,[4] વ૦ ભવિષ્યદુપાખ્યાનની વીગતોમાં સૂચિત થયું છે (અને પ્રબંધચિન્તામણિમાં નોંધાયું છે).[5]

શ્રીપતિ

૧ જુઓ કચ્છ ૮.

શ્રીમાલ

૧ સને ૧૮૯૯ મા પ્રગટ થયેલ શ્રી. જટાશંકર લીલાધર તથા કેશવજી વિશ્વનાથ કૃત 'શ્રીમાળપુરાણ અથવા સ્કન્દપુરાણ માંહેનું શ્રીમાળ માહાત્મ્ય'મા स्कन्दपुराणे एकाशीतिसाहस्र्यां संहितायां तृतीयपरिच्छेदे ब्राह्मविभागे श्रीमालमाहात्म्ये . . .—એમ પુષ્પિકા છે.

૨ બોગે ૧ પૃ૦ ૪૬૧.

૩ શ્રીમા ૪૫ ૫૬

पुष्पमाला मया कंठे कश्यपस्य निवेशिता ।
त्रेतादौ पुष्पमालेति नाम्ना श्रीमालमस्त्विति ॥

શ્રીમા ૪૬.૧

૪ શ્રીમા ૬૬ ૭, ૧૨,૧૫

૫ પ્રબંધચિન્તામણિ (સિંઘી) પૃ૦ ૧૦૯.

શ્રીમાલ નામ પૂર્વે ભૃગુને ત્યાં લક્ષ્મી દીકરી થઈને અવતર્યાં હતાં અને તેમનું વિષ્ણુ જોડે લગ્ન કરવામાં આવ્યું હતું શ્રીમાલના ત્રિયંબક-સરમાં નહાવાથી નવવધૂને પોતે લક્ષ્મી છે એવી સ્વરૂપ-સ્મૃતિ થઈ[૬] તે પ્રસંગે દેવોએ આખી ભૂમિને માનાઓથી ઢાકી દીધી ઉત્તમ વિમાનો અને લક્ષ્મીનાં પગના વડે તે ભૂમિ પવિત્ર થઈ અને શ્રીને ઉદ્દેશીને માલાઓથી ઢકાઈ જેથી તેનું નામ શ્રીમાલ પડ્યું.[૭]

ભિન્નમાલ નામ : શ્રીમાલમાહાત્મ્યને અંતે કહ્યું છે કે વિક્રમ સંવત્સરના બારસેને ત્રણની સાલના વૈશાખ સુદિ આઠમને દિવસે દેવી ગુર્જર-ખંડમાં પાટણ નગરમાં જશે અને શ્રીના જવાથી શ્રીમાલનગર તેજ વિનાનું થશે જ્યાં શ્રી જશે ત્યાં લોક જશે અને લોક જશે એટલે શ્રીમાળ શૂન્ય થશે અને ત્યારપછી તેનું નામ ભિન્નમાલ પડશે[૮] તેનું નામ ભિલ્લમાલ પણ મળે છે બોમ્બે ગેઝેટિયર કહે છે કે, ગુર્જરો તેમની સત્તાની પરાકાષ્ઠાએ હતા ને આવું નામ પ્રચારમાં હતું એ આશ્ચર્ય-

---

૬ શ્રીમા ૬. થી ૮

૭ શ્રીમા ૬ —

પરમાત્મમય બ્રહ્મ ત્વં સ્વરૂપ મહેશ્વરિ ।
પ્રાપ્તાયા સ્વયિ દેવૌ [૯] વૈ માત્રાભિર્ભૂરિયં વૃતા ॥ ૨૫
તદ્વિમાનૈશ્ચ પરમૈસ્ત્વત્પદાબ્જૈ પવિત્રિતા ।
શ્રિયમુદ્દિશ્ય માત્રાભિરાવૃતા ભૂરિયં સુરૈ ॥ ૨૬
તત શ્રીમાલનામ્ના તુ લોકે ખ્યાતમિદં પુરમ્ । ૨૭

૮ શ્રીમા ૭૫ —

અગ્નિસાક્ષિભૂમિતઽબ્દે વત્સરે વિક્રમે તથા ।
વૈશાખે શુક્લપક્ષે ચ ષષ્ઠ્યા ચ શુભે દિને ।
ગમિષ્યતિ ચ સા દેવી પટ્ટણ ગુર્જરૈર્વરે ॥ ૨૬
શ્રિયા ગતાયા શ્રીમાલ કાન્તિહીન ભવિષ્યતિ ।
યત્ર ગમિષ્યતિ શ્રીસ્તુ લોકસ્તત્ર ગમિષ્યતિ ॥ ૨૭
લોકે ગતે તુ શ્રીમાલ શૂન્ય સર્વ ભવિષ્યતિ ।
ભિન્નમાલ ઇતિ નામ ભવિષ્યતિ તતો નૃપ ॥ ૨૮
શ્રીમા ૭૨ —
આગત્ય ગુર્જર દેશમા પત્તન નિવસિષ્યતિ । ૨૪
ભિન્નમાલેતિ તન્નામ ભવિષ્યતિ કલૌ યુગે । ૨૫

કારક છે, અને પછી ગુર્જરો ભીલોનો જેમ સારા બાણાવળી હોઈ એવું નામ મળ્યું હશે એમ અનુમાન કરે છે[૯] પણ આ વિષયમાં શ્રી. રસિકલાલ છો. પરીખે[૧૦] તારવેલો નિશ્ચય શ્રદ્ધેય છે. એમણે નગરનાં ચારે નામમાંના 'માલ' શબ્દ પ્રત્યે ધ્યાન ખેંચ્યું છે. માલના ત્રણ અર્થ થાય: ૧ બે ગામ વચ્ચેનું જંગલ, ૨ ડુંગરાળ ઊંચી જમીન (માળ) અને ૩ કિરાત, આર્યેતર, દેશ્ય જાતિ.[૧૧] આ દાખલામાં 'માલ'-ના ત્રણે અર્થ ઘટે છે એમ નોંધી તેઓશ્રી યોગ્ય રીતે જ કહે છે કે "કલિયુગનું નામ-ભિલ્લમાલ તે જ પ્રથમ ઐતિહાસિક નામ લાગે છે, જ્યારે બાકીના પ્રશસ્તાત્મક નામો છે. એ તો પ્રસિદ્ધ વાત છે કે ઘણા પ્રદેશો ત્યા વસતી જાતિઓના નામ ઉપરથી ઓળખાય છે. પૂર્વે આ ભૂમિવિશેષમા ભિલ્લો અને માલો તરીકે ઓળખાતી અમલ જાતિઓનો વસવાટ હોય, અને તેથી ભિલ્લમાલ તરીકે તે પ્રસિદ્ધ હોય. જેમ જેમ નગરની સમૃદ્ધિ વધી, તેમ તેમ ત્યાના ગરવા નાગરિકોએ તેનુ નામ શ્રીમાલ પાડયું હશે, જો કે...સાતમા શતકના આરંભમાં પ્રખ્યાત જ્યોતિર્વિદ્ બ્રહ્મગુપ્ત પોતાને ભિન્નમાલકાચાર્ય કહે છે. પુરાણ અને દંત-કથા મુજબની રાક્ષસો તરફની વારવારની આફતો તે બીજું કાંઇ નહિ, પણ આ નિ.સ્વ કરવામા આવેલા ભિલ્લો અને માલોના બળવાઓ જ હોય. શ્રીમાલપુરાણે વર્ણવેલા તીર્થોમા એકનુ નામ 'કિરાતસર'—અર્થાત્

---

૯ બોગે ૧ પૃ૦ ૪૬૬ પાદટીપ ૬.
આના અનુસંધાનમાં બોગે ઉમેરે છે: ચાવડાઓનું મૂળ ચાપ તેનુ 'ચાપોત્કટ'—તીક્ષ્ણ બાણાવળીઓ એવુ સંસ્કૃતીકરણ થયુ છે અને ચાપો અથવા ચૌ જેના ઉપરથી ચાપાનેર અથવા ચાંપાનેર નામ થયુ તે પણ કદાચ ભીલ હતો એવી પણ દંતકથા છે. આમા ચાપા-નેરને ચાપા—અને નહિ કે ચાપા-સાથે સબંધ છે એ વાતનુ વિસ્મરણ થયુ છે. ચાપો સ૦ ચમ્પક ઉપરથી અને ચાપાનેરનુ સંસ્કૃતીકરણ ચમ્પકનગર છે જુઓ ચમ્પકનગર

૧૦ કા ૨ પ્રવેશક પૃ૦ ૯૮

૧૧ અભિધાનચિન્તામણિ ૪.૨૯ માલ ગ્રામાન્તરાટવી। ૪.૬૯૮
માલા ભિલ્લા કિરાતાશ્ચ સર્વેઽપિ મ્લેચ્છજાતય ।
મલ્લિનાથ, મેઘ૦ ૧૧૬ ઉપરની ટીકામા માલ શૈલપ્રાયમુન્નતસ્થલમ્।

કિરાત અથવા ભિલ્લને મન પવિત્ર એવું સરોવર-છે."[૧૨] યુવાનશ્વાંગ Pi-lo-mo-lo[૧૩] આપે છે તેમાંથી પણ ભિન્ન-કરતાં બલકે ભિલ્લ-માલ નામ મળે છે. અલમરૂની પણ ભિલ્લમાલ આપે છે.[૧૪]

શ્રીને નિજ સ્વરૂપની સ્મૃતિ થઈ ત્યારે દેવતાઓએ તેમને વરદાન આપ્યું.[૧૫] લક્ષ્મીએ કહ્યું કે જે પ્રમાણે તમારાં વિમાનો વડે આ પૃથ્વી શોભિત છે તે પ્રમાણે મહેલો વડે વિંટાયેલી આ પૃથ્વીને કરવા હું હવે ઇચ્છું છું.[૧૬] ઉપરાંત તેમણે પોતાનો એક અંશ આ સ્થળે રહે એવી ઇચ્છા દર્શાવી.[૧૭] વિષ્ણુએ દેશના વિવિધ ભાગોમાંથી બ્રાહ્મણોને બોલાવી લાવવા ગણોને આજ્ઞા કરી[૧૮] અને દરમ્યાનમાં એક સુંદર નગર બાંધવા વિશ્વકર્માને હુકમ કર્યો.[૧૯] વિશ્વકર્માએ અદ્‌ભુતરમ્ય નગરની રચના કરી.[૨૦] શ્રીએ પ્રસન્ન થઈને વરદાન દીધું કે શાળા-ઇમારત-નું ત્રણે લોકમાં ઉત્તમ શાસ્ત્ર કરેલું છે તેનું ઉત્તમ બ્રાહ્મણો ધર્મશાસ્ત્રની પેઠે અધ્યયન કરશે અને સૌ શિલ્પીઓમાં તુ આદિ ગણાઈશ.[૨૧] પુરાણના આ શબ્દો ઉપરથી શ્રી. રસિકલાલ પરીખ ઉચિત રીતે ધ્યાન ખેંચે છે કે ગુજરાતના સ્થાપત્યવારસાનું અને તેને સર્જનાર સ્થપતિઓનું સ્મરણ કરીએ છીએ ત્યારે આ વરદાન ફળ્યું ભાસે છે.[૨૨]

શહેર પાંચ યોજનના[૨૩] વિસ્તારમાં હતું અને ચતુરસ્ર-ચોરસ આકા-

---

૧૨ કા ૨ પ્રવેશક પૃ૦ ૬૮. કૈરાતસરઃ જુઓ શ્રીમાલ-ક્ષેત્ર ૧૪. ઉપરાંત જુઓ શ્રીમાલ-ક્ષેત્ર ૩૭.

૧૩ વૉ ૨ પૃ૦ ૨૪૯.

૧૪ અઇ ૧ પૃ૦ ૧૫૩, ૨૬૭ (બ્રહ્મગુપ્ત ભિલ્લમાલના હતા તેના ઉલ્લેખમાં).

૧૫ શ્રીમા ૮.૩૬

૧૬ ,, ૮.૩૮

૧૭ ,, ૮.૪૨-૬; ૪૫.૬૭

૧૮ ,, ૮.૪૬

૧૯ ,, ૬.૧-૨૨

૨૧ ,, ૬.૩૧

૨૨ કા ૨ પ્રવેશક પૃ૦ ૬૧.

૨૩ શ્રીમા ૮,૧૪; ૧૦.૫૮; ૭૨.૧૪

૨નું હતુ[૨૪] યુવાનશુવાગ નગરનો વેગવો ૩૦ લી (આશરે ૬ માઈલ) આપે છે[૨૫] પાછળના સમયમા–ઇ સ ૧૬૧૧ મા–નિકોલસ ઉફ્લેટ નામનો એક અંગ્રેજ વપારી શહેર ફરતા ૩૬ માઇલના અનેક સુદર ટામ વાળા કિલ્લાની વાત કરે છે, જો કે આજે તેનું નામાનશાન નથી[૨૬] પુરાણમા શ્રીમાલની સખ્યાઓ આપી છે શ્રીમાલમા ૭ લાખ હવેલીઓ, ૨ લાખ હાટ ૧॥ કરોડ તીર્થ, ૮૪ દરવાજા ૧૮ કોટ અને ૧૦૦૦ સભાગૃહો છે[૨૭] આ પ્રમાણનું શ્રીમાલનગર મરુદેશમા ઉત્તમ છે[૨૮] શ્રીમાલનગરમા ૧૦૦૦ ગણપતિ, ૪૦૦૦ ક્ષેત્રપાલ, ૮૪ ચડિકા દેવી ૧૦૦૦ સરોવર, ૧૧૦૦૦ શિવલિંગ, ૯૮૯ મુખ્ય દેવાલય, ૧૮૦૦૦ દુર્ગાના મંદિર ૪૦૦૦ બ્રહ્મશાળાઓ, ૮૦૦૦ પણ્યવિક્રયશાળાઓ (ચૌગ) છે[૨૯] તેમા ૪૫૦૦૦ બ્રાહ્મણો–૮૪ અટકના–છે,[૩૦] ૩૦ ગોત્રના વણિકો છે, જેમની સખ્યા ૯૦૦૦ છે,[૩૧] ઉપરાત ૨૦૦૦ કસારા ૬૦૦૦ નગરવેશ્યાઓ, ૦૬૦૦૦ ક્ષત્રિયકુટુમ્બ, ૫૦૦૦ રંગારા, ૫૦૦૦ સોમપા, ૫૦૦૦ કુભાર ૩૦૦૦ નટ, ૧૦૦૦ હજામ ૧૦૦૦ ધોબી, ૪૦૦૦ માળી, ૫૦૦૦ વૈશ્ય અને ૨૫૦૦ શૂદ્ર રહે છે[૩૨]

જે વૈશ્યો નગરના પૂર્વ ભાગમા રહ્યા તે પ્રાગ્વાટ, દક્ષિણમા રહ્યા તે ધનોત્કટ અને પશ્ચિમ તેમજ ઉત્તરમા રહ્યા તે શ્રીમાલી[૩૩]

લોકસાહિત્યમા શ્રીમાલ અગે નીચેની તારીખો જાણવાઈ રહી છે.

---

૨૪ શ્રીમા ૧૦ ૫૮, ૭૨ [૨૪]

૨૫ વૉ ૨ પૃ૦ ૨૪૯

૨૬ બૉગે ૧ પૃ૦ ૪૪૯

૨૭ શ્રીમા ૭૨ ૨૩ [૫]

૨૮ , ૭૨ [૨૬]

एतत्प्रमाण श्रीमालमुत्तम च मरुस्थल॥

૨૯ ,, ૭૨ ૨ ૫

૩૦ ૭૨ ૬ ૭

૩૧ , ૭૨ ૧૨ ૪

૩૨ , ૭૨ ૧૮ ૨૨

૩૩ , ૧૩ ૨૫

प्राग्वाटा दिशि पूर्वस्या दक्षिणस्या धनोत्कटा ।
श्रीमालिन प्रतीच्या वै उत्तरस्या तथाविशन् ॥

જગત્સ્વામીનું સૂર્યમંદિર બંધાયું–સં. ૨૨૨ (ઇ. સ. ૧૬૬). નગરનો નાશ–સં. ૨૬૫ (ઇ. સ. ૨૦૯). એક રાક્ષસના હાથે નગર લૂંટાયું–સં. ૪૯૪ (ઇ. સ. ૪૩૮). નગર ફરી બંધાયું–સં. ૭૦૦ (ઇ. સ. ૬૪૩). ત્રીજીવાર લૂંટફાટ–સં. ૯૦૦ (ઇ. સ. ૮૪૪) સં. ૯૫૫ (ઇ. સ. ૮૯૬)માં ફરી શ્રીમાલનો સંસ્કાર થયો અને ચૌદમા સૈકાના આરંભ સુધી તેની સમૃદ્ધિનો કાળ ટક્યો.[૩૪]

